न्यायविशारद महामहोपाध्यायश्रीमद्‌यशोविजयजीविरचित

# द्वात्रिंशद्द्वात्रिंशिकाप्रकरणम् ।

षष्ठो भागः
(२७ थी ३२ बत्रीशी)

પરિશીલન
પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.

આર્થિક સહકાર
શ્રી સાળવીના આદીશ્વર ભગવાન જૈન દેરાસર ટ્રસ્ટ
છાપરીયા શેરી, મહિધરપુરા, સુરત-૩.

न्यायविशारद महामहोपाध्यायश्रीमद्यशोविजयजीविरचित

# द्वात्रिंशद्द्वात्रिंशिकाप्रकरणम् ।

षष्ठो भागः [२७ थी ३२ बत्रीशी]


પરિશીલન

પૂ. પરમશાસનપ્રભાવક સ્વ.આ.ભ.શ્રી.વિ. રામચન્દ્ર સૂ.મ.સા.ના
પટ્ટાલંકાર પૂ.સ્વ.આ.ભ.શ્રી.વિ. મુક્તિચન્દ્ર સૂ.મ.સા.ના શિષ્યરત્ન
પૂ.આ.ભ.શ્રી.વિ. અમરગુપ્ત સૂ.મ.સા.ના શિષ્યરત્ન
પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.



પ્રકાશક

અનેકાંત પ્રકાશન

આર્થિક સહકાર

શ્રી સાળવીના આદીશ્વર ભગવાન જૈન દેરાસર ટ્રસ્ટ
છાપરીયા શેરી, મહિધરપુરા, સુરત-૩.

पुस्तक : द्वात्रिंशद्द्वात्रिंशिकाप्रकरणम् - षष्ठो भागः
આવૃત્તિ : દ્વિતીય, વિ.સં. ૨૦૭૪, મહા સુદ-આઠમ, તા. ૨૫-૦૧-૨૦૧૮, ગુરૂવાર
નકલ : ૭૫૦
મૂલ્ય : રૂા.૧૨૪૦/-(સેટના : ભાગ-૧ થી ૬)

**પ્રાપ્તિસ્થાન**

**મુકુંદભાઈ રમણલાલ શાહ**
૨૦૧, નવરત્ન એપાર્ટમેન્ટ, અન્નપૂર્ણા હોલની સામે,
નવા વિકાસગૃહ માર્ગ, પાલડી, **અમદાવાદ**-૩૮૦ ૦૦૭.
મો. ૯૯૦૯૪ ૩૧૩૬૨

**મુનીશભાઈ એસ. વખારિયા**
સી/૫૩, સર્વોદયનગર,
પાંજરાપોળ રોડ, **મુંબઈ**-૪૦૦ ૦૦૪.
મો. ૯૩૨૨૨ ૨૨૯૮૦

**જતીનભાઈ હેમચંદ શાહ**
'કોમલ' છાપરીયા શેરી,
મહીધરપુરા, **સુરત**-૩૯૫ ૦૦૩.
મો. ૯૮૭૯૫ ૪૫૮૮૦

**તનીલ એ. વોરા**
૪/૭૪, કૃષ્ણકુંજ, જુના પુલગેટ પાસે,
૨૩૯૨/૯૩, જનરલથીમૈયા રોડ, **પૂના**-૪૧૧ ૦૦૧.
મો. ૯૮૨૩૦ ૨૯૮૮૦

: મુદ્રક :
*Tejas Printers*
F/5, Parijat Complex, Swaminarayan Mandir Road, Kalupur,
**AHMEDABAD**-380 001. • **(M) 98253 47620** • **PH. (O) (079) 22172271**

**સૂચના : આ પુસ્તક જ્ઞાનખાતાની રકમના ઉપયોગથી છપાયેલું હોવાથી તેની સંપૂર્ણ કિંમત અથવા યોગ્ય નકરો જ્ઞાનખાતામાં આપીને આ પુસ્તકનો ઉપયોગ કરવા શ્રાવકોને ભલામણ છે.**

# પરિશીલનની પૂર્વે

આ પૂર્વેની બત્રીશીમાં વર્ણવેલું યોગમાહાત્મ્ય ભાવભિક્ષુઓમાં જ સંભવિત હોવાથી તેમનું સ્વરૂપ આ બત્રીશીમાં વર્ણવાય છે. પૂ. સાધુભગવંતો ભાવભિક્ષુઓ છે. તેઓશ્રીના મુનિ, નિર્ગ્રંથ અને અણગાર વગેરે બીજાં અનેકાનેક નામો છે. આમ છતાં તે તે નામોનો પ્રધાનપણે ઉપયોગ ન કરતાં 'ભિક્ષુ' નામનો ઉપયોગ કરીને તેઓશ્રીનું અહીં સ્વરૂપ વર્ણવ્યું છે.

સામાન્યથી 'ભિક્ષુ' શબ્દનો અર્થ ખૂબ જ પ્રસિદ્ધ છે. માત્ર ભિક્ષાથી નિર્વાહ કરનારાને ભિક્ષુ કહેવાય છે. 'ભિક્ષુ' પદથી પૂ. સાધુભગવંતોની નિષ્પાપ અવસ્થા ખૂબ જ સ્પષ્ટપણે પ્રતીત થાય છે. પોતાના શરીરને ટકાવવા માટે અત્યંત આવશ્યક એવા આહારાદિને ગ્રહણ કરવાના પ્રસઙ્ગે પણ તેઓશ્રી રાંધવા વગેરેના પાપથી સર્વથા દૂર રહે છે. જેઓ પોતાના નિર્વાહ માટે પણ પાપ કરતા નથી, તેઓશ્રી બીજાં બધાં પ્રયોજને પાપ કરે જ કઇ રીતે ? ભિક્ષાથી પ્રાપ્ત થયેલા આહારાદિથી નિર્વાહ કરતી વખતે પણ સતત ઉપયોગ રાખીને ભિક્ષાસંબંધી અનુમોદનાના પાપથી પણ તેઓશ્રી દૂર રહેતા હોય છે. આહારાદિ માટે સર્વથા પરાવલંબી હોવા છતાં કોઈની પણ અપેક્ષા ન હોવાથી સ્વાત્મરમણતામાં કોઇ જ વિઘ્ન આવતું નથી. આનું મુખ્ય કારણ શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલી સર્વસંપત્કરી ભિક્ષા છે, જે ભિક્ષા મોક્ષની પ્રત્યે કારણભૂત છે. તે ભિક્ષાને આશ્રયીને પૂ. સાધુ મહાત્માઓને અહીં ભાવભિક્ષુ તરીકે વર્ણવ્યા છે.

પ્રથમ સોળ શ્લોકોથી ભિક્ષુનું સ્વરૂપ વર્ણવ્યું છે. દ્રવ્ય અને ભાવ ગૃહથી નીકળીને અને ચિત્તને સમાધિમય બનાવીને ત્યજી દીધેલા વિષયોને ફરીથી જેઓ ઈચ્છતા નથી, તેઓ ભાવભિક્ષુ છે... આ રીતે ભિક્ષુના સ્વરૂપના નિરૂપણનો પ્રારંભ કરી દરેક શ્લોકમાં તેમનું વિશેષ સ્વરૂપ વર્ણવ્યું છે. સોળમા શ્લોકમાં એ સ્વરૂપ વર્ણવતાં ગ્રંથકારશ્રીએ ફરમાવ્યું છે કે - 'આ શરીર અશુચિમય છે, અશુચિથી ઉત્પન્ન થયેલું છે અને અશાશ્વત (અનિત્ય) છે - એમ સમજીને શાશ્વત એવા મોક્ષ માટે જે પ્રયત્ન કરે છે, તે ભાવભિક્ષુ છે.' દુનિયાની બીજી બધી વસ્તુઓનો ત્યાગ કર્યા પછી પણ ભિક્ષુપણામાં શરીર તો સાથે જ હોય છે. એની પ્રત્યે મમત્વ ન હોય અને એની અનિત્યતાનો વાસ્તવિક ખ્યાલ હોય તો પૂ.

સાધુ મહાત્માઓને મોક્ષની સાધનામાં કોઈ જ અવરોધ નથી. એ સોળમા શ્લોકનો પરમાર્થ નિરંતર સ્મરણીય છે.

સત્તરમા શ્લોકથી ભિક્ષુ શબ્દની વ્યુત્પત્તિના આધારે ભિક્ષુ પદનો અર્થ જણાવ્યો છે કે આઠ કર્મને તપ વડે જે ભેદે છે તેને ભિક્ષુ કહેવાય છે. ત્યાર બાદ અઢારમા શ્લોકથી ભિક્ષુ શબ્દના અર્થને સમજાવનારાં કુલ અઠ્ઠાવીસ નામો જણાવ્યાં છે. પાંચ શ્લોકોથી વર્ણવેલાં એ અઠ્ઠાવીસ નામોનો અર્થ પણ તે તે શ્લોકોની ટીકામાં જણાવ્યો છે. એના અનુસંધાનથી ભિક્ષુના યથાર્થ સ્વરૂપનો ચોક્કસ જ ખ્યાલ આવે છે. ભાવભિક્ષુનું એ સ્વરૂપ હૃદયની અંદર અઙ્કિત કરી લેવાય તો સંયમજીવનની સાધના માટે એક મજબૂત આલંબન મળી રહે. શ્લોક નં. ૨૩ થી ભાવભિક્ષુનાં સંવેગ, વિષયત્યાગ અને સુશીલોની સઙ્ગતિ... વગેરે સોળ લિઙ્ગોનું વર્ણન શરૂ થાય છે. ભાવભિક્ષુપણામાં સંવેગાદિ લિઙ્ગો પ્રકૃષ્ટભાવને પામેલાં હોય છે. સોળ શ્લોકોથી વર્ણવેલું ભિક્ષુનું સ્વરૂપ, અઠ્ઠાવીસ પર્યાયવાચક નામો દ્વારા વર્ણવેલો ભિક્ષુ શબ્દનો અર્થ અને છેલ્લે વર્ણવેલાં ભિક્ષુનાં સોળ લિઙ્ગોનો વિચાર કરીએ તો ભિક્ષુને ઓળખવામાં કોઈ જ તકલીફ નહિ પડે. ખૂબ જ વિસ્તારથી અનેક રીતે અહીં ભિક્ષુનું સ્વરૂપ વર્ણવ્યું છે.

પ્રસઙ્ગથી ભાવભિક્ષુનું નિરૂપણ કરીને દ્રવ્યભિક્ષુનું પણ અહીં નિરૂપણ કર્યું છે. દ્રવ્યભિક્ષુના જ્ઞાનથી તેનાથી વિલક્ષણ એવા ભાવભિક્ષુનું સ્પષ્ટ જ્ઞાન થાય છે. દ્રવ્યભિક્ષુઓ પ્રધાન અને અપ્રધાન ભેદથી બે પ્રકારના છે. અપ્રધાન દ્રવ્યભિક્ષુઓ લૌકિક અને લોકોત્તર ભેદથી બે પ્રકારના છે. આ રીતે ભાવભિક્ષુનું સ્વરૂપ વર્ણવીને છેલ્લા શ્લોકમાં જે જણાવ્યું છે તે ક્યારે પણ વીસરી શકાય એવું નથી. ભિક્ષુના અનંત ગુણોનું વર્ણન કરવાનું કોઈ પણ રીતે શક્ય નથી. પરંતુ એમાંથી જે પણ થોડા ગુણોનું અહીં વર્ણન કર્યું છે એની પરિભાવના પણ પરમાનંદ-મોક્ષનું કારણ છે. જેની પરિભાવના પણ જો પરમાનંદનું કારણ બને છે, તો તેની પ્રાપ્તિ શું ન કરે ? અંતે પરમાનંદની પ્રાપ્તિ માટે આ બત્રીશીના પરિશીલનથી તે તે ભિક્ષુના ગુણોની પરિભાવનામાં પ્રયત્નશીલ બની રહીએ એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા...

ગ્રીન ફિલ્ડ સોસાયટી **- આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ**
વલવણ : ચૈ.સુ. ૧

## अथ प्रारभ्यते भिक्षुद्वात्रिंशिका ।

अनन्तरं योगमाहात्म्यमुपदर्शितं तच्च भिक्षौ सम्भवतीति तत्स्वरूपमिहोच्यते–

આ પૂર્વે યોગનું માહાત્મ્ય વર્ણવ્યું. તે ભિક્ષુમાં જ સંભવે છે. તેથી હવે ભિક્ષુનું સ્વરૂપ અહીં વર્ણવાય છે–

**नित्यं चेतः समाधाय, यो निष्क्रम्य गुरूदिते ।**
**प्रत्यापिबति नो वान्तमवशः कुटिलभ्रुवाम् ।।२७-१।।**

नित्यमिति–यो निष्क्रम्य द्रव्यभावगृहाद् योग्यतायां सत्याम् । गुरूदिते ज्ञानवृद्धवचने । नित्यं निरन्तरं चेतः समाधाय प्रणिधाय । वान्तं परित्यक्तं विषयजम्बालम् । नो नैव प्रत्यापिबति पुनराद्रियते अवशः । कुटिलभ्रुवां पुरन्ध्रीणाम् ।।२७-१।।

આ શ્લોકમાં, '**स भावभिक्षुः**' આ પદનો સત્તરમા શ્લોકમાંથી સંબંધ છે. તેમ જ આગળના પણ પંદર શ્લોકમાં તેનો સંબંધ છે. "ઘરમાંથી નીકળીને જે, ગુરુદેવશ્રીના વચનમાં નિરંતર ઉપયોગ રાખીને; ત્યજી દીધેલાં વિષયસુખોને સ્ત્રીઓને વિશે પરવશ બન્યા વિના પાછા ઇચ્છતા નથી, તે ભિક્ષુ (ભાવભિક્ષુ) છે." આ પ્રમાણે પહેલા શ્લોકનો અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે યોગ્યતા હોતે છતે દ્રવ્ય અને ભાવ ઘરનો ત્યાગ કરી જેઓ અણગાર થાય છે તેઓએ સદાને માટે પૂ. ગુરુભગવંતના પરમતારક વચનમાં પ્રણિધાનવાળા બનવું જોઈએ. ગામ, નગર, ઘર વગેરે દ્રવ્ય-ઘર છે અને વિષય-કષાયની પરિણતિ વગેરે ભાવગૃહ છે. દ્રવ્ય અને ભાવગૃહનો ત્યાગ કરી અણગાર અવસ્થા પ્રાપ્ત કરાય છે. આ રીતે સંયમ ગ્રહણ કર્યા પછી સંયમના ફળ સુધી પહોંચવા માટે ભવનિસ્તારક પરમપૂજ્ય ગુરુદેવશ્રીના વચનના પ્રણિધાન સિવાય બીજો કોઈ ઉપાય નથી. એ પ્રણિધાન ન હોય તો જે ત્યજી દીધું છે તે સારું લાગે, ઇચ્છનીય લાગે અને પ્રાર્થનીય લાગે. આવી સ્થિતિમાં સંયમ પાળવાનું અશક્ય બને છે. આથી જ્ઞાનથી વૃદ્ધ એવા ગુરુદેવશ્રીના વચનના પ્રણિધાનને નિરંતર સેવ્યા વિના ચાલે એવું નથી.

સામાન્યથી વિષયસુખો ભયંકર છે જ પરંતુ એમાં પણ સ્ત્રીઓ સંબંધી વિષયસુખો મહાભયંકર છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં એ જણાવતાં ફરમાવ્યું છે

કે 'મોક્ષમાર્ગે પ્રયાણ કરતાં સ્ત્રીઓ કાદવસ્વરૂપ છે - એ જેણે જાણી લીધું છે તેઓ માટે શ્રમણપણું સુકર છે.' પૂ. ગુરુભગવંતના વચનમાં નિરંતર પ્રણિધાન રાખીને સ્ત્રીઓને આધીન બન્યા વિના જેઓ વિષયસ્વરૂપ કાદવને ફરીથી આદરતા નથી, તેઓ ભાવભિક્ષુ છે. આથી સ્પષ્ટ છે કે ગુરુવચનના પ્રણિધાન વિના ભાવભિક્ષુત્વ પ્રાપ્ત થતું નથી. નિરંતર ગુરુવચનના પ્રણિધાનથી આત્મા; ઉપર જણાવ્યા મુજબ સ્ત્રીઓને પરવશ બનતો નથી અને તેથી વિષયોને પણ ઇચ્છતો નથી, જેથી ભાવભિક્ષુત્વને પ્રાપ્ત કરી શકાય છે... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૨૭-૧॥

પ્રતિજ્ઞાને આશ્રયીને ભાવભિક્ષુનું સ્વરૂપ વર્ણવાય છે–

**पृथिव्यादींश्च षट्कायान्, सुखेच्छूनसुखद्विषः ।**
**गणयित्वात्मतुल्यान् यो, महाव्रतरतो भवेत् ॥२७-२॥**

पृथिव्यादीनिति–व्यक्तः ॥२७-२॥

આ શ્લોકનો અર્થ સ્પષ્ટ છે. કહેવાનો આશય એ છે કે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય... આ છકાય જીવોને; પોતાની જેમ સુખની ઇચ્છાવાળા અને દુઃખના દ્વેષી માનીને જે મહાવ્રતોમાં રક્ત બને છે, તે ભાવભિક્ષુ છે. પ્રાણાતિપાત મૃષાવાદ અદત્તાદાન મૈથુન અને પરિગ્રહથી સર્વથા યાવજ્જીવ સુધી વિરામ પામવા સ્વરૂપ પાંચ મહાવ્રતો છે. પ્રથમ મહાવ્રતના પાલન માટે વાડ તુલ્ય બાકીનાં ચાર મહાવ્રતો છે. ચૌદ રાજલોકમાં અનંતાનંત જીવો છે, જેનો પૃથ્વીકાયાદિ છ પ્રકારોમાં સમાવેશ થાય છે. તે બધાય જીવો આપણી પોતાની જેમ જ સુખના રાગી અને દુઃખના દ્વેષી છે. એવા જીવોને આપણે સુખ તો આપી શકતા નથી. પરંતુ તેમને પોતાના તરફથી દુઃખ ન થાય એવી ભાવનાથી ભાવિત બની જેઓ મહાવ્રતોના પાલનમાં રત છે, તેઓ ભાવભિક્ષુ છે... ઇત્યાદિ સમજી શકાય એવું છે. ॥૨૭-૨॥

પ્રતિજ્ઞાના પાલન માટે શરીરનો નિર્વાહ જે રીતે કરાય છે તેને આશ્રયીને ભાવભિક્ષુનું સ્વરૂપ વર્ણવાય છે–

**औद्देशिकं न भुञ्जीत, त्रसस्थावरघातजम् ।**
**बुद्धोक्तध्रुवयोगी यः, कषायांश्चतुरो वमेत् ॥२७-३॥**

औद्देशिकमिति–औद्देशिकं कृताद्यन्यच्च सावद्यम् । वुद्धोक्तेन जिनवचनेन ध्रुवयोगी नित्योचितयोगवान् ।।२७-३।।

"જેઓ, ત્રસ અને સ્થાવર જીવોના ઘાતથી ઉત્પન્ન થયેલું ઔદ્દેશિક(આહારાદિ) વાપરતા નથી; શ્રી સર્વજ્ઞભગવંતોના વચન વડે નિત્ય યોગી છે અને ચાર કષાયનો ત્યાગ કરે છે, તે ભાવભિક્ષુ છે." - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય એ છે કે પૂ. સાધુભગવંતોને ઉદ્દેશીને જે કરેલું કે કરાવેલું વગેરે હોય તે કૃતાદિ અને બીજું કોઇ પણ સાવદ્ય (ભિક્ષાસંબંધી દોષોથી યુક્ત) એ બધું અહીં ઔદ્દેશિક કહેવાય છે. આવાં ઔદ્દેશિક આહાર, પાણી અને વસ્ત્રપાત્રાદિ જેઓ વાપરે નહીં તેઓ ભિક્ષુ છે. ભિક્ષાસંબંધી બેંતાળીશ દોષોથી રહિત એવાં આહારાદિ ગ્રહણ કરનારા ભાવભિક્ષુ છે.

તેમ જ શ્રી જિનેશ્વરદેવોના પરમતારક વચનથી કાયમ ઉચિતયોગમાં પ્રવૃત્તિને કરનારા ભાવભિક્ષુ છે. શ્રી વીતરાગ પરમાત્માએ તે તે કાળે જે જે કરવાનું ફરમાવ્યું છે, તે તે કાળમાં તે તે કરવામાં જેઓ નિત્ય ઉપયોગવાળા છે તે ધ્રુવયોગી ભાવભિક્ષુ છે. જેઓ ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર કષાયનું વમન કરે છે, તે ભાવભિક્ષુ છે. ગમે તેવી સારી વસ્તુનો લોભ ન રાખે, તે મેળવવા માટે માયા ન સેવે, તેની પ્રાપ્તિથી માન ન કરે અને તે ન મળે તો ક્રોધ ન કરે : આ રીતે ચાર કષાયનું વમન કરનારા ભિક્ષુ છે. વમનમાં અને ત્યાગમાં થોડો ફરક છે. ત્યજેલી વસ્તુ કોઇ વાર આપણે લઇ પણ લેતા હોઇએ છીએ. પરંતુ વમેલું તો કોઇ પણ સંયોગોમાં પાછું લેતા નથી અને ઇચ્છતા પણ નથી. એ પ્રમાણે અહીં કષાયોનો ત્યાગ વમન-સ્વરૂપ છે - એ સમજી શકાય છે. ॥૨૭-૩॥

કષાયોનું વમન કર્યા પછી પ્રાપ્ત થયેલા લક્ષણને આશ્રયીને ભાવભિક્ષુનું સ્વરૂપ વર્ણવાય છે–

**निर्जातरूपरजतो, गृहियोगं च वर्जयेत् ।**
**सम्यग्दृष्टिः मदाऽमूढस्तथा संयमबुद्धिषु ।।२७-४।।**

निर्जातरूपेति–निर्जातरूपरजतो निर्गतसुवर्णरूप्यः, परिग्रहान्तरनिर्गमोपलक्षणमेतत् । गृहियोगं मूर्छया गृहस्थसम्वन्धम् । सम्यग्दृष्टिर्भावसम्यग्दर्शनी यः ।।२७-४।।

"જેઓ સોનું અને રૂપું વગેરે બાહ્યપરિગ્રહ તથા મિથ્યાત્વાદિ અભ્યંતર પરિગ્રહથી રહિત છે, મૂર્ચ્છાથી ગૃહસ્થનો સંબંધ રાખતા નથી, તેમ જ સંયમની બુદ્ધિને વિશે મૂઢતાથી રહિત છે એવા સમ્યગ્દષ્ટિ; ભાવભિક્ષુ છે." - આ પ્રમાણે ચોથા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે સામાન્યથી કષાયનો હ્રાસ થયા પછી આ સંસારમાં કોઈ પણ વસ્તુ પ્રત્યે મમત્વ રહેતું નથી. તેથી સુવર્ણાદિ નવ પ્રકારના બાહ્ય પરિગ્રહને તેમ જ પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા અને લોભ : આ ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહને પૂ. સાધુભગવંતો રાખતા નથી. ગૃહસ્થોની પ્રત્યે પણ મમત્વ ન હોવાથી તેમની સાથે મૂર્ચ્છાથી સંબંધ(પરિચય) રાખતા નથી.

સમ્યગ્દષ્ટિ આત્માઓ તો ચોથા ગુણસ્થાનકે પણ હોય છે. તેથી અવિરત સમ્યગ્દષ્ટિનું વર્જન કરવા અહીં 'સમ્યગ્દષ્ટિ' પદથી ભાવસમ્યગ્દષ્ટિની વિવક્ષા કરી છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકે નિશ્ચયનું સમ્યગ્દર્શન હોય છે. આથી જ ભાવસમ્યગ્દર્શની પૂ. સાધુ મહાત્માઓ સંયમ-વિષયક બુદ્ધિને વિશે મૂઢ નથી હોતા. માર્ગના નિર્ણયમાં ખૂબ જ સ્પષ્ટ હોય છે. બંન્ને પ્રકારના પરિગ્રહથી રહિત, ગૃહસ્થના પરિચયથી રહિત અને સંયમના વિષયમાં મૂઢતાથી રહિત એવા ભાવસમ્યગ્દષ્ટિ મહાત્માઓ ભાવભિક્ષુ છે. શ્લોકમાં પ્રથમ પદથી બાહ્યપરિગ્રહથી રહિત અવસ્થા જણાવી છે. ઉપલક્ષણથી આંતર પરિગ્રહથી રહિત અવસ્થા પણ સમજી લેવાની છે. ॥૨૭-૪॥

ભવિષ્યકાળની ચિંતાને આશ્રયીને ભિક્ષુનું સ્વરૂપ વર્ણવાય છે–

**न यश्चागामिनेऽर्थाय, सन्निधत्तेऽशनादिकम् ।**
**साधर्मिकान् निमन्त्र्यैव, भुक्त्वा स्वाध्यायकृच्च यः ।।२७-५।।**

नेति–आगामिनेऽर्थाय श्वः परश्वो वा भाविने प्रयोजनाय । निमन्त्र्यैवेत्यनेन स्वात्मतुल्यसाधर्मिकवात्सल्यसिद्धिरुक्ता । भुक्त्वा स्वाध्यायकृच्चेत्यत्र चशब्दाच्छेपानुष्ठानपरत्वग्रहेण नित्याप्रमादित्वमुक्तम् ।।२७-५।।

"જેઓ ભવિષ્યમાં કામ લાગશે એમ સમજીને અશન પાન વગેરે પોતાની પાસે રાખતા નથી, તેમ જ પોતાના સાધર્મિકોની ભક્તિ કરીને જ વાપરે છે અને જેઓ વાપરીને સ્વાધ્યાયને કરનારા છે, તેઓ ભાવભિક્ષુ છે." - આ પ્રમાણે

પાંચમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય સ્પષ્ટ છે કે આજે અથવા કાલે કામ લાગશે એમ સમજીને ભવિષ્યકાળ માટે આહાર, પાણી કે ઔષધ વગેરે પૂ. સાધુભગવંતોએ પોતાની પાસે રાખવાનાં નથી. વર્તમાનમાં જેટલું ઉપયોગી હોય તેટલું જ રાખીને તે વખતે જ તે આહાર પાણી વગેરે તેઓ વાપરે છે. અન્યથા સન્નિધિ રાખવાથી તો ગૃહસ્થજેવા થવાય છે.

વર્તમાનમાં પણ જે વાપરવાનું છે, તે પોતાના જેવા સાધર્મિકોને નિમંત્રીને તેમની ભક્તિ કરવા પૂર્વક વાપરવાનું છે. તેથી સાધર્મિકવાત્સલ્યની સિદ્ધિ-પ્રાપ્તિ થાય છે, જે દર્શનાચારવિશેષ છે. આ વાત **निमन्त्र्यैव** આ પદથી શ્લોકમાં જણાવી છે. તેમ જ વાપર્યા પછી પૂ. સાધુભગવંતો સ્વાધ્યાયને કરનારા છે. આ વાત જણાવીને ઉપલક્ષણથી **स्वाध्यायकृच्च** અહીંના '**च**' પદના ઉપાદાન દ્વારા એ જણાવ્યું છે કે સંયમજીવનના વિહાર વૈયાવૃત્ત્ય... વગેરે અનુષ્ઠાનમાં તત્પર રહી અપ્રમાદી બનવું, પણ નિદ્રાવિકથાદિ પ્રમાદ ન કરવો. એવા અપ્રમાદી; સન્નિધિથી રહિત અને સાધર્મિકોનું વાત્સલ્ય કરનારા ભાવભિક્ષુ કહેવાય છે. ॥૨૭-૫॥

સ્વાધ્યાયાદિ કરતી વખતની અવસ્થાને આશ્રયીને ભિક્ષુનું સ્વરૂપ વર્ણવાય છે—

**न कुप्यति कथायां यो, नाप्युच्चैः कलहायते ।**
**उचितेऽनादरो यस्य, नादरोऽनुचितेऽपि च ॥२७-६॥**

न कुप्यतीति—व्यक्तः ॥२७-६॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે. એનો આશય પણ સમજી શકાય છે કે વાચનાદિ સ્વાધ્યાય સ્વરૂપ કથાપ્રસંગે અનેક વાર કોપનાં નિમિત્તો મળતાં હોય છે. પરંતુ એવા પ્રસંગે પૂ. સાધુભગવંતો કોપ કરતા નથી અને કલહ તો કોઈ પણ રીતે કરતા નથી. ઉચિત પ્રવૃત્તિમાં તેમને અનાદર હોતો નથી અને અનુચિત પ્રવૃત્તિમાં તેમને આદર પણ હોતો નથી. આથી સ્પષ્ટ છે કે કથાપ્રસંગે કોપ ન કરનારા, અત્યંત કલહને ન કરનારા અને ઉચિત-અનુચિતમાં અનુક્રમે અનાદર આદર નહીં રાખનારા ભાવભિક્ષુ છે. ॥૨૭-૬॥

ભિક્ષુ પોતે કોપ ન કરે પણ બીજા કોપ કરે ત્યારે ભિક્ષુનું જે સ્વરૂપ છે, તે વર્ણવાય છે—

**आक्रोशादीन् महात्मा यः, सहते ग्रामकण्टकान् ।**
**न बिभेति भयेभ्यश्च, स्मशाने प्रतिमास्थितः ॥२७-७॥**

आक्रोशादीनिति—आक्रोशादीनाक्रोशप्रहारतर्जनान् ग्रामकण्टकान् ग्रामाणामिन्द्रियाणां कण्टकवद् दुःखहेतुत्वात् ॥२७-७॥

"ઇન્દ્રિયોને માટે કાંટા જેવા આક્રોશાદિને જે સહન કરે છે અને પ્રતિમાધ્યાને સ્મશાને રહેલા જે, ભયોથી ડરતા નથી, તે ભાવભિક્ષુ છે." - આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે. એનો ભાવ સમજી શકાય છે કે ગમે તે કારણે પોતાની ઉપર કોઇ આક્રોશ, વધ કે તાડનાદિ કરે તો પૂ. સાધુ મહાત્મા તેનો પ્રતિકાર ન કરે પરંતુ તેને સહન કરે. પગમાં કાંટો વાગવાથી જેમ દુઃખ થાય છે, તેમ આક્રોશાદિના કારણે ઇન્દ્રિયોને દુઃખ થાય છે. તેથી આક્રોશ, પ્રહાર, તિરસ્કાર આદિને ગ્રામકંટક તરીકે વર્ણવ્યા છે.

આ પ્રમાણે આક્રોશાદિને સહન કરનારા અને પ્રતિમાધ્યાને સ્મશાનમાં રહેલા જે મહાત્માઓ ભૂત-પ્રેતાદિના ભયોથી ભયભીત થતા નથી, તેઓ ભાવભિક્ષુ છે. ॥૨૭-૭॥

ભાવભિક્ષુઓ ભયથી રહિત હોય છે, એના કારણને આશ્રયીને ભાવભિક્ષુનું સ્વરૂપ વર્ણવાય છે. અર્થાત્ ભયરહિત અવસ્થા જેથી પ્રાપ્ત થાય છે તે સ્વરૂપ વર્ણવાય છે–

**आक्रुष्टो वा हतो वाऽपि लूषितो वा क्षमासमः ।**
**व्युत्सृष्टत्यक्तदेहो योऽनिदानश्चाकुतूहलः ॥२७-८॥**

आक्रुष्टो वेति—आक्रुष्टो वा कुवचनैः । हतो वाऽपि दण्डादिभिः । लूषितो वा खड्गादिभिः । क्षमासमः पृथ्वीसमो निष्प्रतिकर्मत्वात् । व्युत्सृष्टो भावप्रतिबन्धाभावेन त्यक्तश्च विभूषाकरणेन देहः शरीरं यस्य (येन) स तथा । योऽनिदानो भाविफलाशंसारहितोऽकुतूहलश्च नटादिदर्शने ॥२७-८॥

"આક્રોશ કરાયા હોય, હણાયા હોય અથવા કપાયા હોય તોપણ જેઓ પૃથ્વી સમાન છે, જેમણે શરીરનું વિસર્જન કર્યું છે અને શરીરનો ત્યાગ કર્યો છે,

તેમ જ જેઓ નિયાણું અને કુતૂહલથી રહિત છે, તેઓ ભાવભિક્ષુ છે.'' - આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે પૂ. સાધુભગવંતો ઉપર કોઇ આક્રોશ કરે, તેઓશ્રીને કોઇ હણે કે કાપે તોપણ તેઓ પૃથ્વીની જેમ સહન કરે છે. તેથી જ તેઓ ભયથી રહિત છે. જેઓ સહનશીલ છે, તેઓને ભયનું કોઇ જ કારણ નથી. તેમ જ શરીર પ્રત્યે મમત્વ ન હોવાથી અને તેનો ત્યાગ કર્યો હોવાથી ભયનું કોઇ કારણ નથી. શરીરના ત્યાગ વખતે પણ પરલોકમાં કોઇ સુખાદિની ઇચ્છા ન હોવાથી તેઓ નિયાણાથી રહિત છે અને સામાન્યથી નટ વગેરેના દર્શનમાં કુતૂહલ(ઉત્કંઠા) વગરના હોય છે.

આથી સમજી શકાશે કે ખરાબ વચનોથી આક્રોશ કરાયેલા, દંડાદિ વડે હણાયેલા અથવા ખડ્ગાદિ વડે છેદાયેલા હોય તો ય કોઇ પણ પ્રકારે પ્રતિકાર ન કરવાના કારણે પૃથ્વીની જેમ સહન કરનારા મહાત્માઓ ભાવભિક્ષુ છે. તેમ જ શરીર પ્રત્યે મમત્વનો અભાવ હોવાથી અને તેની વિભૂષા કરવાનો ત્યાગ કર્યો હોવાથી વ્યુત્સૃષ્ટ અને ત્યક્ત શરીરવાળા મહાત્માઓ ભાવભિક્ષુ છે. ભાવી ફળની આશંસાથી રહિત અને નટાદિના દર્શનમાં ઉત્કંઠાથી રહિત એવા મહાત્માઓ ભાવભિક્ષુ છે. ॥૨૭-૮॥

શરીરનું મમત્વ ન હોવાથી ભાવભિક્ષુને પ્રાપ્ત થયેલા સ્વરૂપનું વર્ણન કરાય છે–

**यश्च निर्ममभावेन, काये दोषैरुपप्लुते ।**
**जानाति पुद्गलान्यस्य, न मे किञ्चिदुपप्लुतम् ॥२७-९॥**

यश्चेति–यश्च निर्ममभावेनाकालं सकलपरिग्रहोपादानशून्यचिदानन्दैकमूर्तिकशुद्धात्मस्वभावानुभवजनितेन निर्ममत्वेन । काये शरीरे । दोषैर्ज्वरशूलादिभिरुपप्लुते । जानाति पुद्गलान्यस्य मतो (स्यात्मनो) न मे किञ्चिदुपप्लुतं, पुद्गला एव परमुपप्लुता इति ॥२७-९॥

''રોગાદિ દોષોથી કાયા વ્યાપ્ત થયે છતે; કાયાની પ્રત્યે મમત્વ ન હોવાથી, 'પુદ્ગલથી અન્ય એવા મને કોઇ ઉપદ્રવ નથી' આ પ્રમાણે જેઓ જાણે છે, તેઓ ભાવભિક્ષુ છે.'' - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે પૂ. સાધુ

ભગવંતો સારી રીતે સમજે છે કે આત્માનું મૂળભૂત સ્વરૂપ અનાદિકાળથી પરિશુદ્ધ છે. સર્વ પ્રકારના પરિગ્રહના ગ્રહણથી તે શૂન્ય છે, અર્થાત્ કર્માદિનું તે ગ્રહણ કરતો નથી. ચિદાનંદસ્વરૂપ જ આત્માનો શુદ્ધ સ્વભાવ છે. આવા સ્વભાવનું અનુભાવન કરવાના કારણે પૂ. સાધુભગવંતોને આત્માને છોડીને બીજે ક્યાંય મમત્વ હોતું નથી.

આ પ્રમાણે શુદ્ધાત્મસ્વભાવના અનુભવથી ઉત્પન્ન થયેલા નિર્મમત્વના કારણે પૂ. સાધુભગવંતો જાણે છે કે શરીરથી ભિન્ન એવા મારે, તાવ કે શૂલ વગેરે દોષોથી વ્યાપ્ત એવા શરીરના ઉપપ્લવથી કોઇ જ ઉપપ્લવ નથી. જે કાંઇ ઉપપ્લવ છે તે પુદ્ગલને છે. શરીરાદિ પુદ્ગલોથી ભિન્ન એવા પોતાના સ્વરૂપને જેઓ જાણે છે તે ભાવભિક્ષુ છે. ।।૨૭-૯।।

स्वसंसर्गिणि निर्ममत्वभावनौपयिकं नमिराजर्षिदृष्टान्तमुपदर्शयति–

પોતાના શરીરાદિને વિશે નિર્મમત્વભાવનાને કેળવવા માટે ઉપાયભૂત શ્રીનમિરાજર્ષિનું દૃષ્ટાંત જણાવાય છે–

**तथा हि मिथिलानाथो, मुमुक्षु र्निर्ममः पुरा ।**
**बभाण मिथिलादाहे, न मे किञ्चन दह्यते ।।२७-१०।।**

तथाहीति सम्प्रदायव्यक्तोऽयम् ।।२७-१०।।

"શ્લોકાર્થ સ્પષ્ટ છે કે પૂર્વે મુમુક્ષુ મિથિલાના નાથ શ્રીનમિરાજર્ષિએ કહ્યું હતું કે મિથિલાનગરીના દાહ(બળવું તે)માં મારું કાંઇ જ બળતું નથી. શ્રી નમિરાજર્ષિની કથા ખૂબ જ પ્રસિદ્ધ છે. મિથિલાના રાજા શ્રીનમિને એક વાર ખૂબ જ અસહ્ય વેદના ઉત્પન્ન થયેલી. એના ઉપચાર માટે તેમની રાણીઓ પોતે ચંદન ઘસતી હતી. રાણીઓના હાથમાંનાં કંકણોના અવાજથી તે વખતે ઉપરથી વધારે વેદના થઇ. તેથી મંત્રીઓની સૂચનાથી સૌભાગ્યસૂચક એક એક કંકણ રાખવાથી અને બાકીનાં કંકણો કાઢી નાંખવાથી ચંદન ઘસતી વખતે અવાજ બંધ થયો. તેથી શ્રીનમિરાજાએ મંત્રીઓને પૂછ્યું કે હવે રાણીઓ ચંદન ઘસતી નથી ? ત્યારે મંત્રીઓએ કહ્યું કે 'ના રાજન્ ! રાણીઓ અત્યારે પણ ચંદન ઘસી રહી છે. પણ પૂર્વે હાથમાં અનેક કંકણો હતાં તેથી અવાજ થતો હતો. હવે હાથમાં એક એક કંકણ રાખીને ચંદન ઘસી રહી છે. તેથી હવે અવાજ થતો નથી.' આ પ્રમાણે મંત્રીઓના વચનને સાંભળીને એકત્વભાવનાથી ભાવિત બનેલા શ્રી

નમિરાજાએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી. એ વખતે સ્વયં ઇન્દ્ર મહારાજાએ શ્રીનમિરાજર્ષિના વૈરાગ્યની પરીક્ષા અનેક રીતે કરી હતી. એમાં ઇન્દ્રમહારાજાએ તેઓશ્રીને કહ્યું હતું કે આ મિથિલાનગરી બળી રહી છે. તેની વ્યવસ્થા કરીને પછી દીક્ષા લેજો. એના જવાબમાં તેઓશ્રીએ ઇન્દ્ર મહારાજાને કહ્યું કે મિથિલાનગરી બળે છે એમાં મારું કશું જ બળતું નથી. પુદ્ગલથી ભિન્ન એવા પોતાને જાણીને શ્રી નમિરાજર્ષિએ એવો વૈરાગ્ય પ્રાપ્ત કરેલો. ઇન્દ્ર મહારાજાએ શ્રી નમિરાજર્ષિને બીજી અનેક વાતો કરેલી. પરંતુ પોતાની શ્રદ્ધાથી તેઓશ્રી વિચલિત થયા નહીં, જેનો વૃત્તાંત શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર વગેરે ગ્રંથોમાં વિસ્તારથી છે. ॥૨૭-૧૦॥

કુતૂહલાદિથી રહિત એવા ભિક્ષુઓ પોતાના વસતિ-સ્થાનમાં જે રીતે રહે છે, તેને આશ્રયીને ભાવભિક્ષુનું સ્વરૂપ વર્ણવાય છે–

**हस्तेन चाङ्घ्रिणा वाचा, संयतो विजितेन्द्रियः ।**
**अध्यात्मध्याननिरतः, सूत्रार्थं यश्च चिन्तयेत् ॥२७-११॥**

हस्तेन चेति–हस्तेन चाङ्घ्रिणा च संयतः कारणं विना कूर्मवल्लीनत्वेन स्थितः कारणे च सम्यग्गमनात् । वाचा संयतोऽकुशलवाग्निरोधकुशलवागुदीरणाभ्यां विजितेन्द्रियो निवृत्तविषयप्रसरः ॥२७-११॥

“જેઓ ઇન્દ્રિયોના વિજેતા છે, હાથ પગ અને વાણીથી સંયત છે અને અધ્યાત્મધ્યાનમાં લીન એવા જે પૂ. સાધુભગવંતો સૂત્ર અને અર્થનું ચિંતન કરે છે, તે ભાવભિક્ષુ છે.’ આ પ્રમાણે અગિયારમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનું તાત્પર્ય એ છે કે પૂ. સાધુમહાત્માઓ કુતૂહલથી રહિત હોવાથી રત્નત્રયીના કારણ વિના કાચબાની જેમ શરીરનાં અંગોપાંગને સંકોચીને રહેતા હોવાથી હાથ અને પગથી સંયત હોય છે. રત્નત્રયીનું પ્રયોજન હોય તો સમિતિના ઉપયોગપૂર્વક જાય છે. અન્યથા તો ઉપર જણાવ્યા મુજબ કાચબાની જેમ, હાથ-પગ સંકોચીને સંયમમાં લીન રહે છે. અકુશલ વચનોના પ્રયોગથી નિવૃત્ત બની અને કુશલ વચન-યોગની ઉદીરણા કરી તેઓશ્રી વાણીના સંયમમાં લીન રહે છે. તેથી જ પાંચે ય ઇન્દ્રિયોના વિષયમાં ઇન્દ્રિયો અને મનની પ્રવૃત્તિથી નિવૃત્ત

બની ઇન્દ્રિયોને જીતનારા છે. આ રીતે મન વચન અને કાયાના સંયમમાં લીન બનેલા પૂ. સાધુ ભગવંતો અધ્યાત્મના ધ્યાનમાં નિરત રહીને સૂત્ર અને અર્થનું નિરંતર ચિંતન કરે છે, તે મહાત્માઓ ભાવભિક્ષુ છે. ॥૨૭-૧૧॥

આહારાદિ વાપરવાની અનિવાર્ય પ્રવૃત્તિના વિષયમાં ભિક્ષુનું સ્વરૂપ વર્ણવાય છે–

**अज्ञातोञ्छं चरन् शुद्धमलोलोऽरसगृद्धिमान् ।**
**ऋद्धिसत्कारपूजाश्च, जीवितं यो न काङ्क्षति ॥२७-१२॥**

अज्ञातोञ्छमिति–शुद्धं भावपरिशुद्धं स्तोकमित्यर्थः । अलोलो नाप्राप्तप्रार्थनपरः । अरसगृद्धिमान् प्राप्तेष्वप्यप्रतिबद्धः । ऋद्धिरामर्षौषध्यादिका, सत्कारो वस्त्रादिना, पूजा प्रसूनादिना, जीवितमसंयमजीवितम् ॥२७-१२॥

"લોલુપતાથી રહિત, રસગૃદ્ધિથી રહિત, શુદ્ધ એવી અજ્ઞાતભિક્ષાને ગ્રહણ કરનારા, ઋદ્ધિ સત્કાર તથા પૂજાને તેમ જ જીવિતને જેઓ ઇચ્છતા નથી, તેઓ ભાવભિક્ષુ છે." - આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે પૂ. સાધુભગવંતો શુદ્ધ એટલે કે ભાવથી પરિશુદ્ધ આહારને ગ્રહણ કરતા હોય છે. માત્ર શરીરના નિર્વાહ માટે થોડો થોડો આહાર ગ્રહણ કરે છે. સ્વાદાદિ માટે તેઓ આહારને લેતા નથી. પોતાના અને ભિક્ષા આપનારના ભાવ અશુદ્ધ ન બને એ રીતે થોડું થોડું અજ્ઞાતપણે આહારાદિનું ગ્રહણ કરનારા એ મહાત્માઓ લોલુપતાથી રહિત હોય છે. અર્થાત્ જે પણ આહાર મળ્યો ન હોય તો તે મળે : એ માટે તેઓ યાચના કરતા નથી. તેમ જ રસગૃદ્ધિથી રહિત હોવાથી જે પણ આહાર પ્રાપ્ત થયો છે તેમાં તેઓ રાગ કરતા નથી.

આવા પ્રકારનું નિર્મળ ચારિત્ર પાળ્યા પછી તેના ફળ સ્વરૂપે પ્રાપ્ત થનારી આમર્ષ ઔષધિ લબ્ધિ વગેરે સ્વરૂપ ઋદ્ધિ, વસ્ત્રપાત્રાદિથી કરાતો સત્કાર અને પુષ્પાદિથી કરાતી પૂજાની ઇચ્છા પણ કરતા નથી. તેમ જ પરીષહાદિના નિવારણ માટે હિંસાદિ સ્વરૂપ અસંયમથી જીવવાનું તેઓ ઇચ્છતા નથી. સુખની પ્રાપ્તિ માટે કે દુઃખના નિવારણ માટે હિંસાદિ પાપવાળું જીવન જીવવાની જેઓ ઇચ્છા કરતા નથી, તેઓ ભાવભિક્ષુ છે. ॥૨૭-૧૨॥

કોઇ વાર પ્રતિકૂળતામાં ભિક્ષુનું જે સ્વરૂપ હોય છે તે જણાવાય છે–

**यो न कोपकरं ब्रूयात्, कुशीलं न वदेत्परम् ।**
**प्रत्येकं पुण्यपापज्ञो, जात्यादिमदवर्जितः ॥२७-१३॥**

य इति–परं स्वपक्षविनेयव्यतिरिक्तम् । प्रत्येकं प्रतिस्वम् । पुण्यपापज्ञोऽन्यसम्बन्धिनोऽन्यत्रासङ्क्रमाद् । इत्थं च जात्यादिमदैर्वर्जितः ॥२७-१३॥

"જેઓ, કોપને કરનારાં વચન બોલતાં નથી, બીજાને કુશીલ કહેતા નથી, દરેકમાં પુણ્ય અને પાપને જાણે છે અને જાતિ વગેરે સંબંધી આઠ પ્રકારના મદથી રહિત છે, તે ભાવભિક્ષુ છે." - આ પ્રમાણે તેરમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે પોતાની ગમે તેવી પ્રતિકૂળતામાં કોઇ નિમિત્ત બને તોપણ તેની પ્રત્યે પૂ. સાધુ મહાત્મા કોપ ન કરે. બીજાને ગુસ્સો આવે એવું ના બોલે. પોતાની પરંપરામાં રહેલા શિષ્યોને છોડીને બીજા શિષ્યોને ઠપકો આપતી વખતે 'તું કુશીલ છે' એમ ન બોલે. પોતાના શિષ્યને ઠપકો આપતી વખતે હિતબુદ્ધિથી કોઇ વાર એ પ્રમાણે બોલવું પડે તો બોલે.

અન્ય જીવોનાં પુણ્ય અને પાપ કર્મો બીજા આત્મામાં સંક્રાંત થતાં ન હોવાથી પુણ્ય અને પાપ દરેકનાં સ્વતંત્ર છે. આ પ્રમાણે પૂ. સાધુમહાત્મા સમજે છે. તેથી પુણ્ય અને પાપના યોગે તે તે જીવોને પ્રાપ્ત થયેલા તે તે જાતિ, કુળ, રૂપ, બળ, શ્રુત, તપ, લાભ અને ઐશ્વર્ય સ્વરૂપ ગુણોને જોઇને પણ કોઇ પણ રીતે ગર્વ કરતા નથી. કારણ કે તેઓ સમજે છે કે જીવો પોતપોતાના કર્મને પરવશ છે. કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલી અવસ્થામાં કરી પણ શું શકાય ? ॥૨૭-૧૩॥

પોતાની આરાધનાની સાથે સાથે બીજા જીવોને માર્ગ સમજાવતી વખતે ભિક્ષુનું જે સ્વરૂપ છે તે જણાવાય છે–

**प्रवेदयत्यार्यपदं, परं स्थापयति स्थितः ।**
**धर्मचेष्टां कुशीलानां, परित्यजति यः पुनः ॥२७-१४॥**

प्रवेदयतीति–प्रवेदयति कथयत्यार्यपदं शुद्धधर्मपदम् ॥२७-१४॥

"જેઓ આર્યપદોને જણાવે છે, ધર્મમાં સ્વયં સ્થિર રહે છે, બીજાને ધર્મમાં સ્થાપન કરે છે અને કુશીલોની ધર્મ-ચેષ્ટાનો ત્યાગ કરે છે, તેઓ ભાવભિક્ષુ

છે." - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે, જેનું તાત્પર્ય સ્પષ્ટ છે. પૂ. સાધુભગવંતો બીજાને શુદ્ધ ધર્મોના પદને કહે છે. સ્વયં શુદ્ધ ધર્મોને જાણીને તે ધર્મોને જણાવનારાં પદોને અર્થીજનો પ્રત્યે જણાવતા હોય છે. જે પદોના શ્રવણથી મુમુક્ષુજનો આત્માના શુદ્ધ સ્વભાવમાં રમણ કરે તે બધાં આર્યપદ છે. આથી સ્પષ્ટ છે કે યોગ્ય અવસરે યોગ્ય જીવોને પૂ. સાધુ મહાત્માઓ શુદ્ધ ધર્મને જ જણાવતા હોય છે.

તેઓ માત્ર શુદ્ધ ધર્મને જણાવતા જ નથી, પણ એ ધર્મમાં પોતે સ્થિર રહે છે અને બીજા આત્માઓને શુદ્ધ ધર્મમાં સ્થાપન કરે છે. આવા પ્રકારના ઉપકારને કરવા છતાં એ મહાત્માઓ શ્રાવકો પ્રત્યે મમત્વભાવ રાખતા નથી. નિર્દોષ મળેલા આહારાદિને વાપરે છે. અર્થાત્ કુશીલ જનોની ચેષ્ટાનો ત્યાગ કરે છે. ઉપદેશમાલા, શ્રી દશવૈકાલિક સૂત્ર વગેરેમાં કુશીલોની ચેષ્ટાઓનું વર્ણન છે. એનો ત્યાગ કરનારા મહાત્માઓ જ ભાવભિક્ષુ છે. ।।૨૭-૧૪।।

હાસ્યાદિ નોકષાયોના અભાવને લઈને ભિક્ષુનું જે સ્વરૂપ છે, તે વર્ણવાય છે–

**उद्वेगो हसितं शोको, रुदितं क्रन्दितं तथा ।**
**यस्य नास्ति जुगुप्सा च, क्रीडा चाऽपि कदाचन ।।२७-१५।।**

उद्वेग इति–व्यक्तः ।।२७-१५।।

"જેમને ઉદ્વેગ, હાસ્ય, શોક, રુદન, આક્રન્દ, જુગુપ્સા તથા ક્રીડા ક્યારે પણ સંભવતાં નથી તે ભાવભિક્ષુ છે." - આ પ્રમાણે પંદરમા શ્લોકનો અક્ષરાર્થ છે. જેનો આશય સમજી શકાય છે કે, કષાયને આધીન ન બનનારા પૂ. સાધુભગવંતો હાસ્યાદિ નોકષાયોને પણ આધીન બનતા નથી. તેઓશ્રી સારી રીતે સમજે છે કે આપણને જે કાંઈ દુઃખ આવે છે તે પૂર્વે બાંધેલા પાપકર્મના ઉદયથી આવેલું છે. તેને સહી લેવામાં જ શ્રેયઃ છે. તેથી એવા પ્રસંગે તેઓ ઉદ્વેગ કરતા નથી, શોક કરતા નથી, રડતા નથી અને આક્રંદ પણ કરતા નથી. ઉદ્વેગ શોક રુદન અને આક્રંદ અનુક્રમે તીવ્ર તીવ્રતર અને તીવ્રતમ દુઃખનિમિત્તક અવસ્થાઓ છે, જેનું સ્વરૂપ આપણને પ્રતીત છે જ.

આવી રીતે જ ભૂતકાળના પુણ્યના ઉદયમાં પ્રાપ્ત થયેલી અનુકૂળતામાં હાસ્ય કે રમતગમતને પૂ. સાધુભગવંતો કરતા નથી. મોક્ષની સાધનાના માર્ગે

અનવરત પ્રયાણ કરનારા મુમુક્ષુઓને નોકષાયની પરવશતા કોઈ પણ રીતે પાલવે એમ નથી. સાહજિક મનાતી પ્રવૃત્તિ પણ મુમુક્ષુઓ માટે સિદ્ધિમાં અવરોધરૂપ બનતી હોય છે. તેથી ઉદ્વેગાદિ અને હાસ્યાદિને પરવશ ન બનનારા ભાવભિક્ષુ છે; જેઓ ક્યારે પણ, પુદ્ગલના સ્વરૂપને જાણતા હોવાથી અશુભ પુદ્ગલોની જુગુપ્સા કરતા નથી. ॥૨૭-૧૫॥

ચિરપરિચિત એવા શરીરની ઉપેક્ષાથી પ્રગટ થનારા ભાવભિક્ષુના સ્વરૂપને વર્ણવાય છે–

**इदं शरीरमशुचि, शुक्रशोणितसम्भवम् ।**
**अशाश्वतं च मत्वा यः, शाश्वतार्थे प्रवर्त्तते ॥२७-१६॥**

इदमिति–व्यक्तः ॥२७-१६॥

શ્લોકાર્થ ખૂબ જ સ્પષ્ટ છે. એનો આશય સમજી શકાય છે કે શુક્ર અને શોણિતથી ઉત્પન્ન થયેલું આ શરીર અપવિત્ર અને અનિત્ય છે - એમ માનીને શાશ્વત એવા મોક્ષસ્વરૂપ અર્થ માટે જેઓ પ્રવૃત્તિ કરે છે, તે પૂ. સાધુ મહાત્માઓ ભાવભિક્ષુ છે. મોક્ષની સાધનામાં શરીરનું મમત્વ; ખૂબ જ મજબૂત પ્રતિબંધક છે. શરીરનું વાસ્તવિક સ્વરૂપ સમજાય તો તેનું મમત્વ દૂર કરવાનું સરળ છે. સર્વથા જેનું સ્વરૂપ ખરાબ છે અથવા જે વસ્તુ સારી હોય તોપણ જો ક્ષણિક હોય, ચિરસ્થાયી ન હોય તો આપણને એની પ્રત્યે ખાસ મમત્વ થતું નથી. તાત્કાલિક ઉપયોગી બને છે માટે તે કરી લઈએ. પરંતુ લગભગ શરીરના વિષયમાં એવું જ હોવા છતાં તેની પ્રત્યેનું મમત્વ જતું નથી. એમ કહેવા કરતાં, એની પ્રત્યે મમત્વ કર્યા વિના રહેવાતું નથી એમ જ કહેવું જોઈએ.

મોક્ષની સાધનામાં એ એક મોટો અવરોધ છે. શરીર; અશુચિ, અશુચિથી ઉત્પન્ન થયેલું અને અશાશ્વત (અનિત્ય) છે. તેથી એની પ્રત્યે મમત્વ રાખવાનું વસ્તુતઃ કોઈ જ કારણ નથી. પૂ. સાધુભગવંતોને એનો વાસ્તવિક ખ્યાલ હોવાથી તેઓશ્રી નિરંતર; આવા શરીર પ્રત્યે મમત્વ કર્યા વિના મોક્ષની પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ કરે છે. એવા મહાત્માઓ ભાવભિક્ષુ છે. ॥૨૭-૧૬॥

ઉપર જણાવ્યા મુજબ સોળ શ્લોકોથી જે ભાવભિક્ષુનું વર્ણન કર્યું છે, તેમને ભાવભિક્ષુ કેમ કહેવાય છે તે જણાવાય છે–

**स भावभिक्षु र्भेत्तृत्वादागमस्योपयोगतः ।**
**भेदनेनोग्रतपसा, भेद्यस्याऽशुभकर्मणः ।।२७-१७।।**

स इति–स भावभिक्षुर्भण्यते । उग्रतपसा भेदनेनाशुभकर्मणो भेद्यस्यागमोपयोगतो भेत्तृत्वात् । तदुक्तं–"भेत्तागमोवउत्तो दुविहतवो भेअणं च भेत्तव्वं । अट्ठविहं कम्मखुहं तेण निरुत्तं सभिक्खुत्ति" ।।२७-१७।।

"આ પૂર્વેના સોળ શ્લોકોથી જે મહાત્માઓનું વર્ણન કરાયું છે તે મહાત્માઓ ભાવભિક્ષુ છે. કારણ કે આગમના ઉપયોગથી, ભેદવાયોગ્ય એવાં અશુભ કર્મોને, ભેદવાના સાધનભૂત ઉગ્રતપ વડે તે મહાત્માઓ ભેદી નાંખે છે." - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો શબ્દાર્થ છે. એનો આશય એ છે કે આ પૂર્વે જણાવ્યા મુજબ તે તે ગુરુપારતંત્ર્યાદિ ગુણોથી યુક્ત મહાત્માઓને જ ભાવભિક્ષુ કહેવાય છે. નામ દ્રવ્ય અને સ્થાપના ભિક્ષુઓથી ભિન્ન એવા ભિક્ષુનું ગ્રહણ કરવા માટે '**भाव**' પદનું ઉપાદાન છે.

'**भिनत्तीति भिक्षुः**' - 'જે ભેદે છે તેને ભિક્ષુ કહેવાય છે.' - આ '**भिक्षु**' શબ્દની વ્યુત્પત્તિ છે. તે અપેક્ષાએ **भिक्षु** પદ અહીં ભાવભિક્ષુને જણાવે છે. કારણ કે નામથી જે ભિક્ષુ છે અને જેઓ કર્મને ભેદતા નથી એવા નામાદિ ભિક્ષુમાં ઉપર જણાવેલો '**भिक्षु**' શબ્દનો અર્થ સંગત થતો નથી. આ સંસારમાં એકમાત્ર ભેદવા યોગ્ય આઠ પ્રકારનાં કર્મ છે. ભાવભિક્ષુઓ નિરંતર એ માટે પ્રયત્નશીલ હોય છે. કર્મના ભેદન માટે બાહ્ય અને આભ્યંતર : આ બે પ્રકારની તપશ્ચર્યા એ સાધન છે. જેના વડે ભેદાય તેને ભેદન (ભેદવા માટેનું અત્યંત ઉપયોગી સાધન) કહેવાય છે. આગમમાં જણાવેલી રીતે તેમાં ઉપયોગ રાખી કઠોર તપ વડે આઠ કર્મોના ભેદક પૂ. સાધુ મહાત્માઓ ભાવભિક્ષુ છે. જો આગમમાં ઉપયોગ ન હોય તો ભિક્ષુને દ્રવ્યભિક્ષુ કહેવાય છે. તેથી ભાવભિક્ષુત્વના નિર્વાહ માટે અહીં આગમના ઉપયોગની વિવક્ષા કરી છે. દશવૈકાલિકસૂત્રની નિર્યુક્તિમાં આ વાત જણાવતાં ફરમાવ્યું છે કે - આગમમાં ઉપયોગવાળા ભિક્ષુ ભેત્તા (ભેદક) છે. બાહ્ય અને આભ્યંતર તપ ભેદનનું સાધન છે અને આઠ પ્રકારનું કર્મ ભેદવા યોગ્ય છે. અહીં કર્મને ભૂખસ્વરૂપ વર્ણવ્યું છે. ભૂખનું દુઃખ જેમ અસહ્ય છે, તેમ કર્મનું દુઃખ પણ ભયંકર છે. સઘળાં ય દુઃખોનું મૂળ કર્મ

છે. આ દુઃખમય સંસાર કર્મમૂલક છે. આથી સ્પષ્ટ છે કે આઠ પ્રકારનાં કર્મ સ્વરૂપ ક્ષુદ્(ભૂખ)ને, બાહ્યાભ્યંતર તપ વડે આગમમાં ઉપયોગવાળા પૂ. મહાત્માઓ ભેદે છે તેથી તેઓ ભિક્ષુ છે - આ પ્રમાણે ભિક્ષુની વ્યુત્પત્તિ છે... ઇત્યાદિ સમજી લેવું. ॥૨૭-૧૭॥

પ્રકારાંતરથી '**भिक्षु**' શબ્દની વ્યુત્પત્તિ જણાવવા પૂર્વક તેનાં પર્યાયવાચક નામોના નિરૂપણ વડે તેનું સ્વરૂપ વર્ણવાય છે–

**भिक्षामात्रेण वा भिक्षु, र्यतमानो यति र्भवेत् ।**
**भवक्षयाद् भवान्तश्च, चरकः संयमं चरन् ॥२७-१८॥**

भिक्षेति–भिक्षामात्रेण वा सर्वोपधिशुद्धभिक्षावृत्तिलक्षणेन भिक्षुः । यतमानो भावतस्तथातथागुणेषु यतिर्भवेत् । भवक्षयात्संसारनाशाद्भवान्तश्च । संयमं सप्तदशप्रकारं चरन् चरकः ॥२७-१८॥

"અથવા માત્ર ભિક્ષાના કારણે ભિક્ષુ કહેવાય છે. યતનાના કારણે યતિ કહેવાય છે. ભવક્ષય થવાથી ભવાંત કહેવાય છે અને સંયમને આચરતા હોવાથી ભિક્ષુને ચરક કહેવાય છે." - આ પ્રમાણે અઢારમા શ્લોકનો સામાન્યાર્થ છે. એનો આશય એ છે કે આ પૂર્વે સત્તરમા શ્લોકમાં '**भिक्षु**' શબ્દની વ્યુત્પત્તિને આશ્રયીને ભિક્ષુનું સ્વરૂપ વર્ણવ્યું છે. આ શ્લોકમાં શરૂઆતમાં જ બીજી રીતે '**भिक्षु**' શબ્દની વ્યુત્પત્તિને આશ્રયીને તેનું સ્વરૂપ વર્ણવ્યું છે. સર્વ દોષોથી રહિત એવી ભિક્ષાવૃત્તિમાત્રથી પોતાનો નિર્વાહ કરતા હોવાથી પૂ. સાધુભગવંતોને ભિક્ષુ કહેવાય છે.

સામાન્ય રીતે દ્રવ્યભિક્ષુકો પણ પોતાનો નિર્વાહ ભિક્ષાવૃત્તિથી કરતા હોય છે. પરંતુ તેઓને કોઇ વાર તે ન મળે તો તે બધા અવસરે પોતાના માટે બનાવેલી, ખરીદેલી અને કાપીને તૈયાર કરેલી ભિક્ષાને ગ્રહણ કરી લેતા હોય છે. તેથી તેઓ વાસ્તવિક રીતે ભિક્ષુ નથી. પરંતુ જેઓ એષણાથી શુદ્ધ, ભિક્ષાના કાળે મળેલી, અચિત્ત અને સર્વ દોષોથી રહિત એવી ભિક્ષાથી પોતાનો નિર્વાહ કરે છે, અર્થાત્ ભિક્ષાથી નિર્વાહ કરવાનો સ્વભાવ જેમનો છે; એવા મહાત્માઓને ભિક્ષુ કહેવાય છે.

તેવા તેવા પ્રકારના ગુણોને પ્રાપ્ત કરવા માટે જેઓ સતત પ્રયત્નશીલ છે, તેઓ યતિ છે. આ પ્રયત્ન પણ ભાવથી હોય છે. સામાન્ય રીતે સ્વાધ્યાય, વિનય, વૈયાવચ્ચ, તપ, પ્રતિલેખના, પ્રમાર્જના વગેરે જે ગુણો છે તે ગુણોને પ્રાપ્ત કરવા વગેરે માટે; શ્રદ્ધા, સંવેગ અને નિર્વેદાદિથી પૂ. સાધુમહાત્માઓ પ્રયત્નશીલ હોય છે, તેથી તેઓશ્રીને યતિ કહેવાય છે.

આ રીતે સંયમની સાધના કરતાં કરતાં પૂ. સાધુભગવંતો ભવનો ક્ષય કરે છે, તેથી તેઓશ્રીને ભવાંત કહેવાય છે. સત્તર પ્રકારના સંયમને કરતા હોવાથી તેઓશ્રીને ચરક કહેવાય છે. પ્રાણાતિપાત, મૃષાવાદ વગેરે પાંચ આશ્રવ-સ્થાનોથી વિરામ પામવું; પાંચ ઇન્દ્રિયોનો નિરોધ કરવો; ચાર કષાયોનો નિગ્રહ કરવો અને અશુભ મન વચન કાયાના યોગોને દૂર કરવા... ઇત્યાદિ પ્રકારે સત્તર પ્રકારના સંયમનું પાલન કરનારા પૂ. મહાત્માઓને ચરક કહેવાય છે. ॥૨૭-૧૮॥

પ્રકારાંતરથી '**भिक्षु**' શબ્દની વ્યુત્પત્તિ જણાવાય છે–

**क्षपकः क्षपयन् पापं, तपस्वी च तपःश्रिया ।**
**भिक्षुशब्दनिरुक्तस्य, भेदाः खल्वर्थतो ह्यमी ॥२७-१९॥**

क्षपक इति–पापं क्षपयन् क्षपको भण्यते । तपःश्रिया तपोलक्ष्म्या च तपस्वी । अमी हि प्रासङ्गिका अपि अर्थतो भिक्षुशब्दनिरुक्तस्य भेदास्तदर्थं प्रत्यव्यभिचारात् सर्वेषाम् । तदाह भिक्षुशब्दनिरुक्तद्वारे निर्युक्तिकृत्–"भिंदंतो अ जहक्खुहं भिक्खु जयमाणओ जई होइ । संजमचरओ चरओ भवं खिवंतो भवंतो अ ॥१॥ जं भिक्ख-मत्तवित्ती तेण य भिक्खु खवेइ जं खवणो । तवसंजमे तवस्सित्ति वावि अन्नो वि पज्जाओ ॥२॥" ॥२७-१९॥

"પાપને ખપાવનારા પૂ. સાધુમહાત્મા ક્ષપક છે અને તપની લક્ષ્મીથી તપસ્વી છે. '**भिक्षु**' શબ્દની વ્યુત્પત્તિથી જણાવેલા અર્થની અપેક્ષાએ આ બધા (યતિ... વગેરે) ભિક્ષુના જ પ્રકારો છે." - આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. કહેવાનો આશય એ છે કે જેઓ પાપને ખપાવે છે અર્થાત્ નિરંતર પાપકર્મનો જેઓ ક્ષય કરે છે તેઓશ્રીને ક્ષપક કહેવાય છે અને તપસ્વરૂપ લક્ષ્મીને

કારણે પૂ. સાધુ ભગવંતોને તપસ્વી કહેવાય છે. બાર પ્રકારનો તપ તેઓશ્રીનું ધન છે.

ભિક્ષુ, યતિ, ભવાંત, ચરક, ક્ષપક અને તપસ્વી : આ બધા, '**भिक्षु**' શબ્દના વ્યુત્પત્ત્યર્થ સાધુને આશ્રયીને તે અર્થના પ્રકાર છે. કારણ કે સાધુમાં એ બધા અર્થો સંગત છે. સાધુ હોય અને અર્થ ન હોય એવું બનતું નથી. તેથી તે બધા સાધ્વર્થના વ્યભિચારી નથી. અર્થાત્ ભિક્ષુત્વાદિના અભાવવદ્‌માં સાધુત્વ મનાતું નથી... ઇત્યાદિ બરાબર સમજી લેવું.

એ વાતને જણાવતાં નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુ સ્વામીજીએ શ્રી દશવૈકાલિક સૂત્રની '**भिक्षु**' શબ્દની નિર્યુક્તિના નિરૂપણના અવસરે ફરમાવ્યું છે કે - "કર્મક્ષુધાને ભેદતા હોય તે ભિક્ષુ થાય છે. યતના (પ્રયત્નવિશેષ) કરતા હોય તે યતિ થાય છે. સંયમને આચરતા હોય છે તે ચરક બને છે. તેમ જ જે ભવનો અંત કરે છે તે ભવાંત છે. જે કારણથી પોતાનો નિર્વાહ ભિક્ષામાત્રથી કરે છે, તે કારણે તેઓ ભિક્ષુ છે. કર્મને ખપાવે છે માટે ક્ષપક છે અને સંયમપ્રધાન તપમાં વસે છે તેથી તપસ્વી છે. આ બધા પણ ભિક્ષુનાં (ભાવભિક્ષુનાં) પર્યાયવાચક નામો છે. ॥૨૭-૧૯॥

વ્યુત્પત્તિને આશ્રયીને ભિક્ષુનાં પર્યાયવાચક નામોનું નિરૂપણ કર્યું. હવે બીજી રીતે તેનાં પર્યાયવાચક નામો જણાવાય છે—

**तीर्णस्तायी व्रती द्रव्यं, क्षान्तो दान्तो मुनि र्यतिः ।**
**ऋजुः प्रज्ञापको भिक्षु, र्विद्वान् विरत-तापसौ ॥२७-२०॥**

तीर्ण इति—तीर्णवत्तीर्णो विशुद्धसम्यग्दर्शनादिलाभाद्भवार्णवम् । तायः सुदृष्ट-मार्गोक्तिस्तद्वान् तायी । सुपरिज्ञातदेशनया विनेयपालयितेत्यर्थः । हिंसादिविरतत्वाद् व्रती । रागद्वेषरहितत्वाद् द्रव्यम् । क्षमां करोतीति क्षान्तः । दाम्यतीन्द्रियाणीति दान्तः । मन्यते जगतस्त्रिकालावस्थामिति मुनिः । उत्तमाश्रमी प्रयत्नवान् वा यतिः । मायारहित ऋजुः । अपवर्गमार्गस्य प्ररूपकः प्रज्ञापकः । भिक्षुः प्रागुक्तार्थः । विद्वान् पण्डितः । विरतो विषयसुखनिवृत्तः । तापसः तपःप्रधानत्वात् ॥२७-२०॥

"તીર્ણ, તાયી, વ્રતી, દ્રવ્ય, ક્ષાંત, દાંત, મુનિ, યતિ, ઋજુ, પ્રજ્ઞાપક, ભિક્ષુ, વિદ્વાન, વિરત અને તાપસ - આ સાધુભગવંતનાં નામો છે." - આ

પ્રમાણે વીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. તેનો આશય સ્પષ્ટ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે પૂ. સાધુભગવંતને તીર્ણ કહેવાય છે. કારણ કે વિશુદ્ધ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થયેલી હોવાથી ભવસાગરને તરી ગયેલા જેવા છે. નજીકના કાળમાં જ તેઓશ્રી ભવસમુદ્રને તરી જવાના હોવાથી તરી ગયેલા જેવા જ છે. આથી તેઓશ્રીનું તીર્ણ આ પ્રમાણે નામ છે.

સારી રીતે (વાસ્તવિક રીતે) જોયેલા માર્ગના કથનને તાય કહેવાય છે અને તેવા કથનને કરનારાને તાયી કહેવાય છે. શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચનને સારી રીતે જાણીને તેની દેશના દ્વારા પોતાના શિષ્યપરિવારનું જે પાલન કરે છે એવા પૂ. સાધુભગવંતોનું તાયી એવું નામ છે. હિંસા અસત્ય વગેરેથી સર્વથા વિરામ પામેલા હોવાથી તેઓશ્રીનું વ્રતી એવું નામ છે.

રાગદ્વેષાદિથી રહિત હોવાથી જ્ઞાનાદિ ગુણોના તેઓશ્રી આશ્રય બને છે. તેથી પૂ. સાધુમહાત્માઓને દ્રવ્ય કહેવાય છે. ક્ષમાને કરે છે તેથી તેઓશ્રી ક્ષાન્ત છે. ઇન્દ્રિયોનું દમન કરે છે તેથી તેઓશ્રીને દાન્ત કહેવાય છે. શ્રી અરિહંતપરમાત્માએ પ્રરૂપેલી જગતની ત્રણેય કાળની અવસ્થાને માને છે તેથી તેઓશ્રીને મુનિ કહેવાય છે. ગૃહસ્થાશ્રમાદિની અપેક્ષાએ પૂ. સાધુભગવંતો, ઉત્તમ આશ્રમ(અવસ્થા)વાળા છે અથવા મોક્ષમાર્ગની આરાધનામાં પ્રયત્નશીલ હોવાથી યતિ છે. માયાથી રહિત હોવાથી ઋજુ છે. મોક્ષમાર્ગના પ્રરૂપક હોવાથી પ્રજ્ઞાપક છે. પૂર્વે જણાવ્યા મુજબ તેઓશ્રી ભિક્ષુ છે. વિદ્વાન એટલે કે તેઓ પંડિત છે. સામાન્ય રીતે લોકમાં 'પંડિત' પદનો અર્થ પ્રસિદ્ધ છે. જેઓ વિદ્યા કે ઐશ્વર્ય સ્વરૂપ મોટા અર્થને પામીને ગર્વને ધારણ કર્યા વિના વસ્તુતત્ત્વનો વિચાર કરે છે, તેમને પંડિત કહેવાય છે... ઇત્યાદિ અનેક રીતે લોકમાં પંડિતનું સ્વરૂપ વર્ણવ્યું છે. અહીં તો પૂ. સાધુભગવંતને પંડિત તરીકે વર્ણવ્યા છે. જેઓ પરમપદના વાસ્તવિક જ્ઞાતા છે; તેઓશ્રી પંડિત છે. તેઓશ્રીને વિરત અને તાપસ કહેવાય છે. શબ્દાદિ વિષયસુખથી નિવૃત્ત હોવાથી તેઓશ્રીને વિરત કહેવાય છે. પ્રાણાતિપાતાદિ આશ્રવોથી વિરામ પામેલા હોવાથી તેઓશ્રી સર્વથા વિરત છે. વિષયસુખની અનિવૃત્તિને લઈને પ્રાણાતિપાતાદિ આશ્રવોની પ્રવૃત્તિ છે. વિષયસુખની નિવૃત્તિથી પ્રાણાતિપાતાદિ પાંચ આશ્રવોથી સર્વથા વિરતિ શક્ય બને છે. પૂ. સાધુમહાત્માઓ તપપ્રધાન જીવન જીવતા હોવાથી તાપસસ્વરૂપે

**ઓળખાય છે.** આ રીતે પૂ. સાધુમહાત્માઓ આ શ્લોકથી વર્ણવેલાં ચૌદ નામોથી **વર્ણવાય છે.** ॥૨૭-૨૦॥

પૂ. સાધુભગવંતોનાં પર્યાયવાચી નામો જ જણાવાય છે–

**बुद्धः प्रव्रजितो मुक्तोऽनगारश्चरकस्तथा ।**
**पाखण्डी ब्राह्मणश्चैव, परिव्राजकसंयतौ** ॥२७-२१॥

बुद्ध इति–बुद्धोऽवगततत्त्वः । प्रव्रजितः पापान्निष्क्रान्तः । मुक्तो निर्लोभः । **अनगारो** द्रव्यभावागारशून्यः । तथा चरकः प्रागुक्तार्थः । पाषण्डी पाशाड्डीनः । ब्राह्मणश्चैव **विशुद्धब्रह्मचारी** चैव। परिव्राजकः पापवर्जकः । संयतः संयमवान् ॥२७-२१॥

"બુદ્ધ, પ્રવ્રજિત, મુક્ત, અનગાર, ચરક, પાખંડી, બ્રાહ્મણ, પરિવ્રાજક **તથા સંયત** - આ પૂ. સાધુભગવંતોનાં પર્યાયવાચક નામો છે." - આ પ્રમાણે **એકવીસમા** શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પૂ. સાધુભગવંતોએ **તત્ત્વ જાણી લીધું** હોવાથી તેઓ બુદ્ધ છે. પાપથી સારી રીતે સર્વથા નીકળી ગયા **હોવાથી તેઓશ્રી** પ્રવ્રજિત છે, લોભથી રહિત હોવાથી મુક્ત છે, દ્રવ્ય અને ભાવ **અગારથી** રહિત હોવાથી અનગાર છે. પૂર્વે જણાવ્યા મુજબ સંયમને આચરનારા **હોવાથી** તેઓશ્રીને ચરક કહેવાય છે.

**કર્માદિ** બંધનથી દૂર થયેલા હોવાથી તેઓશ્રીને પાષંડી (પાખંડી) કહેવાય **છે.** સુવિશુદ્ધ બ્રહ્મચારી હોવાથી બ્રાહ્મણ, સર્વથા પાપનું પરિવર્જન કરનારા **હોવાથી** પરિવ્રાજક અને સંયમી હોવાથી સંયતસ્વરૂપે પૂ. સાધુભગવંતો **ઓળખાય છે.** અર્થાત્ તેઓશ્રીના આ શ્લોકમાં જણાવ્યા મુજબના બુદ્ધ, પ્રવ્રજિત **વગેરે બીજાં** નવ નામો છે. તે તે નામથી જણાવેલા તે તે ગુણોની મુખ્યતાએ પૂ. સાધુભગવંતોનું વિશિષ્ટ સ્વરૂપ સ્પષ્ટપણે સમજાય છે. ॥૨૭-૨૧॥

પૂ. સાધુ મહાત્માઓનાં બીજાં પણ પર્યાયવાચક નામો જણાવાય છે–

**साधुर्लूक्षश्च तीरार्थी, निर्ग्रन्थः श्रमणस्तथा ।**
**इत्यादीन्यभिधानानि, गुणभाजां महात्मनाम्** ॥२७-२२॥

साधुरिति–निर्वाणसाधकयोगसाधनात् साधुः । स्वजनादिषु स्नेहविरहाद्रूक्षश्च । **तीरार्थी** भवार्णवस्य । निर्ग्रन्थो ग्रन्थाभावात् । तथा श्रमणः श्रामण्ययोगाद् । इत्यादीन्य-

भिधानानि नामानि गुणभाजां गुणशालिनां महात्मनां भावसाधूनाम् । तदुक्तं–"तिन्ने ताई दविए वई अ खंते दंत विरए अ । मुणि तावस पन्नवगुज्जु भिक्खू बुद्धे जइ विऊ अ ॥१॥ पव्वइए अणगारे पासंडी चरग वंभणे चेव । परिवायगे य समणे निग्गंथे संजए मुत्ते ॥२॥ साहू लूहे अ तहा तीरट्ठी होइ चेव णायव्वो । नामाणि एवमाइणि होंति तवसंजमरयाणं ॥३॥ ॥२७-२२॥

"સાધુ, લૂક્ષ, તીરાર્થી, નિર્ગ્રંથ અને શ્રમણ... ઇત્યાદિ ગુણવાન મહાત્માઓનાં નામો છે." - આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય એ છે કે પૂર્વે જણાવેલા તે તે ગુણોના ભાજન એવા મહાત્માઓ, નિર્વાણ(મોક્ષ)ના સાધક ત્રણ ગુપ્તિ, ઇન્દ્રિયોનો નિગ્રહ અને સ્વાધ્યાયાદિ યોગોની સાધના કરતા હોવાથી સાધુ છે. તેઓશ્રીને માતા પિતા ભાઈ બહેન આદિ સ્વજનો વગેરેમાં સ્નેહ ન હોવાથી ઋક્ષ-લૂક્ષ કહેવાય છે.

ભવસાગરના સામે કાંઠે પહોંચવાની ઉત્કટ ઇચ્છા હોવાથી તે મહાત્માઓ તીરાર્થી છે. નવ પ્રકારના બાહ્ય પરિગ્રહથી અને ચૌદ પ્રકારના આભ્યંતર પરિગ્રહથી સર્વથા રહિત હોવાથી પૂ. સાધુભગવંતો નિર્ગ્રંથ છે. તેમ જ તેઓશ્રીમાં શ્રામણ્ય હોવાથી તેઓ શ્રમણ છે. સાધુ, લૂક્ષ, તીરાર્થી આદિ અહીં વર્ણવેલાં અઠ્ઠાવીસ નામો ગુણોથી યુક્ત એવા ભાવસાધુનાં છે. એ બધાં નામો શ્રી દશવૈકાલિક સૂત્રના દશમા અધ્યયનની નિર્યુક્તિમાં વર્ણવ્યાં છે. "તીર્ણ તાયી દ્રવ્ય વ્રતી ક્ષાન્ત દાન્ત વિરત મુનિ તાપસ પ્રજ્ઞાપક ઋજુ ભિક્ષુ બુદ્ધ યતિ વિદ્વાન પ્રવ્રજિત અણગાર પાખંડી ચરક બ્રાહ્મણ પરિવ્રાજક શ્રમણ નિર્ગ્રંથ સંયત મુક્ત સાધુ ઋક્ષ અને તીરાર્થી... ઇત્યાદિ નામો તપ અને સંયમમાં લીન એવા ભાવસાધુનાં છે. એ બધાનો અર્થ ઉપર જણાવ્યો છે જ. ॥૨૭-૨૨॥

ભાવભિક્ષુનાં લિંગો જણાવાય છે–

**संवेगो विषयत्यागः, सुशीलानां च सङ्गतिः ।**
**ज्ञानदर्शनचारित्राऽऽराधना विनयस्तपः ॥२७-२३॥**

संवेग इति–संवेगो मोक्षसुखाभिलाषः । अयं च निर्वेदस्याप्युपलक्षणः । विषयत्यागो भोगसाधनपरिहारः । सुशीलानां साधूनां च सङ्गतिः । ज्ञानं यथा-

स्थितपदार्थपरिच्छेदनम् । दर्शनं नैसर्गिकादि । चारित्रं सामायिकादि । आराधना चरमकाले निर्यापणरूपा । विनयो ज्ञानादिविषय उपचारः । तपो यथाशक्त्य-नशनाद्यासेवनम् ॥२७-२३॥

"સંવેગ, વિષયત્યાગ, સુશીલની સંગતિ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, આરાધના, વિનય અને તપ - (આ બધાં ભાવભિક્ષુનાં લિંગો છે.)" - આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે આ પૂર્વે ભાવભિક્ષુનાં અઠ્ઠાવીસ નામોને આશ્રયીને ભિક્ષુનું સ્વરૂપ વર્ણવ્યું છે. એ સ્વરૂપને જાણવા માટેના સાધનભૂત કેટલાંક લિંગો(લક્ષણો) હવે જણાવાય છે. એ લિંગોના પરિજ્ઞાનથી ભિક્ષુનું ઉપર જણાવ્યા મુજબનું સ્વરૂપ જાણી શકાય છે. આ શ્લોકમાં '**भिक्षो र्लिङ्गान्यकीर्तयन्**' - આ; ચોવીસમા શ્લોકમાંના પદનો સંબંધ છે, જેનો અર્થ ઉપર જણાવ્યો છે.

મોક્ષસુખની અભિલાષા(તીવ્ર ઈચ્છા)ને સંવેગ કહેવાય છે. ઉપલક્ષણથી અહીં નિર્વેદનું પણ ગ્રહણ કરવું. ભોગસુખના સાધનભૂત વિષયોના પરિહારને વિષયત્યાગ કહેવાય છે. સાધુમહાત્માઓની સંગતિને સુશીલ-સંગતિ કહેવાય છે. યથાસ્થિત પદાર્થના પરિચ્છેદનને જ્ઞાન કહેવાય છે. નિસર્ગથી અથવા અધિગમથી ઉત્પન્ન થયેલું : એ રીતે સમ્યગ્દર્શન બે પ્રકારનું છે. અથવા ઔપશમિક ક્ષાયોપશમિક ક્ષાયિક આદિ ભેદોની વિવક્ષાથી સમ્યગ્દર્શન પાંચ પ્રકારનું વગેરે પ્રસિદ્ધ છે. સામાયિક છેદોપસ્થાપનીય... વગેરે પાંચ પ્રકારનું ચારિત્ર પણ પ્રસિદ્ધ છે. મરણકાળની નિર્યામણા સ્વરૂપ આરાધના અહીં 'આરાધના' પદથી વિવક્ષિત છે.

જ્ઞાનાદિસંબંધી ઉપચાર સ્વરૂપ વિનય અનેક પ્રકારનો છે. આત્મા ઉપર લાગેલાં આઠ પ્રકારનાં કર્મોને જે વિશેષે કરીને દૂર કરે છે તેને વિનય કહેવાય છે. શક્તિને ગોપવ્યા વિના અનશનાદિના આસેવનને તપ કહેવાય છે. બાર પ્રકારનો તપ ખૂબ જ પ્રસિદ્ધ છે. ॥૨૭-૨૩॥

ભાવભિક્ષુનાં બીજાં લિંગો જણાવાય છે–

**क्षान्तिर्मार्दवमृजुता, तितिक्षा मुक्त्यदीनते ।**
**आवश्यकविशुद्धिश्च, भिक्षो र्लिङ्गान्यकीर्त्तयन् ॥२७-२४॥**

क्षान्तिरिति–क्षान्तिराक्रोशादिश्रवणेऽपि क्रोधत्यागः । मार्दव जात्यादिभावेऽपि मानत्यागः । ऋजुता परस्मिन्निकृतिपरेऽपि मायापरित्यागः । तितिक्षा क्षुदादिपरीषहोपनिपातसहिष्णुता । मुक्तिर्धर्मोपकरणेऽप्यमूर्छा । अदीनता अशनाद्यलाभेऽपि वैक्लव्याभावः । आवश्यकविशुद्धिश्चावश्यङ्करणीययोगनिरतिचारता । एतानि भिक्षोर्लिङ्गान्यकीर्तयन् गौतमादयो महर्षयः । तदुक्तं–"संवेगो णिव्वेओ विसयविवेगो सुसीलसंसग्गी । आराहणा तवो नाणदंसणचारित्तविणओ अ ॥१॥ खंती य मद्दवज्जव विमुत्तया तह अदीणय तितिक्खा । आवस्सगपरिसुद्धी य होंति भिक्खुस्स लिंगाइं ॥२॥" ॥२७-२४॥

"ક્ષમા માર્દવ ઋજુતા તિતિક્ષા મુક્તિ અદીનતા અને આવશ્યકશુદ્ધિ : આ બધાં ભાવભિક્ષુનાં લિંગો છે." - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે આક્રોશ તેમ જ વધ વગેરે પ્રસંગે ક્રોધનો ત્યાગ કરવો : એ ક્ષમા છે. ઉત્તમ જાતિ, કુળ કે બળ વગેરે પ્રાપ્ત થવા છતાં માનનો ત્યાગ કરવો : તે માર્દવ (મૃદુતા) છે. સામી વ્યક્તિ ગમે તેટલી માયા કરે તોપણ માયા ન કરવી તે ઋજુતા છે. ક્ષુધા, તૃષ્ણા અને શીતાદિ પરીષહોના પ્રસંગે જે સહિષ્ણુતા હોય છે, તેને તિતિક્ષા કહેવાય છે. ધર્મના ઉપકરણમાં પણ મૂર્ચ્છા(મમત્વ)નો જે અભાવ છે, તેને મુક્તિ કહેવાય છે. આહાર, પાણી વગેરે ન મળે તોપણ વિકલતાનો ત્યાગ કરવો અર્થાત્ ગૃહસ્થની હીલના વગેરે ન કરવી તેને અદીનતા કહેવાય છે અને અવશ્યકરણીય એવા પ્રતિલેખના પ્રતિક્રમણ અને સ્વાધ્યાયાદિમાં અતિચારાદિનો ત્યાગ કરવા સ્વરૂપ આવશ્યકવિશુદ્ધિ છે.

આ રીતે ઉપર જણાવેલા ક્ષાન્તિ, માર્દવ, ઋજુતા, તિતિક્ષા, મુક્તિ, અદીનતા અને આવશ્યકવિશુદ્ધિ : આ સાત, તેમ જ આ પૂર્વે જણાવેલાં સંવેગાદિ નવ ભાવભિક્ષુનાં લિંગો છે - આ પ્રમાણે ગૌતમસ્વામી આદિ મહર્ષિઓએ જણાવ્યું છે. આ વાતનું નિરૂપણ કરતાં શ્રી દશવૈકાલિક સૂત્રના દશમા અધ્યયનની નિર્યુક્તિમાં જણાવ્યું છે કે - સંવેગ, નિર્વેદ, વિષયત્યાગ, સુશીલનો સંસર્ગ, આરાધના (અંતિમ સમયની આરાધના), તપ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વિનય, ક્ષાન્તિ, મૃદુતા, ઋજુતા, વિમુક્તતા, અદીનતા, તિતિક્ષા અને આવશ્યકની વિશુદ્ધિ : આ ભાવભિક્ષુનાં લિંગો છે. ॥૨૭-૨૪॥

ભાવભિક્ષુનાં સંવેગાદિ લિંગોના અસ્તિત્વમાં અને અભાવમાં અનુક્રમે ભિક્ષુત્વ અને તેનો અભાવ હોય છે, આ વાત દૃષ્ટાંતપૂર્વક જણાવાય છે–

**एतद्गुणान्वितो भिक्षु, र्न भिन्नस्तु विपर्ययात् ।**
**स्वर्णं कषादिशुद्धं चेद्, युक्तिस्वर्णं न तत्पुनः ।।२७-२५।।**

एतदिति–एतद्गुणान्वितः प्रागुक्ताखिलगुणसम्पन्नो भिक्षुः । भिन्नस्तु न विपर्यया-दुक्तगुणाभावात् । यतः कषादिशुद्धं स्वर्णगुणोपेतं चेद्भवति तदा स्वर्णं भवति । ते चामी-विषघातनं, वीर्यस्तम्भनकर्तृत्वं, मङ्गलप्रयोजनत्वं, यथेष्टकटकादिप्रकारसम्पादकत्वं, तप्यमानस्य प्रादक्षिण्येनावर्तनं, सारोपेतत्वम्, अग्निनाऽदाह्यत्वम्, अकुथनीयत्वं च । युक्तिस्वर्णं वर्णादिसाम्येन स्वर्णवदाभासमानं पुनस्तत् स्वर्णं न भवति, स्वर्णगुणाभावात् । तथा प्रकृतेऽपि भावनीयमिति ।।२७-२५।।

"સંવેગ, નિર્વેદ વગેરે ગુણોથી જે યુક્ત હોય તે ભિક્ષુ છે. તેનાથી અન્ય (તાદૃશ ગુણોથી રહિત) તો ભિક્ષુ નથી. કારણ કે ત્યાં સંવેગાદિ ગુણોનો અભાવ છે. કષ, છેદ અને તાપ વગેરેથી શુદ્ધ હોય તો તે સુવર્ણ સુવર્ણ છે. બનાવટી સુવર્ણ સુવર્ણ નથી." - આ પ્રમાણે પચ્ચીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આ પૂર્વે વર્ણવેલા સંવેગાદિ સકલ ગુણોથી યુક્ત ભિક્ષુ જ ભિક્ષુ છે. પરંતુ તે ગુણોથી રહિત હોવાથી બીજા ભિક્ષુ વાસ્તવિક રીતે ભિક્ષુ નથી. કારણ કે કષ, છેદ અને તાપ વગેરેથી શુદ્ધ અર્થાત્ સોનાના ગુણોથી યુક્ત એવું સોનું જ વાસ્તવિક સોનું છે. સુવર્ણના ગુણોથી રહિત એવા સુવર્ણને કોઇ સોનું માનતું નથી.

સામાન્ય રીતે સોનાના આઠ ગુણો પ્રસિદ્ધ છે. વિષનો ઘાત કરે; વીર્યનું સ્તંભન કરે (રસાયણ); મંગળ કરે; પોતાની ઇચ્છા મુજબ કટક વીંટી વગેરે આભૂષણ પ્રાપ્ત કરાવે (વિનીત-ધાર્યા ઘાટ આપી શકાય), તપાવતાં પ્રદક્ષિણાકારે વર્ત્તે (ફરે), સારથી યુક્ત (ગુરુ), અગ્નિથી ન બળનારું (અદાહ્ય), કોહવાઇ ન જાય - આ આઠ ગુણો સોનાના છે. તે ગુણથી યુક્ત સુવર્ણ જ, સુવર્ણ છે. તેવી રીતે પૂ. સાધુભગવંતો પણ આઠ ગુણોથી યુક્ત હોય છે. તેઓશ્રી મોહના વિષને હરે છે; ધર્મરસાયણસ્વરૂપ છે; મંગળ કરે છે; વિનયવંત છે; મોક્ષ માટે ફરતા રહે છે; ગુરુ (મહાન) છે; ક્રોધાદિ કષાયાગ્નિથી બળતા નથી અને

વિષયથી કોહવાઈ જતા નથી. કારણ કે સદા શીલસંપન્ન છે. પીત વર્ણાદિની સમાનતા હોવા છતાં વિષઘાતાદિ ગુણો ન હોવાથી યુક્તિસુવર્ણને (બનાવટી સુવર્ણને) સુવર્ણ માનતા નથી. આવી જ રીતે અહીં પણ જેમાં સંવેગાદિ ગુણો નથી એવા ભિક્ષુને; વેષાદિનું સામ્ય હોવા છતાં ભાવભિક્ષુ કહેવામાં આવતા નથી... ઇત્યાદિ સમજી શકાય છે. વેષાદિની સમાનતા હોવા છતાં ગુણોથી રહિત એવા ભિક્ષુઓ, દ્રવ્યભિક્ષુઓ છે; જે ભાવભિક્ષુના કાર્યને કરતા નથી. ॥૨૭-૨૫॥

દ્રવ્યભિક્ષુમાં વેષાદિનું સામ્ય હોવા છતાં તેને ભિક્ષુ નહિ માનવાનું કારણ જણાવાય છે–

**षट्कायभिद् गृहं कुर्याद्, भुञ्जीतौद्देशिकं च यः ।**
**पिबेत्प्रत्यक्षमप्कायं, स कथं भिक्षुरुच्यते ? ॥२७-२६॥**

षट्कायेति–षट्कायभिद् यत्र क्वचन पृथिव्याद्युपमर्दकः । गृहं सम्भवत्येवैषणीयालये मूर्छया वसतिं भाटकगृहं वा कुर्याद् । औद्देशिकं च भुञ्जीत योऽपुष्टालम्बनः प्रत्यक्षमुपलभ्यमान एवाप्कायं पिबेत् तत्त्वतो विनालम्बनेन । स कथं भिक्षुर्भावभिक्षुरुच्यते ! । तदुक्तं–"उद्दिट्ठकडं भुंजइ छक्कायपमद्दणो घरं कुणइ । पच्चक्खं च जलगयं जो पिवइ कहं तु सो भिक्खू ॥१॥" ॥२७-२६॥

"જે છ જીવનિકાયની વિરાધના કરે છે, પોતાના માટે બનાવેલા આહારાદિને વાપરે છે અને પ્રગટ રીતે કાચું પાણી વાપરે છે તેને ભાવભિક્ષુ કઈ રીતે મનાય ?" - આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે સંવેગાદિ ગુણોથી યુક્ત ન હોવા છતાં દ્રવ્યભિક્ષુઓએ ભિક્ષુનો વેષ ધારણ કર્યો છે, તેઓ ભિક્ષા માટે જાય છે અને વિહારાદિ પણ કરે છે. લોકો પણ તેમને સાધુ માનીને વંદનાદિ કરે છે તો તેમને ભિક્ષુ માનવા જોઈએ ને ? આવી શંકાનું સમાધાન કરવા માટે આ શ્લોકથી દ્રવ્યભિક્ષુમાં જે દોષો છે, તે જણાવાય છે. અર્થાત્ વ્યતિરેકને આશ્રયીને ભાવભિક્ષુના ગુણો જણાવાય છે.

જેઓ ગમે ત્યારે ગમે ત્યાં પૃથ્વીકાયાદિ ષટ્કાયજીવોની વિરાધના કરે છે. નિર્દોષ એવાં ઊતરવા માટે સ્થાનો મળતાં હોવા છતાં મમત્વના કારણે પોતાના ઉપાશ્રયો બનાવે છે અથવા ભાડેથી મકાન રાખે છે અને ત્યાં ઊતરે છે. તેમ

જ દ્રવ્ય ક્ષેત્ર કાળ કે ભાવનું પુષ્ટ આલંબન ન હોય તોપણ પોતાને ઉદ્દેશીને બનાવેલાં આહાર, પાન... વગેરે વાપરે છે. નજરે દેખાય છે કે આ અપ્કાય (સચિત્ત પાણી) છે, તોપણ એ પાણી વાપરે છે. વિના આલંબને (દ્રવ્યાદિ આલંબને) આ રીતે જેઓ અપ્કાય પીએ છે તેને ભાવભિક્ષુ કઇ રીતે કહેવાય ? અર્થાત્ કોઇ પણ રીતે તેને ભાવભિક્ષુ ન કહેવાય. શ્રી દશવૈકાલિક સૂત્રની નિર્યુક્તિમાં આ વિષયમાં ફરમાવ્યું છે કે 'જેઓ સાધુને ઉદ્દેશીને બનાવેલી ગોચરી વગેરેનો ઉપયોગ કરે છે, છજીવનિકાયની વિરાધના કરે છે, પોતાની માલિકીનાં ઘર રાખે છે અને પ્રત્યક્ષ રીતે કાચું પાણી વાપરે છે, એને ભાવભિક્ષુ કઇ રીતે કહેવાય ? અર્થાત્ ન જ કહેવાય... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૨૭-૨૬॥

દ્રવ્યભિક્ષુઓનું સ્વરૂપ જણાવવા સાથે તેમના પ્રકાર જણાવાય છે–

**गृहिणोऽपि सदारम्भा, याचमाना ऋजुं जनम् ।**
**दीनाऽन्धकृपणा ये च, ते खलु द्रव्यभिक्षवः ॥२७-२७॥**

"સદા આરંભને કરનારા ગૃહસ્થો પણ, જેઓ સરળ માણસની પાસે યાચના કરે છે તેઓ અને દીન અંધ તથા કૃપણો ખરેખર જ દ્રવ્યભિક્ષુઓ છે." - આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે સામાન્ય રીતે જે માંગે છે, તેને ભિક્ષુ કહેવાય છે. આ પૂર્વે ભાવભિક્ષુનું નિરૂપણ કર્યું છે. હવે દ્રવ્યભિક્ષુનું નિરૂપણ કરાય છે.

ભાવભિક્ષુનું કારણ બનવાનું ન હોય, તેમ જ બન્યું પણ ન હોય એવા અપ્રધાન દ્રવ્યભિક્ષુનું અહીં વર્ણન કર્યું છે. જેઓ કાયમ માટે છજીવનિકાયની વિરાધનાને કરે છે અને સરળ એવા જીવોની પાસે યાચના કરે છે, તેઓ દ્રવ્યભિક્ષુ છે. તેમ જ જેઓ ગરીબ છે, આંધળા છે અને કૃપણ વગેરે છે કે જેઓ પોતાના માટે કામ કરવા સમર્થ નથી, તેથી પોતાનો નિર્વાહ ભિક્ષાથી કરે છે. આવા ભિક્ષુકો પણ દ્રવ્યભિક્ષુઓ છે... ઇત્યાદિ અન્યત્રથી સમજી લેવું જોઇએ. ભાવથી શૂન્ય છે અને માત્ર ભિક્ષાથી જીવે છે તેથી તેમને ક્રિયાને આશ્રયીને ભિક્ષુ કહેવાય છે અને ભાવથી રહિત હોવાથી તે દ્રવ્ય છે... ઇત્યાદિ યાદ રાખવું. ભાવનો ઉપચાર પણ ન હોવાથી અપારમાર્થિક - અપ્રધાન દ્રવ્ય છે. ॥૨૭-૨૭॥

ભિક્ષુના લિંગ(વેષાદિ)ને આશ્રયીને અપ્રધાન દ્રવ્યભિક્ષુનું સ્વરૂપ વર્ણવાય છે–

**त्रसस्थावरहन्तारो, नित्यमब्रह्मचारिणः ।**
**मिथ्यादृशः सञ्चयिनस्तथा सचित्तभोजिनः ॥२७-२८॥**

શ્લોકાર્થ સ્પષ્ટ છે. કહેવાનો આશય એ છે કે જે લોકો સદાને માટે ત્રસ અને સ્થાવર જીવોની હિંસા કરતા હોય છે, બ્રહ્મચર્યનું પાલન કરતા નથી, મિથ્યાદષ્ટિ છે, માંગી માંગીને પરિગ્રહ ભેગો કરે છે અને સચિત્ત વાપરે છે, તેઓ દ્રવ્યભિક્ષુ છે. ગૃહવાસનો ત્યાગ કરવા છતાં વાસ્તવિક રીતે તેઓ ભિક્ષુઓ નથી. જેઓ સર્વથા હિંસાદિ પાપવ્યાપારથી વિરામ પામેલા છે તેઓ જ ખરી રીતે ભિક્ષુ છે, બીજા ભિક્ષુ નથી... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૨૭-૨૮॥

અપ્રધાનભિક્ષુનું જ સ્વરૂપ વર્ણવાય છે–

**विशुद्धतपसोऽभावादज्ञानध्वस्तशक्तयः ।**
**त्रिधा पापेषु निरता, हन्त त्यक्तगृहा अपि ॥२७-२९॥**

શ્લોકાર્થ સ્પષ્ટ છે. કહેવાનું તાત્પર્ય સમજી શકાય છે કે જેઓ વિશુદ્ધ એવા તપને આચરતા નથી, તેઓ દ્રવ્યભિક્ષુ છે. જ્ઞાનપૂર્વકનો તપ વિશુદ્ધ હોય છે. અજ્ઞાનમૂલક તપ અશુદ્ધ હોય છે. અજ્ઞાનની બહુલતાના કારણે જેમની સકલ શક્તિઓ નષ્ટ થયેલી છે એવા દ્રવ્યભિક્ષુઓ ગૃહના ત્યાગી હોવા છતાં મનથી વચનથી અને કાયાથી પાપને આચરનારા હોય છે. કોઇ પણ પ્રકારનો વિચાર કર્યા વિના તેઓ કાયમ માટે પાપની પ્રવૃત્તિમાં લીન(નિરત) હોય છે. આવાં બધાં લક્ષણોને લઇને ન તો તેઓ ગૃહસ્થ છે અને ન તો તેઓ ભિક્ષુ છે. વિચિત્ર દશાને તેઓ પામેલા છે... ઇત્યાદિ અન્ય ગ્રંથોથી વિચારવું જોઇએ. પોતપોતાના ગ્રંથો મુજબ પણ તેઓ ભિક્ષુસ્વરૂપને પ્રાપ્ત કરી શકતા નથી. મહામુસીબતે પ્રાપ્ત થયેલી ધર્મની સામગ્રીને તેઓ હારી રહ્યા છે. ॥૨૭-૨૯॥

પૂર્વે જણાવેલી વ્યુત્પત્તિને આશ્રયીને અપ્રધાન દ્રવ્યભિક્ષુનું સ્વરૂપ વર્ણવાય છે–

**वर्धकिर्द्रव्यतो भिक्षुरुच्यते दारुभेदनात् ।**
**द्रव्यभिक्षणशीलत्वाद्, ब्राह्मणादिश्च विश्रुतः ॥२७-३०॥**

"કાષ્ઠ ભેદવાના કારણે સુથારને, દ્રવ્યને આશ્રયીને ભિક્ષુ કહેવાય છે. તેમ જ દ્રવ્યની અપેક્ષાએ ભિક્ષા માંગવાના સ્વભાવવાળા બ્રાહ્મણ વગેરે દ્રવ્યભિક્ષુ તરીકે પ્રસિદ્ધ છે." - આ પ્રમાણે ત્રીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. એનો આશય સમજી શકાય છે કે ભાવભિક્ષુનું સ્વરૂપ વર્ણવીને દ્રવ્યભિક્ષુનું સ્વરૂપ વર્ણવવાનું શરૂ કર્યું છે. દ્રવ્યભિક્ષુના અપ્રધાન અને પ્રધાન એમ બે પ્રકાર છે. અપ્રધાન દ્રવ્યભિક્ષુના પણ લૌકિક અને લોકોત્તર - એમ બે પ્રકાર છે. લૌકિક અપ્રધાન દ્રવ્યભિક્ષુનું જ અહીં નિરૂપણ છે.

પૂર્વે '**भिक्षु**' શબ્દની વ્યુત્પત્તિ વર્ણવતાં જણાવ્યું હતું કે 'જે ભેદન કરે' તેને ભિક્ષુ કહેવાય છે. એ વ્યુત્પત્તિને આશ્રયીને લાકડાને ભેદનાર સુથારને અહીં દ્રવ્યભિક્ષુ તરીકે વર્ણવ્યો છે. કર્મનું ભેદન કરનારા સાધુભગવંતો તો ભાવભિક્ષુઓ છે. આવી જ રીતે 'જેઓ ભિક્ષા માંગવાના સ્વભાવવાળા છે તેને ભિક્ષુ કહેવાય છે.' - આ પ્રમાણે પૂર્વે જણાવ્યું હતું. એ મુજબ બ્રાહ્મણ વગેરે પણ દ્રવ્યભિક્ષા ગ્રહણ કરતા હોવાથી તેઓને પણ દ્રવ્યભિક્ષુ કહેવાય છે. ભાવભિક્ષા (સર્વસમ્પત્કરી-મોક્ષસાધક ભિક્ષા) તો પૂ. સાધુભગવંતો ગ્રહણ કરતા હોવાથી તેઓશ્રીને ભાવભિક્ષુ તરીકે વર્ણવાય છે. બ્રાહ્મણાદિ દ્રવ્યભિક્ષુક તરીકે લોકમાં પ્રસિદ્ધ છે... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૨૭-૩૦॥

હવે પ્રધાનદ્રવ્યભિક્ષુનું વર્ણન કરાય છે—

**प्रधानद्रव्यभिक्षुश्च, शुद्धः संविग्नपाक्षिकः ।**
**सम्पूर्य प्रतिमां दीक्षां, गृही यो वा ग्रहीष्यति ॥२७-३१॥**

"શુદ્ધ એવા સંવિગ્નપાક્ષિક આત્માઓ પ્રધાન દ્રવ્યભિક્ષુ છે. અથવા શ્રાવકની અગિયારમી પ્રતિમાનું વહન કરીને જે ભવિષ્યમાં દીક્ષાને ગ્રહણ કરવાના છે તે શ્રાવક પ્રધાન દ્રવ્યભિક્ષુ છે." - આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અક્ષરાર્થ છે.

એનો આશય એ છે કે સામાન્ય રીતે જે વર્તમાનમાં ભાવથી રહિત હોય છે પરંતુ અતીતકાળમાં જેણે ભાવનો અનુભવ કર્યો છે, અથવા ભવિષ્યમાં જે ભાવનો અનુભવ કરવાના છે તે ભાવના કારણને પ્રધાન દ્રવ્ય કહેવાય છે. સંવિગ્નપાક્ષિક આત્માઓએ ભૂતકાળમાં ભિક્ષુત્વનો (ભિક્ષુભાવનો) અનુભવ કરી લીધો છે અને વર્તમાનમાં સદાનારમ્ભિપણાનો અભાવ હોવાથી તેઓ ભાવથી(ભિક્ષુત્વથી) રહિત છે. તેથી તેઓશ્રીને પ્રધાન(ભાવનું કારણ) દ્રવ્યભિક્ષુ કહેવાય છે. સંવિગ્નોનો જ પક્ષ કરનારા એ મહાત્માઓની શુદ્ધપ્રરૂપણા, માર્ગરક્ષા અને વિધિમાર્ગની સ્થાપના માટેની તત્પરતા... ઇત્યાદિ ગુણોને લઇને તેઓ શુદ્ધ છે. આવા શુદ્ધ સંવિગ્નપાક્ષિક મહાત્માઓને **भूतपूर्वकस्तद्वदुपचारः** - આ ન્યાયે દ્રવ્યભિક્ષુ (પ્રધાનદ્રવ્યભિક્ષુ) કહેવાય છે. કારણ કે ભૂતપૂર્વ અવસ્થા ઉપચારથી વર્તમાનમાં પણ મનાય છે... ઇત્યાદિ બરાબર સમજી લેવું જોઇએ. સ્થાપનામાં ભાવનો આરોપ હોય છે અને દ્રવ્યમાં ભાવનો ઉપચાર હોય છે. આરોપ અને ઉપચારમાં જે ફરક છે તે સમજીને નિક્ષેપાની સમજણ મેળવવા પ્રયત્નશીલ બનવું જોઇએ.

આવી જ રીતે શ્રાવકોની પ્રતિમા(અભિગ્રહવિશેષ)ઓનું વહન કરીને જે શ્રાવક નજીકમાં જ દીક્ષા ગ્રહણ કરવાના છે તે પ્રધાન દ્રવ્યભિક્ષુ છે. ભાવથી રહિત હોવાથી દ્રવ્ય છે. પરંતુ ભાવનું (ભાવભિક્ષુનું) કારણ બનવાનું હોવાથી તે પ્રધાન દ્રવ્ય છે. **भाविनि भूतवदुपचारः** - આ ન્યાયથી ભવિષ્યમાં પ્રાપ્ત થનારા ભિક્ષુત્વનો અહીં ઉપચાર કરાય છે. કારણ કે ભવિષ્યદવસ્થાનો ભૂતની જેમ વર્તમાનમાં ઉપચાર કરાય છે... ઇત્યાદિ સમજી શકાય છે. ॥૨૭-૩૧॥

પ્રકરણાર્થનો ઉપસંહાર કરાય છે—

**केचिदुक्ता अनन्तेषु, भावभिक्षो र्गुणाः पुनः ।**
**भाव्यमाना अमी सम्यक्, परमानन्दसम्पदे ॥२७-३२॥**

शिष्टाः श्लोकाः पद्धुत्तानार्थाः ॥२७-२७-२८-२९-३०-३१-३२॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે ભાવભિક્ષુના અનંતા ગુણો છે, જેનું વર્ણન જ શક્ય નથી. તેથી તેમાંના કેટલાક ગુણો આ બત્રીશીમાં વર્ણવ્યા છે. તે આ ગુણોનું સારી રીતે પરિભાવન કરવાથી પરમાનંદ સંપત્તિની પ્રાપ્તિ થાય છે. શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ રત્નત્રયીની

આરાધના કરતાં કરતાં ભાવભિક્ષુ ઘણાં ઘણાં કર્મની નિર્જરા કરે છે. આત્માના ગુણોના આવરણભૂત કર્મની આ રીતે નિર્જરા થવાથી તે તે ગુણોનો આવિર્ભાવ થાય છે. આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવા માટે એ સિવાય બીજો કોઈ જ ઉપાય નથી.

શ્રી તીર્થંકરપરમાત્માએ ઉપદેશેલા મોક્ષોપાયને અપ્રમત્તપણે આરાધનારા ભાવભિક્ષુઓને કર્મના ક્ષયોપશમાદિના કારણે અનેકાનેક ગુણો પ્રગટ થતા હોય છે. તેમાંના કેટલાક જ અહીં આ બત્રીશીમાં વર્ણવ્યા છે. આના પરિભાવનથી પરમાનંદ સંપત્તિ પ્રાપ્ત થાય છે. અહીં શ્લોકમાં **अमी** ના સ્થાને **अपि** પાઠ છે - એમ કેટલાક વિદ્વાનોનું કહેવું છે. એ મુજબ પણ અર્થ સમજી શકાય છે કે સારી રીતે ભિક્ષુના ગુણોની કરાતી પરિભાવનાથી પણ પરમાનંદ સંપદાની પ્રાપ્તિ થાય છે, તો પછી એ ગુણો આત્મસાત્ કરાય તો પૂછવું જ શું ? ભિક્ષુના ગુણોની પરિભાવના, શ્રુત ચિંતા અને ભાવના જ્ઞાનથી કરાય તો તે સમ્યક્પરિભાવના છે... ઈત્યાદિ સમજી લેવું જોઈએ. અંતે આ પૂર્વે જણાવેલા ભાવભિક્ષુના ગુણોનું પરિભાવન કરવા દ્વારા એ ગુણોને આત્મસાત્ કરવા આપણે સૌ પ્રયત્નશીલ બની રહીએ એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા. ॥૨૭-૩૨॥

**॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां भिक्षुद्वात्रिंशिका ॥**

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥**

# अथ प्रारभ्यते दीक्षाद्वात्रिंशिका ।

अनन्तरं भिक्षुरुक्तः स च दीक्षासम्पन्नो भवतीति तत्स्वरूपमिहोच्यते–

આ પૂર્વેની છેલ્લી બત્રીશીમાં 'ભિક્ષુ'નું સ્વરૂપ વર્ણવ્યું. તે ભિક્ષુ દીક્ષાસંપન્ન હોય તો જ તેને ભિક્ષુ કહેવાય છે. તેથી આ બત્રીશીમાં દીક્ષાનું સ્વરૂપ જણાવાય છે–

**दीक्षा हि श्रेयसो दानादशिवक्षपणात्तथा ।**
**सा ज्ञानिनो नियोगेन, ज्ञानिनिश्रावतोऽथवा ।।२८-१।।**

दीक्षा हीति–दीक्षा हि श्रेयसो दानात् । तथाऽशिवक्षपणाद् निरुच्यते । तदाह– "श्रेयोदानादशिवक्षपणाच्च सतां मतेह दीक्षेति" । सा निरुक्तार्थशालिनी दीक्षा नियोगेन नियमेन ज्ञानिनो भवति । अथवा ज्ञानिनिश्रावतो गुरुपरतन्त्रस्य ।।२८-१।।

અનન્તોપકારી શ્રી અરિહંતપરમાત્માના પરમતારક શાસનમાં દીક્ષાનું જે મહત્ત્વ છે તેનો ખ્યાલ આપણને છે જ. દીક્ષા વિના મુક્તિ થતી ન હોવાથી દીક્ષાનો મહિમા આપણને સર્વ રીતે સમજાયો નથી - એવું નથી. મુક્તિ માટે અનન્ય સાધનભૂત દીક્ષાનું મહત્ત્વ નિર્વિવાદ છે. એ પરમતારક દીક્ષાની પ્રાપ્તિ અનેકવાર થવા છતાં મુક્તિની પ્રાપ્તિ આજ સુધી ન થઇ, એનું કારણ એક જ છે કે અનંતજ્ઞાનીઓએ ઉપદેશેલી દીક્ષા અને આપણે આરાધેલી દીક્ષા - એ બેના સ્વરૂપમાં ખૂબ જ મોટું અંતર હતું. પૂજ્યપાદ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ દીક્ષાનું પારમાર્થિક સ્વરૂપ સમજાવીને એ અંતર જણાવવાનું કાર્ય આ બત્રીશીમાં કર્યું છે. મુમુક્ષુ આત્માઓ એ અંતરને સમજી લે તો ચોક્કસ જ એમની દીક્ષા, અનંતજ્ઞાનીઓએ ઉપદેશેલી દીક્ષા સ્વરૂપ બની શકશે. મોક્ષપ્રાપ્તિ માટે એ અનિવાર્ય છે - એ મુમુક્ષુઓને સમજાવવું પડે એમ નથી.

શ્રેયઃ-મોક્ષને આપતી હોવાથી અને અશિવનો ક્ષય કરતી હોવાથી દીક્ષાને દીક્ષા કહેવાય છે. 'દીક્ષા' શબ્દની વ્યુત્પત્તિના આધારે 'દીક્ષા' શબ્દનો આ અર્થ શ્રી ષોડશક પ્રકરણમાં વર્ણવ્યો છે. 'દીક્ષા' શબ્દથી પ્રતીત થનારો એ અર્થ દરેક દીક્ષાર્થીએ નિરંતર યાદ રાખવો જોઇએ. દીક્ષા, મોક્ષને આપનારી હોવી જોઇએ અને સંસારનો અંત કરનારી હોવી જોઇએ. શિવ-મોક્ષથી ભિન્નને સંસાર કહેવાય

છે. જ્યાં શિવ-કલ્યાણ નથી એ અવસ્થાને સંસાર કહેવાય છે. ચારગતિમય આ સંસારમાં કલ્યાણનો લેશ પણ નથી, અને ચારગતિમય સંસાર, કર્મયોગે છે તેથી સર્વથા સકલકર્મક્ષયે થનાર મોક્ષથી તે તદ્દન જ જુદો છે. આવા અશિવસ્વરૂપ સંસારનો ઉચ્છેદ કરનારી દીક્ષાને અને મોક્ષનું પ્રદાન કરનારી દીક્ષાને જ દીક્ષા કહેવાય છે. જે દીક્ષાથી સંસારનો ઉચ્છેદ થતો નથી અને મોક્ષ પ્રાપ્ત થતો નથી, એને દીક્ષા માનવાનું યોગ્ય નથી. દીક્ષાનું પરિપાલન કરનારાએ રાત અને દિવસ ચિંતવવું જોઇએ કે આપણી દીક્ષાથી સંસારનો ઉચ્છેદ કેમ થતો નથી; અને મોક્ષ કેમ મળતો નથી. આજની આપણી દશા જોતાં વિચારવું પડે કે ખરેખર જ અશિવના ઉચ્છેદ માટે અને શ્રેયઃની પ્રાપ્તિ માટે દીક્ષા લીધી હતી ને ? અને જો એ આશય હતો તો આજે એ છે કે નહિ ? સાચું કહીએ તો મોટા ભાગે અશિવના ઉચ્છેદનો વિચાર જ આવતો નથી. એના બદલે દુઃખના ઉચ્છેદનો જ વિચાર આવે છે. સહેજ પણ પ્રતિકૂળતા જણાય એટલે તેને દૂર કરવાનો વિચાર આવે છે. અશિવના ઉચ્છેદનો વિચાર તો કોણ જાણે ક્યાં ભાગી જાય છે ? આવી સ્થિતિમાં શ્રેયઃ પામવાની વાત તો યાદ જ આવતી નથી. દીક્ષા લીધા પછી અશિવના ઉચ્છેદનો અને શ્રેયઃ પામવાનો આશય-ઉદ્દેશ વીસરી જવાય તો દીક્ષા દીક્ષા નહિ રહે. અનંતજ્ઞાનીઓએ ઉપદેશેલી એ દીક્ષા એ પરમ-પવિત્ર આશયને લઇને છે. એ આશય વિનાની દીક્ષા આત્માને લાભદાયી નહિ બને.

શ્લોકના ઉત્તરાર્ધમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ ખૂબ જ માર્મિક વાત કરી છે. શ્રેયઃનું પ્રદાન કરનારી અને અશિવ-સંસારનો ઉચ્છેદ કરનારી દીક્ષા ચોક્કસપણે જ્ઞાનીને હોય છે અથવા જ્ઞાનીભગવંતની નિશ્રામાં રહેનારને હોય છે. જેઓ જ્ઞાની નથી અથવા તો જ્ઞાનીની નિશ્રામાં રહેતા નથી; એવા લોકોને ચોક્કસ જ દીક્ષાની પ્રાપ્તિ થતી નથી. દીક્ષાની વાસ્તવિક પ્રાપ્તિ માટે જ્ઞાન અથવા તો જ્ઞાનીની નિશ્રા જ કારણ છે - એ આથી સ્પષ્ટપણે સમજી શકાય છે. જ્ઞાની બન્યા વિના અથવા જ્ઞાનીની નિશ્રામાં નિરંતર રહ્યા વિના દીક્ષાની પ્રાપ્તિ અને આરાધના કોઇ પણ રીતે શક્ય નથી - આ વાત દીક્ષાના પરમાર્થને સમજતી વખતે ખ્યાલમાં રાખવી જોઇએ. જ્ઞાનીની નિશ્રા એટલે ગુરુપારતંત્ર્ય. જ્ઞાની-ગુરુની સાથે રહેવા માત્રથી 'જ્ઞાનીનિશ્રા' કહેવાતી નથી. જ્ઞાનીને આધીન થઇને રહેવાથી જ્ઞાનીની નિશ્રા પ્રાપ્ત થાય છે. જ્ઞાનીની સાથે રહીએ અને પોતાની

ઇચ્છા મુજબ વર્તીએ તો ચોક્કસ જ દીક્ષાની પ્રાપ્તિ નહીં થાય. 'સ્વચ્છંદતા' સઘળા ય અનર્થોનું મૂળ છે. સકલ પાપોથી રહિત એવી પણ નિષ્પાપ દીક્ષા, સ્વચ્છંદતાને લઇને અનર્થકારિણી બને છે - એ વીસરવું ના જોઇએ. પાપ ગમે છે એવું ન પણ હોય પરંતુ સ્વચ્છંદીપણું ગમતું નથી - એમ કહેતાં પૂર્વે એકવાર નહિ સો વાર વિચારવું પડે એવી લગભગ સ્થિતિ છે. સર્વથા પાપરહિત જીવન જીવવાનો નિર્ણય કર્યા પછી પણ ગુરુપારતંત્ર્યના અભાવે દીક્ષા પારમાર્થિકરૂપે પરિણામ પામતી નથી અને તેથી ન તો શ્રેયઃની પ્રાપ્તિ થાય છે, તેમ જ ન તો અશિવ-સંસારનો ઉચ્છેદ થાય છે. ॥૨૮-૧॥

एतदेव भावयति–

જ્ઞાનીને જ અથવા તો જ્ઞાનીની નિશ્રામાં જ રહેનારને ચોક્કસપણે દીક્ષા હોય છે; તેનું કારણ સમજાવવા દૃષ્ટાંત દ્વારા દીક્ષાનું સ્વરૂપ જણાવાય છે–

**एकः स्यादिह चक्षुष्मानन्यस्तदनुवृत्तिमान् ।**
**प्राप्नुतो युगपद् ग्रामं, गन्तव्यं यदुभावपि ।।२८-२।।**

एक इति–स्पष्टः ।।२८-२।।

શ્લોકનો અર્થ ખૂબ જ સ્પષ્ટ છે. ગંતવ્ય (ઇષ્ટ સ્થાન) એવા ગામમાં; એક ચક્ષુવાળો (દેખતો) અને બીજો તેને અનુસરનારો એવો અંધ - એમ બંન્ને જણા જે કારણે એકી સાથે પહોંચે છે, તેમ અહીં જ્ઞાની અને તેમને અનુસરનારો અજ્ઞાની એવો જ્ઞાનીનિશ્રાવાળો - એમ બંન્ને આત્માઓ ગંતવ્ય એવા મોક્ષમાં એકસાથે પહોંચે છે. જ્ઞાની પહેલાં અને તેમની નિશ્રામાં રહેનારા પછી મોક્ષે જાય - આવો કોઇ નિયમ નથી.

ગ્રંથકારપરમર્ષિએ સુપ્રસિદ્ધ દૃષ્ટાંતથી અહીં જ્ઞાની અને તેમની નિશ્રાને પામેલા આત્માઓની ઇષ્ટસ્થાને(મોક્ષે) પહોંચવાની યોગ્યતા એકસરખા સ્વરૂપે વર્ણવી છે. દૃષ્ટાંતનો વિચાર કરીએ તો દીક્ષાની યોગ્યતા કેટલી વિકસાવવાની આવશ્યકતા છે - એ સમજાયા વિના નહીં રહે. આંખે દેખતા, ઇષ્ટ સ્થાને પહોંચે એ તો સમજી શકાય છે. પરંતુ તેમને અનુસરનારા એવા અંધજનો પણ તેમની સાથે જ ઇષ્ટ સ્થાને પહોંચે છે- એ માનવાનું અઘરું છે. નજરે જોવા છતાં એ વાત માનવા મન તૈયાર થતું નથી. આજ સુધી એવો કોઇ અંધજન જોયો નથી

કે, જેનું અનુસરણ કરાય છે તે જે કહે તેમાં કોઇ પણ જાતની દલીલ કરતો હોય. અંધજનને પૂર્ણપણે જાણ હોય છે કે પોતે અંધ છે; અને મને દોરી જનારો દેખતો છે. એ કહે કે - ચાલો ! તો ચાલવા માંડે; દોડો ! તો દોડવા માંડે; થોભો ! તો થોભી જાય; આવી તો કંઇકેટલીય સૂચનાઓ અંધજનને કરાય તોપણ તેના મનમાંય એવો વિચાર નથી આવતો કે આમનું કાંઇ ઠેકાણું જ નથી. ઘડીકમાં કહે કે ચાલો ! અને તુરત જ કહે છે કે થોભો ! અંધજન, તેને દોરનારા જે રીતે દોરે તે રીતે કોઇ પણ પ્રકારના શલ્ય(મનનો ડંખ) વિના દોરાય છે. પણ લોકોત્તર માર્ગમાં જ્ઞાનીભગવંતો પ્રત્યે આવો અતૂટ વિશ્વાસ સંપાદન કરવાનું ઘણું જ અઘરું છે. પૂજ્ય ભવનિસ્તારક ગુરુદેવશ્રી પ્રત્યે અગાધ શ્રદ્ધા જન્મે તો જ્ઞાનીની નિશ્રાવાળી દીક્ષા પ્રાપ્ત થઇ શકશે. આપણી સમજણ કરતાં પૂ. ગુરુદેવશ્રીને વધારે સમજણ છે - એવું અંતરથી માનવાનું કપરું છે. તેઓશ્રીની સાધના, સમજણ, દીર્ઘદર્શિતા અને પારમાર્થિક હિતની ચિંતા વગેરે પ્રત્યે અહોભાવ જાગે તો જ્ઞાનીની નિશ્રામાં રહેવાનું ખૂબ જ સરળ બને. રાતદિવસ સાથે રહેવાનું અને પ્રતિકાર વિના તેઓશ્રીના વચનને માનવા નહીં - આના જેવી વિટંબના બીજી કોઇ નથી. ॥૨૮-૨॥

જ્ઞાનીને જ્ઞાન હોવાથી તેઓ નિરતિચાર ચારિત્રનું પાલન કરે - એ બરાબર છે; પરંતુ જ્ઞાનીની નિશ્રામાં રહેનારને તેવા પ્રકારનું જ્ઞાન નહિ હોવાથી તેઓને દીક્ષાની યોગ્યતાનો સંભવ કઇ રીતે હોય - આવી શંકાના સમાધાન માટે જણાવાય છે—

**यस्य क्रियासु सामर्थ्यं, स्यात् सम्यग्गुरुरागतः ।**
**योग्यता तस्य दीक्षायामपि माषतुषाकृतेः ॥२८-३॥**

यस्येति–यस्य क्रियासु चारित्रानुष्ठानेषु । सम्यग्गुरुरागतः । सामर्थ्यं स्यात् । तस्य माषतुषाकृतेरपि मुग्धतया माषतुषसदृशस्यापि दीक्षायां योग्यता ॥२८-३॥

જેમને ક્રિયામાં ગુરુદેવશ્રી પ્રત્યેના રાગના કારણે સુંદર સામર્થ્ય પ્રાપ્ત થાય છે; તેવા શ્રીમાષતુષ મહાત્મા જેવા મહાત્માઓ દીક્ષા માટે યોગ્ય છે. કહેવાનો આશય એ છે કે ભૂતકાળના જ્ઞાનાવરણીય કર્મના તીવ્ર ઉદયના કારણે જ્ઞાન ન મળે ત્યારે જ્ઞાનના અભાવે વાસ્તવિક રીતે ચારિત્રની ક્રિયા કરવાનું સામર્થ્ય પ્રાપ્ત

થતું નથી. પરંતુ ભવનિસ્તારક પૂ. ગુરુદેવશ્રી પ્રત્યે સારી રીતે રાગ થવાથી; તેઓશ્રીનાં પરમતારક વચનોનો સર્વાંશે સ્વીકાર કરાય છે; અને તેથી તે તે ક્રિયાઓ કરવાનું સુંદર સામર્થ્ય પ્રાપ્ત થાય છે, જેથી ચારિત્રની કોઇ પણ ક્રિયા વિશુદ્ધ રીતે કરી શકાતી હોવાથી તેવા આત્માઓમાં દીક્ષાની યોગ્યતા મનાય છે. શ્રી માષતુષ મુનિનું દૃષ્ટાંત ખૂબ જ સુપ્રસિદ્ધ છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું ચોથું 'અસંખય' અધ્યયન, તેઓશ્રી કંઠસ્થ કરી રહ્યા હતા. ભૂતકાળના જ્ઞાનાવરણીયકર્મના તીવ્ર ઉદયે એ અધ્યયન, તેઓશ્રી કંઠસ્થ કરી શક્યા નહિ. પુષ્કળ પ્રયત્ને પણ જ્યારે તે મહાત્માને એ અધ્યયનનું જ્ઞાન પ્રાપ્ત થયું નહિ ત્યારે તેઓશ્રીના પૂ. ગુરુદેવશ્રીએ તેમને કહ્યું કે - આગળના અધ્યયનની ક્રિયા કરી લઇએ. એ સાંભળી શ્રી માષતુષ મુનિએ પૂ. ગુરુદેવશ્રીને એ અધ્યયનના અભ્યાસ અંગે વાસ્તવિક વિધિ કયો છે - તે પૂછ્યું. ગુરુદેવે જણાવ્યું કે આ ચોથું અધ્યયન જ્યાં સુધી આવડે નહિ ત્યાં સુધી તેના સમુદ્દેશ-અનુજ્ઞાની ક્રિયા થાય નહિ; અને ત્યાં સુધી આયંબિલનો તપ કરવો પડે. આ પ્રમાણે સાંભળીને શ્રી માષતુષ મુનિએ પૂ. ગુરુદેવશ્રીના જણાવ્યા મુજબ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના ચોથા અધ્યયનને અભ્યસ્ત કરવા માટે ઉત્કટ પ્રયત્ન કરવા સાથે આયંબિલનો તપ ચાલુ રાખ્યો. બાર વર્ષ સુધીની એ સાધનાના અંતે તેઓશ્રીએ કેવલજ્ઞાનને પ્રાપ્ત કર્યું. વિશિષ્ટ ક્ષયોપશમના અભાવે જ્ઞાનની પ્રાપ્તિ ન થવા છતાં, પૂ. ગુરુદેવશ્રીના પરમતારક વચનનો સ્વીકાર કરી ચારિત્રની સમગ્ર સાધના દ્વારા તેઓશ્રી કેવલજ્ઞાની બન્યા. આથી સમજી શકાશે કે આવા માષતુષ મુનિ જેવા મુગ્ધ આત્માઓ દીક્ષા માટે યોગ્ય છે. અબુધ માણસને મોટા ભાગે આપણે મુગ્ધ સમજીએ છીએ. પરંતુ એ વાત બરાબર નથી. ખરી રીતે તો જેઓ અબુધ તો છે અને સાથે સાથે તેઓ સરળ હોય તો તેઓ મુગ્ધ છે. આવા પ્રકારની મુગ્ધતા જેમનામાં છે તે આત્માઓ દીક્ષાગ્રહણ માટે યોગ્ય છે. આવી મુગ્ધતા જેમનામાં નથી, તેઓ દીક્ષા માટે યોગ્ય નથી. હૃદયની સરળતા આત્માને પ્રજ્ઞાપનીય બનાવે છે. અને પ્રજ્ઞાપનીય આત્મા ક્રમે કરી પ્રજ્ઞાવાન બને છે. પ્રજ્ઞાવાન આત્મા ચારિત્રની ક્રિયાઓ સમ્યક્ પ્રકારે કરવા સમર્થ બને છે. ॥૨૮-૩॥

ઉપર જણાવ્યા મુજબ જેઓ દીક્ષા માટે યોગ્ય છે તેમને દીક્ષા કઇ રીતે આપવી તે જણાવાય છે–

**देया दीक्षास्य विधिना, नामादिन्यासपूर्वकम् ।**
**हन्तानुपप्लवश्चायं, सम्प्रदायानुसारतः ॥२८-४॥**

देयेति—अस्य योग्यस्य विधिना आगमोक्तेन दीक्षा देया नामादिन्यासपूर्वकम् । अयं च नामादिन्यासः सम्प्रदायानुसारतो हन्तानुपप्लवो विघ्नरहितः । प्रवचनप्रसिद्ध-नामादिन्यासेनैव निर्विघ्नदीक्षानिर्वाहात् । कृतप्रशान्तादिनाम्नः प्रशमादिस्वरूपोपलम्भात् । तन्नाम्नैव तद्गुणस्मरणाद्युपलब्धेः । जात्यादिसम्पन्नानां प्रतिपन्नपालनोपपत्तेः । तदुक्तं—"तन्नामादिस्थापनमविद्रुतं स्वगुरुयोजनतः ॥१॥ नामनिमित्तं तत्त्वं तथा तथा चोद्धृतं पुरा यदिह तत्स्थापना तु दीक्षा तत्त्वेनान्यस्तदुपचारः ॥१॥" ॥२८-४॥

શ્લોકનો અર્થ સ્પષ્ટ છે કે - પૂર્વે જણાવ્યા મુજબ જે દીક્ષા માટે યોગ્ય છે તેને આગમમાં જણાવ્યા મુજબની વિધિથી, નામાદિના ન્યાસ(પ્રદાન)પૂર્વક દીક્ષા આપવી જોઇએ. પોતાના સંપ્રદાયના અનુસારે કરેલો આ નામાદિન્યાસ વિઘ્નરહિત છે. આશય એ છે કે સમ્યગ્ ગુરુરાગના કારણે ચારિત્રની ક્રિયાઓ માટેનું સામર્થ્ય પ્રાપ્ત થયા પછી મુમુક્ષુ સંયમાર્થી આત્માને આગમમાં જણાવેલી વિધિપૂર્વક દીક્ષા આપવી જોઇએ. અને તે વખતે સંપ્રદાય (પૂર્વમહાપુરુષોએ બતાવેલી સામાચારી) મુજબ નામાદિનો ન્યાસ કરવો જોઇએ. આ નામાદિનો ન્યાસ વિઘ્નરહિત હોય છે. આગમમાં સુપ્રસિદ્ધ એવા નામાદિના ન્યાસથી જ નિર્વિઘ્નપણે દીક્ષાનો નિર્વાહ થાય છે અર્થાત્ દીક્ષાના પારમાર્થિક ફળ સુધી પહોંચાય છે.

કોઇ મુમુક્ષુ આત્માને દીક્ષા આપતી વખતે તેનું પ્રશાંત, પ્રશમ, ભદ્ર... વગેરે નામ રાખવાથી તે તે નામના અર્થ પ્રશમાદિનું સ્મરણ થાય છે. તેવા પ્રકારના નામથી જ તે નામવાળા પવિત્ર આત્માઓના ગુણો યાદ આવે છે. અને તેથી ઉત્તમ કુળ અને જાતિ સંપન્ન આત્માઓને ગ્રહણ કરેલી સર્વવિરતિસંબંધી પ્રતિજ્ઞાનું પાલન સરળ બને છે. આશય એ છે કે કોઇ સંયોગવશ સાધુમહાત્માને પરીષહાદિ નિમિત્તે અરતિ વગેરે થાય ત્યારે પોતાના તે તે પ્રશમાદિ નામના અર્થના અનુસ્મરણથી તેમને ત્યારે એમ થાય કે - "મારું નામ ક્યાં અને મારું વર્તન ક્યાં ? તે તે નામવાળા પૂર્વમહાત્માઓએ પરીષહાદિ કેવી રીતે સહ્યા ? ક્યાં એમની સહનશીલતા અને ક્યાં આ મારી અસહિષ્ણુતા ? આવી અરતિ

વગેરેના કારણે તો એવા તારક આત્માઓનું નામ બગડે. આથી એ પુણ્યાત્માઓના નામને ધરનારા મને આ ના શોભે..." - આ રીતે વિચારવાથી એ સાધુ મહાત્મા અરતિ વગેરેને દૂર કરી; ગ્રહણ કરેલી સર્વવિરતિધર્મની પ્રતિજ્ઞાનું પાલન બરાબર કરી શકે છે. આ બધો લાભ વાસ્તવિક રીતે ઉત્તમ જાતિ અને કુળ સંપન્ન આત્માઓને શક્ય છે. એવા આત્માઓ સહજપણે જ લજ્જાદિ ગુણોને ધરતા હોય છે. અકુલીન જનોમાં એવી કોઇ જ યોગ્યતા હોતી નથી; કે જેથી તેઓ આવી રીતે પોતાના નામના અનુસ્મરણથી પ્રતિજ્ઞાનો નિર્વાહ કરી શકે. આ વાતને જણાવતી વખતે અન્યત્ર કહ્યું છે કે - પોતાના ગુરુદેવશ્રીને આશ્રયી તે નામાદિનું સ્થાપન કલ્યાણકારી છે. નામના નિમિત્તે જે પ્રવ્રજ્યાનું પરિપાલન સ્વરૂપ તત્ત્વ છે એ પૂર્વે જણાવ્યું છે. આ નામની જે સ્થાપના છે તે વાસ્તવિક દીક્ષા છે. બીજો જે વિધિ છે તે ઉપચાર છે. ॥૨૮-૪॥

ચોથા શ્લોકમાં જે '**नामादिन्यासपूर्वकम्**' - આ પ્રમાણે જણાવ્યું છે, ત્યાં **नामादि** અહીં **आदि** પદથી જેનો સંગ્રહ કરવાનો છે - તેનું વર્ણન કરાય છે.

**नाम्नान्वर्थेन कीर्त्तिः स्यात्, स्थापनारोग्यकारिणी ।**
**द्रव्येण च व्रतस्थैर्यं, भावः सत्पददीपनः ॥२८-५॥**

नाम्नेति–नाम्नाऽन्वर्थेन गुणनिष्पन्नेन कीर्तिः स्यात्, तत्कीर्तनमात्रादेव शब्दार्थप्रतिपत्तेर्विदुषां प्राकृतजनस्य च मनःप्रसादाद् यथा भद्रबाहुसुधर्मस्वामिप्रभृतीनाम् । स्थापनाकारविशेषरूपा रजोहरणमुखवस्त्रिकादिधारणद्वारेण भावगर्भया प्रवृत्त्या आरोग्यकारिणी भावरोगोपमर्दनात् । द्रव्येण चाचारादिश्रुतरूपेण सकलसाधुक्रियारूपेण वा व्रतस्थैर्यं प्रतिपन्नविरतिदार्ढ्यं भवति । भावः सम्यग्दर्शनादिप्रकर्षरूपः सत्पददीपन आचार्यत्वादिविशिष्टावस्थितावस्थाप्रकाशकः । सामस्त्येनाप्येषां प्रकृष्टानां कीर्त्यादिहेतुत्वं सम्भवत्येवेत्यूहनीयम् । तदुक्तं–"कीर्त्यारोग्यध्रुवपदसम्प्राप्तेः सूचकानि नियमेन । नामादीन्याचार्या वदन्ति तत्तेषु यतितव्यम् ॥१॥" अत्र ध्रुवपदं भावप्रधाननिर्देशात् स्थैर्यवाचकमिति वदन्ति ॥२८-५॥

યોગ્ય મુમુક્ષુ આત્માને દીક્ષા આપતી વખતે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવનો ન્યાસ કરવો જોઇએ. ગુણને અનુરૂપ એવા નામન્યાસથી કીર્તિ થાય છે.

સ્થાપના આરોગ્યને કરનારી છે. દ્રવ્યથી વ્રતમાં સ્થિરતા મળે છે. અને ભાવ વિશિષ્ટ આચાર્યપદાદિનો પ્રકાશક હોય છે - આ પ્રમાણે શ્લોકનો સામાન્યાર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે, કોઇ પણ મુમુક્ષુને દીક્ષા આપતી વખતે તેનું જે નામ રખાય છે તે તેના અર્થને અનુસરનારું ગુણનિષ્પન્ન હોય તો, તે સાંભળવા માત્રથી જ તેના અર્થને સમજવાથી વિદ્વાનોને તેમ જ બીજા પણ સામાન્ય માણસોને મનની પ્રસન્નતા પ્રાપ્ત થતી હોય છે. દા.ત. શ્રી ભદ્રબાહુ અને શ્રી સુધર્મસ્વામી વગેરે નામ સાંભળીને તેઓશ્રીની પ્રત્યે અને તેઓશ્રીના ગુણાદિની પ્રત્યે વિશિષ્ટ બહુમાનભાવ પેદા થાય છે. આવી રીતે તે તે મહાત્માઓના તે તે ગુણાનુરૂપ નામ સાંભળવાથી તે તે મહાત્માઓ અને તેઓશ્રીના ગુણાદિ પ્રત્યે બહુમાનભાવ પેદા થાય છે. આથી તે તે મહાત્માઓની કીર્તિ ફેલાય છે.

નામન્યાસની જેમ દીક્ષા વખતે સ્થાપનાન્યાસ પણ કરવો જોઇએ. સ્થાપના આકારવિશેષ-સ્વરૂપ છે. અહીં સામાન્ય રીતે સાધુવેષ-સ્વરૂપ સ્થાપનાની વિવક્ષા છે. ઓઘો, મુહપત્તી અને ચોલપટ્ટો વગેરે સાધુવેષને ધારણ કરવા સ્વરૂપ જ અહીં સ્થાપનાન્યાસ છે. સાધુવેષસ્વરૂપ સ્થાપનાનું ગ્રહણ કરવા દ્વારા ભાવગર્ભિત ચારિત્રની ક્રિયાથી રાગાદિ ભાવરોગનો ઉપમર્દ (વિનાશ) થાય છે અને તેથી સ્થાપનાન્યાસ ભાવ-આરોગ્યનું કારણ બને છે. સામાન્યથી દીક્ષા લેતાં પૂર્વે જ મુમુક્ષુ આત્માને સર્વથા પાપથી નિવૃત્ત થવાની ભાવના ઉત્કટ કોટિની હોય છે. હજુ ક્યાં દીક્ષા લીધી છે ? માટે પાપ કરી શકાય - આવો વિચાર મુમુક્ષુ આત્માને તો ન જ આવવો જોઇએ. "હજુ દીક્ષા લીધી નથી માટે પાપ કરવું પડે છે." - આવો એકમાત્ર વિચાર તેના હૃદયમાં રમતો હોય છે. તેથી જ આવા મુમુક્ષુ આત્મા શક્ય પ્રયત્ને જેમ બને તેમ પાપની નિવૃત્તિ વધારે પ્રમાણમાં કરતા હોય છે. વર્તમાનની પરિસ્થિતિ ખૂબ જ વિલક્ષણ છે. જેમની દીક્ષા આવતી કાલે છે - એવા પણ મુમુક્ષુ આત્માઓ એમ વિચારતા હોય છે કે - દીક્ષા લીધા પછી બધું બંધ જ છે ને ? માટે અભક્ષ્ય-અપેયાદિ છેલ્લી વાર વાપરી લઇએ. ખરી રીતે આવા મુમુક્ષુઓ દીક્ષા માટે યોગ્ય નથી. ગૃહસ્થજીવનમાં પણ જેમ બને તેમ વધુ પાપનિવૃત્તિને કરનારા આત્માઓ દીક્ષા માટે યોગ્ય છે. આવા આત્માઓને સાધુવેષના સમર્પણ સ્વરૂપ સ્થાપનાન્યાસ

કરવાથી એના નિરંતર દર્શનથી આવા આત્માઓને 'હવે મારાથી કોઇ પણ સંયોગોમાં પાપ થાય નહિ' - આવો ખ્યાલ સતત રહ્યા કરે છે. નિસર્ગથી જ સરળ એવા આત્માઓ માટે ઉપર જણાવ્યા મુજબ સ્થાપના-ન્યાસ: ભાવરોગસ્વરૂપ પાપથી સર્વથા દૂર રાખી ભાવ-આરોગ્યનું કારણ બને છે. શ્લોકમાંનું '**स्थापनारोग्यकारिणी**' આ પદ ઉપર જણાવેલા પરમાર્થને જણાવે છે. 'વેષ'ની પણ મહત્તા છે, જે ઉપર જણાવ્યા મુજબ ભાવરોગથી દૂર રાખી આત્માને ભાવારોગ્યનું પ્રદાન કરે છે. આવો વેષ ભાવરોગનું સાધન ના બને એનો મુમુક્ષુજનોએ ખ્યાલ રાખવો જોઇએ.

નામન્યાસથી કીર્તિ ફેલાય છે. સ્થાપનાન્યાસથી આરોગ્ય(ભાવારોગ્ય)ની પ્રાપ્તિ થાય છે અને દ્રવ્યથી વ્રતની સ્થિરતા પ્રાપ્ત થાય છે. અહીં દ્રવ્યથી સામાન્ય રીતે આચારાંગાદિ શ્રુત વિવક્ષિત છે. અથવા સકલ સાધુપણાની ક્રિયાઓ વિવક્ષિત છે. દીક્ષાજીવનમાં શ્રુત અને ક્રિયાની પ્રાપ્તિ થવાથી ગ્રહણ કરેલી સર્વવિરતિનું પ્રતિપાલન નિરતિચારપણે દઢતાપૂર્વક થઇ શકે છે. કોઇ પણ વસ્તુનું જ્ઞાન હોય અને કરવાનો અભ્યાસ હોય તો તે વસ્તુ ખૂબ જ સરસ રીતે દઢતાપૂર્વક કરી શકાય છે. આવી જ રીતે આચારાંગાદિ શ્રુતજ્ઞાનની પ્રાપ્તિથી અને સાધુપણાની સકલ ક્રિયાના અભ્યાસથી સર્વવિરતિનું પાલન ખૂબ જ દઢતાપૂર્વક કરી શકાય. અન્યથા મહાવ્રતોના પાલનમાં કોઇ સ્થિરતા નહીં રહે. શ્રુતાભ્યાસ અને ક્રિયાભ્યાસ; વ્રતની સ્થિરતાનું અદ્ભુત સાધન છે. એ સાધનને સેવ્યા વિના વ્રતની સ્થિરતા શક્ય નથી. મોક્ષની સિદ્ધિ ન થાય ત્યાં સુધી વ્રતની સ્થિરતા આવશ્યક છે. વ્રતના પાલન માટે દઢ નિર્ધાર ન હોય તો તેમાં સ્થિરતા ક્યાંથી આવે ? વ્રતના પાલન માટે જે દઢ નિશ્ચય અપેક્ષિત છે, તે મોક્ષની તીવ્ર ઇચ્છાથી જન્મે છે. મોક્ષની ઇચ્છાને ઉત્કટ બનાવવા માટે સંસારની અસારતાનું અને મોક્ષની એકાંતે સારતાનું વારંવાર પરિભાવન કરવું જોઇએ. આ પરિભાવન માટે શ્રુતાભ્યાસ વિના બીજો કોઇ ઉપાય નથી. વર્તમાન સમયમાં મુમુક્ષુ આત્માઓને લગભગ શ્રુતાભ્યાસની આવશ્યકતા જણાતી નથી. શાસ્ત્રની દૃષ્ટિએ શ્રુતાભ્યાસ વિના સંસારની અસારતાદિનું પરિભાવન શક્ય નથી. અને એ વિના વ્રતમાં સ્થિરતા આવતી નથી. માત્ર સાધુવેષમાં ટકી રહેવું એ વ્રતની સ્થિરતા નથી. વ્રતની પરિણતિમાં સ્થિર રહેવું એ વ્રતની સ્થિરતા છે. શ્રુતાભ્યાસ

વિના છાપાં વગેરે વાંચીને દિવસો તો પસાર થઇ જશે અને વેષમાં પણ ટકી રહેવાશે. પરંતુ વ્રતની પરિણતિમાં સ્થિરતા નહીં મળે. શ્રુતાભ્યાસ વિનાની બાહ્ય પ્રવૃત્તિ (છાપાં વગેરે વાંચવાની) ગમે છે - એનું પણ ખરું કારણ એ છે કે વ્રતમાં સ્થિરતા નથી. વ્રતમાં સ્થિરતાની આવશ્યકતા હોય તો વહેલામાં વહેલી તકે શ્રુતાભ્યાસની પ્રવૃત્તિને શરૂ કર્યા વિના બીજો કોઇ જ ઉપાય નથી. માત્ર શ્રુતાભ્યાસથી પણ વ્રતમાં સ્થિરતા નથી આવતી. સાધુભગવંતો માટે તે તે કાળે વિહિત કરેલી સઘળીય ક્રિયાઓનો અભ્યાસ પણ વ્રતની સ્થિરતામાં આવશ્યક છે. આથી જ અહીં 'દ્રવ્ય' પદથી સકલસાધુક્રિયાનો પણ સમાવેશ કર્યો છે. સમર્થ શ્રુતના અભ્યાસીઓ, સકલ સાધુક્રિયાના અભ્યાસી હોવા જોઇએ. જ્ઞાનીને કર્તવ્યતાનો પરિણામ હોય જ - એ સમજી શકાય છે. આ પ્રમાણે શ્રુત અને સકલ સાધુક્રિયા સ્વરૂપ દ્રવ્યના ન્યાસ વડે વ્રતની સ્થિરતા પ્રાપ્ત થાય છે.

ભાવના ન્યાસથી સત્પદની પ્રાપ્તિ જણાવાય છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રાદિ સ્વરૂપ ભાવની પ્રાપ્તિથી વિશિષ્ટ પુણ્યયોગે સાધુભગવંતોને ભવિષ્યમાં આચાર્યપદાદિની પ્રાપ્તિ થતી હોય છે. એને જણાવનારો અહીં ભાવનો ન્યાસ છે. ક્ષયોપશમ-ભાવની નિર્મળતાના કારણે કોઇવાર આત્માને વિશિષ્ટ પુણ્યયોગે એવા આચાર્યપદાદિની પ્રાપ્તિ થતી હોય છે. ભાવિમાં થનારા એ કાર્યનાં સમ્યગ્દર્શનાદિસ્વરૂપ ભાવો કારણસ્વરૂપ લિંગો છે. જેમ કાર્ય(ધૂમાદિ)ના કારણે કારણ(અગ્નિ વગેરે)નું અનુમાન થાય છે, તેમ કારણ(મંગલાદિ)ના કારણે કાર્ય(વિઘ્નનાશાદિ)નું પણ અનુમાન થાય છે. વિશિષ્ટ સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ ભાવ ભાવિમાં પ્રાપ્ત થનાર આચાર્યપદાદિનો અનુમાપક છે. "**भावः सत्पददीपनः**" આ શ્લોકના છેલ્લા પદથી જણાવેલી વાતને સ્પષ્ટ રીતે જણાવી છે કે આચાર્યત્વ વગેરે વિશિષ્ટ સ્થાને અવસ્થિત-(રહેલા) આત્માઓની અવસ્થાનો પ્રકાશક(જણાવનારો-સૂચવનારો) આ ભાવ છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવનો ન્યાસ(પ્રદાન); ઉપર જણાવ્યા મુજબ અનુક્રમે કીર્તિ, આરોગ્ય અને વ્રતની સ્થિરતાને કરનાર તેમ જ સત્પદને જણાવનાર છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ - આ ચારે ય ભેગા મળીને શ્રેષ્ઠ કોટિનાં કીર્તિ, આરોગ્ય વગેરેનાં કારણ બને જ છે - એ વિચારવું જોઇએ. સામાન્યથી પ્રત્યેકનું

કારણ બનનારાના સમુદાયના કારણે અંતે તો પ્રત્યેકથી ઉત્પન્ન થનારા કાર્યમાં જ પ્રકૃષ્ટતાનો આવિર્ભાવ થતો હોય છે.

અન્યગ્રંથ(શ્રી ષોડશક પ્રકરણ)માં પણ એ વાતને સ્પષ્ટપણે ફરમાવતાં જણાવ્યું છે કે - નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ; ચોક્કસપણે કીર્તિ, આરોગ્ય, ધ્રુવ(સ્થિરતા) અને પદની પ્રાપ્તિને સૂચવનારાં છે - આ પ્રમાણે આચાર્યભગવંતો જણાવે છે. તેથી નામાદિના ન્યાસ માટે પ્રયત્ન કરવો જોઇએ. આ ગાથામાં **ધ્રુવ** પદ ધ્રુવતા(સ્થિરતા) અર્થને જણાવનારું છે. **ધ્રુવ** પદ વાસ્તવિક રીતે સ્થિરાર્થક છે, તેથી ઉપર જણાવ્યા મુજબ ભાવની(સ્થિરતાની) પ્રધાનતાનો નિર્દેશ છે.

શ્રી ષોડશક પ્રકરણની ઉપર જણાવેલી વિગતને અનુલક્ષી 'સંસારના સુખ માટે ધર્મ કરાય' - આવી પોતાની માન્યતાનું કેટલાક વિવેચકોએ સમર્થન કર્યું છે. પરંતુ ઉપર જણાવેલી વાત ઉપરથી સમજી શકાશે કે અહીં એવી કોઇ જ સંસારના સુખની વાત નથી. કીર્તિ, આરોગ્ય, વ્રતની સ્થિરતા અને સત્પદની પ્રાપ્તિ શિષ્યને થાય એવી ભાવનાથી નામાદિનો ન્યાસ પૂ. ભવનિસ્તારક ગુરુદેવ કરતા હોય છે. કીર્તિ, આરોગ્ય વગેરેને સંસારના સુખ રૂપે જોવાની પ્રવૃત્તિ ખરેખર જ વિકૃત છે. ભવનિસ્તારને કરનારી દીક્ષા સંબંધી નામાદિન્યાસ ભવનિસ્તારનાં જ અંગ છે, ભવનાં અંગ નથી... આ બધી વાત સામાન્યથી 'શ્રી જિનશાસનની મોક્ષૈકલક્ષિતા' આ પુસ્તિકામાં જણાવી છે. અને 'શ્રીષોડશક એક પરિશીલન' આ પુસ્તકમાં જણાવીશ એટલે એ વિષયમાં અહીં જણાવ્યું નથી. જિજ્ઞાસુઓએ તે તે પુસ્તકો વાંચી લેવાં જોઇએ. ॥૨૮-૫॥

હવે દીક્ષાનું સ્વરૂપ જણાવાય છે. આ પૂર્વે 'દીક્ષા' શબ્દને આશ્રયી દીક્ષાનું સ્વરૂપ વર્ણવ્યું હતું, હવે દીક્ષાનું જે કાર્ય છે તેને આશ્રયી દીક્ષાનું સ્વરૂપ વર્ણવાય છે–

**इहादौ वचनक्षान्तिर्धर्मक्षान्तिरनन्तरम् ।**
**अनुष्ठानं च वचनानुष्ठानात् स्यादसङ्गकम् ।।२८-६।।**

इहेति–इह दीक्षायामादौ प्रथमं वचनक्षान्तिः । अनन्तरं धर्मक्षान्तिर्भवति । अनुष्ठानं च वचनानुष्ठानादध्ययनाद्यभिरतिलक्षणादनन्तरं तन्मयीभावेन स्पर्शाप्तौ मत्यामसङ्गकं स्यात् ।।२८-६।।

શ્લોકનો અર્થ સ્પષ્ટ છે. "દીક્ષામાં શરૂઆતમાં વચનક્ષમા હોય છે અને પછી ધર્મક્ષમા હોય છે. તેમ જ અધ્યયન, વૈયાવચ્ચ વગેરે સ્વરૂપ અનુષ્ઠાનોમાં પ્રથમ વચનાનુષ્ઠાન હોય છે અને પછી એ અનુષ્ઠાનોના કારણે ઉત્પન્ન થનારું અસંગ અનુષ્ઠાન હોય છે." - આ પ્રમાણે છઠ્ઠી ગાથાનો શબ્દાર્થ છે. વચનક્ષમા, ધર્મક્ષમા, વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાનાદિનું સ્વરૂપ આગળના શ્લોકોથી ગ્રંથકારશ્રી સ્વયં જણાવશે.

એ પૂર્વે અહીં એ યાદ રાખવું જોઈએ કે દીક્ષા લીધા પછી પાંચ મહાવ્રતોનું પાલન; બાવીશ પરીષહોને સહન કરવા; નિર્દોષ ભિક્ષા; નવકલ્પી વિહાર; દશ પ્રકારના શ્રમણધર્મનું વિશુદ્ધ પાલન; પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન; પંદર કલાકનો સ્વાધ્યાય અને ગુરુપારતન્ત્ર્ય વગેરે અનેક આચારોનું અપ્રમત્તપણે પાલન કરવાનું છે. આ બધામાં દશ પ્રકારના યતિધર્માન્તર્ગત 'ક્ષમા' ધર્મની પ્રધાનતા હોવાથી આ શ્લોકમાં ક્ષમાધર્મથી દીક્ષાનું સ્વરૂપ સમજાવ્યું છે. શ્રી જિનશાસનનો સાર ક્ષમાધર્મ છે. એના અસ્તિત્વમાં જ બીજા બધા ધર્મોનું અસ્તિત્વ છે. ક્ષમાના અભાવમાં બીજા બધા ધર્મોનું કોઈ મહત્ત્વ નથી. 'સહનશીલતા' એ મુનિજીવનનો પ્રાણ છે. સખેદ માનવું પડે એમ છે કે વર્તમાનમાં ક્ષમાધર્મની ચિકાર ઉપેક્ષા સેવાય છે. એનું મુખ્ય કારણ સહનશીલતાના અભાવ કરતાં પણ સહન કરવાની વૃત્તિનો અભાવ છે. દીક્ષામાં જેનું નામ પણ ના જોઈએ તે - સહન ન કરવાની વૃત્તિ - નું અસ્તિત્વ ક્યાંથી વ્યાપી ગયું તે જ સમજાતું નથી. દેખીતી રીતે કોઈ પણ જાતનો વાંક ન હોય તોપણ તે અંગે જે પણ સહેવું પડે તે કોઈ પણ જાતના પ્રતીકાર વિના સહન કરી લેવું જોઈએ - એમ સ્પષ્ટપણે સાધુઓને ઉપદેશ્યું છે. આવી સ્થિતિમાં સ્પષ્ટ રીતે વાંક હોવા છતાં એ અંગે પૂ. ગુર્વાદિક કશું જણાવે તો તે સહન કરવાની વૃત્તિ ન હોય તો ક્ષમાધર્મ પામવાનું કઈ રીતે શક્ય બને ? 'ખોટું સહન થતું નથી' - આ કથન સાચું નથી. અવસરે કેટલું સહન કરીએ છીએ, કોનું સહન કરીએ છીએ અને કેવું સહન કરીએ છીએ - એ, કોઈ પણ જાતની માયાને સેવ્યા વિના વિચારવાની જરૂર છે. એ પ્રમાણે વિચાર કરવાથી સમજાશે કે સહન થતું નથી - એ સાચું નથી, પરંતુ સહન કરવું નથી - એ સાચું છે. પાપનું ફળ ભોગવ્યા વિના ચાલે એવું નથી. વગર ગુનાની સજા આપણે ત્યાં નથી. વર્તમાનમાં વાંક

ન જણાય તો ચોક્કસ જ એ ભૂતકાળનો હશે. આપણી ભૂલ વિના આપણને કોઇ સજા કરતું નથી... આવી શ્રદ્ધા કેળવીને ગમે તે રીતે સહન કરવાની વૃત્તિ મેળવી લીધા વિના ચાલે એવું નથી. તિતિક્ષા અને પ્રતિચિકીર્ષા(પ્રતીકાર કરવાની ઇચ્છા) આ દ્વંદ્વ અનાદિકાળથી ચાલ્યા જ કરે છે. પ્રતિચિકીર્ષાને દૂર કરી તિતિક્ષા(લાચારી વિના સહન કરવાની વૃત્તિ) કેળવી લેવાય તો ક્ષમાધર્મને સરળતાથી આરાધી શકાય.

ઉપર જણાવ્યા મુજબ દીક્ષામાં પ્રાથમિક કાળમાં વચનક્ષમા હોય છે અને ત્યાર પછી ધર્મક્ષમા હોય છે. અધ્યયનાદિની અભિરતિ સ્વરૂપ વચનાનુષ્ઠાન પણ પ્રાથમિક કાળમાં હોય છે. ગ્રંથકાર પરમર્ષિએ શ્લોકમાંના **अनुष्ठान** પદનો અર્થ અધ્યયનાદ્યભિરતિ જણાવીને સાધુભગવંતોને નિરંતર યાદ રાખવા જેવી માર્મિક વાત કરી છે. દીક્ષા લીધા પછી તે તે સમયે વિહિત કરેલા તે તે અનુષ્ઠાનમાં સાધુભગવંતોએ પૂર્ણરતિવાળા બનવું જોઇએ. એ અનુષ્ઠાનોમાં મુખ્યતા અધ્યયનની છે. દીક્ષાના શરૂઆતના કાળમાં અધ્યયનની અભિરતિ સ્વરૂપ વચનાનુષ્ઠાન હોય છે. આ અધ્યયનની અભિરતિ ન હોય તો દીક્ષામાં રતિ જેવું કાંઇ જ રહેતું નથી. સંયમજીવનમાં આત્માને પૌદ્ગલિક પદાર્થોની અને વૈભાવિક બાહ્યભાવોની રતિથી દૂર રાખવા માટે અધ્યયનની અભિરતિ જેવું કોઇ સાધન નથી. કર્મની લઘુતા થયા વિના આત્માને આવા પરમ કલ્યાણકર સાધનની પ્રાપ્તિ શક્ય નથી. સંયમ-જીવનમાં અધ્યયનની અભિરતિ ન હોય તો ખૂબ જ વિચિત્ર સ્થિતિ પેદા થાય છે - એનો અનુભવ આજે લગભગ બધાને છે. પણ આથી વધારે વિચિત્ર સ્થિતિ તો એ છે કે આવા અનુભવ પછી પણ અધ્યયનની અભિરતિ કેળવી લેવાનું આવશ્યક જણાતું નથી. "અનંતજ્ઞાનીઓએ જણાવેલા તે તે ઉપાયોને આત્મસાત્ કર્યા વિના કોઇ પણ ફળની સિદ્ધિ પ્રાપ્ત નથી જ થવાની." - એ ભૂલવું ના જોઇએ. ત્રિકાળદર્શીઓની વાતમાં શંકાને અવકાશ જ નથી. પરમતારક જ્ઞાની ભગવંતોની વાતનો જેટલો વહેલા સ્વીકાર કરીશું તેટલું વહેલું કલ્યાણ થશે. આ રીતે વચનાનુષ્ઠાન જ્યારે આત્મસાત્ બનવાથી આત્મા તેની સાથે તન્મય બને છે; ત્યારે આત્માની સાથે એકરૂપ બનેલું એ અનુષ્ઠાન અસંગાનુષ્ઠાન બને છે, જે દીક્ષાના ઉત્તરકાળમાં હોય છે. આ

શ્લોકમાં જણાવેલી વચનક્ષમા, ધર્મક્ષમા વગેરેનું સ્વરૂપ આગળ જણાવાશે. ||૨૮-૬||

પૂર્વશ્લોકમાં જણાવેલી વચનક્ષમા અને ધર્મક્ષમાનું સ્વરૂપ વર્ણવવા ક્ષમાના પ્રકારો જણાવાય છે—

**उपकारापकाराभ्यां, विपाकाद्वचनात् तथा ।**
**धर्माच्च समये क्षान्तिः, पञ्चधा हि प्रकीर्त्तिता ।।२८-७।।**

उपकारेति—उपकारेण क्षान्तिरुपकारिप्रोक्तदुर्वचनाद्यपि सहमानस्य । अपकारेण क्षान्ति र्मम दुर्वचनाद्यसहमानस्यायमपकारी भविष्यतीत्याशयेन क्षमां कुर्वतः । विपाकाच्चेहपरलोकगतानर्थपरम्परालक्षणादालोच्यमानात् क्षान्तिर्विपाकक्षान्तिः । तथा वचनात् क्षान्तिरागममेवालम्बनीकृत्योपकारित्वादिनैरपेक्ष्येण क्षमां कुर्वतः । धर्माच्चात्मशुद्धस्वभावलक्षणाज्जायमाना क्षान्तिश्चन्दनस्येव शरीरस्य च्छेददाहादिषु सौरभादिस्वधर्मकल्पा परोपकारिणी सहजत्वेनावस्थिताऽविकारिणी । एवं पञ्चधा क्षान्तिः समये प्रकीर्तिता । यदुक्तं—"उपकार्यपकारिविपाकवचनधर्मोत्तरा मता क्षान्तिरिति" ।।२८-७।।

ઉપકાર, અપકાર, વિપાક, વચન અને ધર્મ - આ પાંચને આશ્રયી આગમમાં પાંચ પ્રકારની ક્ષમા(ઉપકારક્ષમા, અપકારક્ષમા, વિપાકક્ષમા, વચનક્ષમા અને ધર્મક્ષમા) વર્ણવી છે - આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે ઉપકારના કારણે; અપકાર કરશે - એ કારણે; વિપાક-અનર્થની પ્રાપ્તિ થશે એ કારણે; શ્રી તીર્થંકરપરમાત્માના વચનના કારણે અને ધર્મસ્વભાવના કારણે કરાતી ક્ષમાને અનુક્રમે ઉપકારક્ષમા, અપકારક્ષમા, વિપાકક્ષમા, વચનક્ષમા અને ધર્મક્ષમા કહેવાય છે.

કોઈએ આપણી ઉપર પૂર્વે ઉપકાર કર્યો હોય તે ઉપકારી જન કોઈવાર આપણને ન ગમે એવાં દુષ્ટ વચન કહે અથવા દુર્વર્ત્તન કરે ત્યારે 'આપણા એ ઉપકારી છે, એમનાં વચન કે વર્ત્તન સામે ન જોવાય, આપણે સહન કરી લેવું જોઈએ...' વગેરે સમજીને ક્ષમા રાખવી - તેને ઉપકારક્ષમા કહેવાય છે. આવી જ રીતે કોઈ પણ માણસનાં દુષ્ટવચનાદિને 'હું સહન નહિ કરું તો તે માણસ ભવિષ્યમાં મારી ઉપર અપકાર કરશે...' વગેરે સમજીને સહન કરવાં - તેને અપકારક્ષમા કહેવાય છે. ઉપકારક્ષમાનો વિષય ભૂતકાલીન છે અને

અપકારક્ષમાનો વિષય ભવિષ્યત્કાલીન છે. 'આ લોકમાં અથવા તો પરલોકમાં અનર્થની પરંપરા મને પ્રાપ્ત થશે' વગેરે સમજીને ક્રોધાદિના વિપાકનો વિચાર કરી ક્ષમા ધારણ કરવી તેને વિપાકક્ષમા કહેવાય છે. વચનક્ષમા તેને કહેવાય છે કે જ્યાં "આ ઉપકારી છે; આ અપકાર કરશે અથવા તો આ લોકમાં અને પરલોકમાં અનર્થની પરંપરા સર્જાશે..." વગેરેનો વિચાર કર્યા વિના શ્રી તીર્થંકરપરમાત્માના પરમતારક વચન સ્વરૂપ આગમમાં જણાવ્યું છે કે 'સર્વદા ક્ષમા કરવી જોઇએ' - આ પ્રમાણે માત્ર આગમનું આલંબન લઇને ક્ષમા ધારણ કરાય છે. આ વચનક્ષમા દીક્ષાની પ્રથમ અવસ્થામાં હોય છે. ત્યાર પછી - વચનક્ષમા આત્મસાત્ થયા પછી - ધર્મક્ષમાની પ્રાપ્તિ થાય છે. આત્માના શુદ્ધ સ્વભાવ સ્વરૂપ ધર્મના કારણે થનારી ક્ષમાને ધર્મક્ષમા કહેવાય છે. ચંદનના કાષ્ઠનો છેદ કરો કે તેનો દાહ(બાળી નાંખવું) કરો તોપણ ચંદનનો સુગંધી સ્વભાવ અવસ્થિત રહે છે, એમાં કોઇ પણ જાતના વિકારોનો આવિર્ભાવ થતો નથી. તેમ જ શરીરનો છેદ કરો કે દાહ કરો તોપણ આત્મધર્મભૂત ક્ષમા અવસ્થિત રહે છે અને એકાંતે પરોપકારિણી એવી તેમાં સહેજ પણ વિકૃતિ આવતી નથી. ચંદનના સુગંધની જેમ આત્મધર્મભૂત ક્ષમા ધર્મક્ષમા છે. આ રીતે પાંચ પ્રકારની ક્ષમા આગમમાં દર્શાવી છે. જેમ કે કહ્યું પણ છે કે "ઉપકારી, અપકારી, વિપાક, વચન અને ધર્મ પદની ઉત્તરમાં રહેલી ક્ષમા" પાંચ પ્રકારની છે. આ પાંચ પ્રકારની ક્ષમાઓમાંથી ઉપકારીક્ષમા, અપકારીક્ષમા અને વિપાકક્ષમા - આ ત્રણ ક્ષમા દીક્ષામાં નથી હોતી. ચોથી વચનક્ષમા અને પાંચમી ધર્મક્ષમા - આ બે ક્ષમાઓનું અસ્તિત્વ દીક્ષામાં હોય છે.

ઉપર જણાવ્યા મુજબ પાંચ પ્રકારની ક્ષમામાં સહન કરવાની પ્રવૃત્તિ એક હોવા છતાં એની પાછળનો આશય જુદો જુદો છે. સંયમ - જીવનમાં ઉપકારી, અપકારી કે વિપાકને આશ્રયીને ક્ષમા કરવાની નથી - એવું નથી. વચનક્ષમાના આસેવનથી પૂર્વ ત્રણેય ક્ષમાનું આસેવન થઇ જ જાય છે. માત્ર એ આશય હોતો નથી. પાત્ર ગમે તે હોય પરંતુ ક્ષમાનો આશય માત્ર વચનપાલનનો કે સ્વભાવસ્વરૂપ જ હોવો જોઇએ. આ ઉપકારી છે, આ અપકારી છે અથવા અનર્થની પ્રાપ્તિ થશે - આવી કોઇ પણ ભાવનાથી સંયમજીવનમાં ક્ષમા કરવાની નથી. માત્ર શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચનના જ પરિપાલન માટે

ક્ષમા કરવાની છે. ગ્રંથકારપરમર્ષિએ જણાવેલી એ વાતનો વિચાર કરવાથી સમજાશે કે વચનક્ષમા પ્રાપ્ત કરવાનું કેટલું અઘરું છે. જ્યાં ઉપકારી પ્રત્યે પણ ક્ષમા રાખવાનું આજે લગભગ શક્ય બનતું નથી, ત્યાં વચનક્ષમા પ્રાપ્ત કરવાનું કઇ રીતે શક્ય બને ? ઉપકારીના ઉપકાર યાદ કરવા જેટલું પણ સૌજન્ય ન હોય; અપકાર કરશે - એવો પણ ડર ન હોય અને આ લોકાદિના અનર્થોની પણ ચિંતા ન હોય ત્યાં ક્ષમાની આશા રાખવાથી કાંઇ વળવાનું નથી - એ સ્પષ્ટપણે સમજી શકાય છે. વર્તમાનની દીક્ષા ક્યાં લઇ જશે - એનો આત્માર્થી જનોએ વિચાર કરવાની ખૂબ જ જરૂર છે. ।।૨૮-૭।।

વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાનનું સ્વરૂપ સમજાવવા અનુષ્ઠાનોના પ્રકારો જણાવાય છે–

**प्रीतिभक्तिवचोऽसङ्गैरनुष्ठानं चतुर्विधम् ।**
**आद्यद्वये क्षमास्तिस्रोऽन्तिमे द्वे चान्तिमद्वये ।।२८-८।।**

प्रीतीति–प्रीतिभक्तिवचोऽसङ्गैर्निमित्तैश्चतुर्विधमनुष्ठानम् । प्रीत्यनुष्ठानं, भक्त्यनुष्ठानं, वचनानुष्ठानं, असङ्गानुष्ठानं चेति । तत्र सुन्दरतामात्राहितरुचिपूर्वकानुष्ठानमाद्यं, गौरवाहितरुचिपूर्वकानुष्ठानं द्वितीयं, सर्वत्राप्तवचनपुरस्कारप्रवृत्तमनुष्ठानं तृतीयं, अभ्यासादात्मसाद्भूतं परद्रव्यानपेक्षमनुष्ठानं चतुर्थम् । यदाहुः–"तत्प्रीतिभक्तिवचनासङ्गोपपदं चतुर्विधं गीतम् । तत्त्वाभिज्ञैः परमपदसाधनं सर्वमेवैतत् ।।१।। यत्रादरोऽस्ति परमः प्रीतिश्च हितोदया भवति कर्तुः । शेषत्यागेन करोति यच्च तत्प्रीत्यनुष्ठानम् ।।२।। गौरवविशेषयोगाद् बुद्धिमतो यद्विशुद्धतरयोगम् । क्रिययेतरतुल्यमपि ज्ञेयं तद्भक्त्यनुष्ठानम् ।।३।। अत्यन्तवल्लभा खलु पत्नी तद्वद्धिता च जननीति । तुल्यमपि कृत्यमनयोर्ज्ञातं स्यात्प्रीतिभक्तिगतम् ।।४।। वचनात्मिका प्रवृत्तिः सर्वत्रौचित्ययोगतो या तु । वचनानुष्ठानमिदं चारित्रवतो नियोगेन ।।५।। यत्त्वभ्यासातिशयात्सात्मीभूतमिव चेष्ट्यते सद्भिः । तदसङ्गानुष्ठानं भवति त्वेतत्तदावेधात् ।।६।। चक्रभ्रमणं दण्डात्तदभावे चैव यत्परं भवति । वचनासङ्गानुष्ठानयोस्तु तज्ज्ञापकं ज्ञेयम् ।।७।।" आद्यद्वये प्रीतिभक्त्यनुष्ठानलक्षणे तिस्रः क्षमा भवन्ति उपकारापकारविपाकोत्तराः । अन्तिमद्वये च वचनासङ्गानुष्ठानलक्षणे द्वे क्षमे भवतो वचनधर्मोत्तरे । तदुक्तम्–"आद्यद्वये त्रिभेदा चरमद्वितये द्विभेदेति" ।।२८-८।।

"પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ - આ ચાર નિમિત્તના કારણે થનારાં અનુષ્ઠાન ચાર પ્રકારનાં છે. પ્રીતિ અનુષ્ઠાન અને ભક્તિ અનુષ્ઠાન : આ પ્રથમ બે અનુષ્ઠાનમાં પહેલી ત્રણ ક્ષમાઓનો સમાવેશ થાય છે અને છેલ્લી બે ક્ષમાનો સમાવેશ અનુક્રમે વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાનમાં(છેલ્લા બે અનુષ્ઠાનમાં) થાય છે." - આ પ્રમાણે આઠમી ગાથાનો સામાન્યાર્થ છે.

ઉપર જણાવેલાં ચાર અનુષ્ઠાનોનું સ્વરૂપ સમજાવતાં ફરમાવ્યું છે કે 'આ અનુષ્ઠાન સુંદર છે' - આટલા જ્ઞાનમાત્રના કારણે ઉત્પન્ન થયેલી રુચિના કારણે જે અનુષ્ઠાન થાય છે તે પ્રીત્યનુષ્ઠાન કહેવાય છે. 'આ અનુષ્ઠાન પવિત્ર છે' - આવા પ્રકારના અનુષ્ઠાન પ્રત્યેના ગૌરવના કારણે ઉત્પન્ન થયેલી રુચિપૂર્વક જે અનુષ્ઠાન થાય છે તે અનુષ્ઠાનને ભક્ત્યનુષ્ઠાન કહેવાય છે. બધે શ્રીતીર્થંકરપરમાત્માદિ આપ્તપુરુષોના વચનને જ આગળ(પ્રાધાન્ય) કરીને જે અનુષ્ઠાન થાય છે તેને વચનાનુષ્ઠાન કહેવાય છે અને વારંવાર કરવા સ્વરૂપ અભ્યાસથી આત્મસાત્ થયેલું સ્વાભાવિક જે અનુષ્ઠાન છે; તેને ચોથું અસંગાનુષ્ઠાન કહેવાય છે.

આ અનુષ્ઠાનોનું સ્વરૂપ વર્ણવતાં શ્રી ષોડશક પ્રકરણમાં ફરમાવ્યું છે કે પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ પદ જેની સમીપમાં(પૂર્વમાં) છે, તે સદનુષ્ઠાનને પરમપદનાં સાધન તરીકે તત્ત્વજ્ઞ પુરુષોએ ચાર પ્રકારનું વર્ણવ્યું છે. જે અનુષ્ઠાન કરતી વખતે કર્તાને પરમ આદર હોય છે; હિતકારિણી એવી પ્રીતિનો આવિર્ભાવ થાય છે અને બીજાં બધાં કામ પડતાં મૂકીને કરાય છે; તે પ્રીત્યનુષ્ઠાન છે.

જે અનુષ્ઠાન; પ્રીતિ-અનુષ્ઠાનજેવું હોવા છતાં ગૌરવ(પવિત્ર) વિશેષ થવાથી વિશુદ્ધતર થાય છે તે બુદ્ધિમાનના અનુષ્ઠાનને ભક્ત્યનુષ્ઠાન કહેવાય છે. પત્ની અત્યંત પ્રિય છે; તેમ જ માતા હિતકારિણી છે. એ બંન્નેનું વસ્ત્રાદિ લાવી આપવા વગેરે સ્વરૂપ કાર્ય એકસરખું હોવા છતાં બંન્નેમાં પ્રીતિ અને ભક્તિના કારણે જે વિશેષ છે તેમ પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાનમાં પણ ભેદ જાણવો.

સર્વત્ર ઔચિત્યના યોગે થનારી, આગમના વચનમય જે પ્રવૃત્તિ તેને વચનાનુષ્ઠાન કહેવાય છે, જે ચારિત્રસંપન્ન આત્માઓને ચોક્કસ હોય છે.

અભ્યાસના અતિશયના કારણે જે સત્પુરુષો દ્વારા આત્મસાત્ થયેલાની જેમ કરાય છે તેને અસંગાનુષ્ઠાન કહેવાય છે, જે આ; તેના પૂર્વપ્રયોગથી થતું હોય છે. દંડના કારણે થતું ચક્રભ્રમણ અને પૂર્વ-પ્રયોગાદિના કારણે દંડના અભાવમાં થતું ચક્રનું ભ્રમણઃ બંન્ને ભ્રમણ-સ્વરૂપે સરખાં હોવા છતાં તેમાં જેમ ફરક છે તેમ વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાનમાં પણ અનુષ્ઠાન-સ્વરૂપે સમાનતા હોવા છતાં ફરક છે.

પ્રીતિ વગેરે ચાર અનુષ્ઠાનમાંનાં શરૂઆતનાં બે અનુષ્ઠાનમાં ઉપકારક્ષમા, અપકારક્ષમા અને વિપાકક્ષમા - આ ત્રણ ક્ષમાઓનો સમાવેશ થાય છે. વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાન - આ બે અનુષ્ઠાનમાં અનુક્રમે વચનક્ષમા અને ધર્મક્ષમાનો સમાવેશ થાય છે. અન્યત્ર પણ એ પ્રમાણે જણાવ્યું છે કે આદ્ય બે અનુષ્ઠાનમાં ક્ષમાના ત્રણ પ્રકારોનો અને છેલ્લાં બે પ્રકારનાં અનુષ્ઠાનોમાં છેલ્લી બે પ્રકારની ક્ષમાનો સમાવેશ થાય છે.

શ્લોકમાં વર્ણવેલાં ચાર અનુષ્ઠાનોમાંથી સંયમજીવનમાં છેલ્લાં બે અનુષ્ઠાન હોય છે. પ્રથમનાં પ્રીત્યનુષ્ઠાન અને ભક્ત્યનુષ્ઠાન સંયમજીવનની પૂર્વે હોય છે. સંયમજીવનમાંના વચનાનુષ્ઠાનની અપેક્ષાએ પ્રીત્યનુષ્ઠાન અને ભક્ત્યનુષ્ઠાન ખૂબ જ સરળ છે. પરંતુ વર્તમાનમાં અનુષ્ઠાનો જે રીતે થઈ રહ્યાં છે - એ જોતાં પ્રીત્યનુષ્ઠાન પામવાનું પણ ખૂબ જ કપરું છે. જ્યાં સંસારની અસારતાનું વાસ્તવિક ભાન ન હોય ત્યાં પ્રીત્યનુષ્ઠાન પામવાનું ઘણું જ કપરું છે. ધર્માનુષ્ઠાન કરતાં આ સંસારની કોઈ પણ વસ્તુ સારી લાગે ત્યાં સુધી વાસ્તવિક રીતે પ્રીતિ-અનુષ્ઠાન પણ થઈ શકે એમ નથી. મોક્ષસાધક કોઈ પણ અનુષ્ઠાન; સંસારની અસારતાના ભાન વિના મોક્ષપ્રદ બનતું નથી. આથી જ પ્રીત્યાદિ અનુષ્ઠાનોને સદનુષ્ઠાન તરીકે વર્ણવતી વખતે પરમપદનાં સાધનસ્વરૂપે વર્ણવ્યાં છે. 'પ્રીત્યાદિ અનુષ્ઠાનો સંસાર - સુખને આપનારાં છે માટે તે સદનુષ્ઠાન છે.' - આ પ્રમાણે જણાવનારાઓની માન્યતા સાચી નથી. 'શ્રી ષોડશક પ્રકરણ' વગેરે ગ્રંથના પરિશીલનથી એ સમજી શકાય છે. ॥૨૮-૮॥

દીક્ષાની પ્રાથમિક અવસ્થામાં વચનાનુષ્ઠાન હોય છે અને ત્યાર પછી અસંગાનુષ્ઠાન હોય છે. ત્યાં બંન્ને અનુષ્ઠાનોની વિશેષતા જણાવવાપૂર્વક વચનાનુષ્ઠાનનું સ્વરૂપ જણાવાય છે–

**सूक्ष्माश्च विरलाश्चैवातिचारा वचनोदये ।**
**स्थूलाश्चैव घनाश्चैव ततः पूर्वममी पुनः ।।२८-९।।**

सूक्ष्माश्चेति–सूक्ष्माश्च लघवः प्रायशः कादाचित्कत्वात् । विरलाश्चैव सन्तानाभावाद् । अतिचारा अपराधा वचनोदये भवन्ति । ततो वचनोदयात्पूर्वममी अतिचाराः पुनः स्थूलाश्च बादराश्च घनाश्च निरन्तराश्च भवन्ति । तदुक्तं–"चरमाद्यायां सूक्ष्मा अतिचाराः प्रायशोऽतिविरलाश्च । आद्यत्रये त्वमी स्युः स्थूलाश्च तथा घनाश्चैव" ।।२८-९।।

"વચનાનુષ્ઠાનની પ્રાપ્તિ થયે છતે અનુષ્ઠાનમાં અતિચાર સૂક્ષ્મ(કોઇ વાર) અને વિરલ (જેની પરંપરા ન હોય એવા) હોય છે, જ્યારે વચનાનુષ્ઠાનની પૂર્વે પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાન વખતે અતિચારો સ્થૂલ(સ્પષ્ટપણે જણાય એવા) અને ઘન(નિરંતર) હોય છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે ચાર પ્રકારનાં અનુષ્ઠાનમાં પ્રીત્યનુષ્ઠાન અને ભક્ત્યનુષ્ઠાન - આ બે અનુષ્ઠાન એવાં છે કે જે સાધુભગવંતોને હોતાં નથી. પૂ. સાધુભગવંતોને વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાન હોય છે. તેથી અહીં દીક્ષાબત્રીસી(દ્વાત્રિંશિકા)માં તે બે-પ્રીતિ, ભક્તિ-અનુષ્ઠાનનો વિચાર કર્યા વિના વચનાનુષ્ઠાન અને અસંગઅનુષ્ઠાનનો જ વિચાર કર્યો છે.

શ્રી વીતરાગપરમાત્માના એકમાત્ર વચનને અનુસરી કરાતા અનુષ્ઠાનને વચનાનુષ્ઠાન કહેવાય છે. આ અનુષ્ઠાનના સામર્થ્યથી જ મોટા ભાગે સાધ્વાચારમાં અતિચારનો સંભવ રહેતો નથી. કોઇ વાર સામાન્ય અનુપયોગાદિને લઇને નાના અતિચાર પ્રાયઃ થાય છે અને થતાંની સાથે જ ખ્યાલ આવી જવાથી તે દૂર કરાય છે તેથી એની પરંપરા ચાલતી નથી. એ કારણે જ એ વિરલ હોય છે. પરંતુ આ વચનાનુષ્ઠાનની પ્રાપ્તિ થવા પૂર્વે શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચનને અનુસરવાનું નહિવત્ હોય છે, તેથી તે વખતે અતિચારો સ્થૂલ અને નિરંતર થતા હોય છે. અહીં દોષ મોટા છે અને સતત છે, જ્યારે વચનાનુષ્ઠાનમાં દોષ કોઇ વાર જ અને એ પણ અત્યંત નાના હોય છે. આથી સમજી શકાશે કે વચનાનુષ્ઠાનની અને એના અભાવની સ્થિતિમાં કેટલું અંતર છે. વચનાનુષ્ઠાનનું સામર્થ્ય ખરેખર જ અદ્ભુત છે. દીક્ષાને નિષ્પાપ રાખવાનું કાર્ય માત્ર વચનાનુષ્ઠાનનું છે. એના અચિન્ત્ય પ્રભાવે અંતે આત્મા, નિષ્પાપ

જ નહિ, નિષ્કર્મ બને છે. અનુષ્ઠાનની મોક્ષસાધકતા વાસ્તવિક રીતે વચનના અનુસરણના કારણે છે. માત્ર અનુષ્ઠાનની જ સામે જોયા કરવાથી વચનાનુષ્ઠાનની પ્રાપ્તિ નહીં થાય. દરેક અનુષ્ઠાન વખતે શ્રી તીર્થંકરપરમાત્માનું પરમતારક વચન કયું છે - એ યાદ કરાય તો વચનાનુષ્ઠાનની પ્રાપ્તિ થઇ શકે. શ્રી ષોડશક પ્રકરણમાં પણ જણાવ્યું છે કે પાંચ પ્રકારની ક્ષમા(ઉપકાર, અપકાર, વિપાક, વચન, ધર્મ)ઓમાં વચનક્ષમા વખતે પ્રાયઃ અતિચાર સૂક્ષ્મ અને અતિવિરલ હોય છે; અને શરૂઆતના ત્રણ પ્રકારમાં એ અતિચારો સ્થૂલ અને ઘન હોય છે. આદ્ય ત્રણ પ્રકારોનો સમાવેશ પ્રીતિ અને ભક્તિ અનુષ્ઠાનમાં થાય છે અને વચનક્ષમાનો સમાવેશ વચનાનુષ્ઠાનમાં થાય છે, તેથી અહીં જણાવેલી અને ષોડશકપ્રકરણમાં જણાવેલી વાતમાં કોઇ વિરોધ નથી. ॥૨૮-૯॥

હવે વચનાનુષ્ઠાનનું ફળ વર્ણવવા દ્વારા તેનું સ્વરૂપ વર્ણવાય છે–

**ततो निरतिचारेण, धर्मक्षान्त्यादिना किल ।**
**सर्वं संवत्सरादूर्ध्वं, शुक्लमेवोपजायते ॥२८-१०॥**

तत इति–ततो वचनोदयात् किल निरतिचारेण धर्मक्षान्त्यादिना, आदिपदेन धर्म-मार्दवशुद्धब्रह्मादिग्रहः । सर्वं दशविधमपि क्षान्त्यादि संवत्सरादूर्ध्वं क्रियामलत्यागाच्छु-क्लमेवोपजायते ॥२८-१०॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે આ રીતે વચનાનુષ્ઠાનની પ્રાપ્તિ થવાથી એક વર્ષ પછી નિરતિચાર ક્ષમા, મૃદુતા આદિના કારણે સઘળો ય દશ પ્રકારનો યતિધર્મ શુક્લ જ - શુદ્ધ જ - ઉત્પન્ન થાય છે. આશય એ છે કે દીક્ષાની શરૂઆતથી જ વચનાનુષ્ઠાનની પ્રાપ્તિ થવાથી ક્ષમા વગેરે ધર્મ અતિચારરહિતપણે થાય છે. આથી ક્રમે કરીને એક વર્ષ પછી તો ક્ષમા, મૃદુતા, સરળતા, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય - આ દશ પ્રકારનો યતિધર્મ સઘળો ય શુદ્ધ જ ઊપજે છે. કારણ કે નિરતિચાર તે તે વચનાનુષ્ઠાનથી; અતિચારસ્વરૂપ ક્રિયામલનો ત્યાગ કરાય છે. મલ વિનાની નિર્મળક્રિયાની આરાધનાથી ક્ષમા વગેરે ધર્મો શુદ્ધ જ ઊપજે - એ સમજી શકાય છે.

સંયમજીવનનો પ્રારંભકાળ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. એ કાળ દરમ્યાન વચનાનુષ્ઠાનની પ્રાપ્તિ થતી હોય છે. આવા અવસરે નિદ્રા-વિકથાદિને આધીન

બન્યા વિના શ્રી અરિહંતપરમાત્માના પરમતારક વચનાનુસાર જ કોઇ પણ અનુષ્ઠાન માટે પ્રયત્ન કરી લેવો જોઇએ. સંયમજીવનના એ સમયમાં વચનાનુષ્ઠાનનો અભ્યાસ ન પડે તો પછીના સમયમાં એ અભ્યાસ પાડવાનું લગભગ શક્ય બનતું નથી. ખોટી રીતે શરૂ થયેલી વસ્તુનું સાચું પરિણામ કઇ રીતે આવે ? સાચા પરિણામના અર્થીએ કાર્યનો પ્રારંભ પણ સાચી રીતે કરવો જોઇએ. જ્ઞાનીઓની દૃષ્ટિએ; સંયમજીવનમાં વચનાનુષ્ઠાનની પ્રાપ્તિ ન થાય તો વસ્તુતઃ એ સંયમજીવન નથી. આગળની બારમી ગાથામાં આ વાત સ્પષ્ટપણે જણાવી છે. શ્રી વીતરાગપરમાત્માના વચનનું મૂલ્ય સમજાય તો જ દીક્ષાને આરાધી શકાશે. શ્રી અરિહંતપરમાત્માના પરમતારક વચનને છોડીને આ સંસારમાં કોઇ આરાધ્ય નથી. આરાધ્ય-અનુષ્ઠાનોની આરાધ્યતા પણ એ પરમતારક વચનોના કારણે છે - એ નિરંતર સ્મરણીય છે. ॥૨૮-૧૦॥

દશમા શ્લોકમાં જણાવેલી વાતનું સમર્થન કરાય છે—

**मासादौ व्यन्तरादीनां, तेजोलेश्याव्यतिक्रमः ।**
**पर्याये युज्यते चेत्थं, गुणश्रेणिप्रवृद्धितः ॥२८-११॥**

मासादाविति—इत्थं च संवत्सरादूर्ध्वं सर्वशुक्लापत्तौ च मासादौ पर्याये व्यन्तरादीनां तेजोलेश्याव्यतिक्रमः प्रज्ञप्त्युक्तो युज्यते गुणश्रेणिप्रवृद्धितः ॥२८-११॥

આ રીતે વચનાનુષ્ઠાનના કારણે દશ પ્રકારનો બધો જ યતિધર્મ શુક્લ ઉત્પન્ન થાય છે; તેથી "એક માસ, બે માસ, ત્રણ માસ આદિ દીક્ષાના પર્યાયમાં અનુક્રમે વ્યન્તરનિકાયના દેવ વગેરેની તેજોલેશ્યાનું અતિક્રમણ થાય છે." - આ પ્રમાણે જે પ્રજ્ઞપ્તિ(ભગવતી) વગેરે સૂત્રમાં જણાવ્યું છે તે ગુણશ્રેણિ, અધ્યવસાયની પ્રવૃદ્ધિને લઇને સંગત થાય છે - આ પ્રમાણે અગિયારમા શ્લોકનો સામાન્યાર્થ છે.

કહેવાનો આશય એ છે કે પ્રજ્ઞપ્તિ - વિવાહપ્રજ્ઞપ્તિ(ભગવતી) વગેરે સૂત્રમાં ફરમાવ્યું છે કે દીક્ષાનો એક માસનો પર્યાય થાય ત્યારે વ્યંતરનિકાયના સામાન્યદેવતાઓની તેજોલેશ્યાનો અતિક્રમ થાય છે. છ લેશ્યાઓમાં કૃષ્ણ, નીલ અને કાપોત - આ ત્રણ લેશ્યા અશુભ છે અને તેજો, પદ્મ અને શુક્લ - આ ત્રણ લેશ્યાઓ શુભ છે. આત્માને શુભાશુભ અધ્યવસાયમાં સહાયભૂત પુદ્ગલવિશેષને

દ્રવ્યલેશ્યા કહેવાય છે; અને તે શુભાશુભ અધ્યવસાયમાં કારણભૂત મનઃપરિણામવિશેષને ભાવલેશ્યા કહેવાય છે. જીવને સામાન્ય રીતે ગતિવિશેષમાં અમુક અમુક દ્રવ્યલેશ્યાઓ હોય છે, જ્યારે ભાવલેશ્યાઓ તો અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે પરિવર્તમાન હોય છે. 'છ'માંથી કોઈ પણ એક ભાવલેશ્યા તે તે સમયે હોય છે. સામાન્ય રીતે ઘાતિકર્મોને આશ્રયી લેશ્યાનો વિચાર કરાય છે... જિજ્ઞાસુએ લેશ્યાના જાણકાર પૂ. ગુરુદેવશ્રી પાસેથી લેશ્યાનું સ્વરૂપ વિસ્તારથી સમજી લેવું જોઈએ. અહીં એ વિષય ન હોવાથી વિસ્તારથી જણાવ્યું નથી.

વાણવ્યંતરદેવોને ભવપ્રત્યયિક(જન્મસહજ) તેજોલેશ્યા હોય છે. એના યોગે સહજ રીતે જ તેઓને શુભ વિચાર આવતા હોય છે. આવી રીતે એક માસના પર્યાયવાળા મુનિભગવંતોને વાણવ્યંતરદેવોની અપેક્ષાએ શ્રેષ્ઠ તેજોલેશ્યા હોય છે. આ પ્રમાણે બે મહિના. ત્રણ મહિના, ચાર મહિના, પાંચ મહિના, છ મહિના, સાત મહિના, આઠ મહિના, નવ મહિના, દસ મહિના, અગિયાર મહિના અને બાર મહિનાના દીક્ષાપર્યાયમાં અનુક્રમે ૨. ભવનપતિ; ૩. અસુરકુમાર; ૪. ગ્રહ-નક્ષત્ર-તારા; ૫. સૂર્ય-ચંદ્ર; ૬. પહેલા-બીજા; ૭. ત્રીજા-ચોથા; ૮. પાંચમા-છઠ્ઠા; ૯. સાતમા-આઠમા; ૧૦. નવ-દસ-અગિયાર-બારમા દેવલોકના વૈમાનિક દેવો; ૧૧. નવ ગ્રૈવેયક અને ૧૨. પાંચ અનુત્તર વિમાનના દેવોની તેજોલેશ્યા કરતાં શ્રેષ્ઠ તેજોલેશ્યા હોય છે. અહીં તેજોલેશ્યા શબ્દનો અર્થ 'પ્રશસ્ત-શુભલેશ્યા' સમજવો. માત્ર બાર મહિનાના દીક્ષાપર્યાયમાં આવી રીતે અનુત્તરવિમાનના દેવતાઓની તેજોલેશ્યા-પ્રશસ્ત(શુભ)લેશ્યા(અધ્યવસાય)નું અતિક્રમણ થાય છે. અર્થાત્ તેઓના સુખની સ્થિતિ કરતાં અધિક સુખની સ્થિતિ પ્રાપ્ત થાય છે.

અહીં યાદ રાખવું જોઈએ કે માત્ર સુખની સ્થિતિનું અહીં સામ્ય દર્શાવ્યું છે. આથી વિશેષ કોઈ સામ્ય દર્શાવવાનો આશય નથી. આમ પણ સંયમજીવનના ક્ષયોપશમભાવની તુલના દેવલોકના પુણ્યના ઉદયની સાથે કરવાનું શક્ય નથી. અનુત્તરવિમાનના દેવતાઓ પળે પળે જેની ઝંખના કરતા હોય છે એ સર્વવિરતિધર્મના આનંદની કોઈ અવધિ નથી. અનુત્તરવિમાનના સુખની; એ આનંદની અપેક્ષાએ કોઈ જ ગણના નથી. આવી સમગ્ર સ્થિતિનું એકમાત્ર કારણ 'વચનાનુષ્ઠાન' છે. શ્રી તીર્થંકરપરમાત્માની પરમતારક

આજ્ઞાનુસાર કરાતી આરાધનાનું મૂલ્ય સમજાયા વિના એવી સ્થિતિનો અનુભવ કરવાનું શક્ય નથી. ॥૨૮-૧૧॥

ઉપર જણાવ્યા મુજબ માસાદિના દીક્ષાપર્યાયમાં વાણવ્યંતરાદિદેવોની તેજોલેશ્યાનો વ્યતિક્રમ થાય છે, તેમાં દીક્ષાનો પર્યાય કઇ રીતે ગણાય છે તે જણાવાય છે–

**दिनानि पक्षा मासा वा, गण्यन्ते शरदोऽपि च ।**
**नाऽस्यां गुणाविघातस्य, गण्यतेऽवसरः पुनः ॥२८-१२॥**

આ દીક્ષામાં ગુણના વ્યાઘાત(વિનાશાદિ) વિનાના કાળની ગણતરી કરાય છે. પરંતુ જે ગુણના વ્યાઘાતવાળો કાળ છે - તે દિવસો, પખવાડિયા, મહિનાઓ કે વર્ષો દીક્ષાપર્યાયમાં ગણાતાં નથી. - આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે જે દિવસે દીક્ષા ગ્રહણ કરી છે તે દિવસથી આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે ગુણોનો આવિર્ભાવ શરૂ થાય છે. વચનાનુસાર કરાતી આરાધનાના કારણે દિવસે દિવસે ગુણોનો આવિર્ભાવ વધતો જાય છે. આત્મા જો પ્રમાદાદિને પરવશ બને અને તેથી આરાધનામાં શિથિલ થાય તો ગુણોનો આવિર્ભાવ થાય નહિ. કોઇ વાર એવું પણ બને કે આવિર્ભાવ પામેલા ગુણો ફરી પાછા આવૃત્ત બને. આવી સ્થિતિને ગુણોનો વ્યાઘાત કહેવાય છે. પ્રમાદાદિને પરવશ બન્યા પછી ગુણોના આવિર્ભાવના બદલે ગુણોનો વ્યાઘાત થાય - એ બહુ જ વિચિત્ર છે. ચૌદ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પણ પ્રમાદાદિને પરવશ બનેલા જીવો નિગોદાદિની સ્થિતિને જે પામે છે તે આ ગુણના વ્યાઘાતનો વિપાક છે. આમ છતાં કાલક્રમે તેવા પણ જીવોનો દીક્ષાપર્યાય તો વધતો જ જાય છે. અનંતજ્ઞાનીઓની દૃષ્ટિએ આવા ગુણહીન દિવસ વગેરેને દીક્ષાના પર્યાય તરીકે ગણતા નથી. ગુણ-સહિત જે દીક્ષાનો સમય છે તે જ પરમાર્થથી દીક્ષાનો પર્યાય છે - એ વાત ઉચિત જ છે. કારણ કે જે પ્રવૃત્તિ જે કાર્યના ઉદ્દેશથી આરંભી હોય, તે પ્રવૃત્તિથી તે કાર્યના ઉદ્દેશની સિદ્ધિ થતી ન હોય તો તે પ્રવૃત્તિ તે કાર્યને અનુકૂળ નથી - એ માન્યા વિના ચાલે નહિ. ગુણોના વ્યાઘાતના સમયને, તેથી જ દીક્ષાના સમયમાં ગણવાનું ઉચિત ગણ્યું નથી. કાળક્રમે વધતા દીક્ષાપર્યાયથી કોઇ લાભ નથી. ગુણના વ્યાઘાત વિનાના કાળક્રમે વધતા દીક્ષાપર્યાયથી

લાભનો પાર નથી. આથી સમજી શકાશે કે દીક્ષા લઈને કેટલાં વર્ષ થયાં - એનું મહત્ત્વ નથી, પરંતુ કેવાં થયાં - એનું મહત્ત્વ છે. કોઈ પણ જાતનો પ્રયત્ન કરીએ કે ના કરીએ તોપણ માત્ર કાળની અપેક્ષાએ દીક્ષાનો પર્યાય વધતો જ જવાનો છે. એવી વૃદ્ધિથી કોઈ જ નિસ્તાર નથી. માત્ર લોકોની દૃષ્ટિએ પર્યાયવૃદ્ધ તરીકે ગણતરી થાય અને આપણને પણ એમ લાગે કે સંયમજીવનમાં આટલાં વર્ષ થયાં. પરંતુ અનંતજ્ઞાનીઓની દૃષ્ટિએ એ બધું ખોટું છે, ગુણનો વ્યાઘાત ન થાય એ રીતે દીક્ષાનો પર્યાય વધે તો; તે તે દિવસો, પખવાડિયા, મહિનાઓ અને વર્ષો ગણતરીમાં લેવાય, અન્યથા ન લેવાય. ।।૨૮-૧૨।।

ગુણનો જેમાં વ્યાઘાત થતો નથી તે દીક્ષાપર્યાયમાં દિનાદિ ગણાય છે પરંતુ જેમાં ગુણનો વ્યાઘાત થાય છે તે દીક્ષાપર્યાયમાં; દિવસ વગેરેની ગણતરી થતી નથી તેનું કારણ જણાવાય છે–

**नैहिकार्थानुरागेण, यस्यां पापविषव्ययः ।**
**वसन्तनृपचेष्टेव, सा दीक्षानर्थकारिणी ।।२८-१३।।**

જે દીક્ષામાં આ લોક સંબંધી અર્થ(ફળ)ના અનુરાગના કારણે પાપસ્વરૂપ વિષનો વ્યય (વિનાશ) થતો નથી; તે દીક્ષા, હોળીના રાજાની ચેષ્ટા જેવી અનર્થને કરનારી છે - આ પ્રમાણે તેરમી ગાથાનો અક્ષરાર્થ છે. કહેવાનો ભાવ એ છે કે જે દીક્ષામાં જ્ઞાન, દર્શન કે ચારિત્રાદિ આત્મગુણોનો આવિર્ભાવ થતો નથી અને વ્યાઘાત થાય છે; એનું વાસ્તવિક કારણ આ લોક સંબંધી અર્થનો અનુરાગ કારણ છે. આ લોક સંબંધી અર્થ અનેક જાતના છે. પાંચ ઈન્દ્રિયના અનુકૂળ વિષયોની પ્રાપ્તિ, નિદ્રા-વિકથાદિ પ્રમાદ, માન-સન્માનાદિ; નામનાદિનો મોહ; શિષ્યપ્રમુખ ભક્તવર્ગ અને આચાર્યાદિપદ વગેરે આ લોક સંબંધી અર્થો છે. તેની પ્રત્યેના અનુરાગ(ઉત્કટ રાગ)ને લઈને દીક્ષા લીધા પછી પણ તે તે અર્થ-પ્રયોજનની સિદ્ધિ માટે અનેક જાતની બાહ્યપ્રવૃત્તિઓ (આજ્ઞાથી બાહ્યપ્રવૃત્તિઓ) કરવી પડતી હોય છે. શરૂઆતમાં એમ જ લાગે કે એ બધી પ્રવૃત્તિઓ સંયમજીવનની જ આરાધનાનું અંગ છે અને પરંપરાએ એથી મોક્ષની પ્રાપ્તિ થવાની જ છે. આવી પ્રવૃત્તિઓ ચાલતી હોય ત્યારે ગુર્વાદિક ધ્યાન દોરે ત્યારે મોટાભાગે એ ગમે પણ નહીં. આ બધાં લક્ષણો આ લોક સંબંધી અર્થના અનુરાગનાં છે. એ અનુરાગના કારણે શરૂ

થયેલી બાહ્યપ્રવૃત્તિઓ આત્માના જ્ઞાનાદિ ગુણોનો ઘાત કરનારી હોવાથી ખરેખર તો મોક્ષબાધક બનતી હોય છે. પરંતુ આ લોક સંબંધી અર્થના અનુરાગથી એ સમજાતું નથી. આથી દિવસે દિવસે આત્મા બાહ્યપ્રવૃત્તિમાં આગળને આગળ વધતો જ જાય છે, જે દીક્ષાને અર્થહીન જ નહિ; અનર્થને કરનારી બનાવે છે. હોળીનો રાજા રાજાની જેમ વર્ત્તે તોપણ એને જેમ રાજ્ય પ્રાપ્ત થતું નથી તેમ આ લોક સંબંધી અર્થના અનુરાગથી દીક્ષાને પાળવા છતાં દીક્ષાસંબંધી કોઇ ફળ પ્રાપ્ત થતું નથી. ઉપરથી આજ્ઞાબાહ્ય પ્રવૃત્તિઓ કરવાથી પાપબંધસ્વરૂપ અનર્થની પ્રાપ્તિ થાય છે. આથી સમજી શકાશે કે અનર્થકારિણી એવી દીક્ષાનો અવસર દીક્ષાપર્યાયમાં ગણાતો નથી. ॥૨૮-૧૩॥

અનર્થને કરનારી દીક્ષાના સ્વરૂપને વર્ણવી હવે સદ્(વિવક્ષિત નિર્જરાદિ ફળને આપનારી) દીક્ષાનું સ્વરૂપ વર્ણવાય છે–

**इन्द्रियाणां कषायाणां, गृह्यते मुण्डनोत्तरम् ।**
**या शिरोमुण्डनव्यङ्ग्या, तां सद्दीक्षां प्रचक्षते ॥२८-१४॥**

दिनानीति श्लोकत्रयमदः कण्ठ्यम् ॥२८-१२-१३-१४॥

"સ્પર્શનેન્દ્રિયાદિ પાંચ ઇન્દ્રિયો અને ક્રોધાદિ ચાર કષાયોના મુંડન(ત્યાગ) પછી જે ગ્રહણ કરાય છે અને માથાનું મુંડન કરવાથી જે જણાય છે તેને 'સદ્દીક્ષા' કહેવાય છે." - આ અર્થને જણાવનારા ચૌદમા શ્લોકમાં સદ્દીક્ષાનું સ્વરૂપ; ખૂબ જ અલ્પ શબ્દોથી માર્મિક રીતે વર્ણવ્યું છે. પાંચ ઇન્દ્રિયો અને ચાર કષાયોનો ત્યાગ જેના મૂળમાં છે એ સદ્દીક્ષા છે. માત્ર જૈનદર્શનમાં જ નહિ, દુનિયાનાં સઘળાં ય દર્શનમાં એ વાત સ્પષ્ટપણે જણાવાઇ છે. વિષય અને કષાયના પરિત્યાગ વિના સદ્દીક્ષાની પ્રાપ્તિ થતી નથી.

શ્લોકમાં જણાવ્યા મુજબ ઇન્દ્રિયોનું મુંડન અને કષાયોનું મુંડન કર્યા પછી જ માથું મુંડાવાનું છે. પાંચ ઇન્દ્રિયોના ત્રેવીસ વિષયોમાં અનુકૂળ વિષયો પ્રત્યે રાગ ન કરવો, એને મનથી પણ ઇચ્છવા નહિ અને એને મેળવવાદિ માટે પ્રયત્ન કરવો નહિ. વસ્તુની આવશ્યકતા હોવાથી તેની શોધ કરીને મેળવી લેવી અને વસ્તુ અનુકૂળ છે, ફાવે છે, ભાવે છે, ઠીક રહે છે... વગેરે સમજીને મેળવી લેવી - એ બે વચ્ચે ઘણું અંતર છે. એને સમજીને કોઇ પણ જાતની માયા સેવ્યા

વિના અનુકૂળતાનો ત્યાગ કરી આવશ્યકતા મુજબ વસ્તુનો ઉપયોગ કરવો. તેમ જ પ્રતિકૂળ વિષયો પ્રત્યે દ્વેષ ન કરવો. એ ક્યારે જાય એમ મનથી પણ ચિંતવવું નહિ અને એને ટાળવાદિ માટે પ્રયત્ન કરવો નહિ. આવશ્યકતા ન હોય તો વસ્તુને છોડી દેવી અને વસ્તુ પ્રતિકૂળ છે; ફાવતી નથી; ભાવતી નથી; ઠીક રહેતું નથી... વગેરે સમજીને વસ્તુને છોડી દેવી - એ બેમાં ઘણું અંતર છે. એને બરાબર સમજી લઇને પ્રતિકૂળતાના કારણે કોઇનો ત્યાગ કર્યા વિના અનાવશ્યક વસ્તુનો ત્યાગ કરવો. આવા પ્રકારનું ઇન્દ્રિયોનું મુંડન છે. સામાન્ય રીતે વિષયોની પરાધીનતાના પરિહારને પાંચ ઇન્દ્રિયોનું મુંડન કહેવાય છે.

ક્રોધ, માન, માયા અને લોભ - આ ચાર કષાયનાં ગમે તેવાં પ્રબળ નિમિત્તો મળે તોપણ કષાય કરવા નહિ, તેને કષાયોનું મુંડન કહેવાય છે. ચાલુ વ્યવહારમાં ક્રોધને જ કષાય તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ ખરી રીતે ક્રોધાદિ ચાર કષાય છે. ચાર કષાયોમાં લોભ ખૂબ જ ભયંકર છે. ક્રોધ, માન કે માયાને દૂર કરવાનું હજી સરળ છે. પરંતુ લોભનો ત્યાગ કરવાનું ખૂબ જ કપરું કામ છે. સંસારના સુખ પ્રત્યે રાગ ન હોય તો જ લોભને દૂર કરી શકાય. ક્રોધાદિથી ઠીક ઠીક દૂર રહેનારા પણ લોભથી દૂર રહી શકતા નથી. દીક્ષા લીધા પછી પણ માનપાન વગેરેની તીવ્ર લાલસા કોઇ કોઇ વાર જતી નથી. આ રીતે ઇન્દ્રિયો અને કષાયોના પરિત્યાગ સ્વરૂપ મુંડન પછી જ દીક્ષા ગ્રહણ કરવાની છે. વર્તમાન પરિસ્થિતિ થોડી વિલક્ષણ છે. દીક્ષા ગ્રહણ કરતાં પૂર્વે ભાગ્યે જ એ અંગે લક્ષ્ય અપાતું હોય છે. મોટા ભાગે ગુરુ મ. પ્રત્યે લાગણી થઇ જાય અને ગ્રુપ પરત્વે થોડી અનુકૂળતાની ખાતરી થઇ જાય તો દીક્ષાગ્રહણ માટે યોગ્યતા મળી જતી હોય છે. આવા દીક્ષાર્થીઓએ ઇન્દ્રિયો અને કષાયોનો પરિત્યાગ કર્યો છે કે નહિ, એ માટે આજ સુધી તેઓએ શું કર્યું છે... ઇત્યાદિ જાણવા માટે કોઇ પ્રયત્ન કરાતો હોય એવું લગભગ જોવા મળતું નથી. મૂળભૂત યોગ્યતા અંગે આટલી ઉપેક્ષા કેમ કરાય છે - એ સમજાતું નથી. યોગ્યતાનાં માપદંડ જ જ્યાં બદલાતાં હોય ત્યાં અસલ-સદ્ વસ્તુનું દર્શન ન જ થાય - એ સમજી શકાય એવી વાત છે. સદ્દીક્ષાનું દર્શન કરવું હોય તો તેની પૂર્વે ઉપર જણાવ્યા મુજબ ઇન્દ્રિયો અને કષાયોનું મુંડન કરવું જ જોઇએ. ત્યાર પછી જ શિરોમુંડન કરવાનું છે. દીક્ષા લીધા પછી કરાતા એ શિરોમુંડનથી સદ્દીક્ષાની

અભિવ્યક્તિ થાય છે. તેવા પ્રકારનું શિરોમુંડન સદ્દીક્ષાનું અભિવ્યંજક બને છે, જેનાથી સદ્દીક્ષા અભિવ્યંગ્ય બને છે. ઇન્દ્રિયો અને કષાયોના ત્યાગ વિના માત્ર માથું મુંડાવાથી સદ્દીક્ષાની પ્રાપ્તિ હોતી નથી. ॥૨૮-૧૪॥

સદ્દીક્ષાની પ્રાપ્તિ પછી જે કાર્ય કરવાનું છે તે જણાવાય છે—

**विहाय पूर्वसंयोगमस्यामुपशमं व्रजन् ।**
**मनाक् कायं प्रकर्षेण, निश्चयेन च पीडयेत् ॥२८-१५॥**

विहायेति—अस्यां सद्दीक्षायां पूर्वसंयोगं मातापित्रादिसंयोगं विहायोपशमं व्रजन् प्राप्नुवन् कायं स्वदेहं मनागध्ययनादिकालेऽविकृष्टेन तपसा प्रकर्षेण तदुत्तरं विकृष्टेन तपसा निश्चयेन चान्त्येऽनशनादिरूपेण पीडयेत् ॥२८-१५॥

"આ સદ્દીક્ષામાં, માતા-પિતાના સંયોગાદિ સ્વરૂપ પૂર્વ સંયોગને છોડીને(ત્યજીને) ઉપશમ(કષાયની અનુદયાદિ અવસ્થા)ભાવને પામનાર; શરૂઆતમાં શરીરને થોડું અને છેલ્લા વધારે પીડે" - આ પ્રમાણે પંદરમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે, દીક્ષા લેતાં પૂર્વે આ સંસારના સઘળા ય સંયોગોનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરાય છે. માતાપિતાના સંબંધનો પણ છેલ્લા ત્યાગ કરીને ગ્રહણ કરેલી દીક્ષામાં મમત્વ કરવા જેવું આમ જુઓ તો કશું જ નથી. માતા-પિતાના સંબંધનો ત્યાગ કર્યા પછી ગ્રહણ કરેલી દીક્ષામાં એક નવું સર્કલ તૈયાર થાય છે, એમ કહેવાના બદલે નવું સર્કલ કરાય છે - એમ કહીએ તો એમાં કશું ખોટું નથી. આવી સ્થિતિમાં સદ્દીક્ષાની પ્રાપ્તિ કોઇ પણ રીતે શક્ય નથી. અનંતજ્ઞાનીઓની આજ્ઞા મુજબ દીક્ષાનું પાલન થાય તો નવા સંયોગો વધારવાની આવશ્યકતા ઊભી જ ન થાય. સંયમની સાધના માટે કોઇ વાર ઉપાશ્રયાદિના વ્યવસ્થાપકનું કામ પડે ત્યારે એટલાપૂરતું તેમની પાસે કામ કરાવી લઇએ. પરંતુ એક વાર જેમનું કામ પડ્યું તેમની સાથે કાયમનો સંબંધ બાંધી લઇએ તો તે સંયમની સાધના માટે અનુરૂપ નથી. એવા સંયોગો વધારવાથી મમત્વો કેટલાં વધે છે - એનું વર્ણન થાય એવું નથી. માતા-પિતાદિના પૂર્વ-સંયોગોનો ત્યાગ કરીને જ સદ્દીક્ષાની પ્રાપ્તિ થતી હોય છે. આવી દીક્ષામાં બીજા કોઇ જાતના સંબંધો વિકસે નહિ તો ઉપશમભાવને પ્રાપ્ત કરવાનું સહેલું છે. શ્લોકમાં પ્રથમ બે પાદમાં એ વાત ખૂબ જ સ્પષ્ટપણે જણાવી

છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં પણ વિનયનું સ્વરૂપ જણાવતાં પૂ. સાધુભગવંતોને સંયોગથી મુક્ત વર્ણવ્યા છે. એવા સાધુભગવંતો જ એ સૂત્રમાં જણાવેલા આચારનું પાલન કરી શકે છે. પૂર્વસંયોગોનો ત્યાગ કર્યા પછી પણ દીક્ષા લીધા પછી જે નવા સંયોગો ઊભા કરાય છે, તેથી પૂર્વસંયોગોનો ત્યાગ અર્થહીન બની જાય છે. આ વાતને **संयोगा विप्पमुक्कस्स** આ પદથી ખૂબ જ ભારપૂર્વક ત્યાં જણાવી છે. સમગ્ર સાધ્વાચારના પાલનનું એ એકમાત્ર કારણ છે. આથી જ પૂર્વકાળમાં પૂ. સાધુભગવંતો નિર્જન ઉદ્યાનાદિમાં રહેતા, જેથી ગૃહસ્થના સંયોગનો પ્રસંગ આવે નહિ. માસકલ્પાદિસ્વરૂપ વિહારની મર્યાદા પાછળ પણ એ ઉદ્દેશ હતો, જેથી એક સ્થાને વધારે રહેવાથી સ્થાનાદિની પ્રત્યે મમત્વ ન બંધાય. આજે તદ્દન જ વિપરીત સ્થિતિ છે. મમત્વના કારણે જ મોટા ભાગે વિહારાદિની પ્રવૃત્તિ થતી હોય છે. મમત્વને દૂર કરવા માટેના આચારો જ જ્યાં મમત્વને લઇને થતા હોય ત્યાં ઉપશમભાવની આશા રાખવાનો કોઇ જ અર્થ નથી.

દીક્ષા લેતાં પૂર્વે આત્માને છોડીને અન્ય સકલ સંયોગોનો ત્યાગ કરવાનો હોવાથી માતા-પિતા વગેરે સ્વજનો અને બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરાય છે. પરંતુ એવી જાતનો સર્વોત્કૃષ્ટ ત્યાગ કરનારા આત્માઓથી પણ આત્માથી અતિરિક્ત એવા શરીરનો ત્યાગ કરી શકાતો નથી. જ્યાં સુધી શરીર સંયમની સાધનામાં બરાબર સહાયભૂત થાય છે ત્યાં સુધી તેનો ત્યાગ કરવાનું વિહિત પણ નથી. અનાદિ-કાળથી શરીરનો અને આત્માનો સંયોગ છે. શરીરની સહાયથી આત્માને અશરીરી થવાનું છે. શરીરની સહાય અશરીરી બનવા માટે લેવાની છે. બીજા શરીરના સંયોગ માટે નહીં. આયુષ્યકર્મનો જ્યાં સુધી યોગ છે; ત્યાં સુધી શરીર છૂટવાનું નથી. તેથી દીક્ષા લેતાં પૂર્વે આત્માને છોડીને અન્ય સઘળા ય સંયોગોનો ત્યાગ કર્યા પછી પણ શરીરના સંયોગનો ત્યાગ કરી શકાતો નથી. અશરીરી બનવાની ભાવના હોવા છતાં શરીરની સાથે જ દીક્ષા ગ્રહણ કરવાની છે. આવી અવસ્થામાં શરીરનો સંયોગ અશરીરી બનવામાં બાધક ન બને અને સહાયક બને એ માટે શ્લોકમાં છેલ્લા બે પાદથી ઉપાય દર્શાવ્યો છે.

આશય એ છે કે ઉપર જણાવ્યા મુજબ દીક્ષા લેતી વખતે માતાપિતાદિના સંયોગના ત્યાગની જેમ આ શરીરના સંયોગનો ત્યાગ કરી શકાતો નથી, તેથી તેની પ્રત્યેના મમત્વનો ત્યાગ કરવો જોઇએ. વસ્તુનો ત્યાગ શક્ય હોય તો તેનો

ત્યાગ કરવાનો જ છે. પરંતુ જ્યારે તે શક્ય ન હોય તો તે વસ્તુ પ્રત્યેના મમત્વનો તો ત્યાગ કરવો જ જોઇએ. આમ પણ વસ્તુ(પરપદાર્થ)નું અસ્તિત્વ વગેરે મોક્ષનું બાધક બનતું નથી. પરંતુ પરપદાર્થસ્વરૂપ એ વસ્તુની પ્રત્યે જે મમત્વ કે દ્વેષનો પરિણામ છે - એ જ બાધક બને છે. માતાપિતાદિના પૂર્વસંયોગોનો ત્યાગ કર્યા પછી પૂ. સાધુભગવંતોની પાસે માત્ર શરીરનો સંયોગ રહ્યો છે. દીક્ષા પૂર્વેના મમત્વના બધા વિષયોમાંથી માત્ર આ પોતાનું શરીર રહ્યું છે. આથી સઘળું ય મમત્વ હવે દીક્ષા લીધા પછી; શરીરમાં ભરાય નહિ એ માટે શરીરપીડનનો અહીં ઉપદેશ કર્યો છે.

દીક્ષા લીધા પછી શરૂઆતનો કાળ અધ્યયનનો છે, જેને 'પ્રથમવય' તરીકે વર્ણવાય છે. આ પ્રથમ વયમાં અધ્યયનને બાધા ન પહોંચે એ રીતે અવિકૃષ્ટ ઉપવાસ વગેરે તપ કરવા દ્વારા શરીરને કષ્ટ પડે - તેમ કરવું જોઇએ. અને અધ્યયનનું કાર્ય પત્યા પછી ઉત્તરવયમાં વિકૃષ્ટ અક્રમાદિ તપ કરવા દ્વારા શરીરને વધારે કષ્ટ પડે તેમ કરવું. આ રીતે થોડું પીડન અને વધારે પીડન કરતાં કરતાં જ્યારે શરીર કોઇ પણ જાતનું કામ આપવા સમર્થ ન રહે ત્યારે અંતે અનશન સ્વીકારીને તેનો ત્યાગ કરવો. શ્રી આચારાંગ વગેરે સૂત્રમાં એ મુજબ સ્પષ્ટ રીતે જણાવ્યું છે. શરીર પ્રત્યેનું મમત્વ દૂર કર્યા વિના ચાલે એવું નથી. શરીરની ઉપેક્ષા કરી કષ્ટ વેઠવાનો અભ્યાસ કરવાથી જ શરીરની મમતા દૂર થાય છે. શરીરની આળપંપાળ કરવાથી તેની મમતા વધ્યા જ કરે છે. જેમ જેમ દીક્ષાનો પર્યાય વધતો જાય તેમ તેમ ખરી રીતે શરીરની મમતા ક્ષીણ થવી જોઇએ. આજે નહિ તો કાલે ગમે ત્યારે જો શરીર નાશ પામવાનું જ હોય તો શરીર પ્રત્યે મમત્વ રાખવાથી ફાયદો શું ? ગમે તેટલી શરીરની સારસંભાળ લઇએ તોપણ એનો નાશ અવશ્ય થવાનો જ છે તેથી તેની સારસંભાળ લેવાનો કોઇ અર્થ નથી - એમ સમજીને ઉપર જણાવ્યા મુજબ શરીરનું પીડન કરવું જોઇએ. ॥૨૮-૧૫॥

ઉપર જણાવ્યા મુજબની દીક્ષાની આરાધના કરવા કોણ સમર્થ બને છે અને કોણ સમર્થ બનતું નથી તે જણાવાય છે–

**वीराणां दुश्चरः पन्था, एषोऽनागमगामिनाम् ।**
**आदानीयाभिधानानां, भिन्दतां स्वसमुच्छ्रयम् ॥२८-१६॥**

આ શ્લોકથી માંડીને ચોવીશમા શ્લોક સુધીના નવ શ્લોકોનો અર્થ સ્પષ્ટ છે એમ જણાવીને ગ્રંથકારશ્રીએ એ નવ શ્લોકો ઉપર ટીકા કરી નથી. માત્ર શ્લોક ઉપરથી ગ્રંથકારશ્રીના આશય સુધી પહોંચવાનું અઘરું છે. પરંતુ બીજો કોઈ જ ઉપાય નથી. શ્લોક ઉપરથી જ ગ્રંથકારશ્રીના આશયને સમજવાનો પ્રયત્ન કરવો પડશે.

"જેમનું નામ આદરણીય છે અને જેઓ પોતાના શરીરને ભેદી નાખે છે - (ગણકારતા નથી) એવા વીર પુરુષો આગમનું અનુસરણ ન કરે તો તેમના માટે આ દીક્ષાનો માર્ગ દુઃખે કરીને આરાધનીય બને છે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે લોકમાં ખ્યાતિ વગેરે દ્વારા નામ આદરણીય બન્યું હોય અને શરીરની કોઈ પણ જાતની ચિંતા કર્યા વિના ખૂબ જ પરાક્રમપૂર્વક પોતાની ઇચ્છા મુજબ જે દીક્ષા પાળે છે તેઓ આગમને અનુસરતા ન હોવાથી શ્રી વીતરાગપરમાત્માએ દર્શાવેલો દીક્ષાનો માર્ગ આરાધી શકતા નથી. આગમનું અનુસરણ નહિ કરનારાઓ માટે ઉપર જણાવેલો દીક્ષામાર્ગ દુશ્ચર છે. બાહ્યદૃષ્ટિએ પુણ્યોદય અને પુરુષાર્થ ચિકાર હોય તોપણ આગમાનુસારિતાના અભાવે તેમને આ દીક્ષામાર્ગ દુષ્કર જ છે. માત્ર પુણ્ય અને પુરુષાર્થના પ્રભાવે પ્રવ્રજ્યા - પંથ આરાધાય નહિ. આગમનું અનુસરણ જ એ માર્ગે ચાલવા માટે મુમુક્ષુ આત્માને સમર્થ બનાવે છે. આગમના અનુસરણ વિના પુણ્ય અને પુરુષાર્થનો વસ્તુતઃ કોઈ જ ઉપયોગ નથી.

આગમના અનુસરણ માટે જ ખરેખર તો વીરતા અપેક્ષિત છે. શરીરની શક્તિ અને કીર્ત્તિ વગેરે તો પહેલા ગુણસ્થાનકે પણ પ્રાપ્ત થતા હોય છે. પરંતુ એથી શાસ્ત્રનું અનુસરણ પ્રાપ્ત થાય છે જ - એવું નથી. સાતમા ગુણસ્થાનકે આગમયોગની પરાકાષ્ઠા પછી જ સામર્થ્યયોગની પ્રાપ્તિ થાય છે. આગમાં બળી મરવું અને આગમાં બળવા છતાં ગજસુકુમાલ મુનિની જેમ કાયોત્સર્ગધ્યાને રહેવું - એ બેમાં જે ફરક છે - એ જે સમજી શકે છે; તેને વીરતાનો ખ્યાલ આવ્યા વિના નહીં રહે. શ્રી કેવલજ્ઞાનની પ્રાપ્તિ માટે અનુકૂળ એવું અવિચલિત સત્ત્વ - એ વીરતા છે, જે માત્ર આગમને અનુસરવાથી જ પ્રાપ્ત થાય છે. આગમને અનુસરવાનું કેટલું અઘરું છે - એ આગમનું અનુસરણ કરનારને જ સમજાય છે. 'આજ્ઞા પાળવી છે' - એવો નિર્ણય થાય; એટલે તુરત જ વિઘ્નોની પરંપરા ઊભી થાય છે, જેની વાત પણ આત્માને વિચલિત બનાવતી હોય છે. જેને આજ્ઞા

માનવી નથી એને દીક્ષામાં કોઇ જ તકલીફ નથી. યથેચ્છપણે વર્ત્તનારને કોઇ બંધન નથી હોતું. તેઓ સદસદ્ના વિવેકથી સર્વથા પર હોય છે. એવા લોકોને વીરતાનું કોઇ જ પ્રયોજન હોતું નથી. એવા લોકો માટે આ દીક્ષાનો પંથ ખરેખર જ દુશ્ચર છે. આ સંસારમાં લગભગ ડગલે ને પગલે આગમના અનુસરણમાંથી આત્માને દૂર લઇ જનારાં પ્રબળ નિમિત્તો પડેલાં છે. આવા વખતે એ નિમિત્તોને ખસેડીને આગમના અનુસરણમાં સ્થિર રહેવા માટે 'વીરતા'ની અપેક્ષા છે. એવી વીરતાને વરેલા વીર પુરુષો માટે આ દીક્ષાનો માર્ગ સુચર છે. માત્ર શરીરથી શક્ત અને કીર્ત્તિને પામેલા માટે આ દીક્ષાનો માર્ગ દુશ્ચર છે. આથી સ્પષ્ટ રીતે સમજાશે કે આગમનું અનુસરણ કરનારા વીર પુરુષો માટે આ દીક્ષાનો માર્ગ સુચર છે અને આગમનું અનુસરણ નહિ કરનારાઓ માટે એ દીક્ષાનો માર્ગ દુશ્ચર છે. ॥૨૮-૧૬॥

દીક્ષાના માર્ગને સારી રીતે આરાધવા માટે આગમનું અનુસરણ કરવું જોઇએ - એ સમજાયા પછી આગમના અનુસરણ માટે શું કરવું જોઇએ - તે જણાવવા માટે કહે છે–

**शरीरेणैव युध्यन्ते, दीक्षापरिणतौ बुधाः ।**
**दुर्लभं वैरिणं प्राप्य, व्यावृत्ता बाह्ययुद्धतः ॥२८-१७॥**

"દીક્ષાની પરિણતિ પ્રાપ્ત થયે છતે બાહ્યયુદ્ધથી વિરામ પામી દુર્લભ એવા વૈરી(શરીર)ને પામી પંડિતજનો શરીરની સાથે જ યુદ્ધ કરે છે." - આ પ્રમાણે સત્તરમી ગાથાનો સામાન્ય અર્થ છે. કહેવાનો આશય એ છે કે - આગમાનુસારી આરાધના કરતી વખતે મુખ્યપણે શરીરનું મમત્વ નડતું હોય છે. શરીર પ્રત્યે થોડું પણ મમત્વ ન હોય તો દીક્ષાની આરાધના કરતાં કોઇ રોકતું નથી.

આમ જોઇએ તો સામાન્ય રીતે શરીરના રાગના કારણે જ મોટા ભાગના લોકો દીક્ષા લેવા માટે થોડો પણ પ્રયત્ન કરતા નથી અને દીક્ષા લીધા પછી શરીરના રાગને લઇને દીક્ષા પાળી પણ શકતા નથી. ભૂતકાળના પાપના યોગે દુઃખ તો ગૃહસ્થપણામાં પણ આવે અને સાધુપણામાં પણ આવે. છતાં ઊંડે ઊંડે એમ જ લાગ્યા કરે કે ગૃહસ્થપણામાં દુઃખનો પ્રતીકાર શક્ય છે અને સાધુપણામાં એ ખૂબ જ મર્યાદિત બને છે. ગૃહસ્થપણામાં ગમે તે કરી શકાય. સાધુપણામાં

એમ ન બને. આવું વિચારવા છતાં દુઃખની સ્થિતિમાં કોઇ ફેર પડતો નથી. પરંતુ શરીર પ્રત્યે મમત્વ પ્રગાઢ હોય છે. તેથી આત્મા દીક્ષા અંગે વિચારી શકતો નથી. શરીરથી મુક્ત બનવાનો વિચાર જ આવતો નથી. દુઃખથી અને એના કારણ તરીકે સામાન્યતઃ પાપથી મુક્ત થવાનો વિચાર આવે, પરંતુ આથી નિસ્તાર થતો નથી. દુઃખના બદલે શરીરથી અને પાપના બદલે કર્મથી મુક્ત બનવાનો નિર્ણય થાય તો દીક્ષા લેવાનું અને લીધા પછી આરાધવાનું ખૂબ જ સરળ બને.

શરીરનું મમત્વ બંન્નેમાં અવરોધ ઊભો કરે છે. મોટા ભાગના મુમુક્ષુ આત્માઓને પૂછવામાં આવે કે દીક્ષા કેમ લો છો ? તો શરીરથી અને કર્મથી મુક્ત થવું છે - આવો હૈયાથી જવાબ આપનારા લગભગ નહીં મળે. સંસારમાં પાપ બહુ કરવાં પડે, સંસાર દુઃખમય છે... વગેરે જવાબ આપનારા હજુ મળી આવે. પરંતુ એ જવાબ વાસ્તવિક નથી. અનંતજ્ઞાનીઓએ ફરમાવેલા ઉદ્દેશને અનુરૂપ નથી. લક્ષ્ય વિનાની પ્રવૃત્તિ લક્ષ્યવેધી કઇ રીતે બને ?

શરીરથી મુક્ત બનવા માટે દીક્ષા છે - એનું સ્મરણ નિરંતર હોવું જોઇએ. શરીર સારું હશે તો સંયમ સારું પળાશે - એમ વિચારનારા પ્રાયઃ શરીરને સારું બનાવવા અને એ ખરાબ ન બને એનો પ્રયત્ન કરવા પોતાનું સમગ્ર જીવન ધરી દે છે. સંયમની સાધના શરીરની સાધનામાં જ પૂરી થાય છે. શરીર સારું હશે ત્યારે દીક્ષા સારી રીતે પળાશે - એમ માનવાના બદલે, 'શરીર સારું નહીં લાગે ત્યારે દીક્ષા સારી રીતે પળાશે.' - એમ માનવાનો હવે સમય આવી લાગ્યો છે.

આથી સમજી શકાશે કે શરીરને સંયમની સાધનામાં સહાયક માનવાના બદલે શત્રુ (અવરોધક) માનવું જોઇએ. બુદ્ધિમાન આત્માઓને એનો સંપૂર્ણ ખ્યાલ હોવાથી દીક્ષાની પરિણતિ પ્રાપ્ત થયા પછી તેઓ માત્ર શરીરની સાથે યુદ્ધ કરે છે. શરીર પ્રત્યે મમત્વ સેવ્યા વિના ઉપેક્ષા સેવવા સ્વરૂપ એ યુદ્ધ છે. શરીરનો નાશ ન થાય પરંતુ એના મમત્વનો ચોક્કસ નાશ થઇ શકે છે. વિહિત તે તે સંયમયોગોની સાધનાથી જેનું મમત્વ નષ્ટ થયું છે - એવું તે શરીર સંયમની સાધનામાં કોઇ અવરોધ ઊભો નહીં કરે. અત્યાર સુધી દુઃખ અને દુઃખના સાધનભૂત અનિષ્ટ સંયોગોને શત્રુ માનીને યુદ્ધ ચાલતું હતું, પરંતુ હવે આગમના પરિશીલન વગેરેથી સમજાય છે કે વાસ્તવિક શત્રુ શરીર છે. તેથી તે બાહ્યયુદ્ધનો ત્યાગ કરીને માત્ર શરીરની સાથે જ દીક્ષાની પરિણતિમાં યુદ્ધ કરે છે. કોઇ શત્રુ

વર્ષો પછી નજરે પડે અને ત્યારે એની ઉપર વિના વિલંબે પૂરી તાકાતથી જેમ તૂટી પડાય છે, તેમ દીક્ષાની પરિણતિ દરમ્યાન બુદ્ધિમાન આત્માઓ શરીર ઉપર તૂટી પડે છે. કારણ કે આજ સુધી શરીરને મિત્ર માનવાથી કેવી વિષમ અવસ્થાને આપણે પામ્યા - એનો વાસ્તવિક ખ્યાલ આવવાથી હવે જ શરીરને શત્રુ માનવાનું બન્યું છે. આજ સુધી એ ના બન્યું. ॥૨૮-૧૭॥

ઉપર જણાવ્યા મુજબ શરીરને દુર્લભ એવા શત્રુ જેવું માનીને પંડિતજનો માત્ર શરીરની સાથે જ નિરંતર યુદ્ધ કરે છે, પરંતુ શરીર સર્વથા ક્ષીણ હશે તો દીક્ષા આરાધી નહિ શકાય તેથી તેની સારસંભાળ તો રાખવી જોઈએ ને - આવી શંકાના નિરાકરણ માટે જણાવાય છે—

**सर्वो यदर्थमारम्भः, क्रियतेऽनन्तदुःखकृत् ।**
**सर्पलालनमङ्गस्य, पालनं तस्य वैरिणः ॥२८-१८॥**

"અનંતદુઃખને કરનારો બધો આરંભ (હિંસાદિ પાપવ્યાપાર) જે માટે કરાય છે; તે વૈરી એવા શરીરના પાલન સ્વરૂપ બધો આરંભ સર્પના લાલન-પાલન જેવો છે." - આ પ્રમાણે અઢારમી ગાથાનો અર્થ છે. પરમાર્થ એ છે કે સંયમની સાધના માટે શરીર ગમે તેટલું સહાયક બનતું હોય તોપણ તેનું લાલન-પાલન કરવાની આવશ્યકતા નથી. કારણ કે એના લાલન-પાલન માટે કરાતો આરંભ અનંતદુઃખને કરનારો છે. શરીરની સ્થિતિ માટે નિર્દોષ આહારાદિને શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા મુજબ ગ્રહણ કરવો અને આપણી ઈચ્છા મુજબ શરીરને અનુકૂળ પડે એ રીતે આહારાદિને ગ્રહણ કરવા - એ બેમાં ઘણું અંતર છે. શરૂઆતમાં આપણને એમ જ લાગે છે કે આપણે શરીરની સ્થિતિ માટે જ આહારાદિ લઈએ છીએ. આપણને કાંઈ મમત્વ નથી. પરંતુ ખરી હકીકત જુદી જ હોય છે. આવા વખતે કંડરીક મુનિના જીવનવૃત્તાંતને યાદ રાખવો જોઈએ. એક હજાર વર્ષના પર્યાયના અંતે પણ આવું દુષ્પરિણામ આવતું હોય તો ખરેખર જ અખતરા કરવા જેવા નથી.

કેટલા વૈરાગ્યથી તેઓએ દીક્ષા અંગીકાર કરી હતી. પોતાના ભાઈ રાજાના આગ્રહથી દવા કરવાની શરૂઆત કરી. રોગ ગયો, પણ શરીરનો અને એને અનુકૂળ વિષયોનો રાગ ન ગયો, ઉપરથી વધ્યો; અંતે પરિણામ ખરાબ

આવ્યું. એક હજાર વર્ષના અંતે દીક્ષા છોડી. એક જ દિવસમાં આહારાદિના અતિરેકથી વિસૂચિકાના કારણે મરણ થયું અને સાતમી નરકે ગયા. શ્લોકમાં જણાવ્યા મુજબ ખરેખર જ શરીરનું પાલન સર્પના લાલન જેવું જ છે. ખૂબ જ મજબૂત બની શરીર પ્રત્યે સહેજ પણ કૂણી લાગણી દર્શાવ્યા વિના શરીરની સાથે યુદ્ધ અવિરતપણે ચલાવવું જ રહ્યું. અન્યથા શરીર અને કર્મથી કોઇ પણ રીતે મુક્ત નહિ થવાય. ॥૨૮-૧૮॥

સંયમજીવનમાં શરીર પ્રત્યેના રાગની દુષ્ટતાને જણાવવા માટે પ્રકારાંતરથી જણાવાય છે–

**शरीराद्यनुरागस्तु, न गतो यस्य तत्त्वतः ।**
**तेषामेकाकिभावोऽपि, क्रोधादिनियतः स्मृतः ॥२८-१९॥**

"જેમનો શરીર પ્રત્યેનો અનુરાગ ગયો નથી; તેમની એકાકી ચર્યા વગેરે વસ્તુતઃ ક્રોધાદિ કષાયના કારણે છે." - આ પ્રમાણે ઓગણીશમા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે સંયમજીવનમાં કોઇ પણ પરપદાર્થની અપેક્ષા ન હોવાથી પૂ. સાધુમહાત્માઓ 'એકાકી'(અસહાય) હોય છે. સર્વથા નિઃસહાય જીવવાના સ્વભાવવાળા પૂ. સાધુભગવંતો ગચ્છમાં રહેતા હોવા છતાં એકાકી છે. શ્રી વીતરાગ પરમાત્માએ ઉપદેશેલો પરમતારક દીક્ષાનો માર્ગ જો તેઓશ્રીની પરમતારક આજ્ઞા મુજબ આરાધાય તો ખરેખર જ અદ્ભુત છે. અપેક્ષાનું નામ નહિ અને સુખની કોઇ સીમા નહિ - આવી અવસ્થાનું નામ જ ખરેખર 'દીક્ષા' છે. પરંતુ આવી દીક્ષામાં શરીર પ્રત્યે કે વિષયો પ્રત્યે અનુરાગ હોય તો એ એકાકી અવસ્થા ક્રોધાદિના કારણે છે - એ માન્યા વિના ચાલે એવું નથી. ચાલુ વ્યવહારમાં આપણને એ જોવા મળે છે કે કષાયના આવેશવાળો માણસ સર્વથા નિઃસહાય બનીને એકાંતમાં બેસી જાય છે. રાજાની રાણીઓ પણ એ રીતે કોપગૃહમાં જતી. પરંતુ ત્યાં જેમ શરીરથી મુક્ત થવાનો આશય નથી, પરંતુ બીજા કોઇ પદાર્થ પ્રત્યે ઉત્કટ રાગ કારણભૂત હોય છે તેમ અહીં પણ શરીરાદિ પ્રત્યેનો અનુરાગ કારણભૂત હોય તો તેવી દીક્ષામાં તે એકાકીભાવ કષાયનિયત જ છે - એ સ્પષ્ટ છે. રાગની તીવ્રતા થાય ત્યારે તે રાગને અનુરાગ કહેવાય છે. શરીરાદિની પ્રત્યે અનુરાગ હોય ત્યારે પરની અપેક્ષા રહેવાની જ. એ અપેક્ષા જ્યારે પૂર્ણ ન થાય ત્યારે પર પ્રત્યે દ્વેષ

થાય છે અને તેથી એકાકીભાવમાં સ્થિર થવાય છે. એના મૂળમાં ક્રોધાદિ કષાય હોય છે. શરીરાદિથી મુક્ત થવાનો આશય નથી. ॥૨૮-૧૯॥

ઉપર જણાવ્યા મુજબ શરીર પ્રત્યે પણ અનુરાગ ન હોય તો પૂ. સાધુભગવંત ભિક્ષાએ જવા-આવવાદિની ક્રિયાઓ કેમ કરે છે - એ શંકા કરવા સાથે તેના નિરાકરણ માટે જણાવાય છે–

**नन्वेवं तं विना साधोः, कथं भिक्षाटनाद्यपि ।**
**न तस्य मोहजन्यत्वादसङ्गप्रतिपत्तितः ॥२८-२०॥**

સામાન્ય રીતે આહારાદિ માટે ભિક્ષાએ જવા-આવવાદિની ક્રિયાઓ મોહના કારણે થતી હોય છે. પૂ. સાધુભગવંતોને શરીરાદિ પ્રત્યે રાગ ન હોવાથી તેમને ભિક્ષાટનાદિનો સંભવ કઇ રીતે સંગત બને - આ પ્રમાણે શંકા છે. શ્લોકના ઉત્તરાર્દ્ધથી જવાબ અપાય છે. પૂ. સાધુભગવંતોની ભિક્ષાટનાદિની ક્રિયાઓ મોહજન્ય નથી, પરંતુ અસંગના કારણે છે. આ શ્લોકનો અર્થ સ્પષ્ટ છે. શંકાકારે ભિક્ષાટનાદિની ક્રિયાને મોહજન્ય માનીને શંકા કરી છે. એના સમાધાનમાં એ ક્રિયાઓને અસંગાનુષ્ઠાન તરીકે માનીને પૂર્વશંકાનું નિરાકરણ કર્યું છે. પૂ. સાધુભગવંતો મોહથી જન્ય(ઉત્પન્ન) કોઇ પણ અનુષ્ઠાન કરતા નથી અને વચનાનુષ્ઠાનના કારણે તેઓને અસંગાનુષ્ઠાનની પ્રાપ્તિ થઇ શકે છે તેથી પૂ. સાધુભગવંતોને ભિક્ષાટનાદિની ક્રિયામાં કોઇ અસંગતિ નથી. ॥૨૮-૨૦॥

અસંગપ્રતિપત્તિ અને સસંગપ્રતિપત્તિ ઉભયનું સ્વરૂપ જણાવાય છે–

**ससङ्गप्रतिपत्तिर्हि, ममतावासनात्मिका ।**
**असङ्गप्रतिपत्तिश्च, मुक्तिवाञ्छानुरोधिनी ॥२८-२१॥**

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે - મમત્વના સંસ્કાર સ્વરૂપ સંગપૂર્વકની પ્રતિપત્તિ છે અને સંગ વિનાની અસંગપ્રતિપત્તિ; મુક્તિની ઇચ્છાને અનુસરનારી છે. આશય એ છે કે સામાન્ય રીતે કર્ત્તવ્યતાના પરિણામને અહીં પ્રતિપત્તિ કહેવાય છે. જ્ઞાન, શ્રદ્ધા અને પ્રવૃત્તિનો પરિણામ - આ ત્રણના સમન્વયથી પ્રતિપત્તિની પ્રાપ્તિ થાય છે. અન્યતરના અભાવમાં બીજા બેનું સત્ત્વ હોવા છતાં પ્રતિપત્તિ

મનાતી નથી. કોઇ પણ વસ્તુનું મમત્વ હોય અને તેને લઇને જ્યારે કોઇ પણ વસ્તુની પ્રતિપત્તિ કરાય ત્યારે તે સસંગપ્રતિપત્તિ કહેવાય છે. મમત્વ કાર્યરત ન પણ હોય; તોપણ તેના સંસ્કાર પડેલા હોવાથી તે પ્રતિપત્તિ સસંગપ્રતિપત્તિ છે. આજે મોટા ભાગની પ્રતિપત્તિ સંગપૂર્વકની છે. લોકોત્તર માર્ગની પ્રતિપત્તિ પણ મમત્વની વાસનાથી વાસિત છે. પરમાર્થથી એ પ્રતિપત્તિ પરમપદની સાધિકા નથી. પરંતુ આજ સુધી સર્વથા પ્રતિપત્તિનો અભાવ હતો. એના બદલે સંગપૂર્વકની પણ પ્રતિપત્તિ મળી એથી આનંદ થાય - એ જુદી વાત. પરંતુ સંગમાત્ર મુક્તિનો અવરોધક છે.

આનાથી તદ્દન વિપરીત અસંગપ્રતિપત્તિ છે. વર્ષોની આગમાનુસારી સાધનાના પ્રબળ સામર્થ્યથી એની પ્રાપ્તિ થાય છે. આત્મસાત્ થયેલી તે તે સ્વાધ્યાયાદિની પ્રવૃત્તિ માત્ર પૂર્વવેધ(વેગ)થી ચાલતી હોય છે. આગમનું આલંબન લઇને પ્રવર્ત્તેલી કોઇ પણ પ્રવૃત્તિ વખતે આગમના પણ અનુસંધાનનો અભાવ હોય છે, છતાં તે આગમાનુસારી અને સર્વ દોષથી રહિત હોય છે. આવી પ્રતિપત્તિને અસંગપ્રતિપત્તિ કહેવાય છે, જે મોક્ષની ઇચ્છાનો અનુરોધ કરે છે; અવરોધ કરતી નથી. અસંગપ્રતિપત્તિનું એકમાત્ર સાધન વચનપ્રતિપત્તિ છે. લોકોત્તર દીક્ષાના માર્ગની આરાધના; શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચનના કારણે જ કરીએ તો વચનપ્રતિપત્તિ શક્ય બનશે. અન્યથા રાગાદિને લઇને કરાતી પ્રતિપત્તિ સસંગપ્રતિપત્તિસ્વરૂપ બનશે. એવી મોહજન્ય ભિક્ષાટનાદિની પણ પ્રવૃત્તિથી નિસ્તાર નહિ થાય. દીક્ષાને સફળ બનાવવા માટે આજ્ઞાને પ્રધાન બનાવવી પડશે. સાક્ષાત્ વિદ્યમાન એવા પૂ. ગુર્વાદિકની આજ્ઞાને નહિ માનનારા; ભગવાન શ્રી તીર્થંકરદેવની આજ્ઞા માની શકશે નહીં. અનાદિકાળથી સસંગપ્રતિપત્તિ ચાલતી આવી છે. એને દૂર કરનારી વચનપ્રતિપત્તિ છે, જે અસંગપ્રતિપત્તિનું કારણ છે. ॥૨૮-૨૧॥

અનાદિકાળની મમત્વવાસના છે. તેને દૂર કરવાનો જે ઉપાય છે તે જણાવાય છે–

**अनादिकालानुगता, महती सङ्गवासना ।**
**तत्त्वज्ञानानुगतया, दीक्षयैव निरस्यते ॥२८-२२॥**

"અનાદિકાળથી સંગત મોટી સંગવાસના છે. તત્ત્વજ્ઞાનને અનુસરનારી એવી દીક્ષાથી જ તેનો નિરાસ થાય છે." - આ પ્રમાણે બાવીશમા શ્લોકનો અર્થ છે. આત્મા અને આત્માના ગુણોને છોડીને જે શરીરાદિ છે; તે બધાં પર છે. આત્માને જ્યારે તે અનુકૂળ લાગે છે ત્યારે તેની પ્રત્યે રાગ થાય છે અને જ્યારે એ પ્રતિકૂળ જણાય છે, ત્યારે તેની પ્રત્યે દ્વેષ થાય છે. આ રાગ-દ્વેષની પરિણતિને સંગ કહેવાય છે. આ સંગની વાસના(સંસ્કાર) અનાદિકાળની છે. એ સંસ્કારોના કારણે આત્મા સર્વત્ર અને સર્વદા પરપદાર્થનો સંગ કર્યા જ કરે છે. આ સંગના સંસ્કાર અનાદિકાળથી ખૂબ જ પ્રગાઢ-મોટા થયેલા છે. એનો નિરાસ કરવાના ઉપાય તરીકે અહીં તત્ત્વજ્ઞાનને અનુસરનારી દીક્ષાને જણાવી છે.

મિથ્યાત્વમોહનીયકર્મની પ્રબળતાએ જીવને રાગાદિ દોષો પ્રબળ હોય છે. પરંતુ એ વખતે કર્મની વિષમતાએ જીવને એનો ખ્યાલ પણ હોતો નથી. કોઇ ખ્યાલ આપે તે ગમે પણ નહીં. રોગ ઉત્કટ હોય અને રોગી ભાન ગુમાવી બેઠો હોય ત્યારે જે સ્થિતિ હોય એવી સ્થિતિ મિથ્યાત્વની પ્રગાઢ અવસ્થામાં હોય છે. રોગી ગુમાવેલા ભાનને પાછું મેળવે તો પરિસ્થિતિમાં ચોક્કસ જ સુધારો થઇ શકે. આવી રીતે અહીં પણ જીવ અજ્ઞાનને દૂર કરી જ્ઞાન પ્રાપ્ત કરી લે તો રાગાદિની પરિણતિ દૂર થયા વિના નહીં રહે. બાલ્યકાળની ચેષ્ટાઓ યુવાવસ્થામાં જ્ઞાનવિશેષના કારણે જેમ દૂર થાય છે તેમ તત્ત્વજ્ઞાનના કારણે દીક્ષા દરમ્યાન અનાદિની રાગાદિવાસનાને દૂર કરી શકાય છે. દીક્ષા દરમ્યાન નિરંતર સ્વાધ્યાય થવાથી જેવું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે; એવું તત્ત્વજ્ઞાન બીજે ક્યાંય પ્રાપ્ત કરી શકાતું નથી. સંયમજીવનની વિશેષતા જ એ છે કે ત્યાં જ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અને એ તત્ત્વજ્ઞાન અનાદિકાળની સંગવાસનાનું નિરસન કરે છે. માત્ર દીક્ષાથી અનાદિકાળની વાસના દૂર થતી નથી. એ દીક્ષા તત્ત્વજ્ઞાનને અનુસરતી હોવી જોઇએ - એ ભૂલવું ના જોઇએ. આજે મોટા ભાગે રાગાદિ દૂર કરવાનું લક્ષ્ય ન હોવાથી તત્ત્વજ્ઞાનની આવશ્યકતા જણાતી નથી. મોહનું વિષ તત્ત્વજ્ઞાનથી જ દૂર થાય છે - એ યાદ રહે તો દીક્ષાની આરાધનામાં ખૂબ જ આનંદ આવે. ચોક્કસ લક્ષ્યથી શરૂ કરેલી કોઇ પણ પ્રવૃત્તિ ગમે તેટલી કષ્ટપ્રદ હોય તોપણ લક્ષ્યસિદ્ધિ સુધી આનંદનો અનુભવ કરાવતી હોય છે. લક્ષ્યસિદ્ધિ પછી તો એ આનંદ અનેકગુણો વધી જાય છે. લક્ષ્યવિહીન ક્રિયાઓ

આનંદનું કારણ બનતી નથી. પરમપદને પ્રાપ્ત કરવાના લક્ષ્યથી ગ્રહણ કરેલી દીક્ષા તત્ત્વજ્ઞાનને અનુસરતી જ હોવી જોઇએ. અન્યથા એ પરમપદને પ્રાપ્ત કરાવનારી નહીં બને. તત્ત્વજ્ઞાન રાગાદિ-વાસનાનો નાશ કરવા દ્વારા પરમપદનું કારણ બને છે. ॥૨૮-૨૨॥

ઉપર જણાવ્યા મુજબ પૂ. સાધુભગવંતોને શરીર પ્રત્યે પણ મમત્વ ન હોવાથી રાગ અને દ્વેષના અભાવે જે સામ્યાવસ્થા છે - તેને જણાવાય છે–

**यः समः सर्वभूतेषु, त्रसेषु स्थावरेषु च ।**
**अत एव च तस्यैव, दीक्षा सामायिकात्मिका ॥२८-२३॥**

"ત્રસ અને સ્થાવર - એવા સર્વ પ્રાણીઓ વિશે જે સમાન બુદ્ધિવાળા છે; તેથી જ તેઓને જ સામાયિક (સમપરિણામ) સ્વરૂપ દીક્ષા છે." - આ પ્રમાણે ત્રેવીશમા શ્લોકનો અર્થ સ્પષ્ટ છે. એનો આશય પણ સ્પષ્ટ છે. સર્વવિરતિસામાયિકસ્વરૂપ દીક્ષા છે. રાગ-દ્વેષના પરિણામના અભાવને સામાયિક કહેવાય છે. સર્વ પ્રાણીઓ પ્રત્યે સમાન પરિણામ સ્વરૂપ એ સામાયિક પૂ. સાધુભગવંતોને જ હોય છે. પોતાના શરીર પ્રત્યે પણ રાગ ન હોવાથી પૂ. સાધુભગવંતો ત્રસ (બેઇન્દ્રિયાદિ) અને સ્થાવર (પૃથ્વીકાયાદિ એકેન્દ્રિય) જીવો પ્રત્યે સમાન પરિણામવાળા હોય છે. પોતાની અનુકૂળતા કે પ્રતિકૂળતાદિના કારણે કોઇ પણ જીવની પ્રત્યે મનથી પણ દુર્ભાવ રાખતા નથી. પ્રાણી-માત્રની પ્રત્યે એકસરખો દયાનો ભાવ રાખનારા પૂ. મુનિભગવંતોને સમભાવસ્વરૂપ સામાયિકનો પરિણામ હોય છે.

સામાન્ય રીતે શ્રી આચારાંગ વગેરે સૂત્રોમાં જણાવ્યા મુજબ શરીરાદિની અનુકૂળતા માટે અને પ્રતિકૂળતાના પરિહાર માટે છકાય જીવોને દુઃખ પહોંચાડવા સ્વરૂપ સમારંભ જીવો કરે છે. પૂ. સાધુભગવંતોને શરીર પ્રત્યે કોઇ મમત્વ ન હોવાથી શરીરની અનુકૂળતાદિના કારણે એવો સમારંભ કરવાનો પ્રસંગ જ આવતો નથી. તેથી નાનો કે મોટો, ત્રસ કે સ્થાવર, દૃશ્ય કે અદૃશ્ય, અપરાધી કે નિરપરાધી... વગેરે જાતના ભેદની કલ્પના કર્યા વિના દરેક જીવની પ્રત્યે એક જ જાતના પરિણામને તેઓ ધારણ કરે છે, જે સામાયિકસ્વરૂપ છે. તે સામાયિકના પરિણામ સ્વરૂપ દીક્ષા છે. ॥૨૮-૨૩॥

કર્મજન્ય વિભાવોમાં પણ પૂ. સાધુભગવંતોને સામ્ય હોય છે - તે જણાવાય છે–

**नारत्यानन्दयोरस्यामवकाशः कदाचन ।**
**प्रचारो भानुमत्यभ्रे, न तमस्तारकत्विषोः ।।२८-२४।।**

वीराणामित्याद्यारभ्य नवश्लोकी प्रायो व्यक्तार्था ।।२८-१६-१७-१८-१९-२०-२१-२२-२३-२४।।

આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ છકાય જીવોની પ્રત્યે સમભાવ રાખ્યા પછી પણ પૂર્વોપાર્જિત શુભાશુભ કર્મના ઉદયમાં આનંદ અને અરતિ થતી હોય છે. અને તેથી આત્માની સમતા ટકતી નથી. આવા પ્રસંગે સામાયિકસ્વરૂપ દીક્ષા કઈ રીતે રહે - આવી શંકાના સમાધાન માટે ચોવીશમા શ્લોકમાં ફરમાવ્યું છે કે "આ સામાયિકસ્વરૂપ દીક્ષામાં ક્યારે પણ અરતિ અને આનંદને અવકાશ નથી; જે આકાશમાં સૂર્ય હોય તે આકાશમાં અંધકાર અને તારાઓનાં કિરણોનો પ્રચાર ન હોય." - આ પ્રમાણે ચોવીશમા શ્લોકનો અર્થ છે.

પૂ. સાધુભગવંતોને તત્ત્વજ્ઞાનને અનુસરનારી દીક્ષા હોવાથી તેઓ સારી રીતે સમજે છે કે આત્માને અને આત્માના જ્ઞાનાદિને છોડીને શરીરાદિની સાથે આત્માને કોઈ સંબંધ નથી. કર્મજન્ય સુખ-દુઃખાદિ દ્વંદ્વો પણ આત્માનાં નથી. કર્મના સંયોગાદિને લઈને તેની વિદ્યમાનતાદિ છે, તેથી તેમાં હર્ષ કે વિષાદ, રતિ કે અરતિ કરવાનું કોઈ પણ રીતે ઉચિત નથી. બીજાનાં સુખદુઃખાદિમાં જેમ આપણે રતિ વગેરે કરતા નથી તેમ આપણા કર્મે આવેલાં સુખદુઃખાદિમાં રતિ વગેરે કરવાનું કોઈ જ કારણ નથી. સુખ અને દુઃખ બંન્ને કર્મથી જન્ય હોવાના કારણે એક છે. બીજી અનેક રીતે એમાં સામ્ય હોવાથી જેમ સુખમાં અરતિ થતી નથી તેમ દુઃખમાં અરતિ કરવી ના જોઈએ. દુઃખમાં જેમ રતિ થતી નથી તેમ સુખમાં પણ રતિ કરવી ના જોઈએ... ઈત્યાદિ સારી રીતે સમજનારા પૂ. સાધુભગવંતોને દીક્ષામાં અરતિ કે આનંદનો કોઈ અવકાશ જ નથી. અરતિ અને આનંદનાં બાહ્ય નિમિત્તો મળવા છતાં તેની અસર દીક્ષામાં વર્તાતી નથી. અરતિ કે આનંદના તે તે નિમિત્તોનું પારમાર્થિક સ્વરૂપ જાણવાના કારણે તે તે પ્રસંગે ઔદાસીન્ય બરાબર જાળવી લેવાય છે. આ વસ્તુને સ્પષ્ટ કરતાં ઉત્તરાર્દ્ધમાં

ગ્રંથકારશ્રીએ દૃષ્ટાંત આપ્યું છે. આકાશમાં સૂર્ય હોય તો અંધકાર અને તારાઓનાં કિરણોનો પ્રચાર આકાશમાં ન હોય તેમ આત્મામાં તત્ત્વજ્ઞાનસ્વરૂપ સૂર્ય વિદ્યમાન હોય તો અરતિસ્વરૂપ અંધકાર અને તારાઓનાં કિરણો સ્વરૂપ આનંદનો પ્રચાર ન હોય - એ સમજી શકાય છે. અરતિ અને આનંદ ત્યાં જ વર્તાય કે જ્યાં તત્ત્વજ્ઞાન ન હોય. પૂ. સાધુભગવંતોની દીક્ષા તત્ત્વજ્ઞાનને અનુસરનારી હોવાથી ત્યાં અરતિ અને આનંદનો અવકાશ જ નથી. તેથી સામાયિકસ્વરૂપ દીક્ષા તેઓશ્રીમાં સારી રીતે રહે છે. ॥૨૮-૨૪॥

તત્ત્વજ્ઞાનને અનુસરનારી દીક્ષા સામાયિકસ્વરૂપ છે. સર્વ જીવોને વિશે અને સર્વ સુખદુઃખનાં નિમિત્તોને વિશે સામ્યભાવસ્વરૂપ સામાયિકનો પરિણામ તત્ત્વજ્ઞાનને અનુસરવાથી જ પ્રાપ્ત થાય છે. એ સ્પષ્ટ રીતે સમજાય છે. દીક્ષાનું આ અદ્ભુત સ્વરૂપ પામવાનું ઘણું કપરું છે. પ્રચંડ સત્ત્વ, સંસાર પ્રત્યે અત્યંત નિર્વેદ, આજે જ મોક્ષ જોઈએ છે - એવી મોક્ષની ઉત્કટ ઇચ્છા; માર્ગ પ્રત્યેની પૂર્ણ શ્રદ્ધા અને ગુરુપારતંત્ર્ય વગેરે ગુણોને પ્રાપ્ત જ નહિ, આત્મસાત્ કરવા માટે ખૂબ જ અપ્રમત્ત બનવું રહ્યું. ભવોભવની સાધનાનું પરિબળ એમાં બહુ જ ઉપયોગી બને છે. તત્ત્વજ્ઞાનના પરિચયથી ખૂબ જ સરળતાથી એવી યોગ્યતા મેળવી શકાય છે. વર્તમાનમાં આપણે જે સર્કલમાં જીવીએ છીએ એ સર્કલનો ત્યાગ કર્યા વિના દીક્ષાનો વાસ્તવિક રીતે પ્રારંભ પણ નહિ થાય. આજે ધર્માર્થીઓમાં એક અપલક્ષણનું પ્રમાણ ઘણું છે. લગભગ સૌને સર્કલનો ત્યાગ કર્યા વિના સાધનાનો પ્રારંભ કરી સિદ્ધિને પામવાની ભાવના છે. દીક્ષાનું અદ્ભુત સ્વરૂપ; આત્મસ્વરૂપને પ્રગટાવવાનું અચિંત્ય સામર્થ્ય અને ક્ષણવારમાં અનંતકર્મસંચયનો સર્વથા ક્ષય કરવાની પ્રચંડ શક્તિને જાણ્યા પછી ખરી રીતે બેસી રહેવાનો કોઈ અર્થ નથી. ઘણા લોકો વૈરાગ્યની રાહ જોઈ રહ્યા છે. કેટલાક લોકોને થોડો ડર છે, તો કેટલાક લોકોને દુઃખ સહન નહિ થાય તો શું ?... આવી જાતના કેટલાય વિચારો આવ્યા કરે છે. મારી દૃષ્ટિએ તો એ બધામાં કોઈ તથ્ય નથી. દીક્ષાની ઉત્તમતા અને એકાંતે કલ્યાણકારિતાની પ્રતીતિ થતી હોય તો એક વખત વર્તમાન સર્કલમાંથી બહાર નીકળી જવું જોઈએ. આજે પૂ. સાધુભગવંતોને ગમે તેટલું શીતાદિ પરીસહોનું ઉત્કટ દુઃખ પડે તોપણ અગ્નિ સેવવાનો, પંખા વગેરે વાપરવાનો, રાત્રિભોજન, અભક્ષ્યભક્ષણ અને અપેયપાન વગેરેનો

વિચારસરખોય નથી આવતો - આ પ્રભાવ સર્કલત્યાગનો છે. પાણીમાં પડ્યા વગર જમીન ઉપર ઊભા રહીને પાણીનો ડર કઇ રીતે જાય ? સહેજ પણ દીક્ષા લેવાની ભાવના હોય તો સત્ત્વ કેળવીને સાહસ કરીને પ્રવ્રજ્યાના પંથે ચાલી પડવું જોઇએ. પછી તો અહીંના સંયોગો જ એવા છે કે અસ્થિરને સ્થિર બનાવી દેશે. બેસેલાને ઊભા કરશે. ઊભા રહેલાને ચલાવશે અને ચાલતાને દોડાવશે. દોડતાં ઇષ્ટ સ્થાને મજેથી પહોંચાશે. સાહસ અને સત્ત્વ કયા ક્ષેત્રમાં જોઇતું નથી ? ક્ષણવાર માની લઇએ કે કોઇ વાર પડી જવાશે તો શું થશે - આવો વિચાર આત્માને સત્ત્વથી વિચલિત કરી દે છે. આવા અવસરે પડી જવાશે તો પાછા ઊભા થઇશું. આમ પણ અત્યારે ક્યાં ઉભા છીએ, પડેલા જ છીએ ને ?... ઇત્યાદિ વિચાર કરીને થોડું સત્ત્વ કેળવીને સાહસ ખેડી લેવાની જરૂર છે. સત્ત્વ અને સાહસ કયા ક્ષેત્રમાં નથી - આ બધી વાત જેને દીક્ષા ગમે છે તેના માટે છે. જેને દીક્ષા ગમતી નથી તેમના માટે આ વાત નથી. તેઓ બિચારા દયાપાત્ર છે - એવાઓને દીક્ષા ગમે, તેવો ઉપદેશ આપવાનો છે.

આ દીક્ષા બત્રીશીના ચોવીસ શ્લોકો દ્વારા જણાવેલી વાતથી સ્પષ્ટપણે સમજી શકાશે કે પોતાના શરીર પ્રત્યે પણ મમત્વ વિનાના અને તત્ત્વજ્ઞાનને અનુસરનારા પૂ. સાધુભગવંતોને સામાયિકના પરિણામ સ્વરૂપ દીક્ષા છે. તેમની ભિક્ષાટનાદિની પ્રવૃત્તિ અસંગપ્રતિપત્તિના કારણે હોવાથી મોહજન્ય નથી. આ રીતે રાગાદિપરિણતિને આધીન બન્યા વિના માત્ર આત્મગુણોમાં રમનારા પૂ. સાધુભગવંતોની દીક્ષાનું જે સ્વરૂપ છે, તે જણાવાય છે–

**शुद्धोपयोगरूपेयमित्थं च व्यवतिष्ठते ।**
**व्यवहारेऽपि नैवास्या व्युच्छेदो वासनात्मना ।।२८-२५।।**

शुद्धेति–इत्थं च ममत्वारत्यानन्दाद्यनाक्रान्तसच्चिदानन्दमयशुद्धात्मस्वभावाचरणरूपत्वे । इयं दीक्षा शुद्धोपयोगरूपा व्यवतिष्ठते । कषायलेशस्याप्यशुद्धतापादकस्याभावात् । व्यवहारेऽपि आहारविहारादिक्रियाकालेऽपि नैवास्याः शुद्धोपयोगरूपाया दीक्षाया वासनात्मना व्युच्छेदः । न च वासनात्मनाऽविच्छिन्नस्य तत्फलविच्छेदो नाम यथा मतिश्रुतोपयोगयोरन्यतरकालेऽन्यतरस्येति ध्येयम् ।।२८-२५।।

"આ(પૂર્વોક્ત) રીતે શુદ્ધ ઉપયોગ સ્વરૂપ દીક્ષા છે એ વ્યવસ્થિત(ચોક્કસ-નિશ્ચિત) થાય છે. આહાર-વિહારાદિ ક્રિયાકાળમાં પણ સંસ્કારસ્વરૂપે તેનો ઉચ્છેદ થતો નથી. અર્થાત્ સંસ્કારસ્વરૂપે તે હોય છે." - આ પ્રમાણે પચીશમા શ્લોકનો અર્થ છે. એના આશયને સ્પષ્ટ કરતાં ફરમાવ્યું છે કે જ્યાં સ્વશરીર પ્રત્યે પણ મમત્વ નથી, દુઃખમાં અરતિ નથી અને સુખમાં આનંદ વગેરે નથી; એવી દીક્ષા માત્ર સમ્યગ્જ્ઞાનના આનંદ સ્વરૂપ શુદ્ધ આત્માના સ્વભાવમાં જ રમણતા કરવા સ્વરૂપ છે. આવી દીક્ષા શુદ્ધ ઉપયોગ સ્વરૂપે વ્યવસ્થિત છે, કારણ કે અહીં અશુદ્ધ બનાવનાર એવા રાગાદિ કષાયનો લેશ પણ નથી.

સ્વભાવની રમણતામાંથી વિભાવમાં પ્રવૃત્ત બનાવવાનું કામ કષાયોનું છે. શુભ પ્રવૃત્તિ પણ પરમાર્થથી એક જાતનો વિભાવ જ છે. સર્વથા સ્વભાવની રમણતાને પ્રાપ્ત ન કરીએ ત્યાં સુધી તે વિભાવોથી જ સ્વભાવ સુધી પહોંચાય છે. પૂ. સાધુભગવંતોને તત્ત્વજ્ઞાનના ઊંડા પરિચયથી એનો પૂર્ણ ખ્યાલ છે, તેથી શુભપ્રવૃત્તિઓની સાથે સ્વભાવને પ્રગટ કરવા માટે તેઓ સતત પ્રયત્નશીલ હોય છે. એ પ્રયત્નના એકમાત્ર ફળરૂપે શરીર પ્રત્યે પણ મમત્વને દૂર કરી સ્વભાવમાં રમણતાને પ્રાપ્ત કરી લે છે. જેથી તેઓશ્રીની દીક્ષા, શુદ્ધઉપયોગસ્વરૂપે રહે છે.

જોકે પૂ. સાધુભગવંતો આહાર, વિહાર અને પ્રતિલેખનાદિની ક્રિયાઓ કરે તે વખતે શુદ્ધઉપયોગસ્વરૂપ દીક્ષાનો ઉચ્છેદ(નાશ) થશે; પરંતુ ત્યારે-આહારાદિના વ્યવહારકાળમાં પણ શુદ્ધ ઉપયોગ સ્વરૂપ દીક્ષાના સંસ્કાર વિદ્યમાન છે. તેથી સંસ્કારરૂપે તેનો ઉચ્છેદ થતો નથી. "વાસના-સંસ્કારસ્વરૂપે દીક્ષાનો વિચ્છેદ ન થવા છતાં શુદ્ધોપયોગ-સ્વરૂપ દીક્ષા, સ્વરૂપે ન હોવાથી તેના ફળનો વિચ્છેદ થશે; કારણ કે પોતાના ફળની પ્રત્યે પોતે કારણ છે, પોતાના સંસ્કાર કારણ નથી." - આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બંન્નેનો ઉપયોગ એક કાળમાં હોતો નથી. અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે તેનો ઉપયોગ બદલાય છે. જે વખતે મતિજ્ઞાનનો ઉપયોગ હોય છે, ત્યારે શ્રુતજ્ઞાનનો ઉપયોગ હોતો નથી. અને જે વખતે શ્રુતજ્ઞાનનો ઉપયોગ હોય છે, તે વખતે મતિજ્ઞાનનો ઉપયોગ હોતો નથી. [યુગપદ્ (એક સાથે) બે ઉપયોગ હોતા નથી.] પરંતુ તે તે ઉપયોગના અભાવ વખતે પણ તે તે ઉપયોગના સંસ્કાર તો હોય છે જ, અને ત્યારે તે તે જ્ઞાનનું કાર્ય(વસ્તુનો અવબોધ... વગેરે) નાશ પામતું નથી. આવી

જ રીતે શુદ્ધોપયોગસ્વરૂપ દીક્ષા આહારાદિવ્યવહારકાળમાં તેના સંસ્કાર સ્વરૂપે હોવા છતાં તેના ફળનો (જ્ઞાનાદિનો) નાશ થતો નથી. ॥૨૮-૨૫॥

પૂર્વે જણાવ્યા મુજબ વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાનમાં સામાન્ય રીતે શુભ ઉપયોગ અને શુદ્ધ ઉપયોગ હોય છે. એમાં 'મોક્ષ પ્રત્યે મુખ્ય કારણ શુદ્ધ ઉપયોગ જ છે, શુભ ઉપયોગ નહિ' - આવી માન્યતાનું નિરાકરણ કરવા માટે જણાવાય છે–

**फले न तुल्यकक्षत्वं, शुभशुद्धोपयोगयोः ।**
**येषामन्त्यक्षणे तेषां, शैलेश्यामेव विश्रमः ॥२८-२६॥**

फल इति–येषां वादिनां फले मोक्षलक्षणे शुभशुद्धोपयोगयोर्न तुल्यकक्षत्वं साधारण्येन प्रधानहेतुत्वं तेषां शैलेश्यामन्त्यक्षण एव विश्रमः स्यात्, तदैव सर्वसंवरोपपत्तेः । तदुपकारकत्वस्य चोभयत्राविशेषात्, तत्सन्निहितोपकारकत्वस्य च शुद्धोपयोगमात्राविश्रान्तत्वाद्, आक्षेपिकस्य च तस्य शुद्धोपयोगेऽप्यबाधादुचितगुणवृत्तित्वेन न्याय्यत्वाच्चेति ॥२८-२६॥

આશય એ છે કે પૂર્વે શ્લોક નંબર-૬માં જણાવ્યું હતું કે દીક્ષાના પ્રારંભે વચનાનુષ્ઠાન હોય છે અને ત્યાર બાદ ક્રમે કરી અસંગાનુષ્ઠાનની પ્રાપ્તિ થતી હોય છે. વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાન મોક્ષસાધક છે. અસંગાનુષ્ઠાનમાં શુદ્ધોપયોગસ્વરૂપ દીક્ષા છે અને વચનાનુષ્ઠાનમાં શુભોપયોગસ્વરૂપ દીક્ષા છે. આ રીતે શુભ ઉપયોગ અને શુદ્ધોપયોગ બંન્ને મોક્ષના સાધક હોવા છતાં શુદ્ધોપયોગને જ પ્રધાનપણે મોક્ષની પ્રત્યે જેઓ કારણ માને છે તેમની વાત બરાબર નથી - તે જણાવાય છે.

શ્લોકનો અર્થ સ્પષ્ટ છે કે - જે વાદીઓ શુભ ઉપયોગ અને શુદ્ધ ઉપયોગ - એ બંન્નેમાં મોક્ષસ્વરૂપ ફળની પ્રત્યે સાધારણ રીતે મુખ્ય સ્વરૂપે કારણતા માનતા નથી; તેઓના મતે છેલ્લી ક્ષણ સ્વરૂપ શૈલેશી અવસ્થામાં જ સર્વસંવરભાવ હોવાથી મોક્ષની પ્રત્યે પ્રધાનકારણતા માનવી જોઇએ. શુદ્ધ ઉપયોગમાં પણ મોક્ષની પ્રત્યે મુખ્યસ્વરૂપે કારણતા માનવી ના જોઇએ.

'સર્વસંવરભાવની પ્રાપ્તિ માટે શુદ્ધોપયોગ ઉપકારક હોવાથી તેને મોક્ષની પ્રત્યે મુખ્ય સ્વરૂપે કારણ માનીએ છીએ' - આ પ્રમાણે કહેવાનું બરાબર નથી, કારણ

કે સર્વસંવર-ભાવસ્વરૂપ શૈલેશી અવસ્થામાં જેમ શુદ્ધોપયોગ ઉપકારી છે તેમ શુભ ઉપયોગ પણ ઉપકારી છે. બંન્નેમાં એવી કોઇ વિશેષતા નથી; કે જેથી શુદ્ધોપયોગને મુખ્યસ્વરૂપે અને શુભ ઉપયોગને ગૌણસ્વરૂપે મોક્ષની પ્રત્યે કારણ મનાય.

'સર્વસંવરભાવની પ્રત્યે શુભ-ઉપયોગ અને શુદ્ધ-ઉપયોગ બંન્ને ઉપકારક હોવા છતાં શુદ્ધ-ઉપયોગ સન્નિહિત(નજીકમાંનો) ઉપકારી છે. તેથી તેને મોક્ષની પ્રત્યે મુખ્યસ્વરૂપે કારણ મનાય છે' - આ પ્રમાણે પણ નહીં કહેવું જોઇએ. કારણ કે શુદ્ધ-ઉપયોગ જ નજીકનો ઉપકારી છે અને શુભ ઉપયોગ નજીકનો ઉપકારી નથી - એવું નથી. શુદ્ધ ઉપયોગમાં જ સન્નિહિત(નજીકની) ઉપકારિતા માનેલી નથી. શુભ ઉપયોગમાં પણ - એ મનાય છે. 'શુભ-ઉપયોગ શુદ્ધ-ઉપયોગ દ્વારા મોક્ષની પ્રત્યે કારણ બને છે. તેથી શુભ-ઉપયોગ ગૌણ કારણ છે. શુભઉપયોગમાં શુદ્ધોપયોગનું આક્ષેપકત્વ છે. શુદ્ધોપયોગમાં આવું આક્ષેપકત્વ ન હોવાથી તે મોક્ષની પ્રત્યે મુખ્ય કારણ છે.'... આ પ્રમાણે નહિ કહેવું જોઇએ. કારણ કે શુદ્ધોપયોગ પણ સર્વસંવરભાવ દ્વારા મોક્ષનું કારણ બને છે. તેથી શુદ્ધોપયોગમાં પણ આક્ષેપકત્વ અબાધિત છે.

આશય એ છે કે 'સન્નિહિતોપકારકત્વ'નો 'નજીકમાં જેને ઉપકારક છે તેને સન્નિહિતોપકારક કહેવાય છે અને તેમાં સન્નિહિતોપકારકત્વ રહે છે.' આ પ્રમાણે અર્થ કરવાથી શુભઉપયોગમાં જ સન્નિહિતોપકારકત્વ મનાશે. કારણ કે તેની નજીકમાં શુદ્ધોપયોગ સ્વરૂપ ઉપકારક છે. આવું શંકાકારે જણાવ્યું, ત્યારે તેના નિરાકરણમાં ગ્રંથકારશ્રીએ જણાવ્યું કે શુદ્ધોપયોગની નજીકમાં સર્વસંવરભાવસ્વરૂપ ઉપકારક હોવાથી તેમાં પણ સન્નિહિતોપકારકત્વ છે. આ વાતને જણાવવા ગ્રંથકારશ્રીએ '**आक्षेपिकस्य च तस्य**...' ઇત્યાદિનો ઉલ્લેખ કર્યો છે. જેનો આક્ષેપ થાય છે તેને આક્ષેપિક કહેવાય છે. સન્નિહિતોપકારકત્વનો, શુદ્ધ-ઉપયોગ અને સર્વસંવરભાવના આક્ષેપના કારણે આક્ષેપ થાય છે, માટે તે આક્ષેપિક છે. અને તે શુદ્ધોપયોગમાં પણ અબાધિત છે. આક્ષેપિક જ્યાં હોય ત્યાં મુખ્યસ્વરૂપે કારણતા ન માને તો શુભોપયોગની જેમ શુદ્ધોપયોગમાં પણ મુખ્યસ્વરૂપે કારણતા નહિ મનાય.

જોકે ઉપર જણાવેલી વાતથી, શુભોપયોગ અને શુદ્ધોપયોગને મોક્ષની પ્રત્યે કારણ માનીએ તોપણ બંન્નેમાં રહેલી કારણતામાં થોડો ફરક છે - એ સમજી

શકાય છે. શુભ ઉપયોગથી જ્યારે પણ મોક્ષની પ્રાપ્તિ થાય છે; ત્યારે શુદ્ધોપયોગ અને સર્વસંવરભાવ દ્વારા થાય છે તેમ જ શુદ્ધોપયોગથી જ્યારે મોક્ષની પ્રાપ્તિ થાય છે ત્યારે સર્વસંવરભાવ દ્વારા થાય છે. આ રીતે બે વ્યવધાન (દ્વારા) અને એક વ્યવધાન - આ રીતે ફરક વર્ત્તાય છે. તેથી બંન્નેમાં સાધારણ રીતે મુખ્યસ્વરૂપે મોક્ષની કારણતા માનવાનું શક્ય નથી. પરંતુ આ રીતે જો માત્ર શુદ્ધોપયોગમાં જ મોક્ષની કારણતા મનાય તો માત્ર અંતિમક્ષણે જ એવી કારણતા પ્રાપ્ત થશે, તે પ્રવૃત્ત્યુપયોગી (મોક્ષમાર્ગમાં પ્રવર્ત્તાવવા માટે ઉપયોગી) નહિ બને. તેથી પ્રવૃત્ત્યુપયોગી એવી મોક્ષની કારણતા શુભઉપયોગમાં પણ માનવી જોઈએ. તે તે ગુણસ્થાનકોચિત ગુણના વિષયમાં જે શુભ ઉપયોગ છે, તેને ઉચિતગુણવૃત્તિસ્વરૂપે મોક્ષની પ્રત્યે કારણ માનવાનું ન્યાય(યુક્તિ)સંગત છે... ઈત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ. ।।૨૮-૨૬।।

एतदेव भावयति—

પ્રવૃત્ત્યુપયોગી મોક્ષકારણતા શુભ-ઉપયોગમાં મનાય છે - એનું પરિભાવન કરાય છે—

**अध्यात्मादिकयोगानां, ध्यानेनोपक्षयो यदि ।**
**हन्त वृत्तिक्षयेण स्यात्तदा तस्याप्युपक्षयः ।।२८-२७।।**

अध्यात्मादिकेति—भावितार्थः ।।२८-२७।।

આશય એ છે કે અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિ-સંક્ષય - આ પાંચ પ્રકારનો યોગ છે. મોક્ષની સાથે આત્માને જોડી આપનાર આત્મવ્યાપારને યોગ કહેવાય છે. અધ્યાત્માદિ યોગોમાં સાધારણ રીતે મોક્ષસાધકતા મનાય છે. અધ્યાત્માદિ ક્રમે; વૃત્તિ - (કર્મજન્ય આત્મપરિણામ) સંક્ષયની પ્રાપ્તિ પછી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. છતાં અધ્યાત્માદિ દરેકમાં યોગત્વ મનાય છે. માત્ર ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય - એ ત્રણમાં જ નહીં. આમ છતાં "અધ્યાત્મ અને ભાવનાનો ધ્યાન વડે ઉપક્ષય(કાર્યસ્વરૂપે પરિણમવું) થતો હોવાથી અધ્યાત્મ કે ભાવનાને યોગ ન માનીએ તો વૃત્તિસંક્ષય વડે ધ્યાનનો પણ ઉપક્ષય(ધ્યાન વૃત્તિસંક્ષયસ્વરૂપે પરિણમતું હોવાથી) થાય છે તેથી તેને પણ યોગ નહિ મનાય." - આ પ્રમાણે શ્લોકનો ભાવાર્થ છે.

આથી સમજી શકાશે કે તે તે ગુણસ્થાનકે અપુનર્બન્ધકાદિ દશામાં મોક્ષના ઉદ્દેશથી પ્રવર્ત્તેલા અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય જેમ યોગ છે તેમ શુભોપયોગ અને શુદ્ધોપયોગ મોક્ષનાં કારણ છે.

સામાન્ય રીતે ઉચિત (પોતાની ભૂમિકાને અનુરૂપ) પ્રવૃત્તિને કરનારા, શાસ્ત્રના આધારે મૈત્રી, પ્રમોદાદિ ભાવનાથી ભાવિત બની જે જીવાદિતત્ત્વની વિચારણા કરે છે તેને(વિચારણાને) 'અધ્યાત્મ' કહેવાય છે. દરરોજ વધતા એવા ચિત્તવૃત્તિના નિરોધથી યુક્ત અધ્યાત્મના અભ્યાસ(વારંવાર-સતત કરવું તે)ને 'ભાવના' કહેવાય છે. પ્રશસ્ત(વિહિત) સૂક્ષ્મ એક વિષયમાં સ્થિર બનેલા ચિત્તને 'ધ્યાન' કહેવાય છે. અજ્ઞાનના કારણે વિષયોમાં કલ્પેલા ઇષ્ટ કે અનિષ્ટપણાનો ત્યાગ કરી માત્ર વિષયસ્વરૂપે ભાવના કરવી તેને 'સમતા' કહેવાય છે અને મનવચનકાયાના વિકલ્પાદિનો નાશ કરવો તેને 'વૃત્તિસંક્ષય' કહેવાય છે - આ પાંચ પ્રકારનો યોગ છે. 'યોગબિંદુ' ગ્રંથમાં એનું સવિસ્તર વર્ણન છે. વ્યવહારનયને આશ્રયીને અધ્યાત્મ અને ભાવના તાત્ત્વિક યોગ છે તેમ જ નિશ્ચયનયને આશ્રયીને ધ્યાનાદિ તાત્ત્વિક યોગ છે. વ્યવહાર કે નિશ્ચયની તે તે ભૂમિકામાં વિવક્ષાભેદ હોવા છતાં સામાન્યથી અધ્યાત્માદિ પાંચ પ્રકારનો યોગ છે. ।।૨૮-૨૭।।

एतच्च व्यवहारे ध्यानाभावमभिप्रेत्योक्तं वस्तुतस्तदा ध्यानमप्यनपायमेवेत्याह–

આ પૂર્વે '**अध्यात्मादिक०**' આ શ્લોકમાં જે વાત જણાવી છે; તે "વ્યવહારનયને આશ્રયીને અધ્યાત્મ અને ભાવના નામના યોગ વખતે ધ્યાનયોગ હોતો નથી. ધ્યાનયોગ વખતે ધ્યાનથી અધ્યાત્મ અને ભાવનાનો ઉપક્ષય થાય છે. અને જ્યારે અધ્યાત્મ કે ભાવના હોય છે ત્યારે ધ્યાનયોગ હોતો નથી." - આ પ્રમાણે સમજીને જણાવી છે. હવે તે વખતે વસ્તુતઃ ધ્યાન પણ હોય છે - એ જણાવાય છે–

**व्यवहारेऽपि च ध्यानमक्षतप्रसरं सदा ।**
**मनोवाक्काययोगानां, सुव्यापारस्य तत्त्वतः ।।२८-२८।।**

व्यवहारेऽपि चेति–न हि चित्तनिरोधमात्रमेव ध्यानमभ्युपेमः, किं तु करणदृढसुव्यापारमपीति । तदापि तदक्षतमिति तात्पर्यम् ।।२८-२८।।

"અધ્યાત્મ કે ભાવના સ્વરૂપ યોગ વખતે પણ ધ્યાન અખંડિતપણે પ્રવર્ત્તે છે. કારણ કે મન, વચન અને કાયાની સત્પ્રવૃત્તિ ધ્યાન છે." - આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનો આશય એ છે કે યોગની શરૂઆતમાં અધ્યાત્મ અને ભાવના સ્વરૂપ યોગ હોય છે. એ વખતે ચિત્તની અશુભ વૃત્તિઓનો સામાન્ય નિરોધ હોવા છતાં વિશિષ્ટ ચિત્તવૃત્તિનો નિરોધ નથી હોતો. તેથી ચિત્તવૃત્તિના નિરોધમાત્રને ધ્યાન માનીએ તો અધ્યાત્માદિ વ્યવહાર - કાળમાં ધ્યાન માની શકાશે નહિ. પરંતુ ધ્યાનનું સ્વરૂપ મન, વચન, કાયાની સત્પ્રવૃત્તિ પણ હોવાથી એ દૃષ્ટિએ વ્યવહારકાળમાં ધ્યાન અક્ષત છે. અહીં ગ્રંથકારશ્રીએ મનવચનકાયાના સુવ્યાપારને 'કરણદૃઢસુવ્યાપાર' સ્વરૂપે વર્ણવ્યો છે. કરણ એટલે મન, વચન અને કાયા; એનો દૃઢ જે સદ્વ્યાપાર છે - તેને પણ યોગ કહેવાય છે, જે ધ્યાન(શુભધ્યાન) સ્વરૂપ છે. ફળની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જે મન વચન અને કાયાની પ્રવૃત્તિ છે, તેને દૃઢ વ્યાપાર કહેવાય છે. શરૂઆત કરીએ અને ફળ મળે એ પૂર્વે જ પ્રવૃત્તિનો ત્યાગ કરી દઈએ તો એ પ્રવૃત્તિને દૃઢ પ્રવૃત્તિ કહેવાતી નથી. દૃઢતા વિનાની પ્રવૃત્તિ - એ ધ્યાન નથી. ॥૨૮-૨૮॥

મનવચનકાયાની દૃઢ સત્પ્રવૃત્તિ, ઉપર જણાવ્યા મુજબ ધ્યાન-સ્વરૂપ હોવાથી દીક્ષામાં એવી શુભ પ્રવૃત્તિને આશ્રયીને અનારમ્ભિત્વ(આરંભનો અભાવ)નું પ્રતિપાદન આગમમાં કર્યું છે - એ જણાવાય છે–

**शुभयोगं प्रतीत्यास्यामनारम्भित्वमागमे ।**
**व्यवस्थितमितश्चांशात् स्वभावसमवस्थितिः ॥२८-२९॥**

शुभमिति–शुभं योगं प्रतीत्यास्यां सद्दीक्षायामागमे प्रज्ञप्त्यादिरूपेऽनारम्भित्वं व्यवस्थितं "तत्थ णं जे ते पमत्तसंजया ते सुहं जोगं पडुच्च णो आयारंभा" इत्यादिवचनात् । इतश्चांशात् स्वभावसमवस्थितिरनारम्भित्वस्य चरणगुणस्वभावत्वात् । ज्ञानाद्यप्रकर्षोऽपि ज्ञानवत्पारतन्त्र्ययोग्यतया तदुपपत्तेरप्रमादेन विशुद्धत्वाच्चेति ॥२८-२९॥

કહેવાનો આશય એ છે કે "માત્ર ચિત્તવૃત્તિનો નિરોધ ધ્યાન ન હોય અને મનવચન તથા કાયાનો દૃઢ સુવ્યાપાર પણ ધ્યાન હોય તો દીક્ષામાં તેવા ધ્યાનથી તો આરંભ થશે. કારણ કે પ્રવૃત્તિ કર્મબંધનું કારણ છે. દીક્ષામાં કર્મનિર્જરા અને

સંવરભાવ હોવો જોઇએ." આવી શંકાનું નિરાકરણ કરવા માટે આ ઓગણત્રીશમો શ્લોક છે. એનો અર્થ સ્પષ્ટ છે કે; "મન, વચન અને કાયાના શુભયોગને આશ્રયીને દીક્ષામાં આરંભ નથી - એ પ્રમાણે શ્રી ભગવતી વગેરે આગમમાં વ્યવસ્થિત(સિદ્ધ) છે. અનારંભ ચારિત્રગુણસ્વરૂપ હોવાથી શુભયોગને લઇને સ્વભાવ(આત્મરમણતા)માં સારી રીતે લીન થવાય છે.

સદ્દીક્ષામાં શુભ યોગને આશ્રયીને શ્રી ભગવતી વગેરે આગમમાં આરંભનો અભાવ વ્યવસ્થિત છે. "ત્યાં(દીક્ષામાં) જે તે પ્રમત્ત સંયત ગુણસ્થાનકે રહેલા પૂ. સાધુભગવંતો છે, તેમના શુભયોગને આશ્રયીને આરંભ મનાતો નથી." - આ પ્રમાણે આગમના તે વચનનો અર્થ છે. સદ્દીક્ષામાં શુભયોગને આશ્રયીને અનારંભિત્વ(આરંભાભાવ) હોવાથી સ્વભાવ (આત્મરમણતા)માં સારી રીતે સ્થિરતા પ્રાપ્ત થાય છે. કારણ કે અનારમ્ભિત્વ એ ચારિત્રના ગુણ સ્વરૂપ છે. જ્ઞાનાદિનો પ્રકર્ષ નથી તોપણ જ્ઞાનવાન ગુરુભગવંતનું પારતંત્ર્ય (આજ્ઞાધીનપણું) સ્વરૂપ યોગ્યતાના કારણે સ્વભાવમાં સમવસ્થિતિ શક્ય બને છે. તેમ જ શુભયોગમાં નિરંતર અપ્રમત્ત હોવાથી વિશુદ્ધ પરિણામના કારણે સ્વભાવમાં સમવસ્થિતિ (રમણતા-સ્થિરતા) પ્રાપ્ત થાય છે. માત્ર 'અનારંભિત્વ'થી સ્વભાવસમવસ્થિતિ પ્રાપ્ત થતી નથી. જ્ઞાનાદિનો પ્રકર્ષ; જ્ઞાનવત્ પૂ. ગુરુદેવશ્રીનું પારતંત્ર્ય અને અપ્રમાદથી ઉત્પન્ન વિશુદ્ધિ વગેરે આત્મરમણતાસ્વરૂપ સ્વભાવસમવસ્થિતિનાં કારણો છે. ॥૨૮-૨૯॥

સદ્દીક્ષામાં શુભ કરણ (મન, વચન અને કાયા) વ્યાપાર સ્વરૂપ વ્યવહારનયને આશ્રયીને ધ્યાન માનીએ તો આત્મમાત્ર (વચન-કાયાદિ નહીં) ધ્યાનના પ્રતિબંધ સ્વરૂપ જે વ્યુત્થાન છે; તે વ્યુત્થાન સ્વરૂપ જ કરણસુવ્યાપારાત્મક વ્યવહાર થશે - આવી શંકા કરવાપૂર્વક તેનું નિરાકરણ કરાય છે–

**व्युत्थानं व्यवहारश्चेन्न ध्यानाऽप्रतिबन्धतः ।**
**स्थितं ध्यानान्तरारम्भ एकध्यानान्तरं पुनः ॥२८-३०॥**

व्युत्थानमिति–व्यवहार आत्ममात्रप्रतिबन्धलक्षणं ध्यानप्रतिबन्धेन व्युत्थानं चेद्, न, ध्यानाप्रतिबन्धतः सुव्यापारलक्षणस्य तस्य करणनिरोधेऽनुकूलत्वादेव चित्तविक्षेपाणामेव तत्प्रतिबन्धकत्वाद् । एकध्यानान्तरं पुन र्ध्यानान्तरारम्भे मैत्र्यादिपरिकर्मणि स्थितम् ।

तथा च तावन्मात्रेण व्युत्थानत्वे समाधिप्रारम्भस्यापि व्युत्थानत्वापत्तिरिति न किञ्चिदेतत् ॥२८-३०॥

વ્યવહાર વ્યુત્થાનસ્વરૂપ છે આ પ્રમાણે નહિ કહેવું. કારણ કે તેથી ધ્યાનનો પ્રતિબંધ થતો નથી. ધ્યાનાંતરના આરંભમાં એક ધ્યાનાંતર(પૂર્વધ્યાન) જેમ અનુકૂળ રહે છે; તેમ વ્યવહાર પણ ધ્યાનને અનુકૂળ છે - આ પ્રમાણે ત્રીશમા શ્લોકનો સામાન્ય અર્થ છે.

શંકા કરનારનો આશય એ છે કે દીક્ષામાં મનવચનકાયાની શુભ પ્રવૃત્તિને આશ્રયીને અનારંભિત્વ હોવા છતાં માત્ર આત્માનું જ ધ્યાન રહેતું નથી, આત્મેતર શરીરાદિનું પણ ધ્યાન રહે છે. એ ધ્યાન આત્મમાત્રધ્યાનનો પ્રતિબંધ કરતું હોવાથી વ્યુત્થાનદોષસ્વરૂપ છે. આથી સ્પષ્ટ છે કે વ્યવહાર(વ્યવહારનયપ્રસિદ્ધ ધ્યાન) વ્યુત્થાન છે. આનું સમાધાન કરતાં ફરમાવ્યું છે કે ઉપર જણાવ્યા મુજબ વ્યવહાર-સ્વરૂપ ધ્યાન; ધ્યાનનો પ્રતિબંધ કરતું નથી. પરંતુ મનવચનકાયાના સુવ્યાપાર સ્વરૂપ એ ધ્યાન. મનવચનકાયાના નિરોધ માટે અનુકૂળ છે. ચિત્તવિક્ષેપો જ ધ્યાનના પ્રતિબંધક છે. એક ધ્યાનાંતર(વ્યવહાર વખતનું સુવ્યાપારસ્વરૂપ ધ્યાન) મૈત્રી પ્રમોદાદિભાવોના પરિકર્મ(પૂર્વાભ્યાસ)માં ઉપયોગી બને છે. આમ હોવા છતાં શરૂઆતની કક્ષા વખતે જે અવસ્થા છે તેને ઉત્તર અવસ્થાની પ્રત્યે પ્રતિબંધક જ માનવાની હોય તો સમાધિની પ્રારંભિક અવસ્થાને પણ વ્યુત્થાન માનવાનો પ્રસંગ આવશે. તેથી શંકાકારની વાતમાં કોઇ દમ નથી - એ સમજી શકાય છે. ॥૨૮-૩૦॥

પ્રસંગથી દિગંબરોની માન્યતાનું નિરાકરણ કરાય છે–

**विचित्रत्वमनालोच्य, बकुशत्वादिना श्रुतम् ।**
**दीक्षाशुद्धैकरूपेण, वृथा भ्रान्तं दिगम्बरैः ॥२८-३१॥**

विचित्रत्वमिति–बकुशत्वादिना श्रुतं प्रवचनादाकर्णितं विचित्रत्वमनालोच्य दीक्षाया यच्छुद्धमेकं रूपं परमोपेक्षामात्रलक्षणं तेन । वृथा दिगम्बरैर्भ्रान्तम् । यैः प्रतिक्षिप्यते व्यवहारकाले दीक्षापारम्यम् । शुद्धदीक्षाकारणावलम्बने उपरितनोत्कर्षाभावेऽपि दीक्षामात्राप्रतिक्षेपे च धर्मोपकरणधरणेऽपि तेषां तदव्याघातः स्यात् । बुद्धिपूर्वकममत्वपरिहारस्याप्याहारादिग्रहणवदुपपत्तेरित्यन्यत्र विस्तरः ॥२८-३१॥

બકુશ, કુશીલ વગેરે સ્વરૂપે દીક્ષાની વિચિત્રતા - અનેકરૂપતા આગમથી સાંભળેલી હોવા છતાં તેનો વિચાર કર્યા વિના; 'દીક્ષાનું શુદ્ધ એક જ સ્વરૂપ હોય છે' - આ પ્રમાણે માનીને દિગંબરો નાહક ભ્રમિત થાય છે - આ પ્રમાણે એકત્રીશમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે, સામાન્ય રીતે બકુશ કે કુશીલાદિ પરિણામના કારણે દીક્ષાનું સ્વરૂપ એકસરખું હોતું નથી. સંયમનાં અસંખ્ય અધ્યવસાયસ્થાનો છે તેથી પણ દીક્ષાના અસંખ્ય પરિણામો છે - આ પ્રમાણે પ્રવચન-આગમથી જાણેલું હોવા છતાં દીક્ષાનું એક જ જાતનું પરમોપેક્ષાત્મક સ્વરૂપ છે - આવું દિગંબરો કહે છે. સર્વત્ર ઉદાસીનતા સ્વરૂપ પરમોપેક્ષા છે. આવું સ્વરૂપ વ્યવહારકાળમાં હોતું નથી. દીક્ષાનું પારમ્ય(પરમરૂપતા) વ્યવહારકાળમાં દિગંબરો માનતા નથી. શુદ્ધ દીક્ષાના કારણનું અવલંબન વ્યવહારકાળમાં હોવાથી ઉપરના (ઉત્તરોત્તર) ઉત્કર્ષનો અભાવ હોય છે. કારણ કે વ્યવહારકાળમાં તેવો ઉત્કર્ષ પ્રાપ્ત થઈ શકતો નથી. જે વસ્તુ અભ્યસ્ત દશાથી પ્રાપ્ત થાય છે તે વસ્તુ અભ્યાસદશામાં તો ન જ મળે - એ સમજી શકાય છે. આમ છતાં વ્યવહારકાળમાં સર્વથા દીક્ષા હોતી જ નથી - એમ માન્યા વિના દિગંબરો વસ્ત્ર, પાત્ર વગેરે સંયમનાં ઉપકરણો ધારણ કરે તો તેમને કોઈ દોષ નથી. 'વસ્ત્રપાત્ર રાખવાથી મમત્વનો પ્રસંગ આવે છે' - આ માન્યતા બરાબર નથી. કારણ કે આહાર, પાન, ઘાસ વગેરે ગ્રહણ કરવા છતાં જો મમત્વનો પ્રસંગ આવતો નથી તો ધર્મોપકરણ રાખવા છતાં સમજણપૂર્વક ત્યારે પણ મમત્વનો પરિહાર કરી શકાશે... ઇત્યાદિ વિસ્તારથી શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચયની સ્યાદ્વાદ-કલ્પલતા નામની ટીકામાં ગ્રંથકારશ્રીએ જણાવ્યું છે. જિજ્ઞાસુવર્ગે એના અધ્યયન વગેરેથી જાણી લેવું જોઈએ. ॥૨૮-૩૧॥

પ્રકરણાર્થનો ઉપસંહાર કરાય છે—

**चित्रा क्रियात्मना चेयमेका सामायिकात्मना ।**
**तस्मात् समुच्चयेनार्यैः परमानन्दकृन्मता ॥२८-३२॥**

चित्रेति–क्रियात्मना चेयं सद्दीक्षा चित्रा नानाप्रकारा । सामायिकात्मना समतापरिणामेनैका । तस्मात्समुच्चयेन ज्ञानक्रिययोस्तुल्यवलत्वेनार्यैः शिष्टैः परमानन्दकृन्मता ॥२८-३२॥

આ દીક્ષા તે તે ક્રિયાસ્વરૂપે અનેક પ્રકારની છે. અને સામાયિકના પરિણામરૂપે એક જ છે. તેથી બંન્નેના સમુચ્ચયથી શિષ્ટ પુરુષોએ તેને પરમાનંદને કરનારી માની છે - આ પ્રમાણે બત્રીશમા શ્લોકનો અર્થ છે. આશય અત્યંત સ્પષ્ટ છે. સદ્દીક્ષા તે તે ક્રિયા(બાહ્ય-વિહિત સ્વાધ્યાયવિહારાદિ-પ્રવૃત્તિ)ઓના કારણે અનેક પ્રકારની છે; અને સામાયિક-સમતાસ્વરૂપ પરિણામરૂપે એક જ જાતની છે, તેથી જ્ઞાન અને ક્રિયા - એ બંન્નેના સમુચ્ચય(સમાનબળ)ના કારણે શિષ્ટ પુરુષોએ તે સદ્દીક્ષાને પરમાનંદ - મોક્ષનું કારણ માન્યું છે... અંતે આપણે સૌ પરમાનંદને કરનારી દીક્ષાની આરાધનામાં પ્રયત્નશીલ બની રહીએ એ જ એક અભિલાષા. ||૨૮-૩૨||

**|| इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां दीक्षाद्वात्रिंशिका ||**

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ||**

# પરિશીલનની પૂર્વે

અનંતોપકારી શ્રી અરિહંત પરમાત્માએ ઉપદેશેલી અને સ્વયં આદરેલી દીક્ષાનું વર્ણન અઠ્ઠાવીસની બત્રીશીમાં કર્યા પછી આ વિનયબત્રીશીમાં દીક્ષાને સફળ બનાવવા માટેના ઉપાય સ્વરૂપે વિનયનું વર્ણન કર્યું છે. આ બત્રીશીના નામથી જ તેમાં નિરૂપણ કરાયેલા વિષયનો આછો-પાતળો ખ્યાલ આવી જ જાય છે. ખરી રીતે તો આ બત્રીશીનું વાંચન-મનન કરવાથી વાસ્તવિક વિનયનું જ્ઞાન ખૂબ જ સરળતાથી થઈ શકે છે. વિનયનો પરિચય આપવાની વસ્તુતઃ અહીં આવશ્યકતા નથી. પરંતુ અત્યંત સંક્ષિપ્તરુચિવાળા આત્માઓ માટે અત્યંત ટૂંકો આ પ્રયાસ છે.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, શ્રી દશવૈકાલિકસૂત્ર, શ્રી આવશ્યકસૂત્ર-નિર્યુક્તિ અને વ્યવહાર-ભાષ્ય... વગેરેમાં નિરૂપણ કરાયેલા વિનયના સ્વરૂપાદિનું અહીં મુખ્યપણે નિરૂપણ છે. "શીઘ્રપણે કર્મોને દૂર કરે છે તેથી તેને વિનય કહેવાય છે, જે મોક્ષસ્વરૂપ ફળથી શ્રેષ્ઠ એવા ધર્મસ્વરૂપ વૃક્ષનું મૂળ છે." - આ રીતે તેના નિરૂપણનો પ્રારંભ કર્યો છે. બીજા શ્લોકમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને ઉપચારને આશ્રયીને વિનયના પાંચ પ્રકાર દર્શાવ્યા છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના અનુક્રમે આઠ આઠ આઠ અને બાર પ્રકારને લીધે એ વિનયના ચાર પ્રકારના કુલ છત્રીસ પ્રકાર ખૂબ જ પ્રસિદ્ધ હોવાથી ઉપચારવિનયનું વર્ણન વિસ્તારથી કરાયું છે. પ્રતિરૂપ યોગ (ઉચિત આચરણ) અને અનાશાતના : આ બે પ્રકાર ઉપચારવિનયના છે. એમાં પ્રથમ ઉપચારવિનયના મન, વચન અને કાયાને આશ્રયીને ત્રણ પ્રકાર ત્રીજા શ્લોકમાં જણાવ્યા છે.

ચોથા શ્લોકમાં કાયિક ઉપચારવિનયના આઠ પ્રકાર જણાવીને પાંચમા શ્લોકમાં વાચિક વિનયના ચાર પ્રકાર અને છઠ્ઠા શ્લોકમાં માનસ વિનયના બે પ્રકાર જણાવ્યા છે. એમાં છદ્મસ્થ જીવોને આશ્રયીને અને શ્રી કેવલીભગવંતને આશ્રયીને જે ભેદ છે તે ટીકામાં સ્પષ્ટપણે જણાવ્યો છે. આ રીતે પ્રથમ ઉપચારવિનયના ચૌદ ભેદોનું વર્ણન કર્યું છે.

ત્યાર બાદ દ્વિતીય અનાશાતનાવિનયસ્વરૂપ ઉપચારવિનયનું નિરૂપણ કરતાં સાતમા શ્લોકમાં શ્રી અરિહંતપરમાત્માદિ વિનયાર્હ તેર પદો (સ્થાનો)

વર્ણવ્યાં છે. તે દરેક પદનો ચાર ચાર પ્રકારે અનાશાતના વિનય કરવાનો હોવાથી કુલ બાવન પ્રકારનો દ્વિતીય ઉપચારવિનય આઠમા શ્લોકમાં જણાવ્યો છે. શ્રી અરિહંતપરમાત્માદિ એક પદની પણ આશાતના કરવાથી સઘળાં ય પદોની આશાતનાનું પાપ લાગે છે - એ વાત નવમા શ્લોકમાં એના હેતુને જણાવવા સાથે જણાવી છે.

ત્યાર બાદ ગુરુભગવંતની હીલનાની ભયંકરતાનું વર્ણન કર્યું છે. જેમની પાસે ધર્મપદો ભણતા હોઈએ તેમનો વિનય સતત-નિરંતર કરવો જોઈએ : એ બારમા શ્લોકમાં જણાવ્યું છે. ત્યાર પછી જ્ઞાનાદિગુણોથી અધિક એવા મહાત્માઓનો, તેઓ નાના હોય તોપણ તેમનો વિનય કરવો જોઈએ. તેમ જ જાહેરમાં દોષોને સેવનારાની પાસેથી પણ જ્ઞાન પ્રાપ્ત કરી લેવા તેમનો પણ વિનય કરવો જોઈએ. એના સમર્થન માટે 'અગ્રહિલગ્રહિલ' ન્યાયનું પણ સૂચન કર્યું છે - એ બધું એના રહસ્યને જાણનારા ગીતાર્થ ગુરુ ભગવંત પાસેથી સમજી લેવું જોઈએ. અન્યથા અનર્થ થવાનો પૂરતો સંભવ છે.

ત્યાર પછી વિનયનું માહાત્મ્ય, વિનયની શિક્ષા મળે ત્યારે કોપ કરનારને પ્રાપ્ત થતો અપાય અને વિનીત અવિનીતને પ્રાપ્ત થતાં ફળનું વર્ણન કરાયું છે. વીસમા શ્લોકમાં વિનયથી જ પૂજ્યત્વ-ગુરુત્વ પ્રાપ્ત થાય છે. ગુરુત્વ ગુણસાપેક્ષ છે આકસ્મિક નથી : એ સારી રીતે વર્ણવ્યું છે. ત્યાર બાદ વિનય, શ્રુત. તપ અને આચાર : આ ચાર સમાધિ અને તેના અવાંતર ચાર ચાર પ્રકારોનું વર્ણન છે. પચીસમા શ્લોકમાં સમાધિના ફળ સ્વરૂપે સ્પર્શાત્મક તત્ત્વસમ્પ્રાપ્તિનું વર્ણન છે. જેનાથી આત્મા પરમાત્મા બને છે - તે દૃષ્ટાંત સાથે વર્ણવ્યું છે. સત્તાવીસમા શ્લોકમાં વિનયથી વ્યાપકતા, અઠ્ઠાવીસમા શ્લોકમાં વિનયની દોષનાશકતા ઓગણત્રીસમા શ્લોકમાં વિનય વિના ગ્રહણ કરેલા શ્રુતની અત્યંત દુષ્ટતાને વર્ણવી છે.

ત્યાર બાદ શ્રી તીર્થંકરપરમાત્માના દૃષ્ટાંતથી વિનયનું પ્રાધાન્ય વર્ણવીને એકત્રીસમા શ્લોકમાં, શુદ્ધભિક્ષાદિમાં તત્પર રહેનારા પણ વિનયને ગૌણ કરી ગુરુકુલવાસાદિ સ્વરૂપ વિનયને આચરતા નથી, તેઓ મોક્ષમાર્ગના વિલોપક છે - આ વાત જણાવી છે. એનો શાંત ચિત્તે વિચાર કરીએ તો વિનયની અનિવાર્યતા સમજાશે. અંતે બત્રીસમા શ્લોકમાં દ્રવ્ય, ક્ષેત્ર અને કાલાદિનો વિચાર કરી યથાસ્થાને યોજેલા વિનયના ફળ તરીકે પરમાનંદ-સંપદાને જણાવી

છે. એ મુજબ આ બત્રીશીના પરિશીલનથી; વિનયને આત્મસાત્ કરી એ પરમાનંદ-સંપદાને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એકની એક સદા માટેની અભિલાષા...

**- આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ**

જૈન ઉપાશ્રય, સંસ્કારધામ સોસાયટી,
લાલચૌકી, કલ્યાણ.
ચૈ.વ. ૭ : શનિવાર, તા. ૩૦-૦૪-૨૦૦૫

# अथ प्रारभ्यते विनयद्वात्रिंशिका ।

अनन्तरं दीक्षा निरूपिता तस्याश्च विनयगर्भाया एव सफलत्वमिति विनयं निरूपयन्नाह–

આ પૂર્વે અઠ્ઠાવીસમી બત્રીશીમાં દીક્ષાનું સ્વરૂપ વર્ણવ્યું. એ દીક્ષા પણ વિનયગર્ભિત હોય તો જ સફળ બને છે. તેથી હવે વિનયનું સ્વરૂપ વર્ણવાય છે–

**कर्मणां द्राग् विनयनाद्, विनयो विदुषां मतः ।**
**अपवर्गफलाऽऽढ्यस्य, मूलं धर्मतरोरयम् ।।२९-१।।**

कर्मणामिति–कर्मणां ज्ञानावरणीयादीनां द्राक् शीघ्रं विनयनादपनयनाद् विदुषां विनयो मतः । अयमपवर्गफलेनाढ्यस्य पूर्णस्य धर्मतरोर्मूलम् ।।२९-१।।

"શીઘ્રપણે કર્મોને દૂર કરવાના કારણે વિનયને વિદ્વાનો માને છે. મોક્ષસ્વરૂપ ફળથી પૂર્ણ એવા ધર્મવૃક્ષનું મૂળ વિનય છે." - આ પ્રમાણે પહેલા શ્લોકનો અર્થ છે. એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે. શીઘ્રપણે, આત્મા ઉપર લાગેલાં જ્ઞાનાવરણીય વગેરે આઠેય કર્મને દૂર કરનારને વિનય કહેવાય છે. '**विनय**' શબ્દની '**विनयनाद् विनयः**' - આ વ્યુત્પત્તિને આશ્રયીને '**विनय**' શબ્દનો ઉપર જણાવ્યા મુજબ અર્થ છે. આ વિનયને વિદ્વાનો માને છે. સર્વ કર્મોને દૂર કરતો હોવાથી તે વિદ્વાનોને માન્ય હોય જ - એ સમજી શકાય છે. વિનય, સકલ કર્મના ક્ષયને કરે છે, જેથી શીઘ્રપણે મોક્ષની પ્રાપ્તિ થાય છે. અપવર્ગ - મોક્ષસ્વરૂપ ફળથી જે પરિપૂર્ણ છે, એવા ધર્મસ્વરૂપ વૃક્ષનું મૂળ વિનય છે.

વિનયથી રહિત એવો ધર્મ, મોક્ષફળને પ્રાપ્ત કરાવતો નથી. કારણ કે વિનય વિના વિદ્યા મળતી નથી. વિદ્યા વિના ચારિત્ર મળતું નથી અને ચારિત્ર વિના મોક્ષ મળતો નથી. આ રીતે ધર્મસ્વરૂપ વૃક્ષનું મૂળ વિનય છે એ સ્પષ્ટ છે, જેનું ફળ અપવર્ગ છે. જન્મ, જરા અને મરણાદિનો ઉચ્છેદ જેમાં થાય છે - તેને અપવર્ગ કહેવાય છે. ।।૨૯-૧।।

વિનયનો વિભાગ કરાય છે અર્થાત્ તેના પ્રકાર જણાવાય છે–

**ज्ञानदर्शनचारित्रतपोभिरुपचारतः ।**
**अयं च पञ्चधा भिन्नो, दर्शितो मुनिपुङ्गवैः ।।२९-२।।**

ज्ञानेति–ज्ञानादीनां विनयत्वं पूर्वकर्मविनयनादुत्तरकर्माबन्धाच्च द्रष्टव्यम् ।।२९-२।।

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને ઉપચારને આશ્રયીને વિનય પાંચ પ્રકારનો છે - એ મહામુનિઓએ જણાવ્યું છે. અન્યત્ર વિનયના પાંચ પ્રકાર પ્રકારાંતરથી જણાવ્યા છે. તેમ જ કોઇ કોઇ સ્થાને વિનયના ચાર પ્રકાર જણાવ્યા છે. વિવક્ષાભેદથી એ સમજી લેવાનું સ્પષ્ટ છે. અહીં દીક્ષાની સફળતાને અનુકૂળ એવા વિનયનું જ મુખ્ય રીતે નિરૂપણ છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર વગેરે સ્વરૂપ ધર્મને અહીં જે વિનયસ્વરૂપે વર્ણવ્યો છે, તેનું કારણ સ્પષ્ટરૂપે સમજી શકાય છે કે જ્ઞાનાદિથી પૂર્વકર્મો દૂર થાય છે અને નવાં કર્મોનો બંધ થતો નથી. અર્થાત્ જ્ઞાનાદિ વિનયમાં વિનયત્વ; પૂર્વકર્મનું વિનયન અને ઉત્તરકર્મના બંધનો અભાવ : આ સ્વરૂપ છે. આ '**विनय**' પદનું પ્રવૃત્તિનિમિત્ત છે... ઇત્યાદિ સમજી લેવું. ।।૨૯-૨।।

જ્ઞાનાદિ પાંચ પ્રકારના વિનયમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રના આઠ આઠ પ્રકારો અને તપના બાર પ્રકારો પ્રસિદ્ધ છે. પાંચમા ઉપચારવિનયના પ્રકારો હવે જણાવાય છે–

**प्रतिरूपेण योगेन, तथाऽनाशातनात्मना ।**
**उपचारो द्विधा तत्राऽऽदिमो योगत्रयात् त्रिधा ।।२९-३।।**

प्रतिरूपेणेति–प्रतिरूपेणोचितेन योगेन । तथाऽनाशातनात्मना आशातनाऽभावेन उपचारो द्विधा । तत्रादिमः प्रतिरूपयोगात्मको योगत्रयात् त्रिधा कायिको वाचिको मानसश्चेति ।।२९-३।।

ત્રીજા શ્લોકનો અર્થ પણ સ્પષ્ટ છે કે ઉચિત આચરણના યોગથી અને આશાતનાના અભાવથી ઉપચારવિનય બે પ્રકારનો છે. એ બે પ્રકારના ઉપચારવિનયમાં પ્રથમ જે ઉચિત યોગસ્વરૂપ ઉપચારવિનય છે; તે મન, વચન અને કાયાના ત્રણ યોગને આશ્રયીને ત્રણ પ્રકારનો છે. આથી સમજી શકાશે કે પ્રતિરૂપ(ઉચિત) યોગ અને અનાશાતના : આ બે પ્રકારે ઉપચાર-વિનય બે પ્રકારનો છે અને માનસિક, વાચિક અને કાયિક : આ ત્રણ ભેદથી પ્રતિરૂપયોગાત્મક પ્રથમ ઉપચારવિનય ત્રણ પ્રકારનો છે, જે; અનુક્રમે મન, વચન અને કાયાની ઉચિત પ્રવૃત્તિ સ્વરૂપ છે. ।।૨૯-૩।।

પ્રથમ ઉપચારવિનયના ત્રણ પ્રકારના વિનયમાંના ટીકામાં જણાવેલા પ્રથમ કાયિક વિનયના પ્રકાર જણાવાય છે–

**अभिग्रहाऽऽसनत्यागावभ्युत्थानाऽञ्जलिग्रहौ ।**
**कृतिकर्म च शुश्रूषा, गतिः पश्चाच्च सम्मुखम् ।।२९-४।।**

अभिग्रहेति–अभिग्रहो गुरुनियोगकरणाभिसन्धिः । आसनत्याग आसनदानं पीठकाद्युपनयनमित्यर्थः । अभ्युत्थानं निषण्णस्य सहसार्हदर्शनेन । अञ्जलिग्रहः प्रश्नादौ । कृतिकर्म च वन्दनम् । शुश्रूषा विधिवददूरासन्नतया सेवनम् । पश्चाद्गतिर्गच्छतः, सम्मुखं च गतिरागच्छतः । इति ।।२९-४।।

"અભિગ્રહ, આસનત્યાગ, અભ્યુત્થાન, અંજલિગ્રહ, કૃતિકર્મ, શુશ્રૂષા, પશ્ચાદ્ગતિ અને સમ્મુખગતિ (આ આઠ પ્રકારનો કાયિક ઉચિતયોગસ્વરૂપ ઉપચારવિનય છે.)" - આ પ્રમાણે ચોથા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય વર્ણવતાં ટીકામાં ફરમાવ્યું છે કે પૂ. ગુરુદેવશ્રીનાં કાર્યો કરવાનો અભિગ્રહ ધારણ કરવા સ્વરૂપ પ્રથમ કાયિક વિનયનો પ્રથમ પ્રકાર છે.

પૂ. ગુરુદેવશ્રી માટે આસનાદિનો ત્યાગ કરી તેઓશ્રીને ઉપયોગી એવા પીઠફલક-પાટિયાં વગેરે આપવા સ્વરૂપ બીજો કાયિકવિનય છે. આસને બેસેલા શિષ્યને અભ્યુત્થાન માટે યોગ્ય એવા પૂજ્ય ગુરુદેવશ્રીના એકાએક દર્શન થતાંની સાથે શિષ્યનું ઊભા થવું તે સ્વરૂપ ત્રીજો કાયિક વિનયનો પ્રકાર છે. પ્રશ્ન પૂછવા વગેરે પ્રસંગે અંજલિ કરવી તે ચોથો પ્રકાર છે. વંદન કરવા સ્વરૂપ પાંચમો પ્રકાર છે. વિધિપૂર્વક બહુ નજીક પણ નહિ અને દૂર પણ નહિ - એ રીતે ગુરુદેવાદિની સેવા કરવી તે શુશ્રૂષા સ્વરૂપ છઠ્ઠો પ્રકાર છે. પૂ. ગુરુદેવાદિ વડીલ જનો જતા હોય ત્યારે પાછળ વળાવવા જવું અને તેઓશ્રી આવતા હોય ત્યારે સામે લેવા જવું તે અનુક્રમે કાયિક ઉપચારવિનયનો સાતમો અને આઠમો પ્રકાર છે. ॥૨૯-૪॥

વાચિક ઉપચારવિનયના પ્રકાર જણાવાય છે–

**कायिकोऽष्टविधश्चायं, वाचिकश्च चतुर्विधः ।**
**हितं मितं चाऽपरुषं, ब्रुवतोऽनुविचिन्त्य च ।।२९-५।।**

कायिक इति–अयं चाष्टविधः कायिक उपचारः । वाचिकस्तु चतुर्विधः । हितं परिणामसुन्दरं ब्रुवतः प्रथमः । मितं स्तोकाक्षरं ब्रुवतो द्वितीयः । अपरुपं चानिष्ठुरं ब्रुवतस्तृतीयः । अनुविचिन्त्य स्वालोच्य च ब्रुवतश्चतुर्थ इति ।।२९-५।।

"આ રીતે કાયિક ઉપચારવિનય આઠ પ્રકારનો છે. તેમ જ વાચિક ઉપચારવિનય ચાર પ્રકારનો છે. હિતકર, પરિમિત, અકઠોર અને બરાબર ચિંતવીને બોલનારને ચાર પ્રકારનો વાચિક વિનય થાય છે. - આ પ્રમાણે પાંચમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે આ પૂર્વે ચોથા શ્લોકમાં જણાવેલા અભિગ્રહાદિસ્વરૂપ આઠ વિનયના પ્રકારો કાયિક ઉપચારવિનયના છે. હિતકર બોલવું, પ્રમાણસર બોલવું, અકઠોર બોલવું અને સારી રીતે વિચારીને બોલવું : આ ચાર વાચિક ઉપચાર વિનયના(પ્રતિરૂપયોગાત્મક ઉપચારવિનયના) પ્રકાર છે.

જે બોલવાથી પરિણામ સુંદર આવે એવા પરિણામસુંદર વચનને હિતકર(હિતસ્વરૂપ) કહેવાય છે. એવા હિતકર વચનને બોલનારાને પ્રથમ વાચિક વિનય પ્રાપ્ત થાય છે. હિતકારક એવું પણ વચન ખૂબ જ થોડું અલ્પ અક્ષરવાળું બોલવું જોઈએ. એક વાક્યથી ચાલતું હોય તો બીજું વાક્ય નહીં બોલવું જોઈએ. આ પ્રમાણે થોડું બોલનારને દ્વિતીય વાચિક વિનયની પ્રાપ્તિ થાય છે. પરિણામસુંદર અને થોડું પણ વચન અનિષ્ઠુર-સ્નેહથી યુક્ત બોલવું જોઈએ. પરંતુ પરુષ-કઠોર નહીં બોલવું જોઈએ. આ પ્રમાણે અનિષ્ઠુર બોલનારને તૃતીય વાચિક-વિનયની પ્રાપ્તિ થાય છે. અનિષ્ઠુર, મિત અને હિતસ્વરૂપ વચન પણ, સારી રીતે વિચારીને બોલવું જોઈએ. સામે કોણ છે, તે કેવો છે, તેને કહ્યા પછી કહેવાનું પરિણામ કેવું આવશે... ઈત્યાદિનો ચોક્કસપણે વિચાર કરીને પછી જ બોલવું. આ પ્રમાણે સારી રીતે વિચારીને બોલનારાને ચતુર્થ વાચિક વિનયની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે વાચિક ઉચિત યોગાત્મક ઉપચારવિનય ચાર પ્રકારનો છે. ।।૨૯-૫।।

માનસિક વિનયના પ્રકારો જણાવાય છે–

**मानसश्च द्विधा शुद्धप्रवृत्त्याऽसन्निरोधतः ।**
**छद्मस्थानामयं प्रायः, सकलोऽन्याऽनुवृत्तितः ।।२९-६।।**

मानसश्चेति–मानसश्चोपचारो द्विधा शुद्धप्रवृत्त्या धर्मध्यानादिप्रवृत्त्या, असन्निरोधत आर्तध्यानादिप्रतिपेधाद् । अयं च सकलः प्रायः प्रतिरूपो विनयश्छद्मस्थानामन्यानुवृत्तित

आत्मव्यतिरिक्तप्रधानानुवृत्तेः । प्रायोग्रहणादज्ञातकेवलभावदशायां केवलिनामपि । अन्यदा तु तेषामप्रतिरूप एव विनयस्तथैव तत्कर्मविनयनोपपत्तेः । तदुक्तं—"पडिरूवो खलु विणओ पराणुअत्तिमइओ मुणेअव्वो । अप्पडिरूवो विणओ णायव्वो केवलीणं तु ॥१॥" ॥२९-६॥

"શુદ્ધપ્રવૃત્તિ અને અસત્ પ્રવૃત્તિના નિરોધને લઇને માનસિક ઉપચારવિનય બે પ્રકારનો છે. પ્રાયઃ બીજાને અનુસરવાથી આ બધો વિનય છદ્મસ્થ આત્માઓને પ્રાપ્ત થાય છે." - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ છે. જેનો આશય વર્ણવતાં ટીકામાં ફરમાવ્યું છે કે માનસ ઉપચાર વિનય બે પ્રકારનો છે. એક પ્રકાર ધર્મધ્યાનાદિની પ્રવૃત્તિને લઇને છે. બીજો પ્રકાર આર્ત્તધ્યાનાદિના પરિહારને લઇને છે. શુભધ્યાનથી યુક્ત એવા મનની ઉદીરણા કરવી અને અકુશલ એવા મનનો નિરોધ કરવો. આ રીતે માનસ ઉપચારવિનયના બે પ્રકાર છે.

આ બધો પ્રતિરૂપયોગાત્મક ઉપચારવિનય, છદ્મસ્થ આત્માઓને પોતાથી અતિરિક્ત એવી પ્રધાન(મોટા) વ્યક્તિને અનુસરવાથી સંભવે છે. શ્લોકમાં **प्रायः** શબ્દનું ગ્રહણ એટલા માટે કર્યું છે કે 'ઉપર જણાવ્યા મુજબ પ્રતિરૂપયોગાત્મક ઉપચારવિનય મોટા ભાગે છદ્મસ્થ આત્માઓને જ સંભવે છે તેથી કોઇવાર કેવલીપરમાત્માને પણ એ સંભવે છે.' એ અર્થ જણાવી શકાય. કેવલી ભગવંતોને કેવલજ્ઞાન થયું છે - એ, બીજાને જાણવા ન મળ્યું હોય ત્યાં સુધી તેઓશ્રી પણ માતા-પિતાદિનો વિનય કરે છે, ત્યારે શ્રી કેવલજ્ઞાનીને પણ ઉપચારવિનય(પ્રતિરૂપયોગાત્મક ઉપચારવિનય) હોય છે. પરંતુ જ્યારે કેવલી પરમાત્માને કેવલજ્ઞાન થયું છે એની જાણ બીજાને થઇ હોય ત્યારે તેઓશ્રી બીજાની પ્રત્યે કાયિકાદિ વિનય કરતા ન હોવાથી શ્રી કેવલીપરમાત્માને અપ્રતિરૂપ જ વિનય હોય છે. તાદૃશ જ વિનયથી તેઓશ્રીનાં કર્મોની નિર્જરા થાય છે - આ વસ્તુને જણાવવા માટે શ્લોકમાં **प्रायः** પદનું ઉપાદાન છે. શ્રી દશવૈકાલિક સૂત્રના નવમા અધ્યયનની નિર્યુક્તિમાં એ વાત જણાવતાં ફરમાવ્યું છે કે - 'પ્રતિરૂપ વિનય, બીજાને અનુસરવા સ્વરૂપ જાણવો. શ્રી કેવલી-પરમાત્માને તો તેનાથી ભિન્ન અપ્રતિરૂપ(બીજાને ન અનુસરવું) વિનય હોય છે.'... ઇત્યાદિ બરાબર સમજી લેવું. ॥૨૯-૬॥

બીજા અનાશાતનાસ્વરૂપ ઔપચારિક વિનયનું વર્ણન કરાય છે–

**अर्हत्सिद्धकुलाचार्योपाध्यायस्थविरेषु च ।**
**गणसङ्घक्रियाधर्मज्ञानज्ञानिगणिष्वपि ।।२९-७।।**

अर्हदिति–अर्हन्तस्तीर्थकराः । सिद्धाः क्षीणाष्टकर्ममलाः । कुलं नागेन्द्रादि । आचार्यः पञ्चविधाचारानुष्ठाता तत्प्ररूपकश्च । उपाध्यायः स्वाध्यायपाठकः । स्थविरः सीदतां स्थिरीकरणहेतुः । गणः कौटिकादिः । सङ्घः साध्वादिसमुदायः । क्रियाऽस्तिवादरूपा । धर्मः श्रुतधर्मादिः । ज्ञानं मत्यादि । ज्ञानिनस्तद्वन्तः । गणिर्गणाधिपतिः ।।२९-७।।

"શ્રી અરિહંતપરમાત્મા, સિદ્ધપરમાત્મા, કુળ, આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, ગણ, સંઘ, ક્રિયા, ધર્મ, જ્ઞાન, જ્ઞાની અને ગણીને વિશે પણ (ચાર ચાર પ્રકારે વિનય કરવો... ઇત્યાદિ આગળ કહેવાશે);" - આ પ્રમાણે સાતમા શ્લોકનો શબ્દશઃ અર્થ છે. એનો આશય વર્ણવતાં ટીકામાં જણાવ્યું છે કે શ્રી અરિહંતપરમાત્માઓ કે જેઓ તારકતીર્થને કરનારા છે. શ્રી સિદ્ધપરમાત્માઓ આઠ કર્મોથી રહિત છે. નાગેન્દ્ર, ચાન્દ્ર વગેરે કુળ છે. જ્ઞાનાચારાદિ પાંચ આચારોનું પાલન કરનારા અને તેની પ્રરૂપણાને કરનારા આચાર્યભગવંતો છે. સ્વાધ્યાય કરાવનારા-ભણાવનારા ઉપાધ્યાયભગવંતો છે. સંયમની સાધનામાં સિદાતા આત્માને સ્થિર કરનારા સ્થવિરભગવંતો છે. કોટિક (કોટિ) વગેરે ગણ છે. સાધુ, સાધ્વી વગેરેના સમુદાયને સંઘ કહેવાય છે. 'આત્માદિ તત્ત્વો છે' આ પ્રમાણે બોલવું માનવું તેમ જ તે મુજબ આચરણ કરવું વગેરે ક્રિયા કહેવાય છે. શ્રુત અને ચારિત્ર સ્વરૂપ બે પ્રકારનો ધર્મ છે. મતિજ્ઞાનાદિ પાંચ જ્ઞાન છે. જ્ઞાનવાળા જ્ઞાનીઓ છે અને ગણના અધિપતિઓ ગણીઓ છે. આ તેર સ્થાને; આઠમા શ્લોકથી જણાવવામાં આવશે તે ચાર ચાર પ્રકારનો વિનય કરવાનો હોવાથી બીજો અનાશાતના સ્વરૂપ ઔપચારિક વિનય બાવન પ્રકારનો છે... ઇત્યાદિ હવે પછી જણાવાય છે. ।।૨૯-૭।।

શ્રી અરિહંતપરમાત્માદિ તેર સ્થાનોને વિશે જે ચાર વિનયો કરવાના છે તે ચાર વિનયોનું સ્વરૂપ વર્ણવાય છે–

**अनाशातनया भक्त्या, बहुमानेन वर्णनात् ।**
**द्विपञ्चाशद्विधः प्रोक्तो द्वितीयश्चौपचारिकः ।।२९-८।।**

अनाशातनयेति–अनाशातनया सर्वथाऽहीलनया । भक्त्या उचितोपचाररूपया । वहुमानेनान्तरभावप्रतिवन्धरूपेण । वर्णनात् सद्भूतगुणोत्कीर्तनात् । द्वितीयश्चानाशातनात्मक औपचारिकविनयो द्विपञ्चाशद्विधः प्रोक्तः । त्रयोदशपदानां चतुर्भिर्गुणने यथोक्तसङ्ख्यालाभात् ।।२९-८।।

"(શ્રી અરિહંતપરમાત્માદિ તેર સ્થાનોની) આશાતના ન કરવાથી, ભક્તિ કરવાથી, બહુમાન કરવાથી અને વર્ણન કરવાથી બાવન પ્રકારનો બીજો ઔપચારિક વિનય વર્ણવ્યો છે." - આ પ્રમાણે આઠમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે શ્રી અરિહંતપરમાત્માદિ તેર સ્થાનો(શ્લો.નં. ૭માં જણાવેલા)ની સર્વથા હીલના ન કરવા સ્વરૂપ અર્થાત્ આશાતનાનું વર્જન કરવા સ્વરૂપ, બીજા ઔપચારિક વિનયનો પહેલો પ્રકાર છે. એના કુલ તેર ભેદ છે.

શ્રી અરિહંતપરમાત્માદિ તેર સ્થાનોની પુષ્પાદિ દ્રવ્યોથી ઉચિત ઉપચાર સ્વરૂપ ભક્તિ, બીજા ઔપચારિક વિનયનો બીજો પ્રકાર છે. એના કુલ તેર ભેદ થાય છે. આ રીતે તે તેર સ્થાનો વિશે આંતરિક પ્રીતિ સ્વરૂપ બહુમાનથી બીજા ઔપચારિક વિનયનો ત્રીજો પ્રકાર થાય છે. તેના પણ કુલ તેર ભેદ થાય છે. અને બીજા ઔપચારિક (અનાશાતના સ્વરૂપ ઔપચારિક) વિનયનો ચોથો પ્રકાર, ઉપર જણાવેલાં તેર સ્થાનોના સદ્ભૂત-વાસ્તવિક ગુણોની સ્તવના કરવા સ્વરૂપ છે. એના પણ ઉપર જણાવ્યા મુજબ શ્રી અરિહંતપરમાત્માદિ તેર સ્થાનોને આશ્રયીને તેર ભેદ થાય છે. તેર પદોને આ રીતે ચારથી ગુણવાથી બધા મળીને અનાશાતનૌપચારિક વિનયના બાવન પ્રકાર છે... ઇત્યાદિ સ્પષ્ટ છે. ।।૨૯-૮।।

ઉપર જણાવેલાં શ્રી અરિહંતપરમાત્માદિ તેર સ્થાનોમાંથી કોઇ પણ એકની પણ આશાતના કરવાથી તાત્ત્વિક રીતે સર્વની આશાતના થાય છે - એ જણાવાય છે–

**एकस्याऽऽशातनाऽप्यत्र, सर्वेषामेव तत्त्वतः ।**
**अन्योऽन्यमनुविद्धा हि, तेषु ज्ञानादयो गुणाः ।।२९-९।।**

एकस्येति–अत्रार्हदादिपदेपु एकस्यापि आशातना तत्त्वतः सर्वेपाम् । हि यतस्तेपु ज्ञानादयो गुणा अन्योन्यमनुविद्धाः । यदेव ह्येकस्य शुद्धं ज्ञानं तदेवापरस्यापि । इत्थं च

हीलनाविषयीभूतज्ञानादिसम्बन्धस्य सर्वत्राविशेषादेकहीलने सर्वहीलनापत्तेर्दारुणविपाकत्वमवधार्य न कस्यापि हीलना कार्येति भावः ।।२९-९।।

"અહીં એકની પણ આશાતના(હીલનાદિ) કરવાથી તત્ત્વને આશ્રયીને સર્વની જ આશાતના થાય છે. કારણ કે શ્રી અરિહંતપરમાત્માદિમાં પરસ્પર જ્ઞાનાદિ ગુણો એકબીજામાં સમાયેલા છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનો આશય એ છે કે શ્રી અરિહંત પરમાત્મા વગેરે તેર પદોમાંથી કોઇ પણ એક પદની હીલના કરવાથી બાકીનાં બધાં જ પદોની હીલના થાય છે. કારણ કે તેઓમાં જ્ઞાનાદિ ગુણો પરસ્પર સંકળાયેલા છે.

જે શુદ્ધ જ્ઞાન શ્રી અરિહંતપરમાત્માદિ એક પદમાં છે, તે જ શુદ્ધ જ્ઞાન, શ્રી સિદ્ધપરમાત્માદિમાં પણ છે. તેથી જેમની હીલના કરી છે, તેમનામાં રહેલા જ્ઞાનાદિ ગુણોનો સંબંધ બીજામાં પણ હોવાથી એક સ્થાને જો તેની હીલના કરી હોય તો અન્યત્ર પણ તેની હીલના થયેલી છે જ. કારણ કે તે તે સ્થાનમાં વિદ્યમાન જ્ઞાનાદિ ગુણોમાં કોઇ વિશેષતા નથી, કે જેને લઇને એક સ્થાને તે હીલનાને પામે અને બીજે સ્થાને તે હીલનાને ન પામે. આથી સ્પષ્ટ છે કે એક સ્થાને હીલના કરાયે છતે બીજે પણ હીલના થઇ જ જાય છે, જેનો વિપાક અત્યંત દારુણ છે - એ યાદ રાખી મુમુક્ષુએ કોઇની પણ હીલના કરવી ના જોઇએ - એ તાત્પર્ય છે.

આમ પણ સામાન્યથી કોઇની પણ હીલના કરવાની નથી. અહીં તો શ્રી અરિહંતપરમાત્માદિ પરમતારક તેર પદો લોકોત્તર જ્ઞાનાદિ ગુણોથી સંપન્ન છે. તેઓશ્રીની હીલના કરવાનો વિચાર પણ ન જ હોય. પરંતુ અજ્ઞાનાદિપ્રમાદપરવશ આત્માઓ જ્યારે પણ તેર પદોમાંથી કોઇ એક પણ પદની હીલના કરી બેસે છે, ત્યારે બીજાની હીલના કરવાનો ભાવ ન પણ હોય તો ય બીજાની હીલના થઇ જ જાય છે, જેના વિપાક અત્યંત ભયંકર છે - એ યાદ રાખવું જોઇએ. ।।૨૯-૯।।

ગુણસંપન્ન શ્રી અરિહંતપરમાત્માદિની હીલના કરવાનું જે ફળ છે, તેનું વર્ણન કર્યું. હવે અલ્પજ્ઞાનાદિથી યુક્ત એવા પૂ. ગુરુદેવશ્રીની હીલનાના ફળનું વર્ણન કરાય છે—

**नूनमल्पश्रुतस्याऽपि, गुरोराचारशालिनः ।**
**हीलना भस्मसात् कुर्याद्, गुणं वह्निरिवेन्धनम् ।।२९-१०।।**

नूनमिति–नूनं निश्चितमल्पश्रुतस्याप्यनधीतागमस्यापि कारणान्तरस्थापितस्य गुरोराचार्यस्याचारशालिनः पञ्चविधाचारनिरतस्य हीलना गुणं स्वगतचारित्रादिकं भस्मसात् कुर्यात् । इन्धनमिव वह्निः ।।२९-१०।।

"અગ્નિ જેમ ઇંધન(બળતણ)ને ભસ્મસાત્ કરે છે તેમ ખરેખર અલ્પજ્ઞાનવાળા પણ આચારસંપન્ન એવા ગુરુદેવની આશાતના, ગુણને ભસ્મસાત્ કરે છે." - આ પ્રમાણે દશમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે આ પૂર્વે સામાન્ય રીતે શ્રી અરિહંતપરમાત્માદિ તેર પદોની હીલના ન કરવાનું જણાવ્યું છે. એમાં શ્રી અરિહંત પરમાત્માદિ તો સર્વગુણસંપન્ન હોવાથી પ્રાયઃ તેઓશ્રીની આશાતના-હીલનાનો સંભવ બહુ જ ઓછો રહે છે. પરંતુ આચાર્યભગવંતાદિ તો સમગ્ર ગુણથી પરિપૂર્ણ નથી, છદ્મસ્થ છે. થોડીઘણી ગુણોમાં ન્યૂનતા રહેતી હોવાથી અને અતિપરિચયાદિના કારણે તેઓશ્રીની આશાતનાનો પૂરતો સંભવ હોવાથી તેને અનુલક્ષીને આ શ્લોકમાં જણાવ્યું છે કે વિશિષ્ટ પુણ્ય વગેરે કારણે ગુરુપદે સ્થાપન કરેલા એવા શાસ્ત્ર નહીં ભણેલા, પણ પંચાચારની આરાધનામાં નિરત એવા પૂ. ગુરુભગવંતની હીલના, પોતામાં રહેલા ચારિત્રાદિ ગુણોને એવી રીતે ભસ્મસાત્ કરે છે કે જે રીતે અગ્નિ લાકડાદિ બળતણને ભસ્મસાત્ કરે છે.

સામાન્ય રીતે યોગ્યને જ ગુરુપદે બિરાજમાન કરાય છે. પરંતુ કોઇ વાર ગચ્છની સારસંભાળ કરનાર કોઇ પણ રીતે પોતાની જવાબદારી વહન કરવા માટે સમર્થ ન રહે ત્યારે બીજા કોઇ ગીતાર્થ સંભાળી શકે એવા ન હોય અને જે સંભાળી શકે એવા હોય તે ગીતાર્થ-ભણેલા ન હોય, આવી સ્થિતિમાં શાસ્ત્ર નહીં ભણેલાને પણ ગુરુપદે સ્થાપન કરવા પડતા હોય છે. આવા ગુરુભગવંત ભણેલા નથી, પર્યાયમાં નાના છે અથવા નીચકુળમાંથી આવેલા છે... ઇત્યાદિ દોષોની અપેક્ષાએ તેમની હીલના ન કરવી જોઇએ. જો કોઇ તેઓશ્રીની હીલના કરે તો તે પોતાના ચારિત્રગુણોને ખલાસ કરે છે... ઇત્યાદિ અન્યત્ર અનુસંધેય છે. જિજ્ઞાસુએ તેના જ્ઞાતાઓ પાસેથી સ્પષ્ટપણે સમજી લેવું જોઇએ. ।।૨૯-૧૦।।

પૂ. ગુરુદેવશ્રીની હીલનાને, તેના ભયંકર વિપાકને આશ્રયીને વર્ણવાય છે–

**शक्त्यग्रज्वलनव्यालसिंहक्रोधातिशायिनी ।**
**अनन्तदुःखजननी, कीर्त्तिता गुरुहीलना ।।२९-११।।**

शक्त्यग्रेति--शक्तिः प्रहरणविशेषस्तदग्रं शक्त्यग्रं, ज्वलनोऽग्निः, व्यालसिंहयोः सर्पकेसरिणोः क्रोधः कोपः तदतिशायिनी तेभ्योऽप्यधिका अनन्तदुःखजननी गुरुहीलना कीर्तिता दशवैकालिके ॥२९-११॥

"શક્તિનો અગ્રભાગ, અગ્નિ, સર્પ અને સિંહના ક્રોધ કરતાં પણ વધારે ભયંકર અનંતદુઃખને આપનારી ગુરુહીલના છે - એમ શાસ્ત્રમાં જણાવ્યું છે." - આ પ્રમાણે અગિયારમા શ્લોકનો સામાન્ય અર્થ છે. એનો આશય જણાવતાં ટીકામાં ફરમાવ્યું છે કે શક્તિ, શસ્ત્રવિશેષનું નામ છે. શક્તિસ્વરૂપ શસ્ત્રનો અગ્રભાગ ખૂબ જ તીક્ષ્ણ હોય છે. અગ્નિ તેમ જ સર્પ અને સિંહનો ક્રોધ : આ બધા કરતાં પણ અધિક ખરાબ(ભયંકર) ગુરુની હીલના છે, જે અનંત દુઃખનું કારણ છે - આ પ્રમાણે શ્રી દશવૈકાલિક સૂત્રના નવમા અધ્યયનમાં જણાવ્યું છે. શક્તિનો અગ્રભાગ કે અગ્નિ વગેરે દેવતાના પ્રભાવથી દુઃખનું કારણ ન પણ બને, અથવા એક ભવમાં જ દુઃખનું કારણ બને. પરંતુ ગુરુની હીલના તો આ ભવમાં અને પરભવમાં અવશ્ય અનંત દુઃખનું કારણ બન્યા વિના રહેતી નથી. તેથી તે શક્ત્યગ્ર અને અગ્નિ વગેરે કરતાં અધિક ભયંકર છે... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૨૯-૧૧॥

વિનય વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી. તે પણ ગુરુને આધીન છે. તેમનો વિનય કઇ રીતે અવશ્ય કરવો જોઇએ તે જણાવાય છે–

**पठेद् यस्याऽन्तिके धर्मपदान्यस्याऽपि सन्ततम् ।**
**कायवाङ्मनसां शुद्ध्या, कुर्याद् विनयमुत्तमम् ॥२९-१२॥**

पठेदिति–यस्यान्तिके धर्मपदानि धर्मफलानि सिद्धान्तपदानि पठेत् । अस्य सन्ततमपि निरन्तरमपि, न तु सूत्रग्रहणकाल एव, कुशलानुबन्धव्यवच्छेदप्रसङ्गात् । कायवाङ्मनसां शुद्ध्या उत्तमं विनयं कुर्यात् ॥२९-१२॥

"જેમની પાસે ધર્મપદોનો અભ્યાસ કરે, તેમનો નિરંતર પણ કાય, વચન અને મનની શુદ્ધિથી ઉત્તમ વિનય કરવો જોઇએ." - આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે જેમની પાસે ધર્મને પ્રાપ્ત કરાવનારાં સિદ્ધાંતપદોનું અધ્યયન કરીએ તેમનો નિરંતર પણ કાય, વચન અને મનની શુદ્ધિ પૂર્વક ઉત્તમ(મોક્ષપ્રાપક) વિનય કરવો જોઇએ. આવો વિનય, ભણતા હોઇએ

ત્યારે જ કરવો એવું નહિ પણ ભણી ગયા પછી પણ (પાઠ પછી પણ) નિરંતર કરવો જોઈએ. જો માત્ર સૂત્રગ્રહણકાળમાં જ વિનય કરવામાં આવે તો કુશલ એવા અનુબંધ નાશ પામી જાય. એ અનુબંધ નાશ ન પામે : એ માટે નિરંતર વિનય કરવો જોઈએ. ઈત્યાદિ દશવૈકાલિક સૂત્રમાંથી સમજી લેવું જોઈએ. ॥૨૯-૧૨॥

વાચનાચાર્ય ચારિત્રપર્યાયથી ન્યૂન હોય તો તેઓશ્રીનો વિનય કઈ રીતે કરાય ? આ શંકાનું સમાધાન જણાવાય છે–

**पर्यायेण विहीनोऽपि, शुद्धज्ञानगुणाधिकः ।**
**ज्ञानप्रदानसामर्थ्यादतो रत्नाधिकः स्मृतः ।।२९-१३।।**

पर्यायेणेति–अतो धर्मपाठकस्य सदा विनयार्हत्वात् पर्यायेण चारित्रपर्यायेण विहीनोऽपि शुद्धज्ञानगुणेनाधिको ज्ञानप्रदानसामर्थ्यमधिकृत्य रत्नाधिकः स्मृत आवश्यकादौ । स्वापेक्षितरत्नाधिक्येन तत्त्वव्यवस्थितेः । विवेचितमिदं सामाचारीप्रकरणे ।।२९-१३।।

"આથી જ્ઞાનપ્રદાનસામર્થ્યને કારણે પર્યાયથી હીન એવા પણ વિદ્યાગુરુ; શુદ્ધ જ્ઞાનની અપેક્ષાએ અધિક, રત્નાધિક કહેવાયા છે." - આ પ્રમાણે તેરમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનું તાત્પર્ય એ છે કે વિદ્યાગુરુ સદાને માટે વિનયને યોગ્ય હોવાથી તેઓશ્રી ચારિત્રપર્યાયથી હીન(ન્યૂન-નાના) હોય તોપણ શુદ્ધજ્ઞાનગુણથી અધિક છે. જ્ઞાનપ્રદાન કરવાનું સામર્થ્ય તેઓશ્રીમાં અદ્‌ભુત છે. તેની અપેક્ષાએ પૂ. વિદ્યાગુરુ મ.ને આવશ્યકસૂત્રમાં રત્નાધિક તરીકે વર્ણવ્યા છે. રત્નાધિકતાનો વિચાર પોતાની અપેક્ષિત રત્નાધિકતાને આશ્રયીને કરવાનો છે. રત્નાધિકતાની વ્યવસ્થા એ રીતે વિવક્ષિત છે. આ વિષયમાં ગ્રંથકારશ્રીએ સામાચારીપ્રકરણમાં વિવેચન કર્યું છે.

આશય એ છે કે સામાન્ય રીતે ઉત્તમોત્તમ ચારિત્રની આરાધના, સમ્યગ્દર્શનની શુદ્ધિમૂલક છે અને સમ્યગ્દર્શનની વિશુદ્ધિ સમ્યગ્જ્ઞાનમૂલક છે. આ રીતે રત્નત્રયીની આરાધનામાં સમ્યગ્જ્ઞાનનું પ્રાધાન્ય છે. એ જ્ઞાનનું પ્રદાન કરનારા પૂ. ગુરુદેવ સદાને માટે વિનયને યોગ્ય જ છે. ચારિત્રપર્યાયની અપેક્ષાએ વિદ્યાગુરુ મ. નાના હોય અને ભણનારા મોટા હોય તોપણ ભણનારને જ્ઞાનરત્નની અપેક્ષા હોવાથી, નાના પણ વિદ્યાગુરુ મ. જ્ઞાનની અપેક્ષાએ મોટા જ છે. તેથી મોટા એવા ભણનાર માટે, જ્ઞાનનું પ્રદાન કરવાનું સામર્થ્ય પૂ.

વિદ્યાગુરુમાં હોવાથી તેઓશ્રી રત્નાધિક છે. નાના હોવા છતાં, પર્યાયથી મોટા એવા જ્ઞાનાર્થી માટે વંદનાદિ વિનયને યોગ્ય છે... ઇત્યાદિ સામાચારીપ્રકરણથી સમજી લેવું જોઇએ. ॥૨૯-૧૩॥

લૌકિક દૃષ્ટાંતથી લોકોત્તર વિનયની કર્ત્તવ્યતાનું સમર્થન કરાય છે–

**शिल्पार्थमपि सेवन्ते, शिल्पाऽऽचार्यं जनाः किल ।**
**धर्माचार्यस्य धर्मार्थं, किं पुनस्तदतिक्रमः ॥२९-१४॥**

शिल्पार्थमिति–व्यक्तः ॥२९-१४॥

"શ્લોકાર્થ સ્પષ્ટ છે. એનો આશય પણ સમજી શકાય એવો છે કે લોકો ખરેખર જ શિલ્પ સ્થાપત્ય વગેરે કલાઓના ગ્રહણ માટે શિલ્પાદિ કલાઓના જાણકાર એવા આચાર્યોની સેવા કરે છે. તો પછી ધર્મની પ્રાપ્તિ માટે ધર્મના યથાર્થ પ્રરૂપક એવા આચાર્યભગવંતોની સેવાનું ઉલ્લંઘન કઇ રીતે કરે ? અર્થાત્ ન જ કરે.

સામાન્ય રીતે મિથ્યાત્વાદિના કારણે જેમનામાં વિશિષ્ટ વિવેક પ્રગટ્યો નથી, એવા લોકો માત્ર આ ભવમાં જ કામમાં આવનારી એવી કલાઓને પ્રાપ્ત કરવા માટે આક્રોશ, તિરસ્કાર, શિક્ષા વગેરેનાં અનેક કષ્ટો સહન કરવા પૂર્વક શિલ્પાચાર્ય વગેરેનો વિનય કરતા હોય છે. તો પછી જેઓ ખરેખર જ ધર્મના અર્થી છે, સમ્યગ્દૃષ્ટિ હોવાથી વિશિષ્ટ વિવેકથી સંપન્ન છે અને ધર્મને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ છે - એવા લોકોત્તર આત્માઓ ધર્માચાર્યોનો વિનય કેમ ન કરે? અર્થાત્ અવશ્ય કર્યા વિના ન રહે... એ સ્પષ્ટ છે. ॥૨૯-૧૪॥

ઉપર જણાવેલી વાતનું સમર્થન કરાય છે–

**ज्ञानार्थं विनयं प्राहुरपि प्रकटसेविनः ।**
**अत एवाऽपवादेनाऽन्यथा शास्त्रार्थबाधनम् ॥२९-१५॥**

ज्ञानार्थमिति–अत एव ज्ञानादिग्रहणे विनयपूर्वकत्वनियमस्य सिद्धान्तसिद्धत्वा-देवापवादेन ज्ञानार्थं प्रकटसेविनोऽपि विनयमाहुः, पर्यायादिकारणेष्वेतदन्तर्भावाद् । अन्यथा तथाविधकारणेऽपि तद्विनयानादरे शास्त्रार्थबाधनं शास्त्राज्ञाव्यतिक्रमः । तदुक्तं– "एयाइं अकुव्वंतो जहारिहं अरिहदेसिए मग्गे । ण हवइ पवयणभत्ती अभत्तिमंतादओ दोसा ॥१॥" ॥२९-१५॥

"આથી જ પ્રકટ રીતે દોષનું સેવન કરનારા સાધુનો પણ અપવાદપદે જ્ઞાન માટે ભણનારાએ વિનય કરવો જોઇએ - એમ શાસ્ત્રકારોએ કહ્યું છે. અન્યથા શાસ્ત્રે જણાવેલા અર્થનો બાધ થાય છે." - આ પ્રમાણે પંદરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે જ્ઞાનાદિનું ગ્રહણ વિનયપૂર્વક જ કરવું જોઇએ એવો નિયમ સિદ્ધાંત(શાસ્ત્રઆગમ)થી સિદ્ધ થયેલો હોવાથી જ અપવાદે; જ્ઞાન માટે, પ્રકટ દોષને સેવનારા સાધુનો પણ વિનય કરવો જોઇએ.

સામાન્ય રીતે સુવિહિત ગીતાર્થ પૂ. ગુરુભગવંતની પાસે જ ભણવું જોઇએ - એ ઉત્સર્ગમાર્ગ છે. પરંતુ એવા પૂ. ગુરુદેવશ્રીની પાસે ભણવાનું જ્યારે શક્ય ન જ બને ત્યારે પ્રકટ રીતે મોટા દોષોને સેવનારા શિથિલાચારી સાધુ પાસેથી જ્ઞાન મેળવી લેવું જોઇએ. અને એ વખતે તેમનો વિનય પણ કરવો જોઇએ. આવી જ રીતે પર્યાયાદિથી નાના એવા સાધુ મહાત્માની પાસેથી જ્ઞાન મેળવતી વખતે પણ તેમનો વિનય અવશ્ય કરવો જોઇએ.

અન્યથા; તેમના સિવાય બીજા પાસેથી જ્ઞાન મળી શકે એમ ન હોય અને પ્રકટ દોષને સેવનારા વગેરેથી જ જ્ઞાન મળતું હોય ત્યારે; 'આ તો શિથિલાચારી અને નાના છે' - એમ સમજીને વંદનાદિ વિનય ન કરવામાં આવે તો, "જ્ઞાનની પ્રાપ્તિ માટે પ્રકટ દોષને સેવનારાદિનો પણ વિનય કરવો જોઇએ" - આ પ્રમાણે જણાવનારા શાસ્ત્રના અર્થનો(આજ્ઞાનો) બાધ થાય છે. અર્થાત્ એ મુજબ વિનય કરવામાં ન આવે તો, આજ્ઞાભંગનું પાપ લાગે છે. આ વિષયને અનુલક્ષીને શ્રી આવશ્યકસૂત્રની નિર્યુક્તિ વગેરેમાં જણાવ્યું છે કે - પૂર્વે જણાવ્યા મુજબ પ્રકટ રીતે દોષ સેવનારાદિનો; જ્ઞાનની પ્રાપ્તિ માટે વાચિક નમસ્કાર અંજલી વંદન વગેરે વિનય; શિથિલાચારી સાધુને યોગ્ય હોવા છતાં શ્રી અરિહંતપરમાત્માએ ઉપદેશેલા માર્ગમાં; જે સાધુઓ તે કરતા નથી તેમને શ્રી જિનશાસનમાં ભક્તિ નથી. ઉપરથી અભક્તિ વગેરે દોષો લાગે છે... ઇત્યાદિ બરાબર સમજી લેવું જોઇએ. અપવાદસ્વરૂપે જણાવેલી વાત ઉત્સર્ગ-સ્વરૂપે સમજી ન લેવાય - એ અંગે ખાસ ખ્યાલ રાખવો. ॥૨૯-૧૫॥

नन्वेवमपवादतोऽपि प्रकटप्रतिपेविणोऽग्रहिलग्रहिलनृपन्यायेन द्रव्यवन्दनमेव यदुक्तं तद्भङ्गापत्तिर्ज्ञानगुणवुद्ध्या तद्वन्दने भाववन्दनावतारादित्याशङ्क्य तदुक्तिप्रायिकत्वाभिप्रायेण समाधत्ते—

આ પ્રમાણે અપવાદથી પણ પ્રકટ રીતે દોષને સેવનારાદિનો જ્ઞાનાદિ માટે 'અગ્રહિલ-ગ્રહિલ' ન્યાયથી ('અગ્રહિલ-ગ્રહિલ' ન્યાયનું તાત્પર્ય એ છે કે પૂર્ણ નામના રાજા અને તેમના બુદ્ધિ નામના મંત્રીશ્વર હતા. કોઇ નૈમિત્તિકે કુવૃષ્ટિ થવાની ભવિષ્યવાણી ભાખી હતી. એ સાંભળીને રાજાએ ઉદ્ઘોષણા કરાવી કે બધાએ પાણીનો સંગ્રહ કરી લેવો. પણ કુવૃષ્ટિનું પાણી કોઇએ પીવું નહિ. ક્રમે કરી નગરના લોકોનો પાણીનો સંગ્રહ પૂરો થઇ ગયો અને તેઓએ કુવૃષ્ટિનું પાણી વાપર્યું. તેઓ ગાંડા થઇ ગયા. રાજા અને મંત્રીશ્વરે એ પાણી વાપર્યું નહિ. તેથી તેઓ ગાંડા થયા નહિ. પરંતુ નગરના લોકો તેમને ગાંડા માને છે અને પોતાને ડાહ્યા માને છે. એટલે રાજા અને મંત્રીશ્વર ગાંડા ન હોવા છતાં ગાંડા બની નગરના લોકોની જેમ જ વર્તવા લાગ્યા. તેથી નગરજનોએ તેમને ડાહ્યા માન્યા. કાલાંતરે સુવૃષ્ટિના પાણીના ઉપયોગથી બધું પૂર્વવત્ થઇ ગયું.) દ્રવ્યવંદન જ કરવાનું 'ઉપદેશપદ'માં જે જણાવ્યું છે, તેનો ભંગ(વિરોધ) થવાની આપત્તિ આવે છે. કારણ કે અહીં જ્ઞાનગુણની પ્રાપ્તિના હેતુથી શિથિલાચારી આદિને વંદન કરવામાં તો ભાવવંદનનો જ પ્રસંગ આવે છે - આવી શંકાનું સમાધાન કરતાં 'ઉપદેશપદ'માં જણાવેલી વાત પ્રાયિક છે, તે જણાવાય છે–

**न चैवमस्य भावत्वाद्, द्रव्यत्वोक्ति र्विरुध्यते ।**
**सद्भावकारणत्वोक्ते, र्भावस्याऽप्यागमाऽऽख्यया ॥२९-१६॥**

न चैवमिति–न चैवं ज्ञानार्थं प्रकटप्रतिषेविणोऽपि विनयकरणेऽस्य ज्ञानार्थविनयस्य भावत्वाद् द्रव्यत्वोक्तिरापवादिकविनयस्योपदेशपदादिप्रसिद्धा विरुध्यते, भावस्यापि आगमाख्यया आगमनाम्ना सद्भावकारणत्वोक्तेः पुष्टालम्बनत्ववचनादस्वारसिककारणस्थल एवोक्तनियमादिति । भावलेशस्तु मार्गानुसारी यत्र क्वचिदपि मार्गोद्भासनार्थं वन्दनादि विनयार्हतानिमित्तमेव श्रूयते । यदुक्तं बृहत्कल्पभाष्ये–"दंसणनाणचरित्तं तवविणयं जत्थ जत्तियं पासे । जिणपन्नत्तं भत्तीए पूयए तं तहिं भावं ॥१॥" ॥२९-१६॥

"આ રીતે જ્ઞાન માટેના વંદન વગેરે સ્વરૂપ વિનય ભાવસ્વરૂપ હોવાથી તેને દ્રવ્યસ્વરૂપ વર્ણવનારાં વચનનો વિરોધ આવે છે - આવી શંકા નહિ કરવી જોઇએ. કારણ કે આગમશબ્દથી ભાવને પણ સદ્ભાવના કારણ સ્વરૂપે વર્ણવ્યો છે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો સામાન્ય અર્થ છે. એનું તાત્પર્ય એ છે કે

પ્રકટ પ્રતિસેવી(શિથિલાચારી)નો જ્ઞાન માટે વિનય કરીએ ત્યારે જ્ઞાન માટે કરેલો વિનય ભાવસ્વરૂપ હોવાથી તેને દ્રવ્યસ્વરૂપ માનવાનું વિરુદ્ધ બનશે. 'ઉપદેશપદ'માં અપવાદપદે કરેલા વિનયને દ્રવ્યસ્વરૂપે વર્ણવ્યો છે. તેથી તેનો અહીં વિરોધ આવે છે - એવી શંકા નહિ કરવી જોઈએ. કારણ કે ત્યાં ભાવને પણ (જ્ઞાનને પણ) આગમ શબ્દથી પુષ્ટાલંબન તરીકે વર્ણવ્યો છે. અર્થાત્ ત્યાં પણ દ્રવ્યવંદનાંતર્ગત ભાવનિમિત્તક વંદનનું વર્ણન છે જ. જ્યાં પ્રકટ પ્રતિસેવી વગેરેને વંદન કરવાનો પરિણામ ન હોય અને વંદન કરવું પડતું હોય ત્યાં જ દ્રવ્યવંદન માનવાનો નિયમ છે.

બાકી તો મોક્ષમાર્ગને અનુસરનારો ભાવનો અંશ જ્યાં ક્યાંય પણ દેખાય તો તે મોક્ષમાર્ગના ઉદ્ભાસન (પ્રભાવના) માટે; વંદનાદિ વિનયની યોગ્યતાનું નિમિત્ત જ છે - એમ જણાવાયું છે. આ વસ્તુને જણાવતાં બૃહત્કલ્પભાષ્યમાં ફરમાવ્યું છે કે - સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વિનય જ્યાં જેટલા પ્રમાણમાં દેખાય ત્યાં તે શ્રી જિનેશ્વરદેવોએ કહેલા ભાવને ભક્તિથી પૂજવો જોઈએ... ઈત્યાદિ ઉપયોગપૂર્વક બરાબર સમજી લેવું જોઈએ. ॥૨૯-૧૬॥

વિનયનું માહાત્મ્ય વર્ણવાય છે–

**विनयेन विना न स्याज्जिनप्रवचनोन्नतिः ।**
**पयःसेकं विना किं वा, वर्धते भुवि पादपः ॥२९-१७॥**

"વિનય વિના શ્રી જિનશાસનની ઉન્નતિ થતી નથી. પાણીનું સિંચન કર્યા વિના આ પૃથ્વી પર શું વૃક્ષ વધે ખરું ?" - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે વૃક્ષની વૃદ્ધિ માટે જેટલી આવશ્યકતા પાણીના સિંચનની છે, એટલી જ આવશ્યકતા શ્રી જિનશાસનની ઉન્નતિ માટે વિનયની છે.

જ્યારે જ્યારે પણ વિનયગુણની હાનિ થતી ગઈ ત્યારે ત્યારે શ્રી જિનશાસનની ઉન્નતિના બદલે તેની અપભ્રાજના થઈ છે. ગંગાનદી કઈ દિશામાં વહે છે - એ જાણવા માટે મોકલેલા પૂ. બાલ સાધુમહાત્માના અદ્ભુત વિનયથી રાજાને શ્રી જિનશાસનની પ્રત્યે ખૂબ જ બહુમાન થયેલું. એ વૃત્તાંત ખૂબ જ પ્રસિદ્ધ છે. પ્રવચનશક્તિ, તપની કઠોર સાધના, અસાધારણ વિદ્વત્તા અને સહજભાવે કરાતું વૈયાવૃત્ત્ય વગેરે ગુણો પણ વિનય વિના ફળને આપનારા

બનતા નથી. શ્રી વીતરાગપરમાત્માના પરમતારક શાસનની પ્રભાવના વિનયથી થાય છે - આ વાત ખરેખર જ ધ્યાનમાં લીધા વિના ચાલે એવું નથી. કોણ જાણે કેમ આવું થાય છે એ સમજાતું નથી. લગભગ પ્રભાવનાને કરનારામાં વિનયનું આચરણ જોવા ન મળે. અહંકારનો લેશ પણ બીજાના અસ્તિત્વનો સ્વીકાર પણ કરવા ના દે તો પછી બીજાના વિનયની તો અપેક્ષા રખાય જ ક્યાંથી ? પાણીના સિંચન વિના વૃક્ષ વધે નહીં એ સમજી શકનારા વિનય વિના શ્રી જિનશાસનની ઉન્નતિ ન થાય એ સમજી શકતા નથી - એ એક આશ્ચર્ય જ છે ને ? ॥૨૯-૧૭॥

વિનયને નહિ કરનારાને કેવો અપાય પ્રાપ્ત થાય છે તે દૃષ્ટાંતપૂર્વક જણાવાય છે–

**विनयं ग्राह्यमाणो यो, मृदूपायेन कुप्यति ।**
**उत्तमां श्रियमायान्तीं दण्डेनाऽपनयत्यसौ ॥२९-१८॥**

"મૃદુ-અત્યંત કોમળ વચનોના ઉપાય વડે વિનયને શિખવાડવા છતાં જે ગુસ્સે થાય છે, તે સામે ચાલીને આવતી ઉત્તમ એવી લક્ષ્મીને લાકડીથી દૂર કરે છે." - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે. લક્ષ્મીને દૂર કરવાના દૃષ્ટાંતથી કહેવાનો આશય ચોક્કસ જ સમજી શકાય છે. એક તો લક્ષ્મીને બોલાવ્યા પછી પણ આવતી નથી. એના બદલે તે સામે ચાલીને આવતી હોય ત્યારે તેને આવકારવાના બદલે દૂર કરવાનું ખૂબ જ ખરાબ છે. એમાં પણ ઉપેક્ષા કરીને અથવા સામાન્ય તિરસ્કાર કરીને તેને દૂર કરવાના બદલે લાકડીથી દૂર કરવાનું અર્થાત્ લાકડીથી ફટકારીને તેને આવતી અટકાવવાનું તો ખૂબ જ ભયંકર છે.

આવું જ વિનય માટે સમજવાનું છે. એક તો આપણી મેળે આપણે વિનય કરતા નથી. સામે ચાલીને આપણને ભવનિસ્તારક પૂ. ગુરુદેવશ્રી વિનય શિખવાડે ત્યારે શીખી લેવાના બદલે કે મૌનપણે સાંભળી લેવાના બદલે આપણે ગુસ્સે થઈ જઈએ : એ કેટલું ખરાબ છે - એ આપણે જ વિચારવું જોઈએ ને ? લક્ષ્મીના વિષયમાં સમજવાનું સાવ સરળ છે. પરંતુ વિનયના વિષયમાં સમજવાનું ઘણું જ અઘરું છે. આમ થવાનું કારણ બુદ્ધિની અલ્પતા નથી, પરંતુ વાસ્તવિક અનર્થીપણું છે. વિનયનું અર્થીપણું કેળવી લઈએ તો તેને ગ્રાહ્ય બનાવનારા પૂ. ગુરુભગવંત

પ્રત્યે કોપ નહીં આવે. સંભવ છે કે કોઇ વાર કઠોર ઉપાયે કરી તેઓશ્રી વિનયને શિખવાડે ત્યારે કોપ આવે, પરંતુ મૃદુ ઉપાય વડે જ્યારે તેઓશ્રી વિનય ગ્રહણ કરાવે ત્યારે કોપ કઇ રીતે આવે ? વિનયની અર્થિતાનો અભાવ ન હોય તો એ શક્ય નથી... ઇત્યાદિ વિચારવું જોઇએ. ॥૨૯-૧૮॥

વિનીત અને અવિનીતને પ્રાપ્ત થનારા ફળનું વર્ણન કરાય છે–

**त्रैलोक्येऽपि विनीतानां, दृश्यते सुखमङ्गिनाम् ।**
**त्रैलोक्येऽप्यविनीतानां, दृश्यतेऽसुखमङ्गिनाम् ॥२९-१९॥**

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે "ત્રણેય લોકમાં વિનયસંપન્ન આત્માઓને સુખની પ્રાપ્તિ થતી દેખાય છે. તેમ જ ત્રણેય લોકમાં વિનયથી રહિત આત્માઓને અસુખ-દુઃખની પ્રાપ્તિ થતી દેખાય છે." આ લોકમાં અને પરલોકમાં વિનયસંપન્ન આત્માઓને સુખની પ્રાપ્તિ થતી હોય છે. સામાન્ય રીતે અર્થ અને કામથી પ્રાપ્ત થતું લોકપ્રસિદ્ધ સુખ પણ વિનયી જનોને પ્રાપ્ત થતું હોય છે. ગમે તેટલાં સુખનાં સાધનોનો પરિભોગ હોય પરંતુ તે વખતે કોઇ તિરસ્કારાદિ કરે તો સુખનો અનુભવ થતો નથી. વિનયવંત આત્માઓનો પ્રાયઃ કોઇ તિરસ્કારાદિ કરતું ન હોવાથી અલ્પ સુખસામગ્રીમાં પણ એ વખતે તેઓ સુખનો અનુભવ કરે છે. વિનયના કારણે તે જીવોને જ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત થવાથી આત્મિક સુખની પણ પ્રાપ્તિ થાય છે અને પરલોકમાં મોક્ષ વગેરેની પણ પ્રાપ્તિ થાય છે, જે પરમસુખાનુભવનું કારણ બને છે.

આથી તદ્દન જ વિપરીત રીતે અવિનીત આત્માઓને સર્વત્ર સદાને માટે દુઃખની પ્રાપ્તિ થતી હોય છે. સર્વત્ર તિરસ્કારને પાત્ર બનવાથી સુખનો અનુભવ થતો નથી. જ્ઞાનાદિ ગુણો પણ તેઓને પ્રાપ્ત થતા ન હોવાથી ભવાંતરમાં પણ મોક્ષાદિની પ્રાપ્તિ થતી નથી... ઇત્યાદિ અન્યત્રથી જાણી લેવું. ॥૨૯-૧૯॥

સુખનું પ્રયોજક એવું ગૌરવ પણ વિનયથી જ પ્રાપ્ત થાય છે : એ જણાવાય છે–

**ज्ञानादिविनयेनैव, पूज्यत्वाऽऽप्तिः श्रुतोदिता ।**
**गुरुत्वं हि गुणाऽपेक्षं, न स्वेच्छामनुधावति ॥२९-२०॥**

"જ્ઞાનાદિનો વિનય કરવાથી જ પૂજ્યત્વની પ્રાપ્તિ થાય છે - એમ શાસ્ત્રમાં જણાવ્યું છે. કારણ કે ગુરુત્વ-પૂજ્યત્વ ગુણની અપેક્ષાવાળું છે. આપણી પોતાની ઇચ્છાથી કાંઇ પૂજ્યત્વ દોડતું આવતું નથી." - આ પ્રમાણે વીસમા શ્લોકનો અર્થ છે. શ્રી દશવૈકાલિક સૂત્રના નવમા અધ્યયનમાં ફરમાવ્યું છે કે ગુણોથી પૂજ્ય થવાય છે, સાધુ થવાય છે. ક્રોધ, અહંકાર વગેરે દોષોનો ત્યાગ કરી ક્ષમા, નમ્રતા, વિનય, વિવેક વગેરે ગુણોને જે પ્રાપ્ત કરે છે; તે આત્માઓમાં સાધુતા-પૂજ્યતા આવે છે. પૂજ્યતા-સાધુતા વગેરે સ્વભાવથી નથી આવતી કે જાતિ, કુળ, વેશ આદિથી સંબદ્ધ નથી. વિનયાદિ ગુણોને લઇને એની પ્રાપ્તિ થાય છે. ગુણસાપેક્ષ વસ્તુ ગુણના અભાવમાં ન જ મળે - એ સમજી શકાય છે. ॥૨૯-૨૦॥

સામાન્યથી વિનયના વિષયનું નિરૂપણ કરીને હવે તેના મુખ્ય વિષયનું નિરૂપણ કરાય છે–

**विनये च श्रुते चैव, तपस्याचार एव च ।**
**चतुर्विधः समाधिस्तु, दर्शितो मुनिपुङ्गवैः ॥२९-२१॥**

શ્રી દશવૈકાલિક સૂત્રના અનુસારે અહીં આ એકવીસમા શ્લોકથી ચાર સમાધિનાં સ્થાનો વર્ણવ્યાં છે. આત્માને જેને વિશે પૂ. જિતેન્દ્રિય સાધુ મહાત્માઓ રમણતા કરાવે છે, તેને સમાધિ કહેવાય છે. આવાં સમાધિ-સ્થાનો ચાર છે. વિનયસમાધિ. શ્રુતસમાધિ, તપસમાધિ અને આચારસમાધિ - આ ચાર સમાધિના દરેકના ચાર ચાર પ્રકાર છે. આ પ્રમાણે સમાધિસ્વરૂપ વિશેષ વિનયનું અહીં વર્ણન કરાય છે. સામાન્યતઃ વિનયનું નિરૂપણ આ પૂર્વે કર્યું છે.

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે વિનય, શ્રુત, તપ અને આચારને વિશે મુનીશ્વરોએ ચાર પ્રકારની સમાધિ વર્ણવી છે. ॥૨૯-૨૧॥

વિનયસમાધિના ચાર પ્રકાર જણાવાય છે–

**शुश्रूषति विनीतः सन्, सम्यगेवाऽवबुध्यते ।**
**यथावत्कुरुते चाऽर्थं, मदेन च न माद्यति ॥२९-२२॥**

"વિનીત બનીને ગુરુના અનુશાસનને સાંભળવા ઇચ્છે છે. વિનીત થઇને સારી રીતે જાણે છે. સાંભળેલા તત્ત્વને શાસ્ત્રાજ્ઞા મુજબ કરે છે અને મદથી છકી

જતો નથી." - આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે વિનયમાં સમાધિ ચાર પ્રકારની છે. ભવનિસ્તારક પૂ. ગુરુભગવંત જ્યારે જ્યારે પણ આપણું અનુશાસન કરે ત્યારે ત્યારે તે અનુશાસન સ્વરૂપ વચનને વિનયપૂર્વક સાંભળવાની જે ઈચ્છા છે, તે વિનયસમાધિનો પહેલો પ્રકાર છે.

ધાર્યા કરતાં ઘણું અઘરું કામ છે, શુશ્રૂષાસ્વરૂપ પ્રથમ વિનયસમાધિને પ્રાપ્ત કરવાનું. આપણી ઈચ્છા મુજબ પૂ. ગુરુદેવશ્રીનાં બીજાં બધાં જ કામો કરવાનું તો હજી ય ફાવે પરંતુ તેઓશ્રીના હિતકર એવા વચનને સાંભળવાની ઈચ્છા પ્રાપ્ત કરવાનું લગભગ મન જ થતું નથી. એ વિનયસમાધિની પ્રાપ્તિ થઈ જાય તો બીજા વિનયસમાધિના પ્રકારો તો સરળતાથી પ્રાપ્ત થઈ શકે એમ છે. જે કાંઈ તકલીફ છે તે આ શુશ્રૂષાની છે. સાંભળવા માટે નહિ ટેવાયેલા આત્માઓને આ સમાધિ મળતી ન હોવાથી તેમનું સમગ્ર જીવન અસમાધિમાં જ વીતે છે. શુશ્રૂષાની પ્રાપ્તિ થવાથી પૂ. ગુરુદેવશ્રીના પરમતારક અનુશાસનના શ્રવણથી અનુશાસનના તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, જે વિનયસમાધિનો બીજો પ્રકાર છે. એ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થવાથી તદનુસાર જે આચરણ કરાય છે તે વિનયસમાધિનો ત્રીજો પ્રકાર છે અને ચોથો પ્રકાર તે છે કે આવા પ્રકારનું ઉત્તમ ચારિત્ર હું પાળું છું, દેવો પણ મને વંદન કરે છે... ઈત્યાદિ રૂપે મદ ન કરે... ઈત્યાદિ સ્પષ્ટ છે. ॥૨૯-૨૨॥

વિનયસમાધિનું નિરૂપણ કર્યું. હવે શ્રુતસમાધિનું વર્ણન કરાય છે–

**श्रुतमेकाग्रता वा मे, भावितात्मानमेव वा ।**
**स्थापयिष्यामि धर्मेऽन्यं, वेत्यध्येति सदागमम् ।।२९-२३।।**

"મને શ્રુતની પ્રાપ્તિ થશે, મારા ચિત્તની એકાગ્રતા થશે, મારા આત્માને ભાવિત બનાવી તેને ધર્મમાં સ્થાપન કરીશ, અથવા અન્ય જીવોને ધર્મમાં જોડીશ. આવી ભાવનાથી સુંદર આગમનું અધ્યયન કરે તે શ્રુતસમાધિનો અનુક્રમે પ્રથમ દ્વિતીય તૃતીય અને ચતુર્થ પ્રકાર છે." - આ પ્રમાણે તેવીસમા શ્લોકનો અર્થ છે.

શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલા પરમતારક આગમનું અધ્યયન કરવું... તે શ્રુતસમાધિ છે. શ્રી જિનાગમના અધ્યયન પાછળના આશયવિશેષને

લઈને તે શ્રુતસમાધિના ચાર પ્રકાર છે. શાસ્ત્રજ્ઞાન મળે : આ ભાવનાથી જે આગમ ભણે તે પૂ. સાધુ મહાત્માને પ્રથમ શ્રુતસમાધિ પ્રાપ્ત થાય છે. શ્રુતનો અભ્યાસ કરવાથી ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત થાય છે. એ એકાગ્રતાને પામવાની ભાવનાથી કરાતું આગમનું અધ્યયન : એ શ્રુતસમાધિનો બીજો પ્રકાર છે. એકાગ્રચિત્તે સદાગમનું આ રીતે અધ્યયન કરવાથી આત્મા ધર્મથી ભાવિત બને છે, જેથી આત્મા ધર્મમાં સ્થિર બને છે. આ સ્થિરતાને પ્રાપ્ત કરાવવાની ભાવનાથી કરાતું અધ્યયન શ્રુતસમાધિનો ત્રીજો પ્રકાર છે. આ પ્રમાણે ત્રણ પ્રકારની શ્રુતસમાધિને પ્રાપ્ત કરી ચોથો પ્રકાર ત્યારે પ્રાપ્ત કરી શકાય છે કે જ્યારે આગમના અધ્યયનની પૂર્વે, યોગ્ય જીવોને તે તે ધર્મસ્થાનમાં જોડીશ - એવી ભાવના થઈ હોય. અર્થાત્ આ ભાવનાના યોગે કરાતું આગમનું અધ્યયન શ્રુતસમાધિનો ચોથો પ્રકાર છે. અહીં એ યાદ રાખવું જોઈએ કે પૂર્વેની ત્રણ ભાવનાઓથી સહિત જ ચોથી ભાવના શ્રુતસમાધિ છે. પરંતુ માત્ર બીજાઓને ધર્મમાં જોડવાની ભાવના હોય તો તે શ્રુતસમાધિનો પ્રકાર નથી... ઈત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ. ॥૨૯-૨૩॥

હવે ક્રમપ્રાપ્ત તપ અને આચાર સમાધિનું વર્ણન કરાય છે–

**कुर्यात् तपस्तथाऽऽचारं, नैहिकाऽऽमुष्मिकाऽऽशया ।**
**कीर्त्त्याद्यर्थं च नो किं तु, निष्कामो निर्जराकृते ॥२९-२४॥**

તપ તથા આચાર; આ લોકની આશંસાએ, પરલોકની આશંસાએ અને કીર્ત્તિ વગેરેની ઇચ્છાએ કરવો ન જોઈએ. પરંતુ નિષ્કામભાવે માત્ર નિર્જરા માટે કરવો જોઈએ.'' - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનો આશય એ છે કે બાર પ્રકારનો અનશનાદિ તપ છે અને મહાવ્રતાદિના પાલન સ્વરૂપ આચાર(સાધ્વાચાર) છે, જે અનુક્રમે સમાધિનો ત્રીજો અને ચોથો પ્રકાર છે. એ બંન્ને સમાધિના ચાર ચાર પ્રકાર આ શ્લોકથી વર્ણવ્યા છે.

લબ્ધિ પૂજા આદિ આ લોક સંબંધી ફળની અપેક્ષાએ તપ કરવો ના જોઈએ અને આચાર પાળવો ના જોઈએ. અર્થાત્ આ લોક સંબંધી કોઈ પણ ફળની અપેક્ષા વિના તપ કરવો જોઈએ અને આચાર પાળવો જોઈએ - આ તપસમાધિનો અને આચારસમાધિનો પહેલો પ્રકાર છે. આવી જ રીતે પરલોકમાં દેવ, દેવેન્દ્ર

કે ચક્રવર્ત્તી વગેરે થવાદિની ઇચ્છા વિના તપ કરવો જોઇએ અને આચાર પાળવો જોઇએ - આ તપસમાધિ અને આચારસમાધિનો બીજો પ્રકાર છે.

કીર્ત્તિ, વર્ણ, શબ્દ અને શ્લાઘાદિની ઇચ્છાથી તપ કરવો ના જોઇએ અને આચાર પણ પાળવા ના જોઇએ. સર્વ દિશામાં થતી પ્રશંસા, એક દિશામાં થતી પ્રશંસા, દિશાના અર્દ્ધભાગમાં થતી પ્રશંસા અને માત્ર પોતાના સ્થાનમાં થતી પ્રશંસા; અનુક્રમે કીર્ત્તિ, વર્ણ, શબ્દ અને શ્લાઘા સ્વરૂપ છે. તે કીર્ત્તિ વગેરેની ઇચ્છા વિના જ તપ કરવો જોઇએ અને આચાર પાળવો જોઇએ. આ તપસમાધિનો અને આચારસમાધિનો ત્રીજો પ્રકાર છે.

તેમ જ કોઇ પણ પ્રકારની ઇચ્છા વિના માત્ર શુભાશુભ કર્મની નિર્જરા માટે તપ કરવો જોઇએ અને આચાર પાળવો જોઇએ. આ પ્રમાણે તપસમાધિ અને આચારસમાધિનો ચોથો પ્રકાર થાય છે. ચારે ય સમાધિનો વિચાર કરીએ તો સમજાશે કે તપ અને આચારની આરાધના કરતી વખતે માત્ર નિર્જરાનું ધ્યેય રાખવાનું અનિવાર્ય છે. સુખનું અર્થીપણું ગયા વિના નિર્જરાનું અર્થીપણું આવે એવું નથી. શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞા મુજબ તપ અને આચારની આરાધનામાં અવરોધ જ સુખના અર્થીપણાનો છે. તપ અને આચાર સમાધિ, એ માટે ચોક્કસ દિશાસૂચન કરે છે. સુખની ઇચ્છા, કરેલા ધર્મને પણ નિષ્ફળ બનાવે છે. ॥૨૯-૨૪॥

વિનયવિશેષનું નિરૂપણ કર્યું. હવે તેના ફળનું વર્ણન કરાય છે–

**इत्थं समाहिते स्वान्ते, विनयस्य फलं भवेत् ।**
**स्पर्शाख्यं स हि तत्त्वाप्तिर्बोधमात्रं परः पुनः ॥२९-२५॥**

"આ રીતે વિનયાદિ ચાર સમાધિથી યુક્ત ચિત્ત થયે છતે સ્પર્શ નામનું વિનયનું ફળ પ્રાપ્ત થાય છે. તત્ત્વની સમ્પ્રાપ્તિ(નિશ્ચયાત્મક જ્ઞાન)ને અહીં સ્પર્શ કહેવાય છે. સ્પર્શથી બીજું બધું જ્ઞાન માત્ર બોધસ્વરૂપ છે." - આ પ્રમાણે પચ્ચીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે વિશિષ્ટ વિનયરૂપ ચાર સમાધિથી યુક્ત મન થયે છતે, વિનયના ફળ સ્વરૂપે સ્પર્શાત્મક બોધ પ્રાપ્ત થાય છે. વસ્તુના પારમાર્થિક સ્વરૂપના સુદૃઢ નિશ્ચયાત્મક જ્ઞાનને સ્પર્શજ્ઞાન કહેવાય છે. જે વસ્તુમાં કોઇ પણ ધર્મનો આરોપ કર્યા વિના તેના મૂળભૂત સ્વરૂપનો યથાર્થ

બોધ છે, તેને સ્પર્શજ્ઞાન કહેવાય છે. વસ્તુને સ્પર્શે છે તેથી તે સ્પર્શ છે. તેથી હેયમાં હેયત્વની બુદ્ધિ અને ઉપાદેયમાં ઉપાદેયત્વની બુદ્ધિ ચોક્કસપણે થાય છે. અર્થાત્ વસ્તુના સ્વરૂપનો બોધ સંવેદનાત્મક થાય છે. તે ક્રમે કરીને પ્રવૃત્તિ કે નિવૃત્તિ સ્વરૂપ કાર્યમાં પરિણમે છે. વસ્તુનું જ્ઞાન હોવું અને વસ્તુનું કાર્યપરિણત જ્ઞાન હોવું : એ બેમાં ઘણો ફરક છે. નિશ્ચય-વ્યવહાર ઉત્સર્ગાપવાદ વગેરે અનેકની અપેક્ષાએ વસ્તુના વિશુદ્ધ સ્વરૂપને સ્પર્શે એવા બોધને છોડીને બીજો બધો બોધ, બોધમાત્ર છે. અર્થાત્ તેથી કોઈ કાર્ય થતું નથી... ઈત્યાદિ અન્યત્રથી સમજી લેવું જોઈએ. સામાન્યતઃ જાણવું અને એ મુજબ પ્રતીતિ થવી, એમાં વિશ્વાસ બેસવો : એમાં જે ફરક છે, તે સમજી શકાય એવું છે. ॥૨૯-૨૫॥

સ્પર્શજ્ઞાનના ફળનું વર્ણન કરાય છે–

**अक्षेपफलदः स्पर्शस्तन्मयीभावतो मतः ।**
**यथा सिद्धरसस्पर्शस्ताम्रे सर्वाऽनुवेधतः ॥२९-२६॥**

"જેમ સિદ્ધરસનો સ્પર્શ તાંબામાં બધે અનુવેધ થવાથી વિલંબ વિના ફળને આપે છે તેમ સ્પર્શસ્વરૂપ બોધ ધ્યેયની સાથે તન્મય થવાથી વિના વિલંબે ફળને આપનાર બને છે." - આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય એ છે કે જેમ તાંબામાં સિદ્ધરસનો સ્પર્શ સર્વદેશમાં(પ્રદેશે પ્રદેશે) થવાથી સુવર્ણભાવને પ્રાપ્ત કરે છે. તેમ સ્પર્શસ્વરૂપ જ્ઞાન આત્માના સર્વદેશે વ્યાપી જવાથી અર્થ-કામાદિ હેય પદાર્થોથી આત્મા બધી રીતે દૂર થાય છે. મોક્ષ અને તેના સાધનભૂત જ્ઞાનાદિમાં તન્મય બને છે. ભાવરસેન્દ્રસ્વરૂપ સ્પર્શાખ્ય તત્ત્વ-સમ્પ્રાપ્તિના સર્વાનુવેધથી આત્મા પરમાત્મભાવને પ્રાપ્ત કરે છે.

આ વિષયને વર્ણવતાં શ્રી ષોડશકપ્રકરણમાં (૮-૮માં) ફરમાવ્યું છે કે મહાન ઉદય છે જેનાથી એવા ભાવરસેન્દ્રથી(સ્પર્શયોગથી) કાલક્રમે જીવસ્વરૂપ તાંબામાં પરમ કોટીની સિદ્ધસ્વરૂપ સુવર્ણભાવની પ્રાપ્તિ થાય છે. આત્મા પરમાત્મા બને છે. આ બધા ભાવોની પ્રાપ્તિના મૂળમાં વિનયસમાધિ વગેરે ચાર સમાધિની પ્રાપ્તિ છે, જેનું અંતિમ ફળ પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ છે. ॥૨૯-૨૬॥

આથી જે સિદ્ધ થયું છે તે જણાવાય છે–

**इत्थं च विनयो मुख्यः, सर्वानुगमशक्तितः ।**
**मिष्टान्नेष्विव सर्वेषु, निपतन्निक्षुजो रसः ।।२९-२७।।**

આ પૂર્વે જણાવ્યા મુજબ બધી જ આરાધના વિનયપૂર્વકની હોય તો જ તે પોતાના ફળને આપનારી બને છે. તેથી "આ રીતે બધામાં અનુગમશક્તિને આશ્રયીને વિનય જ મુખ્ય છે. જેમ બધા મિષ્ટાન્નમાં મધુરરસ મુખ્યરૂપે પડ્યો છે, તેમ સર્વત્ર વિનયનું મુખ્યત્વ છે." - આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો અર્થ છે. સર્વત્ર વ્યાપીને રહેવાનું જે સામર્થ્ય છે તેને સર્વાનુગમ શક્તિ કહેવાય છે.

કહેવાનો આશય સ્પષ્ટ છે કે જેમ મિષ્ટાન્નમાં અનેક દ્રવ્યો હોવા છતાં બધાં જ મિષ્ટાન્નમાં મધુર રસ તો હોય જ. એ જો ન હોય તો મિષ્ટાન્નને મિષ્ટાન્ન જ કહેવાય નહિ, કારણ કે તેથી મિષ્ટાન્નનું સ્વરૂપ જ રહેતું નથી. આવી જ રીતે જ્ઞાન દર્શન ચારિત્ર તપ વગેરેની આરાધનામાં, મિષ્ટાન્નોમાં પડેલા મધુરરસની જેમ વિનય રહેલો છે. તે, દરેક આરાધનામાં મુખ્ય છે. એ જો ન હોય તો જ્ઞાનાદિ આરાધનાનું સ્વરૂપ જ નાશ પામે છે. જ્યાં પોતાનું સ્વરૂપ જ ન હોય ત્યાં તેના કાર્યનું અસ્તિત્વ ક્યાંથી હોય ? ।।૨૯-૨૭।।

વિનયથી જેમ ગુણની પ્રાપ્તિ થાય છે; તેમ દોષોનો ક્ષય થાય છે, તે જણાવાય છે–

**दोषाः किल तमांसीव, क्षीयन्ते विनयेन च ।**
**प्रसृतेनांशुजालेन, चण्डमार्तण्डमण्डलात् ।।२९-२८।।**

"પ્રખર એવા સૂર્યબિંબમાંથી પ્રસરેલાં કિરણોના સમુદાયથી જેમ અંધકાર દૂર થાય છે તેમ વિનય વડે ખરેખર જ દોષો ક્ષય પામે છે." - આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે અંધકારને દૂર કરવાનું પ્રચંડ સામર્થ્ય સૂર્યનાં કિરણોમાં છે. એના પ્રસારથી અંધકાર દૂર થાય છે એ સમજી શકાય છે. એવી રીતે જ આત્માના સઘળાય દોષોને દૂર કરવાનું સામર્થ્ય વિનયમાં છે. વિષય, કષાય અને મોહ વગેરે દોષોને દૂર કરવાનું સામર્થ્ય વિનયમાં છે. વિનયથી પ્રાપ્ત થયેલ અને પરિણત થયેલ સમ્યગ્જ્ઞાન વગેરેથી એ અજ્ઞાનાદિમૂલક સર્વ દોષો નાશ પામે છે. કુરગડુ મુનિ વગેરે

મહાત્માઓએ જે રીતે વિનયથી દોષોનો ક્ષય કર્યો છે, તેનું અનુસંધાન કરવાથી તેમ જ કુલવાલક મુનિ વગેરે આત્માઓના દોષો; ઘોર સાધના કરવા છતાં ક્ષય પામ્યા નહીં, એનું અનુસંધાન કરવાથી સમજી શકાશે કે વિનયથી દોષોનો ક્ષય કઇ રીતે થાય છે. ॥૨૯-૨૮॥

વિનય વિના પ્રાપ્ત કરેલા શ્રુતજ્ઞાનની અનર્થકારિતા જણાવાય છે. આશય એ છે કે આ પૂર્વે એ જણાવ્યું છે કે વિનયપૂર્વક ગ્રહણ કરેલું શ્રુતજ્ઞાન, વિના વિલંબે વિવક્ષિત ફળનું કારણ બને છે. હવે એ જણાવાય છે કે વિનય વિના ગ્રહણ કરેલું શ્રુતજ્ઞાન વિવક્ષિત ફળને તો આપતું નથી, પણ અનર્થકારી બને છે–

**श्रुतस्याऽप्यतिदोषाय, ग्रहणं विनयं विना ।**
**यथा महानिधानस्य, विना साधनसन्निधिम् ॥२९-२९॥**

શ્લોકાર્થ સ્પષ્ટ છે. એનું તાત્પર્ય એ છે કે વિનય વિના જો શ્રુતનું ગ્રહણ કરવામાં આવે તો દેવતાદિના કોપના કારણે અત્યંત ભયંકર દોષનો પ્રસંગ આવે છે. યોગ્ય પૂજાદિ ઉપચારાદિ સાધનના સન્નિધાન વિના જ મહાનિધાનનું ગ્રહણ કરવામાં આવે તો તે જેમ અત્યંત દોષ માટે થાય છે, તેમ અહીં પણ વિનય વિના શ્રુતના ગ્રહણમાં અત્યંત દોષ થાય છે.

ભૂમિ વગેરે સ્થાને દાટેલા નિધાન જ્યારે ગ્રહણ કરાય છે ત્યારે સામાન્યથી એની આગળ ધૂપ દીવો વગેરે કરાય છે. તેના અધિષ્ઠાયક દેવાદિને જણાવવાપૂર્વક પછી જ આદરપૂર્વક લઇ જવાય છે. આવા પ્રકારનો પૂજાદિ ઉપચાર કર્યા વિના જો ગ્રહણ કરવામાં આવે તો દેવતા કે સર્પાદિનો ઉપદ્રવ થતો હોય છે, જે અત્યંત દોષ માટે થાય છે. એવી રીતે વિનય વિના જો શ્રુતનું ગ્રહણ કરવામાં આવે તો શાસ્ત્રમાં જણાવ્યા મુજબ ઉન્માદ, સન્નિપાત, ધર્મથી ભ્રષ્ટ અને મરણ વગેરે દોષોની પ્રાપ્તિ થાય છે. તેથી શાસ્ત્રીય મર્યાદાએ યોગ્ય જગ્યાએ બેસીને વંદનાદિ વિનયપૂર્વક અંજલી કરીને શ્રુતનું ગ્રહણ કરવું જોઇએ. આ અંગેના વિનયનું વર્ણન શ્રી આવશ્યકસૂત્રની નિર્યુક્તિ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર વગેરે ગ્રંથમાં વિસ્તારથી છે, ત્યાંથી તે જાણી લેવું જોઇએ... અહીં તો માત્ર પ્રકૃતોપયોગી જ વર્ણન કર્યું છે. ॥૨૯-૨૯॥

વિનયના પ્રાધાન્યનું સમર્થન કરાય છે–

**विनयस्य प्रधानत्वद्योतनायैव पर्षदि ।**
**तीर्थं तीर्थपति र्नत्वा, कृतार्थोऽपि कथां जगौ ॥२९-३०॥**

શ્લોકાર્થ અને એનો આશય સ્પષ્ટ છે. સર્વ યોગોમાં વિનયની પ્રધાનતા છે - એ જણાવવા માટે, શ્રી તીર્થંકર પરમાત્મા બાર પર્ષદામાં સ્વયં કૃતાર્થ હોવા છતાં તીર્થને નમસ્કાર કરીને દેશના કરે છે. શ્રી તીર્થંકરપરમાત્મા કેવલજ્ઞાની હોવાથી સ્વયં કૃતાર્થ છે. તેઓશ્રીને વિનયાદિ કોઇ પણ પ્રવૃત્તિ કરવાની રહેતી નથી. તેઓશ્રી વિનયાદિ ન કરે તો તેઓશ્રીને કોઇ દોષની પ્રાપ્તિ થવાની નથી કે કોઇ પણ ગુણની હાનિ થવાની નથી.

આમ છતાં સમવસરણમાં બાર પર્ષદાની આગળ ધર્મદેશના ફરમાવતાં પૂર્વે શ્રી તીર્થંકરપરમાત્મા '**नमो तित्थस्स**' કહીને તારક તીર્થને નમસ્કાર કરે છે. એની પાછળનો આશય 'સર્વ યોગોમાં વિનયનું પ્રાધાન્ય' જણાવવાનો છે. આથી સમજી શકાશે કે સર્વથા કૃતકૃત્ય થયેલા શ્રી તીર્થંકર પરમાત્મા પણ જો વિનયને કરતા હોય તો આપણા જેવા અકૃતાર્થ આત્માઓને વિનય આચરવાનું સર્વથા અનિવાર્ય છે. સ્વચ્છંદતા અને ઉદ્ધતપણું આ બંન્ને દોષો ખૂબ જ ભયંકર છે. સર્વથા વિનયપૂર્ણ જીવનને જીવ્યા વિના એ દોષોથી દૂર રહી શકાય એવું નથી. એક રીતે જોઇએ તો ખૂબ જ સરળ જણાતો વિનય પણ બીજી રીતે ખૂબ જ વિકટ છે. પરંતુ એને આત્મસાત્ કરવા સિવાય બીજો કોઇ ઉપાય પણ નથી. આત્મસ્વભાવને પ્રકટ કરવા માટે એ જ એક ઉપાય છે. ॥૨૯-૩૦॥

ગુરુકુળવાસમાં રહીને વિનય કરવાના બદલે શુદ્ધભિક્ષાદિના પ્રાધાન્યને સ્વીકારનારા, ગુરુકુળવાસનો ત્યાગ કરી વિનયનો અપલાપ કરે છે. તેમની પ્રત્યે વિનયનું પ્રાધાન્ય જણાવાય છે–

**छिद्यते विनयो यैस्तु, शुद्धोञ्छादिपरैरपि ।**
**तैरप्यग्रेसरीभूय, मोक्षमार्गो विलुप्यते ॥२९-३१॥**

"નિર્દોષભિક્ષા વગેરેમાં તત્પર એવા પણ જે લોકો વડે વિનયનો ઉચ્છેદ કરાય છે, તેઓ વડે પણ આગળ થઇને મોક્ષમાર્ગનો લોપ કરાય છે." - આ

પ્રમાણે એકત્રીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આ પૂર્વે અનેક રીતે વિનયનું પ્રાધાન્ય વર્ણવ્યું. એનો વિચાર કરીએ તો વિનયની ઉપાદેયતા કે મુખ્યતાના વિષયમાં શંકા પડવાનું ખરેખર જ કોઇ કારણ નથી. પરંતુ વિનય કરવા માટે સૌથી પ્રથમ ગુરુકુળવાસમાં રહેવું આવશ્યક છે. પણ કેટલાક પોતાની ઇચ્છા મુજબ જીવનારા સાધુઓ માનતા હોય છે કે - 'ગુરુકુળવાસમાં રહેવાથી ભિક્ષાસંબંધી, વસતિસંબંધી કે સ્વાધ્યાયસંબંધી અનેક દોષો લાગે છે. તેથી વિનય કરતાં પણ શુદ્ધોઞ્છા, નિર્દોષ વસતિ અને સ્વાધ્યાય વગેરેનું પ્રાધાન્ય છે.' અને તેથી તેઓ વિનયને ગૌણ કરી શુદ્ધોઞ્છાદિમાં તત્પર રહે છે. ગુરુકુળવાસનો ત્યાગ કરે છે તેમ જ વિનયથી વિમુખ થાય છે. આવા સાધુઓ ગમે તેટલું ઉત્કૃષ્ટ ચારિત્ર પાળતા હોય તોપણ ખરેખર તો આગળ થઇને અર્થાત્ મોખરે રહીને તેઓ મોક્ષમાર્ગનો લોપ કરે છે. મોક્ષમાર્ગનો નાશ કરવા માટે નેતૃત્વ ધારણ કરે છે.

ગુરુકુળવાસાદિસ્વરૂપ વિનયથી રહિત શુદ્ધભિક્ષા, નિર્દોષ વસતિ, ઉગ્રતપ-વિહાર અને સ્વાધ્યાયાપ્રમત્તતાદિ ગુણો પણ ધર્માભાસ(ગુણાભાસ) સ્વરૂપ છે, વાસ્તવિક નથી. આભાસિક ધર્મથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. ઉપરથી મોક્ષમાર્ગનો લોપ થાય છે. છટ્ઠ અટ્ઠમ આદિ તપની આરાધના કરે પણ ગુરુદેવશ્રીના વચનને ન માને તો તે જીવોનો અનંત સંસાર વધે છે. ગમે તેટલા બહુશ્રુત હોય પરંતુ વિનયથી રહિત એવા શ્રદ્ધાસંવેગ વગરના તેઓ ચારિત્રની આરાધના કરતા નથી. ચારિત્રથી પડેલા એવા તેઓ સંસારમાં ભટકે છે... ઇત્યાદિ વિચારવું. ॥૨૯-૩૧॥

પ્રકૃતાર્થના નિરૂપણનું સમાપન કરાય છે–

**नियुङ्क्ते यो यथास्थानमेनं तस्य तु सन्निधौ ।**
**स्वयंवराः समायान्ति परमानन्दसम्पदः ॥२९-३२॥**

शिष्टमर्थं स्पष्टम् ॥३२॥

"આ વિનયને; સ્થાનને અનુરૂપ જે જોડે છે, તેની પાસે પરમાનંદની સંપત્તિ પોતાની મેળે સામેથી આવે છે." - આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો શબ્દશઃ અર્થ છે. એનું કહેવાનું તાત્પર્ય એ છે કે - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને

અનુકૂળ; પોતાનું સામર્થ્ય અને પોતાના સંયોગોને અનુરૂપ તેમ જ નાના મોટા તથા તેમની આવશ્યકતા વગેરેનો વિવેક કરીને જે વિનય કરે છે તેને સત્ત્વર મોક્ષસ્વરૂપ પરમાનંદસંપત્તિ સામેથી જ પ્રાપ્ત થાય છે.

અહીં યાદ રાખવું જોઇએ કે બધાય યોગોમાં જેમ વિનયગુણની મુખ્યતા છે તેમ તેટલી જ મુખ્યતા વિવેકની પણ છે. જેમનો આપણે વિનય કરવાની ઇચ્છા રાખતા હોઇએ તે પૂજ્ય વ્યક્તિને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ કયા અનુકૂળ છે અને કયા પ્રતિકૂળ છે - એનો વિચાર કરવા પૂર્વક વિનય કરવો જોઇએ. વસ્ત્ર, પાત્ર, શય્યા, આસન, અશન, પાન વગેરે દ્રવ્ય છે. લખવા, વાંચવા, બેસવા, ઊઠવા, ઊંઘવા વગેરેની જગ્યા ક્ષેત્ર છે. તે તે કાર્ય કરવાના સમય સ્વરૂપ કાળ છે અને તેઓશ્રીની શરીર કે મન વગેરેની અવસ્થા ભાવ છે. અનુકૂળ દ્રવ્યાદિને આશ્રયીને અને પ્રતિકૂળ દ્રવ્યાદિના વર્જનને આશ્રયીને વિવેકપૂર્વક વિનય કરવો જોઇએ.

વિનય માટે યોગ્ય વ્યક્તિ(પૂજનીય)ઓમાં નાના-મોટાનો ખ્યાલ રાખી વંદનાદિ વિનય કરવો જોઇએ. તેમ જ વૈયાવૃત્ત્યની કોને કેટલી આવશ્યકતા છે : એનો ખ્યાલ રાખી વૈયાવૃત્ત્યસંબંધી, ક્રમાનુસાર વૈયાવૃત્ત્યાદિ વિનય કરવો જોઇએ... ઇત્યાદિ આશયને જણાવવા માટે શ્લોકમાં **यथास्थानम्** આ પાઠ છે. અંતે એ રીતે વિવેકપૂર્વક વિનયનું આરાધન કરી આપણે સૌ પરમાનંદના ભાજન બનવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા. ॥૨૯-૩૨॥

**॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां विनयद्वात्रिंशिका ॥**

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥**

# પરિશીલનની પૂર્વે

વિનયબત્રીશીમાં વિનયનું વર્ણન કર્યું. વિનયના આસેવનથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કેવલજ્ઞાની ભગવંતો આપણી જેમ કવલાહાર(ભોજન) કરે તો તેઓ કોઇ પણ રીતે કૃતાર્થ નહીં કહેવાય. તેથી કેવલીપરમાત્મા કવલાહાર કરતા નથી : આવી દિગંબરોની માન્યતાનું નિરાકરણ કરવા માટે આ બત્રીશી છે.

પોતાની માન્યતાના સમર્થન માટે દિગંબરો જે દલીલો કરે છે, તેનું વર્ણન શરૂઆતમાં પાંચ શ્લોકોથી કર્યું છે. શ્રી કેવલીપરમાત્મા કવલાહાર કરતા નથી- આવી પોતાની માન્યતાનું નિરૂપણ કરતાં દિગંબરો જણાવે છે કે તેઓશ્રીના સકળ દોષોનો વિગમ થયો છે. તેઓશ્રી કૃતકૃત્ય છે. આહારસંજ્ઞાથી તેઓશ્રી રહિત છે. તેઓશ્રી અનંતસુખથી સઙ્ગત છે. તેઓશ્રીનું વેદનીયકર્મ બળી ગયેલા દોરડા જેવું છે. તેઓશ્રીનાં સુખ-દુઃખ ઇન્દ્રિયજન્ય હોતાં નથી. મોહનીયકર્મના અભાવે તેઓશ્રી પરદ્રવ્યની પ્રવૃત્તિ કરી શકતા નથી. શાતાવેદનીયકર્મની ઉદીરણાનો તેઓશ્રીને અભાવ હોય છે. આહારની કથાથી પ્રમાદ થવાનો તેઓશ્રીને પ્રસઙ્ગ આવશે. ભોજનથી નિદ્રાની ઉત્પત્તિનો પ્રસઙ્ગ આવશે. તેઓશ્રીને ધ્યાન અને તપના વ્યયનો પ્રસઙ્ગ આવશે. આહાર વિના પણ તેઓશ્રીનું પરમ ઔદારિક શરીર લાંબા કાળ સુધી ટકી શકે છે. પરોપકારની હાનિનો પ્રસંગ આવે. મળ-મૂત્રાદિનો પ્રસઙ્ગ આવ્યેથી જુગુપ્સા થાય અને વ્યાધિ થવાનો પ્રસઙ્ગ આવશે... ઇત્યાદિ દોષોના કારણે શ્રી કેવલીપરમાત્મા કવલાહાર કરતા નથી.

આ બધા જ દોષોનું સ્પષ્ટ રીતે નિરાકરણ આગળના તે તે શ્લોકોથી કરવામાં આવ્યું છે. અઠ્ઠાવીસમા શ્લોક સુધીના શ્લોકોથી, દિગંબરોએ જણાવેલા હેતુઓનું નિરાકરણ ખૂબ જ વિસ્તારથી કર્યું છે. સ્યાદ્વાદકલ્પલતા, અધ્યાત્મમતપરીક્ષા... વગેરે ગ્રંથોમાં દિગંબરોની માન્યતાનું ખૂબ જ વિસ્તારથી નિરાકરણ છે. પરંતુ દાર્શનિક પરિભાષાનું જેમને જ્ઞાન નથી તેવા લોકોને એ સમજવાનું એટલું સરળ નથી. એના પ્રમાણમાં અહીંનું નિરૂપણ સમજવામાં ઘણું જ સરળ છે.

છેલ્લા ચાર શ્લોકોથી પ્રકરણાર્થનું સમાપન કરતી વખતે ગ્રંથકારશ્રીએ દિગંબરોને માર્મિક ટકોર કરી છે. કેવલીપરમાત્માના કવલાહારમાં કોઇ પણ બાધક ન હોવા છતાં 'પરમાત્માને ખાવાનું શાનું હોય ?' આવા પ્રકારની લજ્જા

અનુભવાતી હોય તો 'પરમાત્માને નૃદેહ કઇ રીતે હોય ?' આવા પ્રકારની લજ્જાના અનુભવથી તો અશરીરી અને અનાદિશુદ્ધ સદાશિવાદિની જ ઉપાસના કરવી જોઇએ. આ રીતે સ્વદર્શનનો ત્યાગ કરી નૈયાયિકાદિના દર્શનમાં પ્રવેશવાનો પ્રસઙ્ગ આવશે.

પરમાત્માના વાસ્તવિક સ્વરૂપને જાણ્યા વિના પરમાત્માના દોષની વાત કરવાથી ભયંકર કોટિનાં પાપોનો બંધ થાય છે. પાપના ભયથી પણ પરમાત્માની અવજ્ઞાથી દૂર રહેવું જોઇએ. અવાસ્તવિક દૂષણના ઉદ્ભાવનથી વસ્તુતઃ પરમાત્માને કોઇ જ અપાય નથી. જે કોઇ પણ અપાય છે તે દોષનું ઉદ્ભાવન કરનારાને છે. સૂર્ય ઉપર ધૂળ ઉડાડવાથી તે ધૂળ સૂર્ય સુધી તો પહોંચતી જ નથી, પણ ધૂળ ઉડાડનારના આંખમાં જાય છે. આ રીતે દિગંબરોની એક માન્યતાનું વિસ્તારથી નિરાકરણ થવાથી શ્વેતાંબરોની માન્યતાની નિર્દોષતા સિદ્ધ થાય છે. તેથી પરમાનંદને પામેલા શ્વેતાંબરોથી જૈનશાસન શોભાને પ્રાપ્ત કરી જયવંતું વર્ત્તે છે.

દિગંબરોની માત્ર એક જ માન્યતાનું અહીં વિસ્તારથી નિરૂપણ કર્યું છે. બીજી પણ કેટલીક તેમની માન્યતાઓનું નિરાકરણ અન્ય ગ્રંથોમાં કર્યું છે. એ બધાનું વ્યવસ્થિત રીતે અધ્યયન કરવામાં આવે તો આપણા શાસ્ત્રકાર પરમર્ષિઓએ જે અનુગ્રહ કર્યો છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકશે. આપણે અજ્ઞાનાદિથી ઉન્માર્ગમાર્ગી બની જઇએ નહિ - એ માટેનો એ મહાપુરુષોનો આ પ્રયત્ન છે. એને અનુરૂપ સાચી વસ્તુને સમજવા આપણે પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા...

**- આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ**

ચંદાવરકર લેન, બોરીવલી,
મુંબઇ-૪૦૦ ૦૯૨.
વૈશાખ વદ-૧૨, શુક્રવાર, તા. ૦૩-૦૬-૨૦૦૫

# अथ प्रारभ्यते केवलिभुक्तिव्यवस्थापनद्वात्रिंशिका ।

अनन्तरं विनय उक्तस्तत्पालनेन च महात्मा केवली भवति, स च कवलभोजित्वान्न कृतार्थ इति दिगम्बरमतिभ्रमनिरासार्थमाह–

આ પૂર્વેની બત્રીશીમાં વિનયનું નિરૂપણ કર્યું. તેના પાલનથી મહાત્મા કેવલી બને છે. તેઓશ્રી કવલાહાર કરે તો કૃતાર્થ નથી. આ દિગંબરમતનું નિરાકરણ કરવા માટે અહીં પ્રયત્ન કરાય છે. (અર્થાત્ કવલાહારને અને કૃતાર્થત્વને કોઈ વિરોધ નથી, તે જણાવાય છે.)–

**सर्वथा दोषविगमात्, कृतकृत्यतया तथा ।**
**आहारसञ्ज्ञाविरहादनन्तसुखसङ्गतेः ॥३०-१॥**

सर्वथेति–सर्वथा सर्वप्रकारैर्दोषविगमात् क्षुधायाश्च दोषत्वात्तदभावे कवलाहारानुपपत्तेः । तथा कृतकृत्यतया केवलिनः कवलभोजित्वे तद्भ्रान्त्यापत्तेः । आहारसञ्ज्ञाविरहात् तस्याश्चाहारहेतुत्वाद् । अनन्तसुखस्य सङ्गतेः केवलिनः कवलभुक्तौ तत्कारणक्षुद्वेदनोदयावश्यम्भावात्तेनानन्तसुखविरोधात् ॥३०-१॥

"સર્વથા દોષનો વિગમ(ક્ષય) થવાથી, કૃતકૃત્ય હોવાથી, આહારસંજ્ઞાનો વિરહ હોવાથી અને અનંતસુખ પ્રાપ્ત થયું હોવાથી... (કેવલીભગવાન વાપરતા નથી - એમ દિગંબરો માને છે.)" - આ પ્રમાણે પહેલા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે દિગંબરો, કેવલજ્ઞાની કવલાહાર કરતા નથી - એમ કહે છે. એની પાછળ એમનો જે આશય છે તે અહીં પાંચ શ્લોકોથી જણાવાય છે. પાંચમા શ્લોકમાં **भगवान् भुङ्क्ते नेति दिगम्बराः** - આ પદ છે તેનો સંબંધ તેની પૂર્વેના દરેક શ્લોકમાં છે.

શ્રી કેવલીપરમાત્માના સર્વ પ્રકારે દોષો નાશ પામેલા હોવાથી તેઓશ્રી કવલાહાર કરતા નથી. ક્ષુધા એ એક દોષ છે. તેને દૂર કરવા માટે કવલાહાર કરવો પડે છે. કેવલી કવલાહાર કરે તો તેમને ક્ષુધાસ્વરૂપ દોષ છે - એમ માનવું જોઈએ અને તેથી તેઓશ્રીના સર્વથા દોષો દૂર થયા છે - એમ માનવાનું વિરુદ્ધ થશે. સર્વથા દોષવિગમત્વનો વિરોધ આવે નહીં : એ માટે કેવલીપરમાત્મામાં કવલાહારની પ્રવૃત્તિ મનાતી નથી.

શ્રી કેવલીભગવંતો કવલાહાર કરતા નથી. કારણ કે તેઓશ્રી કૃતકૃત્ય છે. તેઓશ્રી સામાન્ય લોકોની જેમ કવલાહાર કરે તો તેઓશ્રીમાં સામાન્ય જનોની જેમ જ કૃતકૃત્યત્વ માની શકાશે નહિ. કારણ કે કવલાહારની પ્રવૃત્તિ જ્યાં હોય ત્યાં કૃતકૃત્યત્વ રહેતું નથી. કેવલીભગવંતમાં કવલાહાર (કવલભોજિત્વ) માનવામાં આવે તો કૃતકૃત્યત્વની હાનિ થવાનો પ્રસંગ આવશે. જેઓ કૃતકૃત્ય નથી, તેઓ કવલાહાર કરે છે; જેમ કે આપણે બધા. પરંતુ જેઓ કૃતકૃત્ય છે, તેઓ કવલાહાર કરતા નથી; જેમ કે શ્રી સિદ્ધ-પરમાત્માઓ.

આવી રીતે જ શ્રી કેવલીપરમાત્માઓમાં આહારસંજ્ઞા ન હોવાથી તેઓશ્રી કવલાહાર કરતા નથી. કારણ કે આહારનું કારણ આહારસંજ્ઞા છે. કારણ(આહારસંજ્ઞા)નો અભાવ હોવાથી કાર્યનો(કવલાહારનો) પણ અભાવ શ્રી કેવલીપરમાત્માને હોય છે. તેમ જ તેઓશ્રીને અનંતસુખ હોવાથી તેને લઈને તેઓશ્રીને કવલાહારનો અભાવ હોય છે. કારણ કે ક્ષુધાની વેદનાનો ઉદય થવાથી જ આહાર(ભોજન) કરવાનો પ્રસંગ આવે છે. શ્રી કેવલજ્ઞાની જો કવલાહાર કરતા હોય તો તેઓશ્રીને ક્ષુધા-વેદનીયનો ઉદય અવશ્ય માનવો પડશે અને તેથી તેઓશ્રીમાં અનંતસુખત્વનો વિરોધ આવશે. તેથી એ વિરોધને દૂર કરવા શ્રી કેવલજ્ઞાનીને કવલાહાર માનવામાં આવતો નથી- આ પ્રમાણે દિગંબરોનું કહેવું છે. આ પ્રથમ શ્લોકમાં કેવલીપરમાત્માના કવલાહારના અભાવમાં ચાર હેતુ વર્ણવ્યા છે, જેનું નિરાકરણ હવે પછીના શ્લોકોથી કરવામાં આવશે. ॥૩૦-૧॥

બીજા હેતુઓ જણાવાય છે–

**दग्धरज्जुसमत्वाच्च, वेदनीयस्य कर्मणः ।**
**अक्षोद्भवतया देहगतयोः सुखदुःखयोः ॥३०-२॥**

दग्धेति–च पुनर्वेदनीयकर्मणो दग्धरज्जुसमत्वात्तादृशेन तेन स्वकार्यस्य क्षुद्वेदनोदयस्य जनयितुमशक्यत्वात् । देहगतयोः शरीराश्रितयोः सुखदुःखयोरक्षोद्भवतयेन्द्रियाधीनतयाऽतीन्द्रियाणां भगवतां तदनुपपत्तेः ॥३०-२॥

"વેદનીયકર્મ બળી ગયેલા દોરડા જેવું હોવાથી અને શરીરસંબંધી સુખ-દુઃખ ઇન્દ્રિયોને આધીન હોવાથી (કેવલજ્ઞાની કવલાહાર કરતા નથી)" - આ પ્રમાણે

બીજા શ્લોકનો અર્થ છે. આ શ્લોકમાં શ્રી કેવલીમહાત્માના કવલાહારના અભાવને સિદ્ધ કરવા માટે બે હેતુઓ આપ્યા છે.

આશય એ છે કે "શ્રી કેવલીભગવંતોનાં ઘાતી કર્મોનો ક્ષય થયો છે. પરંતુ નામ, ગોત્ર, આયુષ્ય અને વેદનીય કર્મ : આ ચાર અઘાતી કર્મોનો ક્ષય થયો ન હોવાથી છદ્મસ્થ-અવસ્થાની જેમ વેદનીયકર્મના ઉદયથી ક્ષુધાવેદના કૈવલ્યાવસ્થામાં પણ થાય છે. તેથી તેઓશ્રી કવલાહાર કરે છે." - આ પ્રમાણે કહી શકાય એવું નથી. કારણ કે શ્રી કેવલીપરમાત્માનું વેદનીય કર્મ બળેલા દોરડા જેવું હોય છે. બળેલું દોરડું જેમ પોતાના કાર્ય-બંધન માટે સમર્થ બનતું નથી. તેમ એ વેદનીયકર્મ પણ; તેઓશ્રીને ક્ષુધાવેદનાને ઉત્પન્ન કરવા સમર્થ બનતું નથી. તેથી કેવલીપરમાત્મા ક્ષુધાને દૂર કરવા વાપરતા નથી.

તેમ જ શરીરને આશ્રયીને ઉત્પન્ન થતાં સુખ અને દુઃખ, ઈન્દ્રિયોના કારણે ઉત્પન્ન થતાં હોય છે. કેવલી પરમાત્માઓ અતીન્દ્રિય અર્થાત્ ભાવેન્દ્રિયથી રહિત હોવાથી વાપરતાં પહેલાં દુઃખ અને વાપર્યા પછી સુખ : આવાં સુખ-દુઃખ તેઓશ્રીમાં ઘટતાં નથી. તેથી તેઓશ્રી આપણી જેમ કવલાહાર કરતા નથી. તેઓશ્રી જો કવલાહાર કરે તો તેઓશ્રીમાં શરીરને આશ્રયીને સુખ અને દુઃખની ઉત્પત્તિ માનવાનો પ્રસંગ આવશે. ॥૩૦-૨॥

શ્રી કેવલીભગવંતોને કવલાહાર હોતો નથી - એમાં હેત્વંતર જણાવાય છે—

**मोहात्परप्रवृत्तेश्च सातवेद्यानुदीरणात् ।**
**प्रमादजननादुच्चैराहारकथयाऽपि च ॥३०-३॥**

मोहादिति—मोहान्मोहनीयकर्मणः परप्रवृत्तेः परद्रव्यप्रवृत्तेर्निर्मोहस्य सत आहारादिपरद्रव्यप्रवृत्त्यनुपपत्तेः । सातवेद्यस्य सातवेदनीयस्यानुदीरणात् सातासातमनुजायुषामुदीरणायाः सप्तमगुणस्थान एव निवृत्तेः केवलिनः कवलभुक्तौ तज्जन्यसातोदीरणप्रसङ्गात् । च पुनराहारकथयाप्युच्चैरत्यर्थं प्रमादजननादाहारस्य सुतरां तथात्वात् ॥३०-३॥

"મોહના કારણે પરપ્રવૃત્તિ થાય છે, સાતા(શાતા)વેદનીયકર્મની ઉદીરણા ન હોવાથી અને આહારની કથાથી પણ અત્યંત પ્રમાદ થતો હોવાથી (શ્રી કેવલીપરમાત્માઓ કવલાહાર (ભોજન) કરતા નથી.) - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે મોહનીય કર્મના ઉદયથી પરદ્રવ્યના

ગ્રહણાદિની પ્રવૃત્તિ થાય છે. શ્રી કેવલજ્ઞાનીઓએ સર્વથા મોહનીયકર્મનો ક્ષય કર્યો હોવાથી મોહના અભાવમાં તેઓશ્રી આહારાદિ પરદ્રવ્ય (સ્વભિન્નદ્રવ્ય) ગ્રહણ કરી શકે નહિ. અન્યથા તેઓશ્રી આહારાદિનું ગ્રહણ કરે તો તેઓશ્રીને મોહનીયકર્મનો સર્વથા ક્ષય કરનારા માની શકાશે નહિ. તેથી સર્વથા મોહનો ક્ષય કરનારા શ્રી કેવલીભગવંતો કવલાહાર કરતા નથી.

તેમ જ શ્રી કેવલીપરમાત્મા ક્ષુધાને દૂર કરવા કવલાહાર કરે તો ત્યારે શાતાવેદનીયકર્મની ઉદીરણાને માનવાનો પ્રસંગ આવશે. કારણ કે સાતમા ગુણસ્થાનકે જ તે ઉદીરણાની નિવૃત્તિ થાય છે. તેથી તે પ્રસંગનું નિવારણ કરવા માટે શ્રી કેવલજ્ઞાનીભગવંતો કવલાહાર કરતા નથી. આહાર વાપરવાથી શાતાવેદનીયકર્મની ઉદીરણા થાય છે.

આવી જ રીતે જ્યાં આહારની કથા (ભક્તકથા) પણ અત્યંત પ્રમાદનું કારણ મનાય છે, ત્યારે આહાર તો સુતરાં પ્રમાદનું કારણ છે - એ સમજી શકાય છે. તેથી જ શ્રી કેવલીપરમાત્મા, અત્યંત પ્રમાદના કારણભૂત કવલાહારને વાપરતા નથી. અન્યથા તેઓશ્રીને અત્યંત પ્રમાદનો પ્રસંગ આવે - એ સ્પષ્ટ છે. આ શ્લોકમાં ત્રણ હેતુઓ જણાવ્યા છે. એનું નિરાકરણ હવે પછીના શ્લોકોથી કરાશે. ॥૩૦-૩॥

આ રીતે શ્રી કેવલજ્ઞાનીઓના કવલભુક્તિના અભાવના સમર્થન માટે નવ હેતુઓનું નિરૂપણ કરીને બીજા પણ કેટલાક હેતુઓ જણાવાય છે–

**भुक्त्या निद्रादिकोत्पत्तेस्तथा ध्यानतपोव्ययात् ।**
**परमौदारिकाङ्गस्य, स्थास्नुत्वात् तां विनाऽपि च ॥३०-४॥**

भुक्त्येति–भुक्त्या कवलाहारेण निद्रादिकस्योत्पत्तेः, आदिना रामनमतिज्ञानेर्यापथपरिग्रहः । केवलिनां च निद्राद्यभावात्तद्व्याप्यभुक्तेरप्ययोगात् । तथा भुक्तौ सत्यां ध्यानतपसोर्व्ययात्, केवलिनश्च तयोः सदातनत्वात् । तां विनापि च भुक्तिं विनाऽपि च परमौदारिकाङ्गस्य स्थाणु(स्नु)त्वाच्चिरकालमवस्थितिशीलत्वात् तदर्थं केवलिनस्तत्कल्पनाऽयोगात् ॥३०-४॥

"ભોજન(કવલાહાર) કરવાના કારણે નિદ્રા વગેરેની ઉત્પત્તિ થતી હોવાથી, ધ્યાન અને તપનો ખંડ પડવાથી અને પરમઔદારિક શરીર ભોજન વિના

પણ લાંબા કાળ સુધી રહી શકતું હોવાથી (કેવલજ્ઞાનીઓ ભોજન કરતા નથી.)''- આ પ્રમાણે ચોથા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે ભોજન કરીએ એટલે નિદ્રા વગેરે આવે જ. નિદ્રાદિ વ્યાપક છે અને ભોજન વ્યાપ્ય છે. જ્યાં જ્યાં ભોજન છે, ત્યાં ત્યાં નિદ્રાદિ છે. શ્રી કેવલીભગવંતોને નિદ્રાદિ હોતા નથી. તેથી વ્યાપકના અભાવમાં તેના વ્યાપ્યભૂત ભોજન(કવલાહાર)નો પણ અભાવ હોય છે - એ સ્પષ્ટ છે. અહીં **निद्रादि** માં રહેલ **आदि** પદથી રસનેન્દ્રિયથી ઉત્પન્ન થનારા મતિજ્ઞાનનો (રાસન જ્ઞાનનો) અને ઈર્યાપથ(પ્રતિક્રમણ)નો પણ સંગ્રહ કરવાનો છે. આશય એ છે કે કવલાહારનું જ્યારે પણ ગ્રહણ કરીએ છીએ ત્યારે તેના રસાદિનું રસનેદ્રિયથી જ્ઞાન થાય છે, જે મતિજ્ઞાનસ્વરૂપ ક્ષાયોપશમિક જ્ઞાન છે. ઘાતિકર્મોનો ક્ષય કર્યો હોવાથી કેવલજ્ઞાની મહાત્માઓને મતિજ્ઞાન હોતું નથી. તેઓશ્રી જો કવલાહાર કરે તો તેઓશ્રીને રાસનમતિજ્ઞાન હોય છે - એમ માનવાનો પ્રસંગ આવે. તેથી કેવલી પરમાત્માને કવલાહાર હોતો નથી - એમ મનાય છે. તેમ જ છદ્મસ્થપ્રત્યયિક મતિજ્ઞાનાદિ થાય એટલે વિષયના ઈષ્ટત્વાદિના જ્ઞાનથી થયેલા કર્મબંધના કારણે પ્રતિક્રમણાદિનો પણ પ્રસંગ આવશે. તેથી કેવલીપરમાત્માને કવલાહાર મનાતો નથી.

બીજું કેવલીભગવંતો ભોજન કરે તો; તે કારણે ધ્યાન અને તપમાં ખંડ પડે. કેવલજ્ઞાનીઓને સદાને માટે ધ્યાન અને તપ હોય છે. તેથી તેમાં હાનિ ન થાય : એ માટે શ્રી કેવલીપરમાત્માને ભોજનનો અભાવ હોય છે.

"કેવલીપરમાત્મા કવલાહાર ન કરે તો જેમને નવમા વર્ષે કેવલજ્ઞાન થયું હોય અને એક કરોડ વર્ષ પૂર્વનું તેમનું આયુષ્ય હોય તો, આટલા લાંબા સમય સુધી આહાર વિના કેવી રીતે શરીર ટકે ? શરીરને ટકાવવા માટે કેવલી પરમાત્માએ આહાર વાપરવો જોઈએ." - આ પ્રમાણે નહિ કહેવું જોઈએ. કારણ કે કેવલજ્ઞાનીઓનું શરીર શ્રેષ્ઠકોટિનું ઔદારિક શરીર હોવાથી ભોજન લીધા વિના પણ ટકી શકવાના સ્વભાવવાળું હોવાથી તેને ટકાવવા કેવલજ્ઞાનીઓએ કવલાહાર લેવાની આવશ્યકતા નથી. તેથી શરીરની ચિરકાળસ્થિતિ માટે કેવલીપરમાત્માના કવલાહારની કલ્પના કરવાની વાત ઉચિત નથી. ॥૩૦-૪॥

શ્રી કેવલીપરમાત્માના કવલાહારના અભાવનું જ બીજા હેતુઓ દ્વારા સમર્થન કરાય છે–

**परोपकारहानेश्च, पुरीषादिजुगुप्सया ।**
**व्याध्युत्पत्तेश्च भगवान्, भुङ्क्ते नेति दिगम्बराः ॥३०-५॥**

परेति–परोपकारहानेश्च भुक्तिकाले धर्मदेशनाऽनुपपत्तेः, सदा परोपकारस्वभावस्य भगवतस्तद्व्याघातायोगात् । पुरीषादिजुगुप्सया, भुक्तौ तद्ध्रौव्यात् । व्याध्युत्पत्तेश्च भुक्तेस्तन्निमित्तत्वात् । भगवान् केवली भुङ्क्ते नेति दिगम्बरा वदन्ति ॥३०-५॥

"પરોપકારની હાનિ થાય, સ્થંડિલાદિના કારણે જુગુપ્સા થાય અને રોગની ઉત્પત્તિ થાય; તેથી તેના નિવારણ માટે કેવલીપરમાત્મા કવલાહાર કરતા નથી - એમ દિગંબરો કહે છે." - આ પ્રમાણે પાંચમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે શ્રી કેવલીપરમાત્મા સદા પરોપકાર કરવાના સ્વભાવવાળા છે. જો તેઓશ્રી ભોજન કરે તો તે વખતે ધર્મદેશનાનો અવરોધ થાય છે. તેથી પરોપકારનો વ્યાઘાત થશે, જે તેઓશ્રી માટે ઉચિત નથી. તેથી કેવલીપરમાત્મા કવલાહાર કરતા નથી. તેમ જ આ રીતે કવલાહાર વાપરે તો વાપરનારને સ્થંડિલાદિ માટે અવશ્ય જવું પડે, જે જુગુપ્સાજનક છે. તેથી કેવલજ્ઞાનીઓ વાપરતા નથી. ભોજન રોગનું નિમિત્ત હોવાથી તેનો પરિહાર કરવા માટે કેવલીપરમાત્મા ભોજન કરતા નથી. કારણ કે તેઓશ્રી સદા નીરોગી હોય છે તેથી રોગના નિમિત્તથી તેઓશ્રી દૂર રહે છે.

ઉપર જણાવ્યા મુજબ શ્રી કેવલીપરમાત્મા કવલાહાર વાપરતા નથી - આ પોતાની માન્યતાનું સમર્થન પંદર હેતુઓથી દિગંબરોએ કર્યું. તેનું નિરાકરણ હવે પછીના શ્લોકોથી કરાશે. શ્વેતાંબરોની માન્યતા મુજબ કેવલી પરમાત્મા સામાન્યથી દરરોજ એકાસણું કરે છે. ॥૩૦-૫॥

પૂર્વપક્ષનું નિરાકરણ કરવાનો આરંભ કરાય છે–

**सिद्धान्तश्चायमधुना, लेशेनास्माभिरुच्यते ।**
**दिगम्बरमतव्यालपलायनकलागुरुः ॥३०-६॥**

सिद्धान्तश्चायमिति–व्यक्तः ॥३०-६॥

છેલ્લા પાંચ શ્લોકોથી દિગંબરોના સિદ્ધાંતનું વર્ણન કરીને હવે અમારા વડે સંક્ષેપથી આ શ્વેતાંબરોના સિદ્ધાંતનું વર્ણન કરાય છે, જે દિગંબરમતસ્વરૂપ

સર્પને ભાગી જવા માટે મોરસમાન છે. મોરને જોઈને સર્પ જેમ ભાગી જાય છે, તેમ આ સિદ્ધાંતસ્વરૂપ મોરના દર્શનથી દિગંબરમત-સ્વરૂપ સર્પ પણ ભાગી જાય છે. ॥૩૦-૬॥

પ્રથમ શ્લોકમાં જણાવેલી વાતનું નિરાકરણ કરાય છે–

**हन्ताज्ञानादिका दोषा, घातिकर्मोदयोद्भवाः ।**
**तदभावेऽपि किं न स्याद्, वेदनीयोद्भवा क्षुधा ॥३०-७॥**

हन्तेति–हन्त अज्ञानादिका घातिकर्मोदयोद्भवा दोषाः प्रसिद्धाः । तदभावेऽपि वेदनीयोद्भवा क्षुधा किं न स्यात् । न हि वयं भवन्तमिव तत्त्वमनालोच्य क्षुत्पिपासादीनेव दोषानभ्युपेमो येन निर्दोषस्य केवलिनः क्षुधाद्यभावः स्यादिति भावः ॥३०-७॥

"ખરેખર ઘાતિકર્મના ઉદયના કારણે ઉદ્ભવેલા અજ્ઞાનાદિ દોષો છે, કેવલીપરમાત્મામાં એ દોષોનો અભાવ હોવા છતાં વેદનીયકર્મના ઉદયે થયેલી ક્ષુધા તેઓશ્રીને કેમ ન હોય ?" - આ પ્રમાણે સાતમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે ઘાતિકર્મના ઉદયથી ઉત્પન્ન થનારા અજ્ઞાન, ક્રોધ, મદ, માન, લોભ, માયા, રતિ, અરતિ, નિદ્રા, શોક, અસત્યવચન, ચોરી, મત્સર, ભય, પ્રાણીવધ, પ્રેમ, ક્રીડાપ્રસંગ અને હાસ્ય : આ અઢાર દોષો પ્રસિદ્ધ છે, જે ઘાતિકર્મોના ઉદયથી ઉદ્ભવે છે.

ઘાતિકર્મોનો સર્વથા ક્ષય થયો હોવાથી પરમાત્મા શ્રી કેવલીભગવંતમાં એ દોષો ન હોવા છતાં, અઘાતીકર્મોનો ક્ષય થયો ન હોવાથી તેના ઉદયથી થનારા ક્ષુધા અને પિપાસા વગેરે તેઓશ્રીને કેમ ન હોય ? 'દિગંબરો ક્ષુધાપિપાસાદિને પણ દોષસ્વરૂપ જ માને છે, તેથી સર્વથા દોષથી રહિત એવા પરમાત્મામાં એ ન જ હોવા જોઈએ, અન્યથા શ્રી કેવલજ્ઞાનીની સર્વથા દોષથી રહિત અવસ્થાની અનુપપત્તિ થશે.' - આ પ્રમાણે નહિ કહેવું જોઈએ. કારણ કે અમે શ્વેતાંબર તમારી (દિગંબરની) જેમ વિચાર્યા વિના (તત્ત્વની વિચારણા કર્યા વિના) ક્ષુધાપિપાસાદિને જ દોષસ્વરૂપ માનતા નથી કે જેથી અઢાર દોષોથી સર્વથા રહિત એવા પરમાત્મા શ્રી કેવલીને ક્ષુધાદિનો અભાવ માનવો પડે. ઘાતિકર્મોના ઉદયથી ઉદ્ભવતા અજ્ઞાનાદિ દોષો શ્રી કેવલીપરમાત્મામાં ન હોવા

છતાં, અઘાતી કર્મોના ઉદયથી ઉત્પન્ન થનારા ક્ષુધા-પિપાસા વગેરે તેઓશ્રીને માનવામાં કોઇ બાધક નથી. ॥૩૦-૭॥

દિગંબરોએ કેવલજ્ઞાની પરમાત્માઓને ક્ષુધાદિ માનવામાં જણાવેલા બાધકનું નિરાકરણ કરાય છે–

**अव्याबाधविघाताच्चेत्, सा दोष इति ते मतम् ।**
**नरत्वमपि दोषः स्यात्, तदा सिद्धत्वदूषणात् ॥३०-८॥**

अव्याबाधेति–अव्याबाधस्य निरतिशयसुखस्य विघातात् सा क्षुधा दोषो गुणदूषणस्यैव दोषलक्षणत्वादिति चेद्यदि ते तव मतं, तदा नरत्वमपि भवतो दोषः स्यात् सिद्धत्वदूषणात् । तस्मात् केवलज्ञानप्रतिबन्धकत्वेन घातिकर्मोदयोद्भवानामज्ञानानादीनामेव दोषत्वं न तु क्षुधादीनामिति युक्तमुत्पश्यामः ॥३०-८॥

"અવ્યાબાધ સુખનો ભંગ થતો હોવાથી ક્ષુધાદિ દોષ છે - એવો જો તારો(દિગંબરનો) મત હોય તો, તને સિદ્ધપણાને દૂષિત(ભંગ) કરનારું નરત્વ પણ શ્રી કેવલી પરમાત્મા માટે દોષસ્વરૂપ માનવાનો પ્રસંગ આવશે." - આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે. જેનો આશય સ્પષ્ટ છે કે કેવલીપરમાત્માને ક્ષુધા તૃષા વગેરે માનવામાં આવે તો તેઓશ્રીના અવ્યાબાધ નિરતિશય સુખનો વ્યાઘાત થાય છે. શ્રીકેવલીપરમાત્માને સર્વોત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ થયેલી હોય છે. ક્ષુધાદિને લઇને તેમાં ખામી આવે છે. તેથી ક્ષુધા વગેરેને દોષ મનાય છે. કારણ કે જે ગુણને દૂષિત કરે તેને દોષ કહેવાય છે - આ દોષનું લક્ષણ છે. દિગંબરોની એ પ્રમાણેની માન્યતામાં દૂષણ જણાવાય છે **नरत्वमपि**... ઇત્યાદિ શ્લોકના ઉત્તરાર્દ્ધથી.

કહેવાનો આશય એ છે કે ગુણને દૂષિત કરવાના કારણે જો ક્ષુધાદિને દોષ માનવામાં આવતા હોય તો શ્રી કેવલજ્ઞાનીઓના 'નરત્વ'ને (મનુષ્યપણાને) પણ દોષ માનવાનો પ્રસંગ આવશે. કારણ કે પોતાના સિદ્ધત્વગુણને અટકાવવાનું કાર્ય નરત્વ કરે છે. જ્યાં સુધી નરત્વ છે, ત્યાં સુધી સિદ્ધત્વનો આવિર્ભાવ થતો નથી. આમ હોવા છતાં દિગંબરો નરત્વને દોષરૂપ માનતા નથી, તેથી તે મુજબ ક્ષુધાદિને પણ દોષ માની શકાશે નહિ. આથી સ્પષ્ટ છે કે જે કેવલજ્ઞાનની પ્રત્યે પ્રતિબંધક છે, એવાં ઘાતિકર્મોના ઉદયથી ઉદ્ભવેલા અજ્ઞાનાદિ જ દોષો છે. પરંતુ અઘાતી

કર્મ સ્વરૂપ વેદનીયકર્મથી ઉદ્ભવતા ક્ષુધા વગેરે દોષો નથી : એ યુક્તિયુક્ત છે. ॥૩૦-૮॥

આ રીતે દિગંબરોએ પોતાની માન્યતાના સમર્થન માટે જણાવેલા પ્રથમ હેતુનું નિરાકરણ કરીને હવે બીજા હેતુનું નિરાકરણ કરાય છે–

**घातिकर्मक्षयादेवाक्षता च कृतकृत्यता ।**
**तदभावेऽपि नो बाधा, भवोपग्राहिकर्मभिः ॥३०-९॥**

घातीति–घातिकर्मक्षयादेव अक्षताऽहीना च कृतकृत्यता भवोपग्राहिकर्मभिर्वेदनीयादिभिः तद्भिः । तदभावेऽपि कृतकृत्यत्वाभावेऽपि नो नैव बाधा । सर्वथा कृतकृत्यत्वस्य सिद्धेष्वेव सम्भवाद् । उपादित्साभावेऽपि उपादेयस्य मोक्षस्य सयोगिकेवलित्वकालेऽसिद्धे । रागाद्यभावमात्रेण कृतकृत्यत्वस्य च भुक्तिपक्षेऽप्यबाध एवेति कथितप्रायमेव ॥३०-९॥

"ઘાતિકર્મોના ક્ષયથી જ કૃતકૃત્યતા અક્ષત છે. ભવોપગ્રાહિ અઘાતિકર્મોના કારણે કૃતકૃત્યત્વનો અભાવ હોય તો ય કોઇ દોષ નથી." - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આ પૂર્વે દિગંબરોએ જણાવ્યું હતું કે શ્રી કેવલીપરમાત્માને કવલાહાર કરવો પડે તો તેઓશ્રીમાં સર્વથા કૃતકૃત્યત્વ (કૃતાર્થત્વ) માની શકાશે નહિ. તેથી કૃતકૃત્યત્વની અનુપપત્તિના ભયથી તેઓશ્રીને કવલાહારનો અભાવ હોય છે.

એના જવાબમાં અહીં જણાવાયું છે કે શ્રી કેવલી પરમાત્માનાં ઘાતિકર્મોનો ક્ષય થયો હોવાથી જ તેઓમાં કૃતકૃત્યત્વ અક્ષત છે અને ભવોપગ્રાહિકર્મોના ઉદયના કારણે કવલાહારની પ્રવૃત્તિ વગેરેથી કૃતકૃત્યત્વનો અભાવ હોય તોપણ કોઇ દોષ નથી. કારણ કે શ્રી કેવલીપરમાત્મામાં સર્વથા કૃતકૃત્યત્વ મનાતું નથી. સર્વથા કૃતકૃત્યત્વ શ્રી સિદ્ધપરમાત્માઓમાં જ મનાય છે. મોહનીયકર્મનો સર્વથા ક્ષય થયો હોવાથી કોઇ પણ વસ્તુને ગ્રહણ કરવાની ઇચ્છાનો અભાવ હોવા છતાં, મોક્ષસ્વરૂપ ઉપાદેયની પ્રાપ્તિ સયોગિકેવલિત્વના કાળમાં કોઇ પણ રીતે થવાની નથી. રાગાદિદોષોના અભાવરૂપ જ સર્વથા કૃતકૃત્યત્વ માનવાનું ઇષ્ટ હોય તો તાદૃશ કૃતકૃત્યત્વ તો કેવલીપરમાત્મામાં તેઓશ્રી કવલાહાર કરે તોપણ અક્ષત જ છે. આ વાત લગભગ જણાવી દીધી છે. ॥૩૦-૯॥

ત્રીજા હેતુનું નિરાકરણ કરાય છે–

**आहारसञ्ज्ञा चाहारतृष्णाख्या न मुनेरपि ।**
**किं पुनस्तदभावेन, स्वामिनो भुक्तिबाधनम् ।।३०-१०।।**

आहारसञ्ज्ञा चेति–आहारसञ्ज्ञा चाहारतृष्णाख्या मोहाभिव्यक्तचैतन्यस्य सञ्ज्ञापदार्थत्वाद् न मुनेरपि भावसाधोरपि, किं पुनस्तदभावेनाहारसञ्ज्ञाभावेन स्वामिनो भगवतो भुक्तिबाधनम् ? । तथा चाहारसामान्ये तद्विशेषे वा आहारसञ्ज्ञाया हेतुत्वमेव नास्तीत्युक्तं भवति । न च तद्विशेषे तद्धेतुत्वमेवाप्रमत्तादीनां चाहाराभावान्न व्यभिचार इति कुचोद्यमाशङ्कनीयम्, आहारसञ्ज्ञाया अतिचारनिमित्तत्वेन कदापि निरतिचाराहारस्य साधूनामप्राप्तिप्रसङ्गात् ।।३०-१०।।

"ખાવાની તૃષ્ણા નામની આહારસંજ્ઞા તો મુનિ ભગવંતોને પણ હોતી નથી, તો પછી તે આહારસંજ્ઞાથી રહિત એવા શ્રી કેવલીપરમાત્માને ભોજન કરવામાં કયો દોષ છે ?" - આ પ્રમાણે દશમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે મોહનીયકર્મથી અભિવ્યક્ત થનારું ચૈતન્ય જ 'સંજ્ઞા' પદનો અર્થ છે. તેથી ખાવાની તૃષ્ણાને જ આહારસંજ્ઞા તરીકે ઓળખાય છે. એવી આહારસંજ્ઞા ભાવસાધુને પણ હોતી નથી, તો પછી તેના(આહારસંજ્ઞાના) અભાવથી ભગવાન શ્રી કેવલજ્ઞાનીઓને વાપરવામાં કયો દોષ છે ? કારણ કે આહારસંજ્ઞા ન હોવાથી ભાવસાધુઓ વાપરે છે તો તેમને કોઇ દોષ નથી તેમ આહારસંજ્ઞાનો અભાવ હોવાથી શ્રી કેવલજ્ઞાનીઓને પણ કવલાહાર કરવામાં કોઇ દોષ નથી. આથી સમજી શકાશે કે આહારસામાન્ય કે આહારવિશેષની પ્રત્યે આહારસંજ્ઞા કારણ જ નથી.

"આહારવિશેષની પ્રત્યે આહારસંજ્ઞા કારણ છે. સાતમા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનક સુધી કવલાહાર પણ નથી અને આહારસંજ્ઞા પણ નથી. તેથી વ્યભિચાર પણ આવતો નથી. એ મુજબ માનવાથી શ્રી કેવલી પરમાત્મામાં કવલાહારનો અભાવ સિદ્ધ થાય છે." - આવી ખરાબ શંકા નહિ કરવી જોઇએ. કારણ કે એનો અર્થ એ થયો કે છઠ્ઠા ગુણસ્થાનક સુધી કવલાહાર આહારસંજ્ઞાના કારણે જ થાય છે - એ પ્રમાણે માનવામાં આવે તો, આહારસંજ્ઞા અતિચારમાં નિમિત્ત હોવાથી પૂ. સાધુ ભગવંતોને ક્યારે પણ નિરતિચાર આહારની પ્રાપ્તિ જ નહીં થાય. આહારસંજ્ઞાના કારણે પૂ. સાધુમહાત્માઓને આહારમાં નિરંતર

અતિચાર લાગ્યા જ કરશે... ઇત્યાદિ સમજી શકાશે. આથી સ્પષ્ટ છે કે કવલાહારવિશેષની પ્રત્યે આહારસંજ્ઞાને કારણ માનવાનું ઉચિત નથી. ॥૩૦-૧૦॥

ચોથા હેતુનું નિરાકરણ કરાય છે–

**अनन्तञ्च सुखं भर्तुर्ज्ञानादिगुणसङ्गतम् ।**
**क्षुधादयो न बाधन्ते, पूर्णं त्वस्ति महोदये ।।३०-११।।**

अनन्तं चेति–अनन्तं च सुखं भर्तुर्भगवतो ज्ञानादिगुणसङ्गतं तन्मयीभूतमिति यावद् । अज्ञानादिजन्यदुःखनिवृत्तेः सर्वेषामेव कर्मणां परिणामदुःखहेतुत्वाच्च क्षुदादयो न बाधन्ते स्वाभावनियतसुखानामेव तैर्बाधनम् । पूर्णं तु निरवशेषं तु सुखं महोदये मोक्षेऽस्ति तत्रैव सर्वकर्मक्षयोपपत्तेः ।।३०-११।।

"ભગવાન શ્રી કેવલીપરમાત્માનું અનંતસુખ જ્ઞાનાદિ ગુણોથી સંગત છે. ક્ષુધાદિ તેના બાધ કરતા નથી. પૂર્ણ સુખ તો મોક્ષમાં જ છે." - આ પ્રમાણે અગિયારમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આ પૂર્વે દિગંબરોએ જણાવ્યું હતું કે કેવલી કવલાહાર કરે તો તેની પૂર્વે અવશ્ય ક્ષુધાદિની વેદનાનો ઉદ્ભવ થશે અને તેથી તેઓશ્રીના અનંતસુખનો બાધ થશે. એ અંગે જણાવવાનું કે શ્રીકેવલી પરમાત્માનું અનંતસુખ, અનંતજ્ઞાનમય થવાથી અનંતજ્ઞાનથી સંગત છે. તેને અને જ્ઞાનને બંન્નેને છૂટા પાડવાનું હવે શક્ય નથી. અજ્ઞાનાદિજન્ય જે દુઃખ હતું તેની નિવૃત્તિ થવાથી ક્ષુધા-પિપાસાદિ અનંતસુખનાં બાધક બનતાં નથી.

'ક્ષુધાદિ કર્મજન્ય હોવાથી અનંતજ્ઞાનસંગત સુખનો બાધ કરે છે' એમ માનવામાં આવે તો કેવલીપરમાત્મા વાપરે કે ન પણ વાપરે, તોય કોઇ ફરક પડે એમ નથી. કારણ કે કર્મમાત્ર પરિણામે દુઃખનું જ કારણ હોવાથી પંચેન્દ્રિય જાતિ, મનુષ્યનું આયુષ્ય, ઉચ્ચગોત્ર અને શાતાવેદનીય વગેરે કર્મના ઉદયથી અનંતસુખત્વનો વિરોધ તો થઇ જ જશે. તેથી ઉપર જણાવ્યા મુજબ શ્રીકેવલી-પરમાત્માનું અનંતસુખ અનંતજ્ઞાનસંગત હોવાથી કર્મજન્ય ક્ષુધાદિભાવો તેના બાધક થતા નથી. પોતાના અભાવમાં નિયત હોનારા સુખના જ, ક્ષુધાદિ દોષો બાધક બને છે. પરિપૂર્ણ સુખ તો મોક્ષમાં છે. કારણ કે સકળ કર્મનો ક્ષય, પરિપૂર્ણ સુખનું કારણ છે; જે મોક્ષમાં જ ઉપપન્ન છે... એ સમજી શકાય છે. ॥૩૦-૧૧॥

પોતાની વાતના સમર્થન માટે ઉપન્યસ્ત પાંચમા હેતુનું નિરાકરણ કરાય છે–

**दग्धरज्जुसमत्वं च, वेदनीयस्य कर्मणः ।**
**वदन्तो नैव जानन्ति, सिद्धान्तार्थव्यवस्थितिम् ॥३०-१२॥**

दग्धेति–दग्धरज्जुसमत्वं च वेदनीयस्य कर्मणो वदन्तः सिद्धान्तार्थव्यवस्थितिं नैव जानन्ति ॥३०-१२॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે વેદનીયકર્મ બળી ગયેલા દોરડા જેવું છે - એમ કહેનારા, સિદ્ધાંતની વ્યવસ્થાને જાણતા નથી. એનો આશય પણ સ્પષ્ટ છે કે શ્રી કેવલીપરમાત્માનું વેદનીયકર્મ બળી ગયેલા દોરડા જેવું હોવાથી તે ક્ષુધાદિ વેદનાને કરવા સમર્થ નથી કે જેને દૂર કરવા તેઓશ્રીને કવલાહાર કરવો પડે - આ રીતે વેદનીયકર્મની દગ્ધરજ્જુ-સમાનતાને જણાવનારા, સિદ્ધાંતમાં નિરૂપણ કરાયેલા અર્થની વ્યવસ્થાને જાણ્યા વિના બોલે છે. ॥૩૦-૧૨॥

દિગંબરો સિદ્ધાંતાર્થની વ્યવસ્થા જાણતા નથી - એ સ્પષ્ટ કરાય છે–

**पुण्यप्रकृतितीव्रत्वादसाताद्यनुपक्षयात् ।**
**स्थितिशेषाद्यपेक्षं वा, तद्वचो व्यवतिष्ठते ॥३०-१३॥**

पुण्येति–पुण्यप्रकृतीनां तीर्थकरनामादिरूपाणां तीव्रत्वात्तीव्रविपाकत्वात्तज्जन्यसातप्राबल्ये वेदनीयमात्रस्य दग्धरज्जुसमत्वासिद्धेरसातादीनामनुपक्षयादसातवेदनीयस्यापि तदसिद्धेः । पापप्रकृतीनां भगवति रसघातेन नीरसत्वाभ्युपगमे स्थितिघातेन निःस्थितिकत्वस्याप्यापत्तेः, अपूर्वकरणादौ बध्यमानप्रकृतिविषयकस्यैव तस्य व्यवस्थितेः । ननु तर्हि कथं भवोपग्राहिकर्मणां केवलिनां दग्धरज्जुकल्पत्वाभिधानमावश्यकवृत्त्यादौ श्रूयते ? इत्यत आह–स्थितिशेषाद्यपेक्षं वा तद्वचो दग्धरज्जुकल्पत्ववचो व्यवतिष्ठते, न तु रसापेक्षया, अन्यथा सूत्रकृद्वृत्तिविरोधप्रसङ्गाद्, असातादिप्रकृतीनामदुःखदत्वाभिधानमप्यावश्यकनिर्युक्त्यादौ घातिकर्मजन्यबहुतरासुखविलयेनान्यस्या(नाल्पस्या)विवक्षणाद् । अन्यथा भवोपग्रहायोगादिति विभावनीयं सुधीभिः ॥३०-१३॥

"પુણ્યપ્રકૃતિનો તીવ્ર વિપાક હોવાથી અને અશાતા વેદનીયાદિ કર્મનો સર્વથા ક્ષય થયેલો ન હોવાથી (દિગંબરોનું દગ્ધરજ્જુ જેવું વેદનીયકર્મને

જણાવવાનું અયુક્ત છે.) અથવા સ્થિતિશેષાદિની અપેક્ષાએ દિગંબરોનું એ વચન સંગત છે.'' - આ પ્રમાણે તેરમા શ્લોકનો સામાન્યાર્થ છે.

કહેવાનો આશય એ છે કે શ્રી કેવલીપરમાત્માને તીર્થંકરનામકર્મ તેમ જ શાતાવેદનીયકર્મ વગેરે પુણ્યપ્રકૃતિઓનો તીવ્રવિપાકોદય હોવાથી તેના કારણે ઉત્પન્ન થયેલી શાતા પ્રબળ હોય છે. તેથી શાતાની પ્રબળતામાં વેદનીયકર્મ-સામાન્યને દગ્ધરજ્જુસમાન માનવાનું ઉચિત નથી. તેમ જ અશાતાવેદનીયકર્મ પણ સર્વથા ક્ષય પામેલું ન હોવાથી તે પણ દગ્ધરજ્જુસમાન છે - એમ કહી શકાય એવું નથી.

''અશાતાવેદનીય વગેરે પાપપ્રકૃતિઓનો રસઘાત થયેલો હોવાથી તે નીરસ બને છે જેથી તે પોતાનો વિપાક દર્શાવવા અસમર્થ હોવાથી તેને બળી ગયેલી દોરડી જેવી મનાય છે અને તેથી પુણ્યપ્રકૃતિઓ દગ્ધરજ્જુસમાન ન હોય તોપણ અશાતાવેદનીયાદિ સ્વરૂપ પાપપ્રકૃતિઓ દગ્ધરજ્જુસમાન છે.'' - આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે રસઘાત થવાના કારણે જો પાપપ્રકૃતિઓ નીરસ મનાતી હોય તો સ્થિતિઘાત થવાના કારણે તે પ્રકૃતિઓની સ્થિતિ જ નહીં રહે. રસઘાત થાય અને સ્થિતિઘાત ન થાય - એ શક્ય નથી. અશાતાનો ઉદય કેવલીપરમાત્માને હોવાથી પાપપ્રકૃતિઓની સત્તા માન્યા વિના ચાલે એવું નથી.

રસઘાત થવાથી પાપપ્રકૃતિઓ જેમ નીરસ થવાથી અત્યંત અલ્પરસવાળી બને છે, તેમ સ્થિતિઘાત થવાથી તે પ્રકૃતિઓ સર્વથા ક્ષય પામતી નથી પરંતુ તદન અલ્પસ્થિતિવાળી બને છે. તેથી તેના નિઃસ્થિતિકત્વનો પ્રસંગ યદ્યપિ આવતો નથી. પરંતુ વાસ્તવિકતા તો એ છે કે, જે અપૂર્વકરણાદિ ગુણસ્થાનકે રસઘાતાદિની વાત છે તે, તે ગુણસ્થાનકે બંધાતી પુરુષવેદ, સંજ્વલનના ચાર કષાય... ઇત્યાદિ અશુભ પ્રકૃતિઓને આશ્રયીને છે. કેવલી પરમાત્માને અશાતાનો બંધ જ ન હોવાથી અશાતાવેદનીય કર્મને દગ્ધરજ્જુસમાન માનવાની વાત જ રહેતી નથી... આ બધું કર્મપ્રકૃતિ વગેરે ગ્રંથોમાં વિસ્તારથી વર્ણવેલું છે. જિજ્ઞાસુઓએ તેના અધ્યયનથી એ સમજી લેવું.

યદ્યપિ શ્રી કેવલિપરમાત્માનાં અશાતાવેદનીયાદિ અઘાતી કર્મોના રસાદિનો ઘાત અપૂર્વકરણાદિમાં થયો ન હોય તો, શ્રી આવશ્યકસૂત્રની વૃત્તિમાં વૃત્તિકાર પરમર્ષિએ ફરમાવ્યું છે કે ''દગ્ધરજ્જુસમાન ભવોપગ્રાહિ એવાં કર્મો

અલ્પ હોવા છતાં કેવલજ્ઞાની ભગવંતો મુક્તિને પ્રાપ્ત કરતા નથી.'' એનાં વિરોધ આવે છે; પરંતુ તે, ભવોપગ્રાહિ કર્મોની સ્થિતિને (બાકી રહેલી સ્થિતિને) આશ્રયીને જણાવ્યું છે. પરંતુ રસઘાતાદિની અપેક્ષાએ એ જણાવ્યું નથી. અન્યથા ભવોપગ્રાહિકર્મોને રસઘાતાદિની અપેક્ષાએ દગ્ધરજ્જુસમાન જણાવવામાં આવે તો સૂત્રકૃત્ (સૂયગડાંગ) સૂત્રની વૃત્તિનો વિરોધ આવશે. કારણ કે ત્યાં ફરમાવ્યું છે કે - ''વેદનીયકર્મને જે દગ્ધરજ્જુસમાન વર્ણવાય છે તે બરાબર નથી. કારણ કે આગમમાં શ્રી કેવલી પરમાત્માને અત્યંત શાતાનો ઉદય જણાવ્યો છે. યુક્તિથી પણ એ સંગત છે. ઘાતિકર્મના ક્ષયથી તેઓશ્રીને જ્ઞાનાદિ-ગુણો પ્રાપ્ત થાય છે. ત્યારે વેદનીયકર્મનો ઉદય હોવાથી ક્ષુધાપિપાસા કેમ ન થાય ? જ્ઞાનને અને વેદનીય-જન્ય ક્ષુધા વગેરેને તડકો અને છાયા અથવા ભાવ અને અભાવની જેમ વિરોધ નથી. શાતા અને અશાતા અંતર્મુહૂર્તમાં પરાવર્ત્તમાન પ્રકૃતિ હોવાથી શ્રી કેવલીપરમાત્માને જેમ શાતાનો ઉદય છે તેમ અશાતાનો પણ ઉદય હોય છે. તેથી અનંતવીર્ય હોવા છતાં કેવલીભગવંતને ક્ષુધાવેદનીયકર્મના ઉદયથી પીડા થાય છે જ. આવશ્યકસૂત્રની નિર્યુક્તિમાં 'અશાતાદિકર્મની પ્રકૃતિઓ દુઃખદાયિની નથી.' - આ પ્રમાણે જે વર્ણવ્યું છે, તેનો આશય એ છે કે - શ્રી કેવલજ્ઞાની પરમાત્માને ઘાતિકર્મથી(ઘાતિકર્મના ઉદયથી) ઉત્પન્ન થનારાં ઘણાં દુઃખોનો વિલય થયો હોવાથી બીજા અલ્પ દુઃખની વિવક્ષા કરી નથી. અન્યથા 'શ્રી કેવલી-ભગવંતના અઘાતી અશાતાવેદનીયકર્મ વગેરે દગ્ધરજ્જુસમાન છે, તેથી પોતાના વિપાકને દર્શાવવા તે સમર્થ નથી...' ઇત્યાદિ માનવામાં આવે તો, તે કર્મોને ભવમાં રોકી રાખનારા (ભવોપગ્રાહી) કઇ રીતે કહેવાય ? આ વસ્તુ બુદ્ધિમાનોએ વિચારવી જોઇએ. ॥૩૦-૧૩॥

હવે છટ્ઠા હેતુનું નિરાકરણ કરાય છે–

**इन्द्रियोद्भवताध्रौव्यं, बाह्ययोः सुखदुःखयोः ।**
**चित्रं पुनः श्रुतं हेतुः, कर्माध्यात्मिकयोस्तयोः ॥३०-१४॥**

इन्द्रियेति–इन्द्रियोद्भवताया ध्रौव्यमावश्यकत्वं बाह्ययोरिन्द्रियार्थसम्बन्धापेक्षयो-र्विलक्षणयोरेव सुखदुःखयोराध्यात्मिकयोस्तयोः सुखदुःखयोः पुनश्चित्रं कर्म हेतुः श्रुतम् । क्वचिद् बहिरिन्द्रियव्यापाराभावेऽपि मनोमात्रव्यापारेण सदसच्चिन्ताभ्यामेव तयोरु-

त्पत्तेः । क्वचिच्च तस्याप्यभावे आध्यात्मिकदोषोपशमोद्रेकाभ्यामेव तदुत्पत्तेर्दर्शनाद्भगवत्यपि द्विविधवेदनीयोदयध्रौव्ये तयोः सुवचत्वादिति । वस्तुतो बाह्ययोरपि सुखदुःखयोरिष्टानिष्टार्थशरीरसम्पर्कमात्रं प्रयोजकं, न तु बहिरिन्द्रियज्ञानमपीति भगवति तृणस्पर्शादिपरीषहाभिधानं साम्प्रदायिकं सङ्गच्छत इति न किञ्चिदेतत् ॥३०-१४॥

"બાહ્ય સુખ અને દુઃખમાં અવશ્ય ઇન્દ્રિયોદ્ભવતા(ઇન્દ્રિયાધીનતા) છે. પરંતુ આધ્યાત્મિક સુખની પ્રત્યે તો ભિન્ન ભિન્ન કર્મ કારણ છે - એમ આગમમાં જણાવ્યું છે." - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે શ્રી કેવલીપરમાત્મા અતીન્દ્રિય હોવાથી તેઓશ્રી કવલાહાર કરે તો તેઓશ્રીને ઇન્દ્રિયજન્ય સુખ-દુઃખ માનવાનો પ્રસંગ આવશે - આ પ્રમાણે દિગંબરોનું કહેવું છે. તે અંગે અહીં જણાવ્યું છે કે ઇન્દ્રિયો અને વિષયોના સંબંધથી સાપેક્ષ એવાં સુખ અને દુઃખની પ્રત્યે ઇન્દ્રિયો અવશ્ય કારણ બને છે. અર્થાત્ એ સુખ-દુઃખ અવશ્ય ઇન્દ્રિયથી જન્ય છે. પરંતુ એવાં બાહ્ય સુખ-દુઃખથી ભિન્ન આધ્યાત્મિક સુખ-દુઃખની પ્રત્યે તો ભિન્ન ભિન્ન પ્રકારનું કર્મ કારણ છે - એમ શાસ્ત્રમાં સંભળાય છે. (પ્રસિદ્ધ છે.)

જેમ કે ક્યારેક બાહ્ય ચક્ષુ વગેરે ઇન્દ્રિયોનો ઉપયોગ ન હોય તોપણ માત્ર મનના ઉપયોગથી સદ્-અસદ્ની વિચારણાથી જ સુખ-દુઃખની અનુક્રમે ઉત્પત્તિ થતી હોય છે અને કોઈવાર તો એવી સદસદ્ની વિચારણા ન હોય તો ય આધ્યાત્મિક દોષો(રાગાદિ)ના ઉપશમથી આધ્યાત્મિક સુખની ઉત્પત્તિ અને આધ્યાત્મિક દોષોની ઉદ્રિક્ત (પ્રબળ) અવસ્થાથી આધ્યાત્મિક દુઃખની ઉત્પત્તિ થતી હોય છે. ભગવાન શ્રી કેવલીપરમાત્મામાં પણ, બંન્નેય પ્રકારનાં વેદનીય-કર્મોનો ઉદય અવશ્ય હોવાથી સુખ અને દુઃખનો સંભવ છે જ.

"આ રીતે શ્રી કેવલીપરમાત્માને બાહ્ય સુખ-દુઃખ માનવાથી તેઓશ્રીને ઇન્દ્રિયજન્યજ્ઞાન માનવાનો પ્રસંગ આવે છે તેથી તેઓશ્રીને બાહ્ય સુખ-દુઃખ માનવાં જોઈએ નહિ." - આ પ્રમાણે નહિ કહેવું. કારણ કે વાસ્તવિક રીતે બાહ્ય સુખ અને દુઃખની પ્રત્યે ક્રમશઃ ઇષ્ટ અને અનિષ્ટ એવા અર્થની સાથે શરીરનો સંપર્કમાત્ર પ્રયોજક છે. પરંતુ બહિરિન્દ્રિયજન્ય જ્ઞાન પણ પ્રયોજક નથી. તેથી જ ભગવાન કેવલીપરમાત્માને તૃણસ્પર્શાદિ પરીષહ હોય છે - એ પ્રમાણે શ્વેતાંબરાદિની માન્યતા પણ સંગત થાય છે. અન્યથા ઇન્દ્રિયજન્ય મતિજ્ઞાન હોય

તો જ બાહ્ય દુઃખ હોય છે - એમ માનવામાં આવે તો, 'કેવલજ્ઞાનીને ક્ષુધાદિ અગિયાર પરીષહો હોય છે.' એ કથનનો વિરોધ પ્રાપ્ત થશે... ઇત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ. આ શ્લોકના વિવરણમાં અન્યત્ર બીજી રીતે વર્ણન કરાયું છે. જિજ્ઞાસુઓએ એ વિષયમાં ઉપયોગપૂર્વક વિચારવું જોઈએ. ॥૩૦-૧૪॥

સાતમા હેતુનું નિરાકરણ કરાય છે–

**आहारादिप्रवृत्तिश्च, मोहजन्या यदीष्यते ।**
**देशनादिप्रवृत्त्यापि, भवितव्यं तदा तथा ॥३०-१५॥**

आहारादीति–आहारादिप्रवृत्तिश्च यदि मोहजन्येष्यते भवता बुद्धिपूर्वकपरद्रव्यविषयकप्रवृत्तेर्मोहजन्यत्वनियमात् । तदा देशनादिप्रवृत्त्यापि भगवतस्तथा मोहजन्यत्वेन भवितव्यम् ॥३०-१५॥

"આહારાદિની પ્રવૃત્તિ જો મોહજન્ય માનવાનું ઇષ્ટ હોય તો દેશનાદિની પ્રવૃત્તિ પણ મોહજન્ય માનવી પડશે." - આ પ્રમાણે પંદરમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય એ છે કે દિગંબરોના જણાવ્યા મુજબ પરપ્રવૃત્તિમાત્ર મોહજન્ય છે. શ્રી કેવલીપરમાત્મા કવલાહારને ગ્રહણ કરવાની પ્રવૃત્તિ કરે તો તે પ્રવૃત્તિ બુદ્ધિપૂર્વકની પરદ્રવ્યવિષયક(સંબંધી) હોવાથી તેમાં મોહજન્યત્વ માનવાનો પ્રસંગ આવે. તેથી તે પ્રસંગના નિવારણ માટે કેવલીભગવંતો કવલાહાર કરતા નથી - એમ દિગંબરો માને છે. પરંતુ તે બરાબર નથી. બુદ્ધિપૂર્વકની બધી જ પ્રવૃત્તિઓ(પરદ્રવ્યવિષયક પ્રવૃત્તિઓ)ને મોહજન્ય માનવામાં આવે તો દેશનાદિની પ્રવૃત્તિને પણ મોહજન્ય માનવાનો પ્રસંગ આવશે. (શ્રી તીર્થંકરનામકર્માદિના ઉદયને કારણે દેશનાદિની પ્રવૃત્તિ થાય છે. તેથી તે જો મોહજન્ય નથી, તો અશાતાદિકર્મના ઉદયથી થતી આહારાદિગ્રહણની પ્રવૃત્તિ પણ મોહજન્ય નથી... ઇત્યાદિ સમજી શકાય છે.) ॥૩૦-૧૫॥

इच्छाभावाद्भगवतो नास्त्येव देशनाप्रवृत्तिः, स्वभावत एव च तेषां नियतदेशकाला देशना इतीष्टापत्तावाह–

"શ્રી કેવલીપરમાત્માને ઇચ્છાનો અભાવ હોવાથી વસ્તુતઃ દેશનાની પ્રવૃત્તિ તેઓશ્રીને છે જ નહિ. સ્વભાવથી જ તેઓશ્રીને તે તે ચોક્કસ સ્થાને અને ચોક્કસ કાળે દેશના હોય છે. ભોજનની જેમ જ જો તેઓશ્રી દેશનાદિની

પ્રવૃત્તિ કરતા હોય તો તેને મોહજન્ય માનવાનું ઈષ્ટ જ છે.'' - આ પ્રમાણેની દિગંબરોની માન્યતાનું નિરાકરણ કરાય છે–

**यत्नं विना निसर्गाच्चेद्, देशनादिकमिष्यते ।**
**भुक्त्यादिकं तथैव स्याद्, दृष्टबाधा समोभयोः ।।३०-१६।।**

यत्नमिति–यत्नं ताल्वोष्ठादिव्यापारजनकप्रयत्नं विना निसर्गात्स्वभावाच्चेद्देशनादिकमिष्यते भगवतः, तदा भुक्त्यादिकं तथैव यत्नं विनैव स्यात् । दृष्टबाधोभयोः पक्षयोः समा । भुक्तेरिव देशनाया अपि यत्नं विना क्वाप्यदर्शनात् । चेष्टाविशेषे यत्नहेतुत्वकल्पनस्य चोभयत्र साम्यात् । ननु प्रयत्नं विना चेष्टामात्रं न भवत्येव, देशना च भगवतामव्यापृतानामेव ध्वनिमयी सम्भवत्यक्षरमय्यामेव तस्यां यत्नजन्यत्वे(ने)च्छाजन्यत्वादिनियमावधारणादिति न साम्यम् । यदाह समन्तभद्रः–"अनात्मार्थं विना रागैः शास्ता शास्ति सतो हितम् । ध्वनन् शिल्पिकरस्पर्शान्मुरजः किमपेक्षते ।।१।।" इति, मैवम्, शब्दस्य शब्दान्तरपरिणामकल्पनस्य साजात्येन न्याय्यत्वेऽपि ध्वनेस्तत्कल्पनस्यातिशयतोऽप्यन्याय्यत्वाद्, भगवद्देशनाया ध्वनिरूपत्वेऽपि वाग्योगापेक्षत्वेन तादृशशब्दमात्रे पुरुषप्रयत्नानुसरणध्रौव्याद् । अन्यथाऽपौरुषेयमागमं वदतो मीमांसकस्य दुर्जयत्वापत्तेरिति न किञ्चिदेतद् । अथ सुहृद्भावेन पृच्छामः–बुद्धिपूर्वकप्रवृत्ताविच्छाया हेतुत्वात् कथं केवलिनो देशनादावाहारादौ च प्रवृत्तिरिति चेत्, सुहृद्भावेन ब्रूमः-बुद्धिः खल्विष्टसाधनताधीरन्यस्यातिप्रसक्तत्वात्तत्पूर्वकत्वं च यदीष्टसाधनताधीजन्यतावच्छेदकं तदाप्यबुद्धिपूर्वकप्रवृत्तेर्जीवनयोनिभूताया इव भवोपग्राहिकर्मवशादुपपत्तेर्न कश्चिद्दोष इति । प्रवृत्तिसामान्ये तु योगानामेव हेतुत्वादिच्छापूर्वकत्वमार्थसमाजसिद्धमेव । यदवदाम–"परदव्वम्मि पवित्ती ण मोहजणिया व मोहजण्णा वा । जोगकया हु पवित्ती फलकंखा रागदोसकया ।।१।।" इत्यधिकमन्यत्र ।।३०-१६।।

''પ્રયત્ન વિના સ્વભાવથી જ, શ્રી કેવલી પરમાત્માની દેશનાદિની પ્રવૃત્તિ છે એમ માનવાનું ઈષ્ટ હોય તો તેઓશ્રીની આહારાદિની પ્રવૃત્તિ પણ તે જ રીતે સ્વભાવથી થાય છે એમ માનવામાં પણ કોઈ દોષ નથી. યદ્યપિ આહારાદિની પ્રવૃત્તિ સ્વભાવથી નથી : એ પ્રત્યક્ષ દેખાય છે. અર્થાત્ શ્રી કેવલીપરમાત્માની આહારાદિની પ્રવૃત્તિને સ્વાભાવિક માનવામાં પ્રત્યક્ષનો બાધ છે. પરંતુ એવો

બાધ તો દેશનાદિને સ્વાભાવિક માનવામાં પણ છે.'' - આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ છે.

એનો આશય સ્પષ્ટ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે અહીં તાળવું, હોઠ અને જીભ વગેરેની ક્રિયાવિશેષને ઉત્પન્ન કરનાર પ્રયત્નવિશેષસ્વરૂપ 'યત્ન'ની વિવક્ષા છે. તેવા પ્રકારના યત્ન વિના જ ભગવાન કેવલીપરમાત્માની દેશના નિસર્ગ-સ્વભાવથી જ પ્રવર્ત્તે છે - એમ માનવામાં આવે તો ઉપર જણાવ્યા મુજબ તેઓશ્રીની આહારાદિ ગ્રહણની પ્રવૃત્તિને પણ નિસર્ગથી જ માનવામાં કોઇ દોષ નથી. પ્રત્યક્ષમાં તો આહારાદિની પ્રવૃત્તિ પ્રયત્નજન્ય દેખાય છે, તેથી યદ્યપિ પ્રત્યક્ષનો બાધ દોષ છે. પરંતુ એ તો સ્વાભાવિક દેશનાને માનવામાં પણ તુલ્ય જ છે. કારણ કે ભોજનની જેમ દેશનાદિ પણ પ્રયત્ન વિના ક્યાંય જોવા મળતા નથી. યદ્યપિ ચેષ્ટાસામાન્યની પ્રત્યે પ્રયત્નને કારણ માનતા નથી; જે ચેષ્ટાની પૂર્વે (અવ્યવહિત પૂર્વે) પ્રયત્ન વૃત્તિ છે, તે ચેષ્ટાની પ્રત્યે જ પ્રયત્નને કારણ માનવામાં આવે છે. તેથી શ્રી કેવલીભગવંતની પ્રવૃત્તિમાત્રની પ્રત્યે પ્રયત્નને કારણ માનતા નથી. ભોજનની પ્રવૃત્તિમાત્રમાં પ્રયત્નજન્યત્વ મનાય છે અને દેશનાદિમાં તેમ મનાતું નથી - આ પ્રમાણે કહી શકાય છે. પરંતુ એ પ્રમાણે તો દેશનાદિ માટે પણ કહી શકાય છે. તેથી ઉભયસ્થાને સામ્ય છે.

ઉપર જણાવ્યા મુજબ બંન્નેમાં સામ્ય નથી પરંતુ વિષમતા છે - એ જણાવવા દિગંબરો **નનુ**... ઇત્યાદિ ગ્રંથથી શંકા કરે છે. એનો આશય એ છે કે પ્રયત્ન વિના કોઇ પણ ચેષ્ટા થતી નથી. શ્રી કેવલીપરમાત્મા કોઇ પણ પ્રકારનો પ્રયત્ન ન કરે તોપણ તેઓશ્રીથી ધ્વનિમય દેશના સ્વાભાવિક જ પ્રગટે છે. નિયત દેશ-કાળમાં પ્રગટ થતી એ દેશનાની પ્રત્યે પ્રયત્ન કારણ નથી. અક્ષરમય દેશનાની પ્રત્યે જ તે કારણ બને છે અને એ પ્રયત્નની પૂર્વે ઇચ્છાનું અસ્તિત્વ હોય છે, જે વીતરાગતાની બાધક છે. તેથી શ્રી કેવલીપરમાત્માની દેશના સ્વભાવથી ધ્વનિમય હોય છે. પરંતુ કેવલીપરમાત્મા કવલાહાર ગ્રહણ કરે તો તે અવશ્ય પ્રયત્નજન્ય હોવાથી તેની પૂર્વે ઇચ્છાને પણ માનવી પડશે, જે વીતરાગતાની બાધક બનશે. તેથી કેવલીપરમાત્મા કવલાહાર કરતા નથી. આ વાતના સંદર્ભમાં શ્રી સમંતભદ્રાચાર્યજીએ પણ કહ્યું છે કે - 'પોતાના સ્વાર્થ વિના અને રાગ વિના સત્પુરુષોના હિતનો ઉપદેશ શ્રી તીર્થંકર પરમાત્મા કરે છે. શું

મૃદંગ, તેના વાદકના હાથના સ્પર્શથી વાગતું હોય ત્યારે પોતાના માટે ફળની અપેક્ષા રાખે છે ? અર્થાત્ નથી રાખતું. તેમ પરમાત્માની દેશના પણ નિઃસ્વાર્થ (ઇચ્છા વિનાની) હોય છે.

હવે **मैव**... ઈત્યાદિ ગ્રંથથી ઉપર જણાવેલી શંકાનું સમાધાન કરાય છે. એનું તાત્પર્ય એ છે કે શબ્દથી શબ્દાંતરનું પરિણમન થાય : એ કલ્પના સંગત છે. કારણ કે અર્ધમાગધી ભાષામાં બોલાયેલા એ શબ્દો, શ્રોતાઓની પોતપોતાની ભાષામાં શ્રી તીર્થંકરપરમાત્માના અતિશય-વિશેષથી પરિણમે છે. ત્યાં શબ્દોનું સાજાત્ય હોય છે તેથી તે સંભવે છે. પરંતુ ધ્વનિમય દેશના અતિશયથી પણ શબ્દાંતરમાં પરિણમે : એનો સંભવ નથી. તેથી તેવી કલ્પના યોગ્ય નથી.

ક્ષણવાર માની લઈએ કે પરમાત્માના અચિંત્ય અતિશયના સામર્થ્યથી પરમાત્માની ધ્વનિમય દેશના શ્રોતાઓની પોતપોતાની ભાષામાં પરિણમે તોપણ તે ધ્વનિરૂપ દેશના વચનયોગની અપેક્ષા રાખતી હોવાથી તાદૃશ શબ્દમાત્રમાં(અક્ષર-અનક્ષર શબ્દમાં) વક્તા પુરુષના પ્રયત્નનું અનુસરણ ચોક્કસ(આવશ્યક) છે. આથી સમજી શકાશે કે શ્રી તીર્થંકરપરમાત્માની પરમતારક દેશના પ્રયત્નથી જન્ય છે. અન્યથા તેને પ્રયત્નજન્ય ન માને, તો વેદને અપૌરુષેય(કોઈના પણ પ્રયત્ન વિના થયેલા) માનનારા મીમાંસકોને જીતવાનું દિગંબર માટે શક્ય નહીં બને.

મિત્રભાવે અમે(દિગંબર) પૂછીએ છીએ કે 'બુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિની પ્રત્યે ઇચ્છા કારણ છે. કેવલજ્ઞાનીને ઇચ્છા હોતી નથી. તો ઇચ્છાના અભાવમાં દેશનાદિની અને આહારાદિની પ્રવૃત્તિ કઇ રીતે તેઓશ્રીને હોઇ શકે ?'

મિત્રભાવે જ કહીએ છીએ કે - અહીં બુદ્ધિ તરીકે ઇષ્ટસાધનતાવિષયક (આ મારા ઇષ્ટનું સાધન છે.) બુદ્ધિ જ ગૃહીત છે. કારણ કે એનાથી અન્ય બુદ્ધિ અતિપ્રસક્ત વ્યભિચારિણી (અર્થાત્ એ હોય તો પ્રવૃત્તિ થાય કે ન પણ થાય) છે. પ્રવૃત્તિમાં બુદ્ધિપૂર્વકત્વ રહેલું છે. તેને ઇષ્ટસાધનતાના જ્ઞાનમાં રહેલી જનકતા નિરૂપિત જન્યતાનું અવચ્છેદક માનીએ અર્થાત્ બુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિ પ્રત્યે તાદૃશ ઇષ્ટસાધનતાવિષયક બુદ્ધિને કારણ માનીએ તોપણ; જીવનયોનિભૂત શ્વાસોચ્છ્વાસાદિની અબુદ્ધિપૂર્વકની પ્રવૃત્તિ, જેમ ભવોપગ્રાહી કર્મ(આયુષ્યકર્મ-નામકર્માદિ)ના કારણે થાય છે તેમ કેવલીપરમાત્માની દેશનાદિની અને

આહારાદિની પ્રવૃત્તિ પણ ભવોપગ્રાહિકર્મના કારણે સુસંગત છે. એ પ્રવૃત્તિ વીતરાગતાની બાધક નથી. બાકી તો પ્રવૃત્તિ- સામાન્યની પ્રત્યે મન, વચન, કાયાના યોગો જ કારણ છે. ઈચ્છાપૂર્વકાદિ તે તે પ્રવૃત્તિવિશેષ તો અવાંતર સામગ્રીથી થાય છે. આ વિષયમાં ગ્રંથકારશ્રીએ 'અધ્યાત્મમતપરીક્ષા'માં ફરમાવ્યું છે કે - પરદ્રવ્યમાં થતી પ્રવૃત્તિ; મોહથી થતી નથી કે મોહને ઉત્પન્ન કરતી નથી. મન, વચન અને કાયાના યોગથી જ પ્રવૃત્તિ થાય છે. ફળની ઈચ્છા તો રાગ અને દ્વેષને લઈને થતી હોય છે... આથી અધિક વર્ણન શાસ્ત્રવાર્તાસમુચ્ચયની ટીકા સ્યાદ્વાદ-કલ્પલતાદિમાં ઉપલબ્ધ છે. જિજ્ઞાસુઓ માટે તેનું અધ્યયન જ આવશ્યક છે. ।।૩૦-૧૬।।

આઠમા હેતુનું નિરાકરણ કરવાનો આરંભ કરાય છે–

**भुक्त्या या सातवेद्यस्योदीरणापाद्यते त्वया ।**
**साऽपि देशनयाऽसातवेद्यस्यैतां तवाऽऽक्षिपेत् ।।३०-१७।।**

भुक्त्येति–भुक्त्या कवलाहारेण । या सातवेद्यस्य सातवेदनीयस्योदीरणा त्वयापाद्यते । भुक्तिव्यापारेण सातोत्पत्तेः । सापि देशनयाऽसातवेद्यस्यैतामुदीरणां त्वाक्षिपेत्, ततोऽपि परिश्रमदुःखसम्भवात् प्रयत्नजन्यत्वस्य तत्र व्यवस्थापितत्वादिति भावः ।।३०-१७।।

"તમારા(દિગંબરો) વડે ભોજનના કારણે જે શાતાવેદનીયકર્મની ઉદીરણાનું આપાદન કરાય છે, (અર્થાત્ અમારા મતમાં દોષ દર્શાવાય છે.) તે ઉદીરણા(તાદૃશ દોષ) તમારા મતમાં દેશનાથી અશાતાવેદનીયકર્મની ઉદીરણાને ખેંચી લાવશે." - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો સામાન્યાર્થ છે. એનો આશય એ છે કે આ પૂર્વે દિગંબરોએ જણાવ્યું હતું કે શ્રી કેવલીપરમાત્મા જો કવલાહાર કરે તો તેઓશ્રીને શાતાવેદનીયકર્મની ઉદીરણા કર્યાનો પ્રસંગ આવશે. તેના અનુસંધાનમાં આ શ્લોકથી જણાવ્યું છે કે - ભોજનની ક્રિયાથી શાતાની ઉત્પત્તિ થતી હોવાથી કવલાહારથી શાતાવેદનીયકર્મની ઉદીરણાનો પ્રસંગ આવે છે. આ પ્રમાણે શાતાવેદનીયકર્મની ઉદીરણાનું આપાદન કરનારા દિગંબરોને, એવી રીતે જ અશાતાવેદનીયકર્મની ઉદીરણાનો પ્રસંગ આવે છે. કારણ કે ભગવાનની દેશનાથી પણ પરિશ્રમના કારણે દુઃખનો સંભવ હોવાથી

અશાતાવેદનીયકર્મની ઉદીરણાનો સંભવ છે જ. "દેશના પ્રયત્ન વિના સ્વભાવથી જ થાય છે." - આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે દેશના પ્રયત્નજન્ય છે - એ આ પૂર્વે જ જણાવ્યું છે... વગેરે બરાબર સમજી લેવું જોઇએ. ॥૩૦-૧૭॥

सुहृद्भावेन समाधत्ते–

ઉપર જણાવ્યા મુજબ શાતાવેદનીયકર્મની ઉદીરણાનો પ્રસંગ, અશાતાવેદનીયની ઉદીરણાના પ્રસંગના આપાદનથી દૂર કર્યો છે. તેથી વસ્તુતઃ *તે દૂર થયો ન હોવાથી મિત્રભાવે તેના નિવારણ માટે જણાવાય છે–*

**उदीरणाख्यं करणं, प्रमादव्यङ्ग्यमत्र यत् ।**
**तस्य तत्त्वमजानानः, खिद्यसे स्थूलया धिया ॥३०-१८॥**

उदीरणाख्यमिति–उदीरणाख्यं करणं यदान्तरशक्तिविशेषलक्षणं प्रमादव्यङ्ग्यं वर्तते. तस्य तत्त्वं स्वरूपमजानानः स्थूलया धिया बहिर्योगमात्रव्यापारगोचरया खिद्यसे त्वम् । योगव्यापारमात्रस्य तदाक्षेपकत्वे ततो मनोयोगेनाप्यप्रमत्ते सुखोदीरणप्रसङ्गात्, तदीयसुखस्य ज्ञानरूपत्वे सुखान्तरस्यापि तथात्वप्रसङ्गात् । सुख्यहमित्यनुभवस्य चाप्रमत्तेऽप्यक्षतत्वादिति ॥३०-१८॥

"અહીં પ્રમાદથી જણાતું ઉદીરણા નામનું જે કરણ છે, તેનું સ્વરૂપ નહિ જાણતા એવા તમે સ્થૂલબુદ્ધિથી વ્યર્થ ખેદ પામો છો." - આ પ્રમાણે અઢારમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આભ્યંતર શક્તિવિશેષને કરણ કહેવાય છે. ઉદીરણા નામનું કરણ પ્રમાદથી અભિવ્યંગ્ય(જાણવાયોગ્ય) છે. એ ઉદીરણાનું સ્વરૂપ જાણતા ન હોવાથી, માત્ર બાહ્ય કવલાહારાદિની થતી પ્રવૃત્તિને જોઇને સ્થૂલ બુદ્ધિથી તમે દિગંબરો નકામા ખેદ પામો છો. કારણ કે ઉદીરણાને ખેંચી લાવનાર પ્રમાદ છે, માત્ર બાહ્ય ક્રિયા નથી.

માત્ર બાહ્ય ક્રિયાથી જ ઉદીરણા થતી હોય તો મનોયોગે અપ્રમત્ત ગુણસ્થાનકે યતિને પણ સુખની ઉદીરણાનો પ્રસંગ આવશે. "અપ્રમત્ત યતિનું સુખ જ્ઞાન સ્વરૂપ હોવાથી તેની ઉદીરણાનો પ્રસંગ નહિ આવે." - એમ કહેવામાં આવે તો "કેવલી પરમાત્માનું સુખ પણ જ્ઞાન સ્વરૂપ હોવાથી તેની ઉદીરણાનો પ્રસંગ પણ નહીં આવે." - એમ માનવામાં કોઇ દોષ નથી. યદ્યપિ

કેવલીપરમાત્માનું સુખ સ્વાનુભવનો વિષય છે. અપ્રમત્તયતિઓને પોતાનું જ્ઞાનાત્મક સુખ સ્વાનુભવનો વિષય બનતું નથી. કારણ કે તેઓશ્રી અસંગયોગમાં નિમગ્ન હોય છે. તેથી અપ્રમત્તયતિને સુખની ઉદીરણાનો પ્રસંગ આવતો નથી - આ પ્રમાણે કહી શકાય છે. પરંતુ એ કહેવાનું ઉચિત નથી. કારણ કે અપ્રમત્તયતિઓને 'હું સુખી છું'... ઈત્યાદિ અનુભવ અબાધિત છે... વગેરે અન્યત્ર અનુસંધેય છે. ॥૩૦-૧૮॥

દિગંબરોએ પોતાની માન્યતાનું સમર્થન કરવા ઉપન્યસ્ત નવમા હેતુનું નિરાકરણ કરાય છે–

**आहारकथया हन्त, प्रमादः प्रतिबन्धतः ।**
**तदभावे च नो भुक्त्या, श्रूयते सुमुनेरपि ॥३०-१९॥**

आहारकथयेति–आहारकथया हन्त प्रतिबन्धतस्तथाविधाहारेच्छासंस्कारप्रवृद्धेः प्रमादो भवति, न त्वन्यथापि । अकथाविकथानां विपरिणामस्य परिणामभेदेन व्यवस्थितत्वात् । तदभावे च प्रतिबन्धाभावे च नो नैव भुक्त्या श्रूयते सुमुनेरपि उत्तमसाधोरपि प्रमादः, किं पुनर्भगवत इति भावः । बहिर्योगव्यापारमात्रोपरम एवाप्रमत्तत्वलाभ इति तु न युक्तम्, आरब्धस्य तस्य तत्रासङ्गतया निष्ठाया अविरोधादिति ॥३०-१९॥

"આહારકથાથી પ્રમાદ થાય છે તે વાત બરાબર છે પરંતુ પ્રતિબંધને(રાગને) લઈને તે પ્રમાદ થાય છે. અન્યથા પ્રતિબંધના અભાવમાં વાપરવાથી સારા(ભાવ)સાધુને પણ પ્રમાદ થતો નથી. તો શ્રી કેવલીપરમાત્માને તે ક્યાંથી થાય ?" - આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે આહારકથાના કારણે તેવા પ્રકારના ઈષ્ટ આહારને વાપરવાની ઈચ્છાના સંસ્કારની (ઈચ્છાજનક સંસ્કારની) વૃદ્ધિ થવાથી પ્રમાદ થાય છે. અન્યથા તાદૃશ સંસ્કારના અભાવમાં પણ પ્રમાદ થતો નથી.

આહારની કથા હોવા છતાં ફળમાં કેમ ફરક પડે છે - એમ નહીં કહેવું જોઈએ. કારણ કે અકથા કે વિકથાનો વિપરિણામ (વિશિષ્ટ પરિણામ); આશયવિશેષથી વ્યવસ્થિત છે. અર્થાત્ એમાં વક્તા વગેરેનો આશય કારણ છે. ઉપર જણાવ્યા મુજબ પ્રતિબંધનો અભાવ હોય તો ઉત્તમ સાધુ મહાત્માને પણ પ્રમાદ થતો નથી - એમ શાસ્ત્રમાં જણાવ્યું છે.

"કવલાહારાદિ સ્વરૂપ બાહ્યવ્યાપાર(ક્રિયા)માત્ર(સકળ બાહ્યવ્યાપાર-માત્ર)નો અભાવ થાય ત્યારે જ અપ્રમત્તત્વની પ્રાપ્તિ થાય છે, તેથી ઉત્તમ સાધુમહાત્માઓને સાતમા ગુણઠાણે આહારનો સંભવ નથી." - આ પ્રમાણે નહીં કહેવું જોઇએ; કારણ કે છઠ્ઠા ગુણસ્થાનકે જેઓએ આહારની શરૂઆત કરેલી હોય તેઓ; ઉદાસીનપણે વાપરતાં વાપરતાં અસંગદશાને પ્રાપ્ત કરી સાતમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરી શકે છે, એમાં કોઇ વિરોધ નથી. ॥૩૦-૧૯॥

દશમા હેતુનું નિરૂપણ કરાય છે–

**निद्रा नोत्पाद्यते भुक्त्या, दर्शनावरणं विना ।**
**उत्पाद्यते न दण्डेन, घटो मृत्पिण्डमन्तरा ॥३०-२०॥**

निद्रेति–स्पष्टः ॥३०-२०॥

"દર્શનાવરણીયકર્મના ઉદય વિના ભોજનથી નિદ્રા ઉત્પન્ન થતી નથી. માટીના પિંડ વિના દંડથી ઘડાની ઉત્પત્તિ થતી નથી." - આ પ્રમાણે વીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સમજી શકાય છે કે કેવલીપરમાત્મા કવલાહાર કરે તો તેઓશ્રીને નિદ્રાની ઉત્પત્તિનો પ્રસંગ આવશે. દિગંબરોની એ વાત યુક્ત નથી. કારણ કે નિદ્રાનું કારણ દર્શનાવરણીયકર્મનો ઉદય છે. ભોજન તો તેમાં નિમિત્તમાત્ર છે. શ્રી કેવલીપરમાત્માનું દર્શનાવરણીયકર્મ સર્વથા ક્ષીણ થયેલું હોવાથી તેઓશ્રી વાપરે તોપણ તેઓશ્રીને નિદ્રાનો સંભવ જ નથી. કારણ કે કારણ વિના કાર્યનો સંભવ નથી. સામગ્રીથી સિદ્ધ થતું કાર્ય, સામગ્ર્યંતઃપાતી કોઇ એક કારણથી સિદ્ધ ન થાય - એ સ્પષ્ટ છે, જે ઉપર જણાવેલા ઉદાહરણથી સમજી શકાય છે. ॥૩૦-૨૦॥

કેવલીભગવંતો કવલાહાર કરે તો તેઓશ્રીને રસનેન્દ્રિયથી જન્ય એવા રાસનપ્રત્યક્ષાત્મક મતિજ્ઞાનની પ્રાપ્તિનો પ્રસંગ આવશે. દશમા હેતુના નિરૂપણ વખતે દર્શાવેલા એ દોષનું હવે નિરાકરણ કરાય છે–

**रासनं च मतिज्ञानमाहारेण भवेद् यदि ।**
**घ्राणीयं स्यात् तदा पुष्पघ्राणतर्पणयोगतः ॥३०-२१॥**

रासनं चेति–स्पष्टः ॥३०-२१॥

"આહાર કરવાના કારણે શ્રી કેવલીભગવંતોને રાસન-પ્રત્યક્ષાત્મક મતિજ્ઞાનની ઉત્પત્તિ જો થતી હોય તો સમવસરણમાં પુષ્પના પરાગ અને ઘ્રાણેન્દ્રિયનો સંબંધ થવાથી શ્રી કેવલીભગવંતને ઘ્રાણેન્દ્રિયજન્ય ઘ્રાણજ પ્રત્યક્ષાત્મક મતિજ્ઞાન ઉત્પન્ન થવાનો પ્રસંગ આવશે." - આ પ્રમાણે એકવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય સ્પષ્ટ છે કે આહારની પ્રવૃત્તિના કારણે જો કેવલજ્ઞાનીઓને મતિજ્ઞાનનો પ્રસંગ આવતો હોય તો તેઓશ્રી આહાર ન પણ કરે તોય સમવસરણમાં પુષ્પાદિના ગંધના સંપર્કથી ઘ્રાણજપ્રત્યક્ષાત્મક મતિજ્ઞાનનો પ્રસંગ તેઓશ્રીને અનિવાર્ય જ છે. એના નિવારણ માટે જે ઉપાય વિચારાય તે જ ઉપાયથી રાસનપ્રત્યક્ષાત્મક મતિજ્ઞાનના પ્રસંગનું નિવારણ કરી શકાય છે. જ્ઞાનાવરણીયકર્મનો ઉદય ન હોવાથી વસ્તુતઃ શ્રી કેવલીપરમાત્માને મતિજ્ઞાનનો સંભવ નથી... ઇત્યાદિ વિચારવું જોઇએ. ॥૩૦-૨૧॥

ચોથા શ્લોકથી દશમા હેતુનું નિરૂપણ કરતી વખતે કવલાહારના કારણે કેવલીને પ્રતિક્રમણયોગ્ય ઇર્યાપથનો પ્રસંગ જણાવ્યો હતો, તેનું નિરાકરણ કરાય છે તેમ જ ધ્યાન અને તપની હાનિનો પ્રસંગ પણ જણાવ્યો હતો, તેનું પણ નિરાકરણ કરાય છે–

**ईर्यापथप्रसङ्गश्च, समोऽत्र गमनादिना ।**
**अक्षते ध्यान-तपसी, स्वकालासम्भवे पुनः ॥३०-२२॥**

ईर्येति–ईर्यापथप्रसङ्गश्चात्र भगवतो भुक्तौ गमनादिना समस्तेनापि तत्प्रसङ्गस्य तुल्ययोगक्षेमत्वात्, स्वाभाविकस्य च तद्गमनस्य दृष्टबाधेन कल्पयितुमशक्यत्वादिति भावः । स्वकालासम्भवे भुक्तिकालासम्भविनी ध्यानतपसी पुनरक्षते । योगनिरोधदेहापवर्गकालयोरेव तत्सम्भवात् (तत्स्वभावात्) । स्वभावसमवस्थितिलक्षणयोश्च तयोर्गमनादिनेव भुक्त्यापि न व्याघात इति द्रष्टव्यम् ॥३०-२२॥

"ઇર્યાપથપ્રસંગ, ગમનાદિની ક્રિયાના કારણે અહીં સમાન છે. તેમ જ ભોજનના કાળમાં નહિ થનારાં ધ્યાન અને તપ અક્ષત જ છે." - આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે ભગવાન શ્રી કેવલી પરમાત્મા ભોજન(કવલાહાર) કરે તો જેમ પ્રતિક્રમણને યોગ્ય ઇર્યાપથનો પ્રસંગ આવે છે તેમ જવા વગેરેની તેમ જ આંખની પાંપણની હલનચલનાદિની ક્રિયાના

કારણે પણ એ પ્રસંગ તો આવવાનો જ છે. અર્થાત્ શ્રી કેવલી-પરમાત્મા ભોજન ન કરે તોપણ વિહારાદિ ક્રિયાઓના કારણે ઈર્યાપથનો પ્રસંગ આવવાનો જ છે.

"તેઓશ્રીની વિહારાદિની પ્રવૃત્તિ કેવલ યોગનિમિત્તક છે. (કષાયાદિનિમિત્તક નથી.) તેથી વિહારાદિના કારણે ઈર્યાપથનો પ્રસંગ આવતો નથી." આ પ્રમાણે જો કહેવામાં આવે તો શ્રી કેવલીભગવંતોનો કવલાહાર પણ કેવલ યોગનિમિત્તક છે - આ પ્રમાણે કહી શકાય છે. અર્થાત્ બંન્ને સ્થાને ઈર્યાપથના વિષયમાં તુલ્યયોગક્ષેમ છે. "ભગવાન શ્રી કેવલીપરમાત્માની વિહારાદિની પ્રવૃત્તિ સ્વાભાવિક છે, તેથી તેઓશ્રીને ઈર્યાપથનો પ્રસંગ આવતો નથી." - આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે ગમનાગમનાદિની પ્રવૃત્તિ સ્વભાવથી જ થાય છે એ કહી શકાય એવું નથી. દેખીતી રીતે એ બાધિત છે, પ્રત્યક્ષવિરોધિની એ કલ્પના અયુક્ત છે. પ્રમત્તોને જ ઈર્યાપથિકી વિરાધના કર્મબંધનું કારણ બને છે. કેવલીપરમાત્માને તો તે નિર્જરાનું કારણ બને છે... ઈત્યાદિ અન્યત્ર અનુસંધેય છે.

દિગંબરોએ પોતાની માન્યતાનું સમર્થન કરતાં ચોથા શ્લોકમાં અગિયારમા હેતુ તરીકે જણાવેલ ધ્યાન અને તપની ક્ષતિનું નિરાકરણ કરાય છે - **अक्षते**... ઈત્યાદિ ગ્રંથથી. એનો આશય એ છે કે કેવલીપરમાત્માને ધ્યાન અને તપ સતત હોવાથી તેનો ભંગ ન થાય - એ માટે તેઓને કવલાહાર હોતો નથી. દિગંબરોનું એ કથન અયુક્ત છે. કારણ કે શ્રી કેવલીભગવંતોને યોગનિરોધ અવસ્થામાં અને મોક્ષગમનના અવસરે ધ્યાન અને તપ હોય છે. તે વખતે તેઓશ્રી આહાર કરતા નથી. આહાર કરવાના કાળમાં ધ્યાન અને તપ તેઓશ્રીને હોતાં નથી. આથી સમજી શકાશે કે શ્રી કેવલજ્ઞાનીને ધ્યાન અને તપ નિત્ય હોતાં નથી. પરંતુ અંતિમ સમયે જ હોય છે. આમ છતાં ગમનાગમનાદિક્રિયાકાળમાં સ્વભાવમાં સમવસ્થિતિ સ્વરૂપ જ નિત્ય ધ્યાન કે તપ હોય છે એમ માનવામાં આવે તો તે આહારકાળમાં પણ નિરાબાધ છે... ઈત્યાદિ સ્પષ્ટ છે. ॥૩૦-૨૨॥

બારમા હેતુનું નિરાકરણ કરાય છે–

**परमौदारिकं चाङ्गं, भिन्नं चेत्तत्र का प्रमा ।**
**औदारिकादभिन्नं चेद्, विना भुक्तिं न तिष्ठति ॥३०-२३॥**

परमौदारिकं चेति–परमौदारिकं चाङ्गं शरीरं भिन्नं चेदौदारिकादिभ्यः क्लृप्त-शरीरेभ्यः, तर्हि तत्र का प्रमा किं प्रमाणम् ? न किञ्चिदित्यर्थः । औदारिकादभिन्नं चेत्तत्केवलमतिशयितरूपाद्युपेतं तदेव तदा भुक्तिं विना न तिष्ठति । चिरकालीनौदारिक-शरीरस्थितेर्भुक्तिप्रयोज्यत्वनियमात् । भुक्तेः सामान्यतः पुद्गलविशेषोपचयव्यापारकत्वे-नैवोपयोगात् । वनस्पत्यादीनामपि जलाद्यभ्यादानेनैव चिरकालस्थितेः । शरीर-विशेषस्थितौ विचित्रपुद्गलोपादानस्यापि हेतुत्वेन तं (विना) केवलिशरीरस्थितेः कथमप्यसम्भवात् तत्र परमौदारिकभिन्नत्वस्य कैवल्याकालीनत्वपर्यवसितस्य विशेषण-स्याप्रामाणिकत्वादिति ॥३०-२३॥

"ઔદારિક શરીર કરતાં પરમ ઔદારિક શરીર ભિન્ન(જુદું) છે, તેમાં શું પ્રમાણ છે ? જો પરમ ઔદારિક શરીર ઔદારિક શરીરથી અભિન્ન છે, તો તે ભોજન વિના નહિ ટકે." - આ પ્રમાણે તેવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે "શ્રી વીતરાગપરમાત્માનું શરીર પરમ ઔદારિક હોવાથી તેઓશ્રીને ક્ષુધા વગેરેનો સંભવ ન હોવાના કારણે શ્રી કેવલજ્ઞાનીને ભોજનનો અભાવ છે." આ પ્રમાણે દિગંબરોએ જણાવ્યું હતું. એ વિષયમાં જણાવવાનું કે પરમ ઔદારિક શરીર, પ્રસિદ્ધ ઔદારિકાદિ શરીરથી ભિન્ન છે કે અભિન્ન છે : આ બે વિકલ્પ છે. બંન્ને વિકલ્પમાં દોષ છે. કારણ કે પરમ ઔદારિક શરીર, ક્લૃપ્ત ઔદારિકાદિ શરીરથી ભિન્ન છે - એમ માનવા માટે કોઈ પ્રમાણ નથી અને બીજા વિકલ્પ મુજબ પરમ ઔદારિક શરીરને ક્લૃપ્ત શરીરથી ભિન્ન ન માનતાં અભિન્ન માની લેવામાં આવે તો તે કેવલ શ્રેષ્ઠ રૂપાદિથી યુક્ત એવું શરીર ચિરકાળ સુધી ભોજન વિના ટકી શકશે નહિ.

કારણ કે લાંબા કાળ સુધીની ઔદારિક શરીરની સ્થિતિ ભુક્તિપ્રયોજ્ય છે. અર્થાત્ જ્યાં ભુક્તિ(ભોજન)પ્રયોજ્યત્વનો અભાવ છે, ત્યાં લાંબા કાળ સુધી શરીરની સ્થિતિ હોતી નથી. એવી દીર્ઘ સ્થિતિ માટે ભોજન માન્યા વિના ચાલે એવું નથી. શ્રી કેવલીપરમાત્મા કવલાહાર ન કરે તો દેશોન પૂર્વ કરોડ વર્ષ સુધી તેઓશ્રીનું પરમ ઔદારિક શરીર ટકે કઈ રીતે ? ભોજન, શરીરની ચિરકાળ સ્થિતિની પ્રત્યે પુદ્ગલવિશેષનો ઉપચય કરવા દ્વારા ઉપયોગી બને છે. "વનસ્પતિકાય જીવોનાં ઔદારિક શરીરો હજારો વર્ષો સુધી કવલાહાર વિના કઈ રીતે ટકે છે ?" આવી શંકા નહિ કરવી જોઈએ. કારણ કે તે જીવોના શરીરની

લાંબા કાળ સુધીની સ્થિતિ પણ પાણી વગેરેના ગ્રહણથી જ ઉપપન્ન છે. અન્યથા તો તે શરીરો પણ નાશ પામે છે.

આથી ચોક્કસ છે કે શરીરની વિશેષ સ્થિતિમાં (ચિરકાળભાવિ સ્થિતિની પ્રત્યે) કવલાહારથી પ્રાપ્ત થયેલાં વિચિત્ર પુદ્ગલોનું ઉપાદાન, કારણ છે. તેથી કવલાહારને કર્યા વિના કોઇ પણ રીતે શ્રી કેવલીપરમાત્માને પોતાના પરમ ઔદારિક શરીરની સ્થિતિ દીર્ઘકાળ માટે ઘટી શકે એમ નથી.

"આ રીતે ઔદારિક શરીરની દીર્ઘકાલીન સ્થિતિ પ્રત્યે કવલાહાર(ભોજન) કારણ છે - એ સમજી શકાય છે. પરંતુ તે ઔદારિક શરીર, કેવલજ્ઞાનાકાલીન પરમૌદારિક શરીરથી ભિન્ન એવા શરીર સ્વરૂપ સમજવું જોઇએ. કેવલજ્ઞાનકાલીન પરમઔદારિક શરીર તો આહાર વિના જ લાંબા કાળ સુધી ટકી શકે છે." - આ પ્રમાણેનું કથન તદ્દન અયુક્ત છે. કારણ કે કેવલજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વેનું શરીર અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછીનું શરીર ભિન્ન છે - એમ માનવામાં કોઇ પ્રમાણ નથી. કેવલજ્ઞાનની પ્રાપ્તિના કારણે જે કોઇ ફરક પડે છે તે આત્મામાં ફરક પડે છે. શરીરમાં તો કોઇ જ ફરક પડતો નથી. તેથી ઔદારિકશરીરસામાન્યની દીર્ઘકાલીન સ્થિતિ, કવલાહાર-પ્રયોજ્ય છે : એ સિદ્ધ થાય છે. "કેવલજ્ઞાનાકાલીન જે શરીર છે, તે પરમૌદારિક શરીરથી ભિન્ન છે. તાદૃશભિન્નત્વ (કેવલજ્ઞાનાકાલીનત્વ સ્વરૂપ પરમૌદારિકશરીરભિન્નત્વ) વિશિષ્ટ શરીરની દીર્ઘ સ્થિતિની પ્રત્યે કવલાહાર પ્રયોજક છે." - આ રીતે 'તાદૃશભિન્નત્વ' વિશેષણનું ઉપાદાન કરીને કવલાહારનું પ્રયોજ્યત્વ વિશિષ્ટ શરીરમાં માનવાનું પ્રામાણિક નથી. એમાં માત્ર પોતાની માન્યતાનો કદાગ્રહ છે. ॥૩૦-૨૩॥

પોતાના શરીરની દીર્ઘસ્થિતિને ટકાવવા માટે શ્રી કેવલીપરમાત્માએ કવલાહાર કરવો જોઇએ : એનું જ સમર્થન કરાય છે–

**भुक्त्याद्यदृष्टसम्बद्धमदृष्टं स्थापकं तनोः ।**
**तत्त्यागे दृष्टबाधा त्वत्पक्षभक्षणराक्षसी ॥३०-२४॥**

भुक्त्यादीति–भुक्त्याद्यदृष्टेन भोजनादिफलहेतुजाग्रद्विपाककर्मणा सम्बद्धं तनोश्शरीरस्य स्थापकमदृष्टं । दृष्टमिति शेषः । तत्त्यागे केवलिन्यभ्युपगम्यमाने त्वत्पक्ष-

भक्षणराक्षसी दृष्टबाधा समुपतिष्ठते । तथा च तद्भयादपि तव नेत्थं कल्पना हितावहेति भावः ।।૩૦-૨૪।।

"શરીરને લાંબા કાળ સુધી ટકાવનારું કર્મ ભોજનાદિના કર્મની સાથે સંબદ્ધ છે. તેનો અભાવ કેવલી પરમાત્મામાં સ્વીકારવામાં આવે તો પ્રત્યક્ષપ્રમાણથી સિદ્ધ વસ્તુની બાધા થાય છે, જે દિગંબરોના પક્ષને ભક્ષી જનારી રાક્ષસી છે." - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. એનો આશય એ છે કે ભોજન પાન... આદિ જેનાં ફળ છે એવા તે હેતુભૂત વિપાક-ઉદયવાળા કર્મની સાથે, શરીરને લાંબા કાળ સુધી ટકાવી રાખનારું કર્મ સંબદ્ધ(સંકળાયેલું) છે : એ પ્રત્યક્ષ દેખાય છે.

શ્રી કેવલીપરમાત્મામાં ભોજનાદિની ક્રિયાના હેતુભૂત કર્મથી સંબદ્ધ શરીરસંસ્થાપક કર્મનો અભાવ માનવામાં આવે તો કેવલીપરમાત્માના પરમૌદારિક શરીરની સ્થિતિ ટકી શકશે નહીં. તેથી ઉત્કૃષ્ટ રીતે દેશોન(નવ વર્ષ ઓછા) એવાં પૂર્વ(૮૪ લાખ x ૮૪ લાખ = ૧ પૂર્વ) કરોડ વર્ષ સુધી ટકી રહેનારી પ્રત્યક્ષસિદ્ધ(દષ્ટ)સ્થિતિની બાધા થાય છે, જે તમારા (દિગંબરના) પક્ષનું ભક્ષણ કરવા માટે રાક્ષસીસમાન છે. તેથી તેના ભયથી પણ તમારે (દિગંબરોએ) 'શ્રી કેવલજ્ઞાનીઓનું પરમઔદારિક શરીર કરોડો વર્ષો સુધી કવલાહાર વિના ટકી શકે છે.' - એવી કલ્પના કરવાનું હિતાવહ નથી... ઇત્યાદિ સ્પષ્ટ છે. ।।૩૦-૨૪।।

ननु तनुस्थापकादृष्टस्य भुक्त्याद्यदृष्टनियतत्वेऽपि भुक्त्याद्यदृष्टस्य तनुत्वाद-भुक्त्याद्युपपत्तिर्भगवतो भविष्यतीत्यत आह–

"પરમ ઔદારિક શરીરવાળા શ્રી કેવલીપરમાત્માને ભોજનપ્રયોજક કર્મ અલ્પ પ્રમાણમાં હોવાથી તેઓશ્રીનું તે શરીર ભોજન વિના પણ દીર્ઘકાળ સુધી ટકી શકે છે. શરીરસ્થાપક કર્મ ભોજનાદિપ્રયોજક - કર્મનિયત હોવા છતાં ભોજન વિના પણ દીર્ઘકાળ સુધી આ રીતે પરમ ઔદારિક શરીર ટકી શકે છે...' દિગંબરોની આ માન્યતાનું નિરાકરણ કરાય છે–

**प्रतिकूलाऽनिवर्त्यत्वात्, तत्तनुत्वं च नोचितम् ।**
**दोषजन्म तनुत्वं च, निर्दोषे नोपपद्यते ।।૩૦-૨૫।।**

प्रतिकूलेति--तस्य भुक्त्याद्यदृष्टस्य तनुत्वं च नोचितम् । प्रतिकूलेन विरोधिपरिणामेनानिवर्त्यत्वात् । न हि वीतरागत्वादिपरिणामेन रागादीनामिव क्षुधादीनां तथाविधपरिणामेन निवर्त्यत्वमस्ति, येन ततस्तज्जनकादृष्टतनुत्वं स्यात् । अस्त्येवाभोजनभावनातारतम्येन क्षुन्निरोधतारतम्यदर्शनादिति चेन्न । ततो भोजनादिगतस्य प्रतिबन्धमात्रस्यैव निवृत्तेः, शरीरादिगतस्येवाशरीरादिभावनया । अन्यथाऽभोजनभावनात्यन्तोत्कर्षेण भुक्तिनिवृत्तिवदशरीरभावनात्यन्तोत्कर्षेण शरीरनिवृत्तिरपि प्रसज्येतेति महत्सङ्कटमायुष्मतः । ननु भुक्त्यादिविपरीतपरिणामेन भुक्त्याद्यदृष्टस्य मोहरूपप्रभूतसामग्रीं विना स्वकार्याक्षमत्वलक्षणं तनुत्वमेव क्रियते । तनुस्थापकादृष्टस्यापि अशरीरभावनया तद्भववाह्ययोगक्रियां निरुणद्ध्येव । शरीरं तु प्रागेव निष्पादितं न बाधितुं क्षमत इति अस्माकं न कोऽपि दोष इति चेन्न, विपरीतपरिणामनिवर्त्यत्वे भुक्त्यादेस्तददृष्टस्य रागाद्यर्जकादृष्टवद् योगप्रकर्षवति भगवति निर्मूलनाशापत्तेर्विशेषाभावात् । घात्यघातिकृतविशेषाभ्युपगमे तु अघातिनां भवोपग्राहिणां यथाविपाकोपक्रममेव निवृत्तिसम्भवादिति न किञ्चिदेतत् । दोषजन्म अग्निमान्द्यादिदोषजनितं तनुत्वं च चिरकालविच्छेदलक्षणं निर्दोषे भगवति नोपपद्यते । नियतविच्छेदश्च नियतकालभुक्त्याद्याक्षेपक एवेति भावः ॥३०-२५॥

"ભોજનાદિપ્રયોજક કર્મોનું તનુત્વ (અલ્પત્વ) ભગવાન શ્રી કેવલીપરમાત્માને હોય છે - એમ માનવાનું ઉચિત નથી. કારણ કે તે, પ્રતિકૂળ પરિણામથી દૂર કરાયેલ નથી. તેમ જ નિર્દોષ એવા કેવલીમાં દોષથી ઉત્પન્ન થયેલ (રાગાદિ) અને તનુત્વ પણ સંગત નથી." - આ પ્રમાણે પચીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. એના આશયનું વર્ણન કરતાં ગ્રંથકારશ્રીએ ટીકામાં ફરમાવ્યું છે કે - 'ભોજનાદિપ્રયોજક કર્મ, શ્રી કેવલીપરમાત્માને અલ્પ હોય છે.' - એમ માનવાનું ઉચિત નથી. કારણ કે ભુક્ત્યાદિના સંપાદક અદૃષ્ટની તનુતા (અલ્પતા). વિરોધી પરિણામથી નિવર્ત્ય નથી. વીતરાગત્વ કે વીતદ્વેષત્વાદિની ભાવના વડે જેમ રાગાદિની અલ્પતા વગેરે થાય છે, તેમ આત્માના અણાહારી સ્વભાવાદિની ભાવના વડે ભોજનાદિસંપાદક કર્મની અલ્પતા થતી નથી.

આત્માનો સ્વભાવ અણાહારી છે, ખાવું એ સ્વભાવ નથી, પણ વિભાવ છે... ઇત્યાદિ રૂપે ભોજન ન કરવાની ભાવનાની તરતમતાથી ક્ષુધાની તરતમતા જોવા મળે છે. તેથી ભોજનસંપાદક કર્મ, તાદૃશ વિરોધી અભોજન - પરિણામથી

અલ્પ થાય છે - આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે તાદૃશ અભોજનાદિ-સંબંધી પરિણામથી ભોજનસંબંધી રાગ નાશ પામે છે, ભોજનાદિની પ્રવૃત્તિ નાશ પામતી નથી. અશરીરીપણાની ભાવનાથી જેમ શરીર ઉપરનો રાગ નાશ પામે છે, તેમ ભોજનાદિના અભાવની ભાવનાથી પણ ભોજનાદિનો રાગ નાશ પામે છે પરંતુ ભોજનાદિની પ્રવૃત્તિ નાશ પામતી નથી. અન્યથા અભોજનભાવનાના અત્યંત ઉત્કર્ષથી ભોજનાદિની નિવૃત્તિ થતી હોય તો અશરીરભાવનાના અત્યંત ઉત્કર્ષથી શરીરની નિવૃત્તિનો પણ પ્રસંગ આવશે, જે આયુષ્માન દિગંબરને મોટા સંકટરૂપ છે.

"ભોજનાદિસંપાદક અદૃષ્ટની તનુતા થાય છે : એ કહેવાનો આશય એ છે કે ભોજનાદિસંબંધી વિપરીત પરિણામથી (અભોજનભાવનાથી) ભોજનાદિનો મોહ (રાગ) ઘટે છે. તેથી મોહરૂપ ઘણી સામગ્રીના અભાવમાં ભોજનાદિસંપાદક કર્મ, પોતાના કાર્યને કરવા માટે સમર્થ બનતું નથી. આ સ્વકાર્યના અક્ષમત્વ સ્વરૂપ જ ભોજનાદિ - પ્રયોજક કર્મનું તનુત્વ છે. શરીરની સ્થિતિને લાંબા કાળ સુધી ટકાવી રાખનાર કર્મ પણ, અશરીરભાવનાના ઉત્કર્ષથી રાગાદિના કારણે થનારી શરીરની સાર-સંભાળ લેવા સ્વરૂપ ક્રિયાઓને રોકવાથી નબળું પડે જ છે. શરીર તો આ પૂર્વે જ ઉત્પન્ન થયેલું હોવાથી અશરીરભાવના શરીરનો બાધ(ઉચ્છેદ) કરવા સમર્થ બનતી નથી. તેથી અમને-દિગંબરોને કોઈ દોષ નથી...' - આ પ્રમાણેનું દિગંબરોનું કથન ઉચિત નથી.

કારણ કે અભોજનાદિ ભાવનાથી, ભોજનાદિ જો દૂર થઈ શકતા હોય તો, જેમ રાગાદિવિરોધી વીતરાગાદિભાવનાથી રાગાદિસંપાદક એવાં કર્મોનો મૂળથી નાશ થાય છે, તેમ અશરીરભાવનાની પ્રકર્ષતાથી, યોગની (સમતાવૃત્તિસંક્ષય સ્વરૂપ) પ્રકૃષ્ટ અવસ્થાને ધારણ કરનારા શ્રી કેવલી પરમાત્મામાં શરીરસંસ્થાપક કર્મનો સર્વથા નાશ થવાનો પ્રસંગ આવવાનો જ છે. કારણ કે બંન્નેમાં (રાગાદિ-જનક કર્મ અને શરીરની દીર્ઘકાળ સુધી સ્થિતિને ટકાવનાર કર્મ : એ બંન્નેમાં) કોઈ વિશેષતા નથી.

યદ્યપિ રાગાદિજનક કર્મ ઘાતિ છે અને શરીરસંસ્થાપક કર્મ અઘાતિ છે. તેથી બંન્નેમાં વિશેષતા છે. પરંતુ એવી વિશેષતા માનવામાં આવે તો અઘાતિ ભવોપગ્રાહિ કર્મોની નિવૃત્તિ ક્રમે કરી તેના વિપાકના અનુભવથી જ થાય છે.

તેથી અશાતાવેદનીય કર્મ પણ તેના વિપાકરૂપે ભૂખ તરસ વગેરેનો અનુભવ કરાવીને જ સર્વથા ક્ષય પામશે. તેથી ઘાતિ અને અઘાતિકૃત વિશેષતાનું વર્ણન અર્થહીન છે, પ્રકૃતોપયોગી નથી.

"શ્રી કેવલીપરમાત્મા જો કવલાહાર કરે તો કોઇ વાર જઠરાગ્નિની મંદતાના કારણે રોગ વગેરે ઉત્પન્ન થાય અને તે લાંબા કાળે દૂર થાય. તેથી કેવલીપરમાત્મા ભોજન કરતા નથી." - આવી દિગંબરોની માન્યતાનું નિરાકરણ કરાય છે - **दोषजन्म**... ઇત્યાદિ શ્લોકના ઉત્તરાર્દ્ધથી. અંતે આશય એ છે કે આહારની આસક્તિ વગેરે દોષોથી રહિત એવા કેવલીપરમાત્માઓમાં જઠરાગ્નિની મંદતાદિ દોષોના કારણે રોગાદિનો સંભવ નથી. તેમ જ તેના લાંબા કાળે વિચ્છેદ થવા સ્વરૂપ તનુત્વનો પણ સંભવ નથી. 'કેવલીપરમાત્માનો જઠરાગ્નિ નિયત સમયે નાશ પામશે. તેના વિલય માટે કવલાહારની આવશ્યકતા નથી.' આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે જઠરાગ્નિનો નિયત કાળે થનારો વિચ્છેદ, નિયતકાળમાં કરાતાં ભોજનાદિની અપેક્ષાવાળો છે. નિયતકાલીન ભોજનાદિથી જ નિયતકાળે જઠરાગ્નિનો વિલય થાય છે. અન્યથા કાળમાત્રને કાર્યની પ્રત્યે કારણ માનવાથી કાલેતર તે તે કારણોને કારણ નહીં મનાય. દરેક કાર્ય તે તે નિયત સમયે થઇ જશે... ઇત્યાદિ ઉપયોગપૂર્વક વિચારવું. ॥૩૦-૨૫॥

તેરમા અને ચૌદમા હેતુનું નિરાકરણ કરાય છે—

**परोपकारहानिश्च, नियतावसरस्य न ।**
**पुरीषादिजुगुप्सा च, निर्मोहस्य न विद्यते ॥३०-२६॥**

परोपकारेति—परोपकारस्य हानिश्च नियतावसरस्य भगवतो न भवति, तृतीययाममुहूर्तमात्र एव भगवतो भुक्तेः, शेषमशेषकालमुपकारावसरात् । पुरीषादिजुगुप्सा च निर्मोहस्य क्षीणजुगुप्सामोहनीयकर्मणो भगवतः न विद्यते ॥३०-२६॥

"પરોપકાર માટે ચોક્કસ અવસર જેઓશ્રી પાસે છે તે શ્રી કેવલીપરમાત્માને પરોપકારની હાનિ થતી નથી. તેમ જ નિર્મોહી એવા પરમાત્માને મૂત્ર-પુરીષાદિની જુગુપ્સા હોતી નથી." - આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે શ્રી કેવલીપરમાત્મા દિવસના ત્રીજા પ્રહરમાં

મુહૂર્તમાત્ર (બે ઘડી જ) વાપરતા હોવાથી બાકીનો બધો જ કાળ તેઓશ્રીને પરોપકાર કરવા માટે મળતો હોવાથી પરોપકારની હાનિનો પ્રસંગ આવતો નથી. તેમ જ જુગુપ્સામોહનીયકર્મ સર્વથા ક્ષીણ થયેલું હોવાથી નિર્મોહ શ્રી કેવલીપરમાત્માને મળ-મૂત્રાદિની જુગુપ્સા થતી નથી... ઇત્યાદિ સ્પષ્ટ છે. ।।૩૦-૨૬।।

ચૌદમા હેતુનું સ્પષ્ટતાપૂર્વક નિરૂપણ કરાય છે—

**ततोऽन्येषां जुगुप्सा चेत्, सुरासुरनृपर्षदि ।**
**नाग्न्येऽपि न कथं तस्याऽतिशयश्चोभयोः समः ।।३०-२७।।**

तत इति—ततः पुरीपादेरन्येषां लोकानां जुगुप्सा चेत् सुरासुरनृपर्पदि । उपविष्टस्येति शेषः । नाग्न्येऽपि तेषां कथं न जुगुप्सा ? अतिशयश्चोभयोः पक्षयोः समः । ततो भगवतो नाग्न्यादर्शनवत् पुरीपाद्यदर्शनस्याप्युपपत्तेः । सामान्यकेवलिभिस्तु विविक्तदेशे तत्करणान्न दोष इति वदन्ति ।।३०-२७।।

"મળ-મૂત્રથી બીજાને જુગુપ્સા થાય તો દેવતાઓ અસુરો અને મનુષ્યોની પર્ષદામાં શ્રી તીર્થંકરપરમાત્માની નગ્નતાને લઈને બીજાને જુગુપ્સા કેમ ન થાય ? ભગવાનનો અતિશય બંન્નેમાં સમાન જ છે." - આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનું તાત્પર્ય એ છે કે શ્રી કેવલી પરમાત્મા કવલાહાર કરે તો સ્થંડિલ-માત્રે જવું પડે અને તેથી બીજાને જુગુપ્સાનું કારણ બને. તેથી જ તેઓશ્રી કવલાહાર કરતા નથી... આ પ્રમાણેની દિગંબરોની માન્યતા બરાબર નથી. કારણ કે શ્રી કેવલીપરમાત્મા આહાર કરે કે ના કરે પરંતુ બીજાને બીજી રીતે જુગુપ્સાનો પ્રસંગ આવવાનો જ છે. દેવતાઓ અસુરો અને મનુષ્યોની પર્ષદામાં શ્રી તીર્થંકરપરમાત્મા વસ્ત્રરહિતપણે બિરાજમાન હોવાથી તે અવસ્થાને જોઈને બીજા લોકોને જુગુપ્સા થવાની છે.

"ભગવાન શ્રી તીર્થંકરપરમાત્માનો એ અતિશય છે કે તેઓશ્રીને જોનારામાંથી કોઈને પણ તેઓશ્રીની તે અવસ્થા દેખાતી નથી." - આ પ્રમાણે કહીને ઉપર જણાવ્યા પ્રમાણેના જુગુપ્સાના પ્રસંગનું નિવારણ કરવામાં આવે તો એ અતિશય તો મળ-મૂત્રાદિના વિષયમાં પણ કહી શકાય છે. ભગવાનનો

એ અતિશય છે કે ભગવાનના આહારનીહારાદિ કોઇને પણ દેખાતા નથી. આ રીતે અતિશયની વાત ઉભયપક્ષે સમાન જ છે.

યદ્યપિ શ્રી તીર્થંકરપરમાત્માને અતિશય હોવાથી વસ્ત્રહીન અવસ્થામાં અને મૂત્રપુરીષાદિની અવસ્થામાં જુગુપ્સાના નિમિત્તત્વનું નિવારણ શક્ય હોવા છતાં સામાન્ય કેવલીપરમાત્માને અતિશય ન હોવાથી તેઓશ્રી તો જુગુપ્સાના નિમિત્ત ન બનાય : એ માટે વાપરતા નથી - એમ કહી શકાય છે. પરંતુ તે યુક્ત નથી. શ્રી કેવલી પરમાત્મા નિર્જન અને નિર્જીવ શુદ્ધ ભૂમિમાં નીહારાદિ કરી લે છે. તેથી બીજાને જુગુપ્સાનું કારણ બનતા નથી. સામાન્ય સાધુમહાત્માઓ પણ બીજાને જુગુપ્સાદિજનક કોઇ કામ કરતા નથી તો કેવલીપરમાત્માઓ તો એવાં જુગુપ્સાજનક કામ કઇ રીતે કરે ?... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૩૦-૨૭॥

છેલ્લા પંદરમા હેતુનું નિરાકરણ કરાય છે–

**स्वतो हितमिताहाराद्, व्याध्युत्पत्तिश्च कापि न ।**
**ततो भगवतो भुक्तौ, पश्यामो नैव बाधकम् ॥३०-२८॥**

स्वत इति–स्वतः पुण्याक्षिप्तनिसर्गतः हितमिताहाराद् व्याध्युत्पत्तिश्च कापि न भवति । ततो भगवतो भुक्तौ कवलभोजने नैव बाधकं पश्यामः । उपन्यस्तानां तेषां निर्दलनात् । अन्येषामप्येतज्जातीयानामुक्तजातीयतर्केण निर्दलयितुं शक्यत्वादिति । तत्त्वार्थिना दिगम्बरमतिभ्रमध्वान्तहरणतरणिरुचिरध्यात्ममतपरीक्षा निरीक्षणीया सूक्ष्मधिया ॥३०-२८॥

સ્વતઃ હિત, મિત આહાર કરતા હોવાથી શ્રી કેવલી પરમાત્માને રોગોની ઉત્પત્તિ થતી નથી. તેથી ભગવાન શ્રી કેવલજ્ઞાનીઓના કવલાહારમાં કોઇ બાધક જણાતું નથી.'' - આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે; પુણ્યથી પ્રાપ્ત થયેલા સ્વભાવથી, હિતકર અને પ્રમાણસર આહાર ગ્રહણ કરવાથી રોગની કોઇ પણ ઉત્પત્તિ થતી નથી. તેથી કેવલજ્ઞાનીભગવંતો કવલાહાર કરે તેમાં કોઇ બાધક નથી. કારણ કે દિગંબરોએ અત્યાર સુધી જેટલા બાધક હેતુઓ જણાવ્યા, તે બધાનું નિરાકરણ કર્યું છે.

તદુપરાંત દિગંબરો કેવલીપરમાત્માના કવલાહારના બીજા પણ આવા જ બાધક હેતુઓ જણાવે તો તેનું પણ આ પૂર્વે જણાવેલી રીતે જ નિરાકરણ કરી

શકાય છે. તેથી શ્રી કેવલીભગવંતોની કવલાહારની પ્રવૃત્તિમાં કોઇ જ બાધક નથી. આ વિષયમાં અધિક વિસ્તારથી જાણવાની ઇચ્છાવાળા તત્ત્વાર્થી જનોએ સૂક્ષ્મ બુદ્ધિથી 'અધ્યાત્મમતપરીક્ષા'નું નિરીક્ષણ-અધ્યયન કરવું જોઇએ. દિગંબરોની બુદ્ધિના ભ્રમસ્વરૂપ અંધકારને દૂર કરવા માટે સૂર્યના કિરણ જેવી 'અધ્યાત્મમત પરીક્ષા' છે. અહીં દિગંબરોએ જણાવેલા પંદર હેતુઓનું નિરાકરણ પૂર્ણ થાય છે. ॥૩૦-૨૮॥

પ્રકરણાર્થનો ઉપસંહાર કરતાં જણાવાય છે–

**तथाऽपि ये न तुष्यन्ति, भगवद्भुक्तिलज्जया ।**
**सदाशिवं भजन्तां ते, नृदेहादपि लज्जया ॥३०-२९॥**

આશય એ છે કે શ્રી કેવલીપરમાત્માને કવલાહાર કેમ માનતા નથી એના કારણ તરીકે દિગંબરોએ જે જે હેતુઓ જણાવ્યા હતા, તેનું નિરાકરણ કરીને હવે દિગંબરોને જે જે દોષનો પ્રસંગ છે તે; પ્રકરણાર્થનો ઉપસંહાર કરતાં જણાવાય છે.

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે - દિગંબરોએ શ્રી કેવલી પરમાત્માને કવલાહારના અભાવ માટે જે જે હેતુઓ જણાવ્યા તેનું નિરાકરણ કરવા છતાં જે દિગંબરો ભગવાનની ભોજનની પ્રવૃત્તિને કારણે અનુભવાતી લજ્જાને લીધે સંતોષ ધારણ કરતા ન હોય તો તે દિગંબરોએ પોતાની માન્યતા મુજબ ભગવાનના માનવશરીરના કારણે ઉત્પન્ન થતી લજ્જાને લઇને તો શ્રી તીર્થંકર પરમાત્માને છોડીને નૈયાયિકાદિએ માનેલા સદાશિવને જ ભજવા જોઇએ. કારણ કે તેમને શરીર જ નથી, નિત્ય નિર્દોષ છે અને અનાદિના છે... ઇત્યાદિ બરાબર સમજી લેવું જોઇએ. ॥૩૦-૨૯॥

દિગંબરના મતમાં અપાય જણાવાય છે–

**दोषं वृथा पृथूकृत्य, भवोपग्राहिकर्मजम् ।**
**बध्नन्ति पातकान्याप्तं, दूषयन्तः कदाग्रहात् ॥३०-३०॥**

"ભવોપગ્રાહિકર્મથી ઉત્પન્ન દોષને વ્યર્થ વિસ્તારીને કદાગ્રહથી, આપ્ત તીર્થંકરપરમાત્માને દૂષિત કરતાં દિગંબરો પાપોને બાંધે છે." - આ પ્રમાણે

ત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે ભવોપગ્રાહિકર્મના ઉદયના કારણે શ્રી કેવલીપરમાત્મા ભોજન કરે છે. કર્મજન્ય એ દોષને લઇને દિગંબરોએ આ પૂર્વે જણાવ્યા મુજબ અનેક દોષોનું આપાદન કર્યું. એ રીતે એક દોષને વિસ્તારથી જણાવવા દ્વારા પોતાના કદાગ્રહથી, આપ્ત (યથાર્થવક્તા) એવા શ્રી તીર્થંકર-પરમાત્માને દૂષિત કરનારા દિગંબરોને ઘણો જ પાપબંધ થાય છે. આ પાપના બંધના ભયથી પણ દિગંબરોએ પોતાના કદાગ્રહને છોડીને 'શ્રી કેવલીભગવંતો કવલાહાર કરે છે' - એ વાત સ્વીકારી લેવી જોઇએ... એ કહેવાનો આશય છે. ॥૩૦-૩૦॥

આ રીતે પરમાત્માને દૂષિત કરવાથી પોતાને પાપનો બંધ થાય છે અને આમ છતાં પરમાત્મા તો દુષ્ટ થતા નથી : એ જણાવાય છે–

**कलङ्कैः कल्पितै र्दुष्टैः, स्वामी नो नैव दूष्यते ।**
**चौराद्युत्क्षिप्तधूलीभिः, स्पृश्यते नैव भानुमान् ॥३०-३१॥**

કલ્પિત દુષ્ટ કલંકોથી અમારા સ્વામી શ્રી તીર્થંકર પરમાત્મા દૂષિત થતા નથી. સૂર્ય સામે ચોર વગેરે ગમે તેટલી ધૂળ ઉડાડે તો ય તે સૂર્યનો સ્પર્શ પણ કરતી નથી." - આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે શ્રી કેવલીપરમાત્મા ભોજન કરે તો તેઓશ્રીને ઘણા દોષો પ્રાપ્ત થાય છે... ઇત્યાદિ દિગંબરોએ જણાવ્યું. પરંતુ તે બધા જ દોષો કલ્પિત અને દુષ્ટ છે તે આ પૂર્વે જણાવ્યું છે. દોષો વાસ્તવિક હોત તો ચોક્કસ જ એને કારણે પરમાત્મા દોષથી યુક્ત હોત. અવાસ્તવિક દોષોથી પરમાત્મા તો દુષ્ટ બનતા નથી. પરંતુ તેવા દોષોનું આરોપણ કરવાથી દોષારોપણ કરનારા માત્ર પાપોથી બંધાય છે. આ વાતને દૃષ્ટાંતથી સમજાવી છે. સૂર્યની ઉપર ધૂળ ફેંકનારની આંખમાં જ ધૂળ પડે છે. સૂર્ય ઉપર તો તે કોઇ પણ રીતે પડવાની નથી. આથી સમજી શકાશે કે સૂર્ય ઉપર ધૂળ ઉડાડવા જેવી પરમાત્માની ઉપર દોષારોપણ કરવાની પ્રવૃત્તિ છે, જે દિગંબરોને પોતાને જ એકાંતે અહિતને કરનારી છે. એથી પરમાત્માને કોઇ જ ફરક પડતો નથી... ઇત્યાદિ વિચારવું જોઇએ. ॥૩૦-૩૧॥

દિગંબરોની માન્યતાનું નિરાકરણ થવાથી શ્વેતાંબરોની માન્યતાથી જ શ્રી જૈનશાસન જયવંતું છે : એ જણાવાય છે–

**परमानन्दितैरित्थं, दिगम्बरविनिग्रहात् ।**
**प्राप्तं सिताम्बरैः शोभां, जैनं जयति शासनम् ।।३०-३२।।**

शिष्टा चतुःश्लोकी स्पष्टा ।।३०-२९-३०-३१-३२।।

“આ રીતે દિગંબરોનો વિનિગ્રહ(પરાજય) થવાથી પરમ આનંદને પામેલા શ્વેતાંબરોથી શોભાને પામેલું જૈન શાસન જયવંતું વર્ત્તે છે.” - આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે.

પ્રકરણના અંતે જણાવેલી વાત નિરંતર યાદ રાખવાની આવશ્યકતા છે. દિગંબરોએ શાસ્ત્રથી તદ્દન વિરુદ્ધ વાત કરવા દ્વારા પરમતારક શ્રી જૈનશાસનને દૂષિત કરવાનો પ્રયત્ન કર્યો. એ પ્રયત્ન સફળ નહિ થવાના કારણે શ્વેતાંબરોને પરમાનંદ થયો. વાસ્તવિક રીતે શાસનને પામેલાને શાસનના વિજયમાં આનંદ થાય એ સ્વાભાવિક છે. સાચું પામ્યાનો અને સાચું ટકી ગયેલાનો એ આનંદ છે.

શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલા પરમતારક શાસન ઉપર આજ સુધી સ્વપર લોકોએ અનેકાનેક આક્રમણો કર્યાં છે. એનો એવો જ પ્રતિકાર આપણા સમર્થ મહાપુરુષોએ કર્યો છે. એના અચિંત્ય સામર્થ્યથી આપણને સાચી વસ્તુ પ્રાપ્ત થઈ છે. એનો આનંદ અનુભવાય તો જયવંતા શ્રી જૈનશાસનની આરાધના સાચી રીતે કરવાનો ઉલ્લાસ પ્રગટ્યા વિના નહીં રહે. અંતે એવા પરમોલ્લાસને પ્રાપ્ત કરવા આપણે પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા. ।।૩૦-૩૨।।

**।। इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां केवलिभुक्तिव्यवस्थापनद्वात्रिंशिका ।।**

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ।।**

# પરિશીલનની પૂર્વે

આ પૂર્વે ત્રીસમી બત્રીશીમાં શ્રી કેવલીપરમાત્માઓ કવલાહાર કરે તોપણ તેઓશ્રીના કૃતાર્થપણામાં કોઇ પણ બાધ નથી - એ જણાવ્યું છે. એ કૃતાર્થતા આંશિક હતી. માત્ર ઘાતિકર્મોના ક્ષયથી પ્રાપ્ત થયેલી એ અવસ્થા અંતે તો અપૂર્ણ જ હતી. સર્વથા કૃતાર્થતા અઘાતિકર્મોના ક્ષયથી મોક્ષમાં પ્રાપ્ત થાય છે. તેથી આ એકત્રીસમી બત્રીશીમાં મોક્ષનું સ્વરૂપ વર્ણવાય છે.

મોક્ષને માનનારાં આસ્તિક દર્શનો પણ મોક્ષના સ્વરૂપમાં જુદી જુદી માન્યતા ધરાવે છે. એ બધી માન્યતાઓનું નિરાકરણ કરીને વાસ્તવિક મોક્ષના સ્વરૂપનું નિરૂપણ અહીં કરાયું છે. દાર્શનિક પરિભાષાથી અપરિચિત લોકોને આ બત્રીશીમાં વર્ણવેલા પદાર્થોને સમજાવવાનું કાર્ય બહુ જ કપરું છે. ગ્રંથમાં છેલ્લે છેલ્લે થોડી ગહન દાર્શનિક શૈલીને સમજવાનો પ્રસંગ આવ્યો છે. આમ છતાં થોડો વધારે પ્રયત્ન કરી લેવાય તો સમજી ના શકાય એવી વાત નથી.

સૌથી પ્રથમ નૈયાયિકોની માન્યતાનું નિરાકરણ કરાય છે. આત્યન્તિક દુઃખધ્વંસને તેઓ મુક્તિ માને છે. જે દુઃખધ્વંસ પછી દુઃખની ઉત્પત્તિ થવાની નથી, એવા દુઃખધ્વંસને મુક્તિ માનનારા નૈયાયિકોએ મહાપ્રલયકાળને અનુમાનપ્રમાણથી સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. ત્રીજા શ્લોકના ઉત્તરાર્દ્ધથી એ અનુમાનમાં દોષો જણાવ્યા છે. સમર્થ તાર્કિક તરીકે સુપ્રસિદ્ધ વિદ્વાનોના તર્કમાં તથ્ય નથી : એનો ખ્યાલ ખૂબ જ સ્પષ્ટ રીતે અપાયો છે.

આઠમા શ્લોકમાં ત્રિદંડિકોના મતનું નિરાકરણ કર્યું છે. પરમાત્મામાં જીવાત્માના લયને તેઓ મુક્તિ માને છે. લિઙ્ગ(સુખ-દુઃખના સાધન કર્માદિ)ના નાશ સ્વરૂપ એ લયને મુક્તિ માનવામાં દોષ નથી. એ રીતે એ મતનું આંશિક સમર્થન કરીને જીવના નાશ સ્વરૂપ લયનું નિરાકરણ પણ કર્યું છે.

આલયવિજ્ઞાનની પરંપરા સ્વરૂપ મોક્ષને માનનારા બૌદ્ધોના મતનું નિરાકરણ નવમા શ્લોકથી કરવામાં આવ્યું છે. આધારભૂત આત્મદ્રવ્ય વિના એ સન્તતિ માનવાનું કામ બુદ્ધિ વિનાનું છે - એ અહીં સ્પષ્ટ રીતે જણાવ્યું છે. પોતાની વાતનું સમર્થન કરવા પૂર્વાપર ક્ષણના સંબંધી આધારભૂત દ્રવ્યનો

સ્વીકાર કરવામાં આવે તો જૈનદર્શનપ્રસિદ્ધ પર્યાયાર્થિક નયની દેશનાનો જ વિજય થાય છે. બૌદ્ધોના મતમાં એ રીતે ભારે કદર્થના છે.

સ્વાતંત્ર્યને કેટલાક લોકો મોક્ષ માને છે. તેમની વાત એ રીતે સાચી છે કે કર્મની નિવૃત્તિ થવાથી આત્મા સર્વથા સ્વતંત્ર બને છે પરંતુ એ સિદ્ધાંત જૈનદર્શનનો જ છે. તેથી સ્વાતંત્ર્ય જો પ્રભુતાસ્વરૂપ માનવામાં આવે તો તે એક પ્રકારનો મદ છે. વગેરે અગિયારમા શ્લોકથી જણાવ્યું છે.

સાંખ્યદર્શનપ્રસિદ્ધ પુરુષના સ્વરૂપાવસ્થાન સ્વરૂપ મુક્તિનું નિરાકરણ બારમા શ્લોકથી કરાયું છે. એકાંતે નિત્ય એવી એ પુરુષની અવસ્થા કોઇ પણ રીતે સાધ્યસ્વરૂપ થતી ન હોવાથી મોક્ષ પુરુષાર્થસ્વરૂપ નહીં બને. મોક્ષમાં અસાધ્યત્વ દોષ જ આવતો હોવાથી તેરમા શ્લોકથી કેટલાક બૌદ્ધોની માન્યતાનું નિરાકરણ કરાયું છે. તેમની માન્યતા મુજબ ઉત્તરક્ષણમાં ચિત્તની ઉત્પત્તિના અભાવથી સઙ્ગંત એવી પૂર્વચિત્તની નિવૃત્તિને મોક્ષ કહેવાય છે. પરંતુ એ માટે કોઇ પ્રયત્ન ન કરે તેથી તેમાં અસાધ્યત્વનો પ્રસંગ આવશે.

શરીરને જ આત્મા માનનારા ચાર્વાકોનું વચન સાંભળવું : એ પણ પાપ છે. આત્માના નાશને તેઓ મુક્તિ માને છે. પરંતુ આત્માના નાશ માટે કોઇ પણ મુમુક્ષુ પ્રયત્ન કરતા ન હોવાથી તાદૃશ આત્મહાનિને મોક્ષસ્વરૂપ માનવાનું પણ ઉચિત નથી... ઇત્યાદિનું વર્ણન ચૌદમા શ્લોકમાં કર્યું છે.

નિત્ય ઉત્કૃષ્ટ સુખની અભિવ્યક્તિને મુક્તિ માનનારા તૌતાતિતોની વાતમાં જેટલા અંશમાં તથ્ય છે તે જણાવીને તેના વિતથ અંશને પંદરમા શ્લોકમાં જણાવ્યો છે. સત્તરમા શ્લોકથી અવિદ્યાની નિવૃત્તિથી કેવલ આત્માવસ્થા સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે : એમ માનનારા વેદાંતીઓની માન્યતાનું નિરાકરણ કર્યું છે. આ રીતે આ બત્રીશીના પૂર્વાર્દ્ધથી અન્ય મતોનું નિરાકરણ કરાયું છે.

સત્તરમા શ્લોકથી સકલકર્મક્ષયસ્વરૂપ મોક્ષનું વર્ણન સ્વદર્શનને આશ્રયીને શરૂ થાય છે. સાત નયને આશ્રયીને મોક્ષનું સ્વરૂપ વર્ણવ્યા પછી વ્યવહારનયાભિમત પ્રયત્નસાધ્ય કર્મક્ષયસ્વરૂપ મોક્ષમાં કોઇ પણ પ્રવૃત્તિ નહિ કરે. કારણ કે દુઃખના નાશ માટે જ લોકોની પ્રવૃત્તિ હોય છે... ઇત્યાદિ શંકા અને તેનું સમાધાન વિસ્તારથી કર્યું છે.

દુઃખના નાશની જેમ જ મોક્ષમાં સુખનો નાશ થાય છે - એવી નૈયાયિકની માન્યતાનું પણ નિરાકરણ છેલ્લે કરાયું છે. ત્યાર બાદ મોક્ષમાં અવ્યાબાધ સુખની સિદ્ધિ કરીને પ્રકરણનું સમાપન કરતાં ગ્રંથકાર પરમર્ષિએ પૂજ્ય મહાપુરુષોની દયાથી થયેલા પરમાનંદના અનુભવને વ્યક્ત કર્યો છે. પરમતોનું નિરાકરણ કરતી વખતે પણ હૈયાની કોમળતા અક્ષત હોવાથી પરમાનંદસ્વરૂપ મોક્ષની વિચારણાથી પોતાને પરમાનંદ થયાનું તેઓશ્રીએ જણાવ્યું છે.

અંતે આ બત્રીશીના પરિશીલનથી પરમાનંદની મીમાંસા દ્વારા આપણે સૌ પરમાનંદના ભાજન બની રહીએ એ જ એક શુભાભિલાષા...

**- આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ**

મલાડ-રત્નપુરી,
વિ.સં. ૨૦૬૧,
અ.વ.૭. બુધવાર

## अथ प्रारभ्यते मुक्तिद्वात्रिंशिका ।

अनन्तरं कवलभोजित्वेऽपि कृतार्थत्वं केवलिनो व्यवस्थापितम् । सर्वथा कृतार्थत्वं चास्य मुक्तौ व्यवतिष्ठत इति बहुविप्रतिपत्तिनिरासेन मुक्तिरत्र व्यवस्थाप्यते–

આ પૂર્વે ત્રીસમી બત્રીશીમાં શ્રી કેવલીપરમાત્માના કવલાહારથી પણ તેઓશ્રીમાં કૃતાર્થપણું સંગત છે - એ જણાવ્યું. સર્વથા કૃતાર્થત્વ તો મુક્તિમાં વ્યવસ્થિત છે. તેથી મુક્તિના વિષયમાં જે અનેક વિપ્રતિપત્તિઓ છે, તેનું નિરાકરણ કરવા વડે હવે મુક્તિનું વ્યવસ્થાપન કરે છે–

**दुःखध्वंसः परो मुक्ति, र्मानं दुःखत्वमत्र च ।**
**आत्मकालान्यगध्वंसप्रतियोगिन्यवृत्तिमत् ॥३१-१॥**

दुःखध्वंस इति–परो दुःखध्वंसो मुक्तिः । परत्वं च समानकालीनसमानाधिकरणदुःखप्रागभावासमानदेशत्वं वर्धमानग्रन्थे श्रूयते । तत्र च यद्यत्स्वसमानकालीनस्वसमानाधिकरणदुःखप्रागभावसमानदेशमिदानींतनदुःखध्वंसादितत्तद्भेदो निवेश्यः । अन्यथा चरमदुःखध्वंससमानकालीनसमानाधिकरणदुःखप्रागभावाप्रसिद्धेः । वस्तुतः समानाधिकरणदुःखप्रागभावासमानकालीनदुःखध्वंसो मुक्तिरित्येकं लक्षणम् । अपरं च समानकालीनदुःखप्रागभावासमानाधिकरणो दुःखध्वंस इति लक्षणद्वये तात्पर्यम् । तेन नासमानदेशत्वविवेचनेऽन्यतरविशेषणवैयर्थ्यम् । मानं प्रमाणं चात्र मुक्तौ दुःखत्वमिति पक्षः । आत्मकालान्यग आत्मकालान्याकाशादिवृत्तिर्यो ध्वंसः शब्दादेस्तत्प्रतियोगिनि शब्दादाववृत्तिमदवर्तमानम् । शब्दादिवृत्तित्वेनार्थान्तरवारणार्थमेतत् पक्षविशेषणं, बाधास्फूर्तिदशायां तत्सिद्धिप्रसङ्गाद्, नियतबाधस्फोरणेनैतत्साफल्याद् । अवृत्तिदुःखत्वमित्युक्तावसिद्धिः; दुःखत्वस्य दुःखवृत्तित्वाद्, ध्वंसेत्याद्युक्तावपि ध्वंसप्रतियोगिनि कालान्यवृत्तीत्याद्युक्तावपि कालान्यात्मवृत्तिदुःखध्वंसप्रतियोगिनि कालान्यत्वत्यागे चात्मान्यकालवृत्तिदुःखध्वंसप्रतियोगिनि दुःखे विद्यमानत्वात् सैवेति सम्पूर्णम् । आत्मकालपदेन तदुपाध्योरपि ग्रहाच्च न तस्यास्तादवस्थ्यम् ॥३१-१॥

"અત્યંત દુઃખધ્વંસ મુક્તિ છે, એમાં પ્રમાણ એ છે કે - આત્મા અને કાલથી ભિન્નમાં રહેનાર ધ્વંસના પ્રતિયોગીમાં નહિ રહેનાર દુઃખત્વ (આ પક્ષ

છે.)" - આ પ્રમાણે પ્રથમ શ્લોકનો અક્ષરાર્થ છે. સાધ્ય અને હેતુ વગેરેનું વર્ણન આગળના શ્લોકથી કરાશે.

આશય એ છે કે પર(અત્યંત) દુઃખધ્વંસ મુક્તિ છે. દુઃખનો ધ્વંસ તો દરેક આત્મામાં હોવાથી દરેકમાં મુક્તત્વ માનવાનો પ્રસંગ આવતો હોવાથી તેના નિવારણ માટે દુઃખધ્વંસમાં પરત્વ વિશેષણનો નિવેશ છે. દરેક આત્મામાં પરદુઃખધ્વંસ ન હોવાથી તેમાં મુક્તત્વ માનવાનો પ્રસંગ નહિ આવે. જે આત્મામાં દુઃખનો ધ્વંસ થયા પછી ક્યારે પણ તે આત્મામાં દુઃખની ઉત્પત્તિ થવાની ન હોય, તો તે આત્મામાં રહેલા દુઃખધ્વંસને પર દુઃખધ્વંસ કહેવાય છે. આપણા આત્મામાં દુઃખધ્વંસ હોવા છતાં દુઃખની ઉત્પત્તિ થતી હોવાથી એ(દુઃખધ્વંસ) પર નથી. મુક્તાત્માઓમાં દુઃખની ઉત્પત્તિ થતી ન હોવાથી તેમનામાં પર દુઃખધ્વંસ છે.

ન્યાયની પરિભાષામાં દુઃખધ્વંસના પરત્વનું વર્ણન કરતી વખતે વર્ધમાન ઉપાધ્યાયે પ્રકાશટીકામાં જણાવ્યું છે કે 'સ્વસમાનકાલીન સ્વસમાનાધિકરણ (પોતાના કાલમાં રહેનાર અને પોતાના અધિકરણમાં રહેનાર) જે દુઃખપ્રાગભાવ છે તેના અસમાન દેશમાં રહેનાર દુઃખધ્વંસને પરદુઃખધ્વંસ કહેવાય છે. અર્થાત્ દુઃખધ્વંસમાં તાદૃશ(સ્વસમાનકાલીન સ્વસમાનાધિકરણ દુઃખપ્રાગભાવ) અસમાન દેશત્વસ્વરૂપ પરત્વ છે. જેમ જેમ દુઃખ ભોગવાતું જાય તેમ તેમ દુઃખનો ધ્વંસ થતો જાય છે. એ વખતે ભવિષ્યમાં આવનારા દુઃખનો પ્રાગભાવ પણ હોય છે. આપણા સૌના આત્મામાં આવો દુઃખધ્વંસ અને દુઃખપ્રાગભાવ બંન્ને હોય છે. તેથી તે દુઃખધ્વંસ સ્વ(દુઃખધ્વંસ) સમાનકાલીન અને સ્વસમાનાધિકરણ એવા દુઃખપ્રાગભાવનો સમાનદેશીય છે. મુક્તાત્માઓના આત્મામાં રહેલો દુઃખધ્વંસ, તેઓશ્રીના આત્મામાં દુઃખની ઉત્પત્તિ થવાની ન હોવાથી તાદૃશ દુઃખપ્રાગભાવનો અસમાનદેશીય છે તેથી મુક્તાત્માઓનો દુઃખધ્વંસ પર છે.

માત્ર સ્વસમાનકાલીનદુઃખપ્રાગભાવાસમાનદેશીય દુઃખધ્વંસને પરદુઃખધ્વંસ કહેવામાં આવે અર્થાત્ દુઃખપ્રાગભાવનું 'સ્વસમાનાધિકરણત્વ' વિશેષણ આપવામાં ન આવે તો ચૈત્રાદિના આત્મામાં રહેલા દુઃખધ્વંસના સમાન કાલમાં તો મૈત્રાદિમાં રહેલો દુઃખપ્રાગભાવ પણ છે. તેથી તાદૃશ ચૈત્રાદિમાં વૃત્તિ(રહેનાર) દુઃખધ્વંસના સમાનકાલીન મૈત્રાદિવૃત્તિ દુઃખપ્રાગભાવનું

અસમાનદેશિત્વ(ભિન્નાધિકરણવૃત્તિત્વ-વ્યધિકરણત્વ) ચૈત્રાદિવૃત્તિ દુઃખધ્વંસમાં પણ હોવાથી ચૈત્રાદિમાં મુક્તત્વ માનવાનો પ્રસંગ આવશે. તેના નિવારણ માટે સ્વસમાનકાલીનદુઃખપ્રાગભાવ સ્વસમાનાધિકરણ વિવક્ષિત છે. તેથી ચૈત્રાદિવૃત્તિદુઃખધ્વંસ-સમાનકાલીન મૈત્રાદિવૃત્તિ દુઃખપ્રાગભાવ, સ્વ(ચૈત્રાદિવૃત્તિદુઃખધ્વંસ)સમાનાધિકરણ ન હોવાથી તેને(મૈત્રાદિવૃત્તિ દુઃખપ્રાગભાવને) લઈને ચૈત્રાદિમાં મુક્તત્વ માનવાનો પ્રસંગ નહિ આવે.

માત્ર સ્વસમાનાધિકરણ-દુઃખપ્રાગભાવાસમાનદેશત્વસ્વરૂપ પરત્વ માનવામાં આવે તો મુક્તાત્માઓને અમુક્ત માનવાનો પ્રસંગ આવશે. કારણ કે મુક્ત આત્માઓમાં સર્વથા દુઃખધ્વંસ તથા પૂર્વે દુઃખનો પ્રાગભાવ હતો. તેથી સ્વ(દુઃખધ્વંસ)સમાનાધિકરણ એ પૂર્વકાલીન પ્રાગભાવનું સમાનદેશિત્વ જ મુક્તાત્માઓના દુઃખધ્વંસમાં છે. દુઃખપ્રાગભાવ, સ્વસમાનકાલીન જ વિવક્ષિત હોવાથી મુક્તાત્માઓમાં અમુક્તત્વ માનવાનો પ્રસંગ નહિ આવે. કારણ કે મુક્તાત્માઓનો દુઃખપ્રાગભાવ સ્વસમાનકાલીન(દુઃખધ્વંસસમાનકાલીન) નથી, ભિન્નકાલીન છે. તેથી તેને લઈને ઉપર જણાવ્યા મુજબ મુક્તાત્માઓમાં અમુક્તત્વ માનવાનો પ્રસંગ નહીં આવે. આથી સમજી શકાશે કે ચરમદુઃખધ્વંસ સ્વરૂપ મુક્તિ છે : એ તાત્પર્ય છે. ચરમદુઃખધ્વંસ અને પરદુઃખધ્વંસનું સ્વરૂપ ઉપર જણાવ્યા મુજબનું છે.

યદ્યપિ આ રીતે "**स्वसमानकालीनस्वसमानाधिकरणदुःखप्रागभावासमानदेशत्वं परत्वम्**" અહીં '**स्व**' પદથી ચરમદુઃખધ્વંસનું અર્થાત્ જેમાં પરત્વ અભિમત હોય તે ધ્વંસનું ગ્રહણ કરાય છે. તેથી ચરમધ્વંસ(દુઃખધ્વંસ)સમકાલીન દુઃખપ્રાગભાવ કોઈ પણ સ્થાને પ્રસિદ્ધ ન હોવાથી દુઃખધ્વંસના પરત્વની પણ અપ્રસિદ્ધિ થશે. પરંતુ દુઃખધ્વંસના પરત્વના લક્ષણનું તાત્પર્ય એ છે કે - 'જે જે સ્વસમાનકાલીન-સ્વસમાનાધિકરણ-દુઃખપ્રાગભાવના સમાનદેશમાં (સમાનાધિકરણમાં) રહેનાર વર્ત્તમાન દુઃખધ્વંસાદિ છે તેના તેના ભેદથી વિશિષ્ટ એવા દુઃખધ્વંસને પર દુઃખધ્વંસ કહેવાય છે. આપણા આત્મામાં રહેલા દુઃખધ્વંસના કાળમાં રહેલો; આપણા આત્મામાં જે દુઃખપ્રાગભાવ છે, તેના સમાન દેશમાં રહેલો આપણા આત્મામાંનો જ દુઃખધ્વંસ છે. એ દુઃખધ્વંસથી ભિન્ન એવો દુઃખધ્વંસ, મુક્તાત્માઓના આત્મામાં છે. મુક્તાત્માઓના આત્મામાં દુઃખનો પ્રાગભાવ ન

હોવાથી તાદૃશ દુઃખપ્રાગભાવવિશિષ્ટ દુઃખધ્વંસ તે મુક્તાત્માઓના આત્મામાં નથી. સંસારી આત્માઓમાં જ છે અને તેનાથી ભિન્નત્વ મુક્તાત્માઓના આત્મામાંના દુઃખધ્વંસમાં છે જ.

**स्वसमानकालीनस्वसमानाधिकरणदुःखप्रागभावासमानदेशत्वं परत्वम्** અહીં યદ્યપિ સ્વસમાનકાલીનત્વ અને સ્વસમાનાધિકરણત્વ : આ, દુઃખપ્રાગભાવનાં બંન્ને વિશેષણમાંથી કોઇ પણ એક વિશેષણ વ્યર્થ છે. કારણ કે સ્વસમાનકાલીન(ચરમદુઃખધ્વંસસમાનકાલીન) ચૈત્રાદિમાં રહેનાર દુઃખપ્રાગભાવનું અસમાનદેશત્વ, મુક્તાત્માઓના ચરમદુઃખધ્વંસમાં છે જ. તેમ જ સ્વસમાનાધિકરણ (ચૈત્રાદિમાં રહેલા દુઃખધ્વંસના અધિકરણ ચૈત્રાદિના આત્મામાં રહેનાર) દુઃખપ્રાગભાવનું પણ અસમાનદેશત્વ મુક્તાત્માઓના દુઃખધ્વંસમાં છે જ. ચૈત્રાદિના દુઃખધ્વંસમાં તાદૃશ અસમાનદેશત્વ નથી, સમાનદેશત્વ જ છે. તેથી અહીં પરત્વના સ્વરૂપમાં દુઃખપ્રાગભાવનાં બે વિશેષણમાં અન્યતર વિશેષણ વ્યર્થ છે. પરંતુ વર્ધમાન ઉપાધ્યાયનું તાત્પર્ય બે લક્ષણ જણાવવાનું છે.

**स्वसमानाधिकरणदुःखप्रागभावाऽसमानकालीनदुःखध्वंसो मुक्तिः** - આ એક લક્ષણ છે અને **स्वसमानकालीनदुःखप्रागभावाऽसमानाधिकरणो दुःखध्वंसो मुक्तिः** - આ બીજું લક્ષણ છે. જેનો આશય ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ છે.

મોક્ષની સિદ્ધિ માટે અનુમાનનો ઉપન્યાસ કરાય છે - **मानं दुःखत्वमत्र च**... ઇત્યાદિ ગ્રંથથી. એનો આશય એ છે કે - "**आत्मकालान्यगध्वंसप्रतियोगिन्यवृत्तिमद् दुःखत्वम्, असुखप्रागभावानाधारगध्वंसप्रतियोगिवृत्तिमत् सत्कार्यमात्रवृत्तित्वाद् दीपत्ववद्**" આ અનુમાનથી મોક્ષની જે રીતે સિદ્ધિ થાય છે, તે હવે પછીના શ્લોકોથી જણાવાશે. આ શ્લોકમાં અનુમાનના પક્ષની જ વિચારણા કરી છે. આત્મા અને કાળને છોડીને બીજા-આકાશાદિમાં વૃત્તિ (રહેનાર-વર્ત્તમાન) શબ્દાદિનો જે ધ્વંસ છે, તેના પ્રતિયોગી શબ્દાદિ છે. (જેનો અભાવ, તે અભાવના પ્રતિયોગી છે.) એ શબ્દાદિમાં દુઃખત્વ અવૃત્તિ છે. (અવર્ત્તમાન છે.) દુઃખત્વમાં તાદૃશ-આત્મકાલાન્ય-ગધ્વંસપ્રતિયોગીમાં રહેલી અધિકરણતા-નિરૂપિત વૃત્તિતાનો અભાવ (તાદૃશાવૃત્તિત્વ) છે. ઉપર જણાવેલા અનુમાનમાં 'દુઃખત્વ' પક્ષ છે. શબ્દાદિવૃત્તિત્વને લઇને અર્થાંતરદોષ ન આવે - એ માટે

**आत्मकालान्यगध्वंसप्रतियोगिन्यवृत्तिमत्त्व (प्रतियोग्यवृत्तित्व)** : આ વિશેષણનો નિવેશ પક્ષમાં છે. ત્યાં (પક્ષમાં) સત્કાર્યમાત્રવૃત્તિત્વ છે અને દુઃખપ્રાગભાવનો અનાધાર જે મહાકાળ છે તેમાં વૃત્તિ એવા દુઃખધ્વંસના પ્રતિયોગી દુઃખનિરૂપિતવૃત્તિત્વ(સાધ્ય) પણ છે.

આથી સમજી શકાશે કે અહીં દુઃખત્વસામાન્યમાં સાધ્યસિદ્ધિ અભિપ્રેત નથી. પરંતુ તાદૃશ આત્મકાલાન્યવૃત્તિધ્વંસપ્રતિયોગ્યવૃત્તિત્વવિશિષ્ટ દુઃખત્વમાં સાધ્યસિદ્ધિ અભિપ્રેત છે. દુઃખત્વનું તાદૃશ પ્રતિયોગ્યવૃત્તિત્વ વિશેષણ ન આપીએ તો, આત્મા અને કાળને છોડીને અન્ય આકાશાદિમાં વૃત્તિ શબ્દાદિધ્વંસના પ્રતિયોગી શબ્દાદિવૃત્તિત્વસ્વરૂપે દુઃખત્વમાં સાધ્યસિદ્ધિ થવાથી અર્થાંતરદોષનો પ્રસંગ આવે છે. અભિપ્રેતાર્થસ્વરૂપથી ભિન્નસ્વરૂપે સાધ્ય-સિદ્ધિ થાય તો અર્થાંતરદોષ આવે છે. આત્મકાલાન્યવૃત્તિ-ધ્વંસપ્રતિયોગ્યવૃત્તિત્વ : આ 'દુઃખત્વ' પક્ષનું વિશેષણ વિવક્ષિત હોય તો તે સ્વરૂપે જ સાધ્યની સિદ્ધિ થવાથી ઉપર જણાવ્યા મુજબ 'અર્થાંતર' નહીં આવે.

યદ્યપિ દુઃખત્વમાં શબ્દાદિવૃત્તિત્વ બાધિત છે. (કારણ કે દુઃખત્વ દુઃખમાં રહે છે, શબ્દાદિમાં નહિ.) તેથી તે સ્વરૂપે દુઃખત્વમાં સાધ્યસિદ્ધિ થતી ન હોવાથી અર્થાંતરનો પ્રસંગ આવતો નથી, પરંતુ જ્યાં સુધી બાધનું સ્ફુરણ ન થાય ત્યાં સુધી અર્થાંતરદોષનો પ્રસંગ છે જ. ઉપર જણાવ્યા મુજબ વિશેષણનું ઉપાદાન કરવાથી ચોક્કસ જ બાધનું સ્ફુરણ થવાથી અર્થાંતરદોષ નહીં આવે. તેથી સ્પષ્ટ છે કે નિયત બાધનું સ્ફુરણ કરાવવા દ્વારા ઉપર જણાવેલું વિશેષણ સાર્થક છે... ઇત્યાદિ ભણાવનાર પાસેથી સમજી લેવું.

'**अवृत्तिदुःखत्वम्**' આ પ્રમાણે દુઃખત્વનું માત્ર અવૃત્તિત્વ વિશેષણ આપવામાં આવે તો દુઃખમાં દુઃખત્વ વૃત્તિ હોવાથી દુઃખત્વમાં અવૃત્તિત્વ અપ્રસિદ્ધ હોવાથી આશ્રયાસિદ્ધિદોષ આવશે. પક્ષતાવચ્છેદકના (પક્ષના વિશેષણના) અભાવવાળો પક્ષ હોય ત્યારે આશ્રયાસિદ્ધિ દોષ આવે છે. **ध्वंसप्रतियोगिन्यवृत्तिमत्त्व** માત્ર દુઃખત્વનું વિશેષણ આપવામાં આવે તોપણ આશ્રયાસિદ્ધિદોષ આવે છે. કારણ કે દુઃખધ્વંસના પ્રતિયોગી દુઃખમાં દુઃખત્વ વૃત્તિ જ છે. દુઃખત્વનું **कालान्यवृत्तिध्वंसप्रतियोगिन्यवृत्तिमत्त्व** વિશેષણ આપવામાં આવે તોપણ આશ્રયાસિદ્ધિદોષ આવે છે. કારણ કે કાલાન્ય આત્મામાં વૃત્તિ

દુઃખધ્વંસના પ્રતિયોગી દુઃખમાં દુઃખત્વ વૃત્તિ જ છે. આવી જ રીતે દુઃખત્વનું **आत्मान्यवृत्तिध्वंसप्रतियोगिन्यवृत्तिमत्त्व** વિશેષણ આપવામાં આવે તોપણ આશ્રયાસિદ્ધિ સ્પષ્ટ છે. કારણ કે આત્માને છોડીને અન્ય કાલાદિમાં કાલિકસંબંધથી દુઃખધ્વંસ વૃત્તિ છે. તેના પ્રતિયોગી દુઃખમાં દુઃખત્વ વૃત્તિ જ છે. તેથી દુઃખત્વનું **आत्मकालान्यगध्वंसप्रतियोगिन्यवृत्तिमत्त्व** - આ સંપૂર્ણ વિશેષણ આપ્યું છે. જેથી ઉપર જણાવ્યા મુજબ આશ્રયાસિદ્ધિ નહીં આવે. કારણ કે આત્મા અને કાળને છોડીને બીજે ક્યાંય દુઃખધ્વંસ વૃત્તિ નથી.

યદ્યપિ આત્મા અને કાળને છોડીને અન્ય શરીરાદિસ્વરૂપ આત્મોપાધિમાં અવચ્છેદકતા- સંબંધથી અને અનિત્ય ઘટપટાદિ સ્વરૂપ કાલોપાધિમાં કાલિકસંબંધથી દુઃખધ્વંસ વૃત્તિ હોવાથી તેને લઈને ઉપર જણાવ્યા મુજબ આશ્રયાસિદ્ધિદોષ અવસ્થિત જ છે. પરંતુ અહીં **आत्मकाल** પદથી આત્મોપાધિસ્વરૂપ શરીરાદિનું અને કાલોપાધિસ્વરૂપ અનિત્ય ઘટપટાદિનું પણ ગ્રહણ કર્યું છે. તેથી આત્મા, કાળ અને આત્મકાલોપાધિથી અન્ય આકાશાદિમાં દુઃખધ્વંસ વૃત્તિ ન હોવાથી આશ્રયાસિદ્ધિદોષ નહીં આવે... ઇત્યાદિ અન્યત્ર અનુસંધેય છે. ।૩૧-૧॥

મોક્ષસાધક અનુમાનના પક્ષનું વિવેચન કરીને હવે તેના સાધ્ય અને હેતુનું નિરૂપણ કરાય છે–

**सत्कार्यमात्रवृत्तित्वात्, प्रागभावोऽसुखस्य यः ।**
**तदनाधारगध्वंसप्रतियोगिनि वृत्तिमत् ॥३१-२॥**

सदिति–असुखस्य दुःखस्य यः प्रागभावस्तदनाधारो महाप्रलयस्तत्र गच्छति यो ध्वंसो दुःखीयस्तत्प्रतियोगिनि दुःखे वृत्तिमदिति साध्यम् । वृत्तिमदित्युक्तौ सिद्धसाधनं, दुःखत्वस्य दुःखे विद्यमानत्वात् । प्रतियोगिवृत्तित्वोक्तावपि दुःखात्यन्ताभावप्रतियोगिवृत्तित्वेन, तद्ध्वंसेत्याद्युक्तावपि दुःखध्वंसाङ्गीकारात्तदेव । प्रागभावानाधारवृत्तित्वस्य ध्वंसविशेषणत्वे दृष्टान्तासिद्धिः, प्रदीपावयवानां प्रदीपप्रागभावाधारत्वात्तदर्थं दुःखेत्यादि । प्रदीपावयवास्तु दुःखप्रागभावानाधारभूता इति दृष्टान्तसङ्गतिः । दुःखानधिकरणेत्यादिकरणे खण्डप्रलयेनार्थान्तरता स्यादिति दुःखप्रागभावनिवेशः । सत्कार्यमात्रवृत्तित्वादिति हेतुः । वृत्तित्वमात्मत्वे व्यभिचारि कार्यवृत्तित्वमनन्तत्वे, ध्वंसाप्रति-

योगित्वरूपस्य तस्याकार्ये आत्मादौ कार्ये ध्वंसे च सत्त्वात् । कार्यमात्रवृत्तित्वमपि ध्वंसत्वे व्यभिचारवृत्तित्वे (व्यभिचारि तदर्थं भाववृत्ते) सतीति विशेषणे दीयमानेऽपि न तदुद्धारः । प्रागभावध्वंसस्य प्रतियोगितद्ध्वंसस्वरूपत्वेन ध्वंसत्वस्यापि भाववृत्तित्वात् । ततः सदिति कार्यविशेषणम् ।।३१-२।।

તાદૃશ (આત્મકાલાન્યગગનાદિવૃત્તિ ધ્વંસના પ્રતિયોગીમાં અવૃત્તિ) દુઃખત્વ - "દુઃખના પ્રાગભાવના અનાધારમાં વૃત્તિ એવા ધ્વંસના પ્રતિયોગીમાં વૃત્તિ છે. કારણ કે તેવું દુઃખત્વ સત્કાર્યમાત્રમાં વૃત્તિ છે." - આ પ્રમાણે બીજા શ્લોકનો અક્ષરાર્થ છે. જેનો આશય સ્પષ્ટ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે - અસુખ એટલે દુઃખ, તેનો જે પ્રાગભાવ, તેનો અનાધાર(અનધિકરણ) મહાપ્રલયકાળ, એમાં રહેનારો જે ધ્વંસ તે દુઃખનો ધ્વંસ, તેના પ્રતિયોગી એવા દુઃખમાં દુઃખત્વ (તાદૃશ દુઃખત્વ) વૃત્તિ હોવાથી તાદૃશદુઃખત્વમાં દુઃખપ્રાગભાવાનાધારવૃત્તિધ્વંસ-પ્રતિયોગિનિરૂપિત વૃત્તિતા(સાધ્ય) છે.

માત્ર 'વૃત્તિમત્ત્વ'(વૃત્તિતા)ને સાધ્ય માનવામાં આવે તો દુઃખત્વ(તાદૃશ દુઃખત્વ)રૂપ પક્ષમાં દુઃખનિષ્ઠાધિકરણતા-નિરૂપિત વૃત્તિતા સિદ્ધ જ હોવાથી સિદ્ધસાધન દોષ આવે છે. પ્રતિપક્ષી જેને માનતા નથી, તે અસિદ્ધને સાધ્ય બનાવાય છે. અન્યથા પ્રતિપક્ષીને જે સિદ્ધ છે તેને સિદ્ધ કરવામાં સિદ્ધસાધનદોષ પ્રાપ્ત થાય છે. 'પ્રતિયોગિવૃત્તિત્વ' માત્રને સાધ્ય માનીએ તોપણ સિદ્ધસાધન આવે છે. કારણ કે દુઃખના અત્યંતાભાવના પ્રતિયોગી દુઃખનિરૂપિત વૃત્તિતા દુઃખત્વમાં છે જ. 'ધ્વંસપ્રતિયોગિવૃત્તિત્વ'ને સાધ્યરૂપે માનવામાં આવે તોપણ 'સિદ્ધસાધન' દોષ આવે છે. કારણ કે પ્રતિપક્ષી (મોક્ષ ન માનનારા) દુઃખધ્વંસને સ્વીકારતા હોવાથી તત્પ્રતિયોગિદુઃખનિરૂપિતવૃત્તિતા તાદૃશ દુઃખત્વમાં(પક્ષમાં) સિદ્ધ જ છે.

સાધ્યઘટક ધ્વંસના વિશેષણ તરીકે માત્ર પ્રાગભાવાનાધારવૃત્તિત્વનો નિવેશ કરવામાં આવે અર્થાત્ પ્રાગભાવાનાધારવૃત્તિ-ધ્વંસપ્રતિયોગિવૃત્તિત્વને સાધ્ય તરીકે માનવામાં આવે તો ત્રીજા શ્લોકમાં જણાવેલા દીપત્વ સ્વરૂપ દૃષ્ટાંતમાં અસિદ્ધિ આવે છે. અર્થાત્ દૃષ્ટાંત તરીકે દીપત્વને માની શકાશે નહિ. કારણ કે દીપધ્વંસના અધિકરણ પ્રદીપના અવયવોમાં પ્રદીપનો પ્રાગભાવ હોવાથી 'દીપત્વ'માં દીપપ્રાગભાવના આધારભૂત દીપાવયવ-વૃત્તિ દીપધ્વંસપ્રતિયોગિ-દીપનિરૂપિત વૃત્તિત્વ છે. પ્રાગભાવના અનાધારભૂતવૃત્તિધ્વંસપ્રતિયોગિવૃત્તિત્વ

નથી. તેથી દૃષ્ટાંત દીપત્વમાં સાધ્યસિદ્ધિ ન હોવાથી દૃષ્ટાંતાસિદ્ધિ આવે છે. તેના નિવારણ માટે **दुःखप्रागभाव...** ઇત્યાદિનો નિવેશ છે. પ્રદીપના અવયવો દુઃખપ્રાગભાવના અનાધાર હોવાથી દૃષ્ટાંત સંગત છે.

યદ્યપિ દૃષ્ટાંતાસિદ્ધિના નિવારણ માટે દુઃખપ્રાગભાવના સ્થાને માત્ર દુઃખનો નિવેશ કરવાથી પણ ચાલે એવું છે. કારણ કે દુઃખના અનાધાર જ પ્રદીપના અવયવો છે. પરંતુ તેથી મહાપ્રલયના બદલે ખંડપ્રલયની સિદ્ધિ થવાથી અર્થાંતરદોષની પ્રાપ્તિ થાય છે. આશય એ છે કે અહીં મોક્ષની સિદ્ધિ માટે ઉપર જણાવેલા અનુમાનનો ઉપન્યાસ કર્યો છે. એ અનુમાનથી દુઃખપ્રાગભાવના અનાધાર સ્વરૂપે મહાપ્રલયની સિદ્ધિ થાય છે. એથી સર્વજીવોની મુક્તિ સિદ્ધ થાય છે. મહાપ્રલયના સ્થાને જો ખંડપ્રલયની સિદ્ધિ થાય તો બધા જીવોની મુક્તિ સિદ્ધ નહિ થાય. ખંડપ્રલયમાં દુઃખનો ધ્વંસ થતો હોવાથી દુઃખના અનાધારભૂત ખંડપ્રલયમાં વૃત્તિ એવા દુઃખધ્વંસના પ્રતિયોગિ-દુઃખનિરૂપિત વૃત્તિત્વ દુઃખત્વમાં છે જ. આ રીતે ખંડપ્રલયની સિદ્ધિ થવાથી અર્થાંતરની પ્રાપ્તિ થાય છે. ખંડપ્રલયમાં દુઃખોનો ધ્વંસ થતો હોવા છતાં ત્યાં ભવિષ્યમાં (સૃષ્ટ્યંતરમાં) ઉત્પન્ન થનારાં દુઃખોનો પ્રાગભાવ હોય છે. તેથી ખંડપ્રલય દુઃખોનો અનાધાર હોવા છતાં દુઃખપ્રાગભાવનો તે અનાધાર નથી. આથી સમજી શકાશે કે દુઃખપ્રાગભાવના નિવેશથી અર્થાંતર નહીં આવે.

ઉપર્યુક્ત અનુમાનમાં સાધ્યસાધક હેતુ '**सत्कार्यमात्रवृत्तित्व**' છે. માત્ર 'વૃત્તિત્વ'ને હેતુ તરીકે રાખીએ તો આત્મનિરૂપિત વૃત્તિત્વ આત્મત્વમાં પણ છે અને ત્યાં દુઃખપ્રાગભાવાનાધારવૃત્તિ-ધ્વંસપ્રતિયોગિવૃત્તિત્વ સાધ્ય ન હોવાથી વ્યભિચાર આવે છે. '**कार्यवृत्तित्व**'ને હેતુ માનીએ તો આત્મત્વમાં હેતુ ન હોવા છતાં 'અનંતત્વ'માં હેતુ છે અને ત્યાં સાધ્ય નથી તેથી વ્યભિચાર આવે છે. આશય એ છે કે અનંતત્વ 'ધ્વંસાપ્રતિયોગિત્વ' સ્વરૂપ છે. જેનો ધ્વંસ થતો નથી તેમાં અનંતત્વ રહે છે. અકાર્યસ્વરૂપ આત્માદિમાં અને કાર્યસ્વરૂપ ધ્વંસમાં અનંતત્વ વૃત્તિ છે. આ રીતે ધ્વંસાત્મકકાર્યનિરૂપિત વૃત્તિત્વ (કાર્યવૃત્તિત્વ) અનંતત્વમાં છે અને તેમાં દુઃખપ્રાગભાવાનધિકરણવૃત્તિધ્વંસપ્રતિયોગિ-વૃત્તિત્વસ્વરૂપ સાધ્ય નથી, તેથી વ્યભિચાર આવે છે. તેના નિવારણ માટે 'કાર્યમાત્રવૃત્તિત્વ'ને હેતુ માનવામાં આવે તો, 'અનંતત્વ' કાર્યમાં(ધ્વંસમાં)

અને અકાર્ય(આત્માદિ)માં વૃત્તિ હોવાથી તેમાં કાર્યમાત્રવૃત્તિત્વ નથી. તેથી હેતુ અને સાધ્ય બંન્નેનો અભાવ અનંતત્વમાં હોવાથી વ્યભિચાર નહીં આવે. પરંતુ તેમ કરવાથી કાર્યમાત્રવૃત્તિ ધ્વંસત્વમાં હેતુ છે અને સાધ્ય ન હોવાથી વ્યભિચાર આવે છે. તેના નિવારણ માટે હેત્વંશમાં **भाववृत्तित्वे सति** આ વિશેષણ આપવામાં આવે અર્થાત્ '**भाववृत्तित्वविशिष्टकार्यमात्रवृत्तित्व**' ની હેતુ તરીકે વિવક્ષા કરવામાં આવે તોપણ વ્યભિચારનો ઉદ્ધાર થશે નહિ. કારણ કે પ્રાગભાવનો ધ્વંસ પ્રાગભાવના પ્રતિયોગી(ઘટાદિ ભાવભૂત) સ્વરૂપ છે અને તેના ધ્વંસસ્વરૂપ છે. તેથી પ્રાગભાવના ધ્વંસમાં રહેનાર ધ્વંસત્વ પ્રાગભાવના પ્રતિયોગી એવા ભાવમાં પણ વૃત્તિ છે અને તેથી ધ્વંસત્વમાં ભાવવૃત્તિત્વવિશિષ્ટ કાર્યમાત્રવૃત્તિત્વ હોવાથી અને ત્યાં સાધ્ય ન હોવાથી વ્યભિચાર છે જ. તેના નિવારણ માટે હેત્વંશમાં 'સત્' આ કાર્યનું વિશેષણ છે. સત્તાજાતિ(દ્રવ્ય ગુણ અને કર્મમાં રહેનારી)ના અધિકરણ દ્રવ્યાદિને 'સત્' કહેવાય છે. પ્રાગભાવનો ધ્વંસ સત્ (સત્તાવિશિષ્ટ) ન હોવાથી તે 'સત્કાર્ય' નથી તેથી ધ્વંસત્વમાં 'સત્કાર્યમાત્રવૃત્તિત્વ' હેતુનો અભાવ હોવાથી ત્યાં સાધ્ય ન હોવા છતાં વ્યભિચારદોષ આવતો નથી... ઇત્યાદિ ઉપયોગપૂર્વક સમજી લેવું. ।।૩૧-૨।।

મોક્ષસાધક ઉપર જણાવેલા અનુમાનમાં દૃષ્ટાંત જણાવાય છે--

**दीपत्ववदिति प्राहुस्तार्किकास्तदसङ्गतम् ।**
**बाधाद् वृत्तिविशेषेष्टावन्यथाऽर्थान्तराव्ययात् ।।३१-३।।**

दीपत्ववदिति–दीपत्ववदिति दृष्टान्त इति प्राहुस्तार्किका नैयायिकाः । इत्थं सर्वमुक्तिसिद्धौ चैत्रदुःखत्वादिकं पक्षीकृत्य तत्तन्मुक्तिसाधनोपपत्तेः । तत्तार्किकमतमसङ्गतं न्यायापेतम् । वृत्तिविशेषस्याभावीयविशेषणतया दुःखप्रागभावानाधारवृत्तित्वस्येष्टौ साध्यकोटिनिवेशोपगमे बाधात् । दुःखध्वंसस्य दुःखसमवायिन्येव तया वृत्तित्वस्य त्वयोपगमाद् । अन्यथा सम्बन्धमात्रेण तदिष्टौ अर्थान्तराव्ययादर्थान्तरानुद्धारादाकाशादावपि दुःखध्वंसस्य व्यभिचारितादिसम्बन्धेन वृत्तित्वात्प्रकृतान्यसिद्धेः । कालिकदैशिकविशेषणतान्यतरसम्बन्धेन वृत्तित्वोक्तावपि कालोपाधिवृत्तित्वेन तदनपायात् । कालिकेन दुःखप्रागभावानाधारत्वनिवेशे च दृष्टान्तासङ्गतेः । मुख्यकालवृत्ति-

त्वविशिष्टकालिकसम्बन्धेन तन्निवेशेऽप्यात्मनस्तथात्वाद् । उक्तान्यतरसम्बन्धेन तन्निवेशेऽपि तथासम्बन्धगर्भव्याप्त्यग्रहादिति भावः ।।३१-३।।

**आत्मकालान्यवृत्तिध्वंसप्रतियोगिन्यवृत्तिमद् दुःखत्वम्; दुःखप्रागभावानाधारवृत्तिध्वंसप्रतियोगि-वृत्तिमत्, सत्कार्यमात्रवृत्तित्वात्** - આ અનુમાનમાં "દષ્ટાંત દીપત્વ છે - આ પ્રમાણે તાર્કિકો-નૈયાયિકો કહે છે, તે અસંગત છે. કારણ કે સાધ્યઘટક વૃત્તિતાવિશેષનો નિવેશ જો ઇષ્ટ હોય તો બાધ આવે છે અને વૃત્તિતાસામાન્યનો નિવેશ ઇષ્ટ હોય તો અર્થાંતર દોષ આવે છે."- આ પ્રમાણે ત્રીજા શ્લોકનો સામાન્ય અર્થ છે.

એનો આશય સ્પષ્ટ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે - જ્યાં જ્યાં સત્કાર્યમાત્રવૃત્તિત્વ છે ત્યાં ત્યાં દુ:ખપ્રાગભાવના અનાધારમાં વૃત્તિ એવા ધ્વંસના પ્રતિયોગિનિરૂપિત વૃત્તિત્વ છે. દા.ત. દીપત્વ, સત્કાર્યદીપકનિરૂપિત વૃત્તિત્વ (સત્કાર્યમાત્રદીપકનિષ્ઠાધિકરણતા-નિરૂપિત વૃત્તિત્વ) દીપત્વમાં છે અને ત્યાં દુ:ખપ્રાગભાવાનાધારવૃત્તિ(મહાપ્રલયકાલવૃત્તિ) દીપધ્વંસના પ્રતિયોગી દીપકમાં રહેલી અધિકરણતાનિરૂપિત વૃત્તિતા પણ છે. આ રીતે તાદશદુ:ખત્વમાં સાધ્યની સિદ્ધિ થવાથી તદ્ઘટક મહાપ્રલયની સિદ્ધિથી બધા જીવોના મોક્ષની સિદ્ધિ થાય છે. ત્યાર પછી તે તે ચૈત્ર મૈત્ર ઇત્યાદિ જીવોના દુ:ખત્વને પક્ષ બનાવી તે તે જીવોની મુક્તિને સિદ્ધ કરી શકાય છે - આ પ્રમાણે તાર્કિક-નૈયાયિકોનો મત છે. પરંતુ તે ન્યાયયુક્ત નથી. કારણ કે સાધ્યાંશમાં વૃત્તિવિશેષનો અર્થાત્ દુ:ખપ્રાગભાવ-નિષ્ઠાધેયતાનિરૂપિતાધિકરણતાવદ્ભિન્નાધિકરણતાનિરૂપિત ધ્વંસનિષ્ઠાધેયતાનો અભાવીયવિશેષણતાત્મક સ્વરૂપસંબંધથી (સ્વરૂપસંબંધાવચ્છિન્નરૂપે) નિવેશ કરાય તો બાધ દોષ આવે છે. કારણ કે તાદશ અભાવીય વિશેષણતાત્મક સ્વરૂપસંબંધથી દુ:ખનો ધ્વંસ, દુ:ખના સમવાયિકારણ આત્મામાં જ નૈયાયિકોએ માન્યો છે. તેથી મહાપ્રલયકાળની સિદ્ધિ ન થવાથી તદ્ઘટિત સાધ્યની પણ સિદ્ધિ નહિ થાય, જેથી પક્ષમાં સાધ્ય બાધિત થવાથી બાધ આવે છે.

તે બાધદોષના નિવારણ માટે તાદશ દુ:ખધ્વંસનિષ્ઠ વૃત્તિતા, કોઇ પણ સંબંધથી અર્થાત્ સંબંધસામાન્યાવચ્છિન્ન લેવામાં આવે તો અર્થાંતરદોષનો ઉદ્ધાર નહિ થાય. કારણ કે દુ:ખપ્રાગભાવના અનાધારભૂત આકાશાદિમાં પણ વ્યભિચારિતાદિ-સ્વાભાવવત્ત્વાદિ સંબંધથી દુ:ખધ્વંસ વૃત્તિ હોવાથી

મહાપ્રલયકાલના બદલે આકાશાદિ પણ સિદ્ધ થશે. સ્વ=દુઃખધ્વંસ, સ્વાભાવ= દુઃખધ્વંસાભાવ, સ્વાભાવવત્=આકાશાદિ, સ્વાભાવવત્ત્વ આકાશાદિમાં હોવાથી સ્વાભાવવત્ત્વસંબંધથી દુઃખધ્વંસ પણ આકાશાદિમાં છે.

યદ્યપિ ઉપર જણાવ્યા મુજબ તાદૃશદુઃખધ્વંસનિષ્ઠવૃત્તિતા સંબંધસામાન્યથી લેવાના બદલે કાલિક અને દૈશિક : એતદન્યતરવિશેષણતાત્મક (કાલિક અને સ્વરૂપ-એતદન્યતર) સંબંધથી લઇએ, અર્થાત્ તાદૃશાન્યતર સંબંધાવચ્છિન્ન લઇએ તો આકાશાદિની સિદ્ધિ નહિ થાય. કારણ કે આકાશાદિમાં કાલિક કે દૈશિક વિશેષણતાસંબંધથી તાદૃશ દુઃખધ્વંસ વૃત્તિ નથી. તેથી આકાશાદિથી અર્થાંતર નહીં આવે. પરંતુ દુઃખપ્રાગભાવના અનાધાર કાલોપાધિ સ્વરૂપ ઘટાદિમાં કાલિકવિશેષણતાત્મકસંબંધથી દુઃખધ્વંસ વૃત્તિ હોવાથી કાલોપાધિને લઇને અર્થાંતરદોષનો ઉદ્ધાર નહિ થાય. તેના ઉદ્ધાર માટે કાલિકસંબંધથી દુઃખપ્રાગભાવના અનાધારની(અનધિકરણની) વિવક્ષા કરીએ તો ઘટાદિમાં કાલિકસંબંધથી દુઃખપ્રાગભાવ વૃત્તિ જ હોવાથી ઘટાદિનું ગ્રહણ જ નહિ થાય. તેથી તેને લઇને અર્થાંતરદોષનો તો પ્રસંગ નહીં આવે. પરંતુ દૃષ્ટાંતાસિદ્ધિ દોષ આવશે. કારણ કે દીપકમાં કાલિકસંબંધથી દુઃખનો પ્રાગભાવ હોવાથી તેનું પણ ગ્રહણ નહીં થાય.

યદ્યપિ દૃષ્ટાંતાસિદ્ધિનું નિવારણ કરવા માટે દુઃખપ્રાગભાવનું અનધિકરણ મુખ્યકાલ-વૃત્તિત્વવિશિષ્ટ કાલિકસંબંધથી લઇએ તો તે સંબંધથી દુઃખપ્રાગભાવ કાળમાં જ વૃત્તિ છે. કાલોપાધિસ્વરૂપ દીપ વગેરેમાં તે વૃત્તિ નથી. તેથી દીપક દુઃખપ્રાગભાવનો અનાધાર હોવાથી દૃષ્ટાંતાસિદ્ધિ નહીં થાય. પરંતુ એ રીતે તો આત્મા સિદ્ધ થવાથી અર્થાંતરદોષ અવસ્થિત જ રહે છે. કારણ કે મુખ્યકાલવૃત્તિત્વવિશિષ્ટ કાલિકસંબંધથી દુઃખપ્રાગભાવનો આધાર કાલ જ છે, આત્મા નથી. તેથી દુઃખપ્રાગભાવના અનાધાર આત્મામાં દૈશિકવિશેષણતાત્મક (સ્વરૂપ) સંબંધથી વૃત્તિ એવા દુઃખધ્વંસના પ્રતિયોગી દુઃખમાં દુઃખત્વ વૃત્તિ હોવાથી મહાપ્રલયકાલના બદલે આત્માની સિદ્ધિ થશે. આ રીતે પ્રાપ્ત થયેલા અર્થાંતરના નિવારણ માટે મુખ્યકાલવૃત્તિત્વ-વિશિષ્ટ કાલિકવિશેષણતા અને દૈશિકવિશેષણતા : એતદન્યતર સંબંધથી દુઃખપ્રાગભાવના અનાધારની વિવક્ષા કરીએ તો ઉક્ત અન્યતર સંબંધથી આત્મા, દુઃખપ્રાગભાવનો અનાધાર ન

હોવાથી અર્થાંતર નહીં આવે. પરંતુ તાદૃશાન્યતર સંબંધથી દુઃખપ્રાગભાવના અનાધાર તો ઘટપટાદિ પણ છે અને ત્યાં દૈશિક-કાલિકાન્યતરવિશેષણતાસંબંધથી દુઃખધ્વંસ વૃત્તિ છે. તેના પ્રતિયોગી દુઃખમાં દુઃખત્વ વૃત્તિ હોવાથી અર્થાંતરનો ઉદ્ધાર થતો નથી. આથી સ્પષ્ટ છે કે અર્થાંતરના નિવારણ માટે ઉક્તાન્યતર સંબંધનો નિવેશ કરીએ તોપણ તે સંબંધઘટિત વ્યાપ્તિના ગ્રહનો સંભવ નથી... ઇત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું. ॥૩૧-૩॥

ઉપર જણાવ્યા મુજબના વ્યાપ્તિગ્રહાસંભવને જ સ્પષ્ટ રીતે જણાવાય છે–

**विपक्षबाधकाभावादनभिप्रेतसिद्धितः ।**
**अन्तरैतदयोग्यत्वाशङ्का योगाऽपहेति चेत् ॥३१-४॥**

विपक्षेति–विपक्षे हेतुसत्त्वेऽपि साध्यासत्त्वे बाधकस्यानुकूलतर्कस्याभावात् । तथा चानभिप्रेतसिद्धितोऽनिष्टसिद्धिप्रसङ्गात् । कालान्यत्वगर्भसाध्यं प्रत्यपि उक्तहेतोरविशेषात् । एतदुक्तसाध्यमन्तरा सर्वमुक्त्यसिद्धौ अयोग्यत्वाशङ्का य एव न कदापि मोक्ष्यते तद्वदहं यदि स्यां, तदा मम विफलं परिव्राजकत्वमित्याकारा । योगापहा योगप्रतिबन्धकेऽन्यद एव विपक्षबाधकमिति चेत् ॥३१-४॥

"વિપક્ષબાધક તર્કનો અભાવ હોવાથી અને અનભિપ્રેત સિદ્ધિ થવાથી (શ્લો.નં. ૩માં જણાવ્યા મુજબ) વ્યાપ્તિગ્રહ થતો નથી. 'પ્રકૃતસાધ્યની સિદ્ધિ વિના અયોગ્યત્વની શંકા યોગની સાધનાની પ્રતિબંધક બનશે.' - આ જ વિપક્ષબાધક છે. આ પ્રમાણે નૈયાયિકો કહે તો (તે બરાબર નથી... એ પાંચમા શ્લોકમાં જણાવાશે.)" - આ પ્રમાણે ચોથા શ્લોકનો અક્ષરાર્થ છે.

કહેવાનો આશય એ છે કે વિપક્ષમાં હેતુ હોય તોપણ સાધ્ય ન હોય ત્યારે સાધ્યાભાવનો બાધક અનુકૂળ તર્ક ન હોવાથી વ્યાપ્તિગ્રહ થતો નથી. પર્વતમાં ધૂમને લઇને જ્યારે વહ્નિને સિદ્ધ કરાય છે ત્યારે કોઇ એમ કહે કે પર્વતમાં ધૂમહેતુ ભલે રહ્યો પણ તેથી ત્યાં વહ્નિને માનવાની આવશ્યકતા નથી. અર્થાત્ સાધ્યાભાવવદ્(વિપક્ષ)માં હેતુ રહી શકે છે. આવી શંકાને દૂર કરવાનું કાર્ય તર્ક કરે છે. પર્વતમાં જો વહ્નિ ન હોય તો વહ્નિજન્ય ધૂમ પણ ન હોવો જોઇએ. અર્થાત્ વહ્નિ-ધૂમનો જન્યજનકભાવ(કાર્યકારણભાવ) નહિ મનાય : આ તર્ક છે, જે વ્યભિચારની શંકાને દૂર કરે છે. આવો વિપક્ષબાધક અનુકૂળ તર્ક પ્રકૃત સ્થળે

નથી. તાદૃશ દુઃખત્વમાં સત્કાર્યમાત્રવૃત્તિત્વ ભલે રહ્યું પરંતુ તાદૃશદુઃખધ્વંસ-પ્રતિયોગિવૃત્તિત્વ માનવાની આવશ્યકતા નથી. આવી વ્યભિચારની શંકાદિના નિવારણ માટે કોઈ જ અનુકૂળ તર્ક નથી. તેથી વ્યાપ્તિમાં પણ શંકા જન્મે છે. જેથી પ્રકૃતાનુમાનના સ્થાને એવું પણ અનુમાન કરી શકાય છે કે તાદૃશ દુઃખત્વ, કાલાન્યવૃત્તિધ્વંસપ્રતિયોગીમાં વૃત્તિ છે; કારણ કે તે સત્કાર્યમાત્રમાં વૃત્તિ છે. **दुःखत्वं कालान्यवृत्तिध्वंसप्रतियोगिवृत्ति सत्कार्यमात्रवृत्तित्वाद् दीपत्ववद्** આ અનુમાનથી અભિપ્રેત પ્રલયકાલાદિથી અન્ય આત્માદિની સિદ્ધિ થવાથી સર્વજીવોની મુક્તિ સિદ્ધ નહીં થાય.

આ અંગે નૈયાયિકો દ્વારા એમ કહેવામાં આવે કે બધા જીવોની મુક્તિની સિદ્ધિ ન થાય તો પોતાના આત્માની અયોગ્યતાની આશંકા જન્મશે. 'જે જીવોનો ક્યારે ય મોક્ષ થવાનો નથી. તેમની જેમ જ હું પણ જો મોક્ષમાં જવાનો ના હોઉં તો મારું આ પરિવ્રાજકપણું નિષ્ફળ થશે.' આ આશંકા મુમુક્ષુ આત્માના યોગની સાધનાનો પ્રતિબંધ કરનારી બને છે. આવી શંકા જ મોક્ષની સિદ્ધિના અભાવની (વિપક્ષની) બાધક છે. આ પ્રમાણે નૈયાયિકોનું જે કથન છે તે બરાબર નથી : એ પ્રમાણે આગળ જણાવાય છે. ॥૩૧-૪॥

નૈયાયિકોએ જણાવેલી વાતની અયુક્તતા જણાવાય છે–

**नैवं शमादिसम्पत्त्या, स्वयोग्यत्वविनिश्चयात् ।**
**न चान्योन्याश्रयस्तस्याः सम्भवात् पूर्वसेवया ।।३१-५।।**

नैवमिति–एवं न यथोक्तं विपक्षबाधकं भवता शमादीनां शमदमभोगानभिष्वङ्गादीनां मुमुक्षुचिह्नानां सम्पत्त्या । स्वयोग्यत्वस्य विनिश्चयात् तेषां तद्व्याप्यत्वात् । न चान्योन्याश्रयो योगप्रवृत्तौ सत्यां शमादिसम्पत्तिस्ततश्चाधिकारविनिश्चयात्सेति सम्भावनीयं, तस्याः शमादिसम्पत्तेः पूर्वसेवया योगप्रवृत्तेः प्रागपि सम्भवात् योगप्रवृत्तेरतिशयितशमादिसम्पादकत्वेनैव फलवत्त्वात् । सामान्यतस्तु तत्र कर्मविशेषक्षयोपशम एव हेतुरिति न किञ्चिदनुपपन्नम् ।।३१-५।।

આ પૂર્વે જણાવ્યા મુજબ યોગની સાધના અટકી ના પડે : એ માટે નૈયાયિકોએ સર્વ જીવોની મુક્તિનું સાધક પ્રમાણ જણાવ્યું છે. તેના જવાબમાં જણાવવાનું કે "એ વાત યુક્ત નથી. શમ, દમ વગેરે ગુણોની પ્રાપ્તિ દ્વારા

પોતાની યોગ્યતાનો સારી રીતે નિશ્ચય થઇ જાય છે. યોગની પૂર્વસેવાથી શમાદિ ગુણોની પ્રાપ્તિ થતી હોવાથી અન્યોન્યાશ્રય દોષ પણ આવતો નથી." આ પ્રમાણે પાંચમા શ્લોકનો સામાન્ય અર્થ છે.

આશય એ છે કે આ પૂર્વે વિપક્ષબાધક તરીકે યોગની સાધનાનો જે પ્રતિબંધક તમારા (નૈયાયિક) દ્વારા કહેવાયો છે તે બરાબર નથી. કારણ કે શમ, દમ અને ભોગોની અનાસક્તિ વગેરે મુમુક્ષુ આત્માઓનાં લક્ષણોની પ્રાપ્તિથી મોક્ષપ્રાપ્તિની પોતાની યોગ્યતાનો સારી રીતે નિશ્ચય થાય છે. કારણ કે સ્વયોગ્યતાની અપેક્ષાએ એ શમાદિ લક્ષણો વ્યાપ્ય છે અને યોગ્યતા વ્યાપક છે. વ્યાપ્યથી વ્યાપકનો નિશ્ચય થાય છે - એ સુપ્રતીત છે.

યોગની પ્રવૃત્તિ કરવાથી શમ, દમ વગેરે મુમુક્ષુ જનોનાં લક્ષણોની સંપત્તિ પ્રાપ્ત થાય છે અને એ સંપત્તિથી તેવા પ્રકારની યોગની યોગ્યતાનો વિનિશ્ચય થાય છે, જે યોગની પ્રવૃત્તિનું મહત્ત્વનું કારણ છે - આ રીતે અન્યોન્યાશ્રયદોષ આવે છે : આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે ગુરુદેવાદિ પૂજા, સદાચાર, તપ અને મુક્તિ પ્રત્યેનો અદ્વેષ... વગેરે સ્વરૂપ યોગની પૂર્વસેવાથી; યોગની પ્રવૃત્તિની પૂર્વે જ શમ(કષાયનો અભાવ), દમ(ઇન્દ્રિયોનો નિરોધ) અને ભોગોની આસક્તિનો અભાવ... ઇત્યાદિ મુમુક્ષુચિહ્નો પ્રાપ્ત થતાં હોય છે. તેથી અન્યોન્યાશ્રયદોષનો સંભવ રહેતો નથી.

યદ્યપિ આ રીતે યોગની પ્રવૃત્તિની પૂર્વે શમાદિ ગુણોની પ્રાપ્તિ થતી હોય તો યોગની પ્રવૃત્તિ કરવાની આવશ્યકતા જ રહેતી નથી. પરંતુ યોગની પૂર્વસેવાથી જે શમાદિ ગુણો પ્રાપ્ત થાય છે, તેના કરતાં વિશિષ્ટ કોટિના તે ગુણો યોગની પ્રવૃત્તિથી પ્રાપ્ત થાય છે. તેથી યોગની પ્રવૃત્તિ નિરર્થક નહીં બને. પ્રાથમિક કક્ષાના શમાદિ ગુણોની પ્રત્યે યોગની પૂર્વસેવા કારણ છે અને અતિશયયુક્ત એવા શમાદિ ગુણોની પ્રત્યે યોગની પ્રવૃત્તિ કારણ છે. શમાદિ-સામાન્યની પ્રત્યે કર્મનો (મોહનીયાદિ ઘાતિકર્મનો) ક્ષયોપશમવિશેષ જ કારણ છે. તેથી કોઇ જ અનુપપત્તિ નથી. ॥૩૧-૫॥

અનાદિકાળથી દરેક જીવમાં મોક્ષે જવાની યોગ્યતા છે - એના નિશ્ચાયક તરીકે શમાદિ નથી. મોક્ષની પ્રાપ્તિ માટે શમાદિ સહકારીકારણ છે. શમાદિના

કારણે યોગ્યતામાં સંકોચ કરવાનું ઉચિત નથી - આવી નૈયાયિકોની માન્યતાનું નિરાકરણ કરાય છે–

**शमाद्युपहिता हन्त, योग्यतैव विभिद्यते ।**
**तदवच्छेदकत्वेन, सङ्कोचस्तेन तस्य न ॥३१-६॥**

शमादीति–शमादिभिर्मुमुक्षुलिङ्गैरुपहिता हन्त योग्यतैव विभिद्यते सामान्ययोग्यतातः समुचितयोग्यतायाः प्राग् भेदसमर्थनात् । तेन कारणेन तदवच्छेदकत्वेन योग्यतावच्छेदकत्वेन तस्य शमादेः सङ्कोचो न योग्यतावच्छेदकत्वलक्षणः, योग्यताविशेषस्यैव अतिशयितशमादौ तद्द्वारा च मोक्षे हेतुत्वात् ॥३१-६॥

"શમાદિ મુમુક્ષુલિંગોના કારણે ખરેખર જ યોગ્યતામાં જ ફરક પડે છે. તેથી યોગ્યતાવચ્છેદકરૂપે શમાદિનો સંકોચ થતો નથી." - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે અનાદિકાળથી જીવમાં રહેલી મોક્ષમાં જવાની જે યોગ્યતા છે, તે શમાદિની પ્રાપ્તિ થવાથી ખરેખર જ ભિન્ન થાય છે. કારણ કે સામાન્ય યોગ્યતાથી(સ્વરૂપ-યોગ્યતાથી) સમુચિત યોગ્યતા (ફલોપધાયક યોગ્યતા-ફલોન્મુખયોગ્યતા) ભિન્ન છે. આ વાત આ પૂર્વે (૧૦મી બત્રીશીમાં) જણાવી છે. આથી યોગ્યતાના અવચ્છેદક(નિશ્ચાયક) તરીકે શમાદિને જણાવવા માત્રથી અનાદિકાલીન યોગ્યતા(સ્વરૂપયોગ્યતા)માં કોઇ ફરક પડતો નથી.

શમાદિની પ્રાપ્તિ થવાથી જીવની મોક્ષપ્રાપ્તિની યોગ્યતાનો(ફલોપધાયક યોગ્યતાનો) નિશ્ચય થાય છે. તેથી સ્વરૂપયોગ્યતા અને ફલોપધાયકયોગ્યતામાં વિશેષ(ભેદ) હોવાથી સ્વરૂપયોગ્યતાના અવચ્છેદકસ્વરૂપે શમાદિમાં સંકોચ થતો નથી. વિશિષ્ટ યોગ્યતા જ શમાદિની વિશેષતામાં કારણ છે અને તેની પ્રાપ્તિ દ્વારા મોક્ષની પ્રત્યે યોગ્યતાવિશેષ કારણ છે. આથી સમજી શકાશે કે શમાદિ સ્વરૂપયોગ્યતાના અવચ્છેદક (નિશ્ચય કરાવનાર) નથી. પરંતુ ફલોપધાયકયોગ્યતાના અવચ્છેદક છે. તેથી મોક્ષપ્રાપ્તિની સ્વરૂપયોગ્યતામાં કોઇ સંકોચ થતો નથી. દરેક જીવમાં એ સમાન છે. જે કોઇ ભેદ છે તે ફલોપધાયકયોગ્યતામાં છે, જેના અવચ્છેદક શમાદિ છે. ॥૩૧-૬॥

ननु शमादावपि संसारित्वेनैव हेतुतेति सर्वमुक्त्याक्षेप इत्यत आह–

શમાદિની પ્રત્યે પણ સંસારીપણે સંસારી આત્માને કારણ માનવા જોઈએ. જેથી બધાની મુક્તિ થઈ શકશે, આ માન્યતાનું નિરાકરણ કરાય છે–

**संसारित्वेन गुरुणा, शमादौ च न हेतुता ।**
**भव्यत्वेनैव किन्त्वेषेत्येतदन्यत्र दर्शितम् ।।३१-७।।**

संसारित्वेनेति–संसारित्वेन नित्यज्ञानादिमद्भिन्नत्वरूपेण गुरुणा नानापदार्थघटितेन शमादौ च हेतुता न तव कल्पयितुमुचितेति शेषः । किं तु भव्यत्वेनैवैषा हेतुता, शमाद्यनुगतकार्यजनकतावच्छेदकतयात्मत्वव्याप्यजातिविशेषस्य कल्पयितुमुचितत्वात् । द्रव्यत्वादावप्यनुगतकार्यस्यैव मानत्वाद् । आत्मत्वेनैव शमादिहेतुत्वे विशेषसामग्र्यभावेनेश्वरेऽतिप्रसङ्गाभावे समर्थनीयेऽन्यत्रापि तेन तस्य सुवचत्वाद्भव्यत्वाभव्यत्वशङ्कयैव भव्यत्वनिश्चयेन प्रवृत्त्यप्रतिबन्धादिति । एतदन्यत्र न्यायालोकादौ दर्शितम् ।।३१-७।।

"શમાદિની પ્રત્યે ગુરુભૂત એવા સંસારિત્વરૂપે સંસારીને હેતુ માનવાનું ઉચિત નથી. પરંતુ ભવ્યત્વરૂપે એ માનવાનું ઉચિત છે - આ વસ્તુ અન્યત્ર જણાવી છે." - આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે. જેનો આશય વર્ણવતાં ટીકામાં ફરમાવ્યું છે કે નિત્યજ્ઞાનાદિમદ્(પરમાત્મા)-ભિન્નત્વસ્વરૂપ સંસારિત્વ છે. તે નાનાપદાર્થઘટિત (**नित्यत्वज्ञान-मत्वर्थाधिकरणता** અને **भेद**... વગેરે સ્વરૂપ અનેક પદાર્થઘટિત) હોવાથી ગુરુ છે. તેથી તે ગુરુભૂત સંસારિત્વરૂપે શમાદિની પ્રત્યે સંસારીમાં કારણતા માનવાનું તમારે-નૈયાયિકોને ઉચિત નથી. પરંતુ તાદૃશકારણતા ભવ્યત્વસ્વરૂપે જ માનવી જોઈએ.

"શમાદિનિષ્ઠકાર્યતાનિરૂપિત કારણતા, કોઈ એક ધર્મથી અવચ્છિન્ન છે; કારણ કે એમાં કારણતાત્વ છે. સંયોગાદિનિષ્ઠકાર્યતાનિરૂપિત કારણતા (સમવાયિકારણતા) જેમ દ્રવ્યત્વથી અવચ્છિન્ન છે..." ઈત્યાદિ અનુમાનથી ભવ્યત્વજાતિ સિદ્ધ થાય છે. શમ, દમ વગેરે અનુગત કાર્યની કારણતાના અવચ્છેદકરૂપે આત્મત્વની વ્યાપ્ય એવી ભવ્યત્વજાતિ સિદ્ધ થાય છે. આશય એ છે કે મુમુક્ષુ આત્માઓમાં શમ, દમ વગેરે ગુણોની ઉત્પત્તિ થાય છે. એની પ્રત્યે જે આત્મા કારણ છે તે બધામાં જે એક જાતિ છે તે ભવ્યત્વ છે. આત્મત્વ દરેક આત્મામાં વૃત્તિ છે અને ભવ્યત્વ આત્મવિશેષમાં વૃત્તિ છે. તેથી તે આત્મત્વની

વ્યાપ્ય જાતિ છે. એ જાતિના અસ્તિત્વમાં શમાદિ અનુગત કાર્ય જ પ્રમાણ છે. દ્રવ્યત્વજાતિમાં જેમ સંયોગાદિ અનુગત કાર્ય પ્રમાણ છે તેમ અહીં પણ શમાદિ અનુગત કાર્ય જ ભવ્યત્વજાતિમાં પ્રમાણ છે.

"આત્મત્વવ્યાપ્ય ભવ્યત્વજાતિને કલ્પીને તે સ્વરૂપે શમાદિની પ્રત્યે આત્માને કારણ માનીએ એના કરતાં આત્મત્વસ્વરૂપે આત્માને કારણ માનીએ તો યદ્યપિ આત્મત્વ પરમાત્મામાં પણ હોવાથી ત્યાં શમાદિની ઉત્પત્તિ માનવાનો પ્રસંગ આવશે. પરંતુ ત્યાં અન્ય સહકારી કારણ કર્માદિનો અભાવ હોવાથી ત્યાં શમાદિની ઉત્પત્તિનો પ્રસંગ નહિ આવે. તેથી આત્મત્વરૂપે જ શમાદિની ઉત્પત્તિ પ્રત્યે આત્માને કારણ માનવા જોઈએ." - આ પ્રમાણે કહેવામાં આવે તો અન્યત્ર પણ એ રીતે સમાધાન કરી શકાય છે. સંયોગાદિ અનુગત કાર્યની પ્રત્યે દ્રવ્યત્વેન દ્રવ્યને કારણ માનવાના બદલે સત્તાવત્ત્વેન કારણ માનવાથી ગુણાદિમાં આવતા અતિપ્રસંગનું નિવારણ સામગ્રીના અભાવથી જ થઈ જશે. આથી સમજી શકાશે કે લઘુભૂત કારણતાવચ્છેદક સ્વરૂપે દ્રવ્યત્વની જેમ ભવ્યત્વજાતિની સિદ્ધિ આવશ્યક છે.

યદ્યપિ ભવ્યત્વ મારામાં છે કે નહિ આવી શંકાના કારણે ભવ્યત્વના નિશ્ચયના અભાવે મોક્ષની સાધનાની અનુપપત્તિ થશે; પરંતુ એવી શંકાથી જ ભવ્યત્વનો નિશ્ચય થઈ જતો હોવાથી મોક્ષસાધક પ્રવૃત્તિની અનુપપત્તિ નહીં થાય. કારણ કે શ્રી આચારાંગસૂત્રની શ્રી શીલાંકાચાર્ય ભગવંતકૃત ટીકામાં ફરમાવ્યું છે કે 'હું ભવ્ય છું કે અભવ્ય છું ?' - આવી શંકા ભવ્યને જ થાય છે. અભવ્યને એવી શંકા થતી નથી - આ વાત અન્યત્ર ન્યાયાલોકમાં અને સ્યાદ્વાદકલ્પલતામાં વિસ્તારથી ગ્રંથકારશ્રીએ જણાવી છે. ॥૩૧-૭॥

ત્રિદંડી-મતનું નિરૂપણ કરાય છે–

**परमात्मनि जीवात्मलयः सेति त्रिदण्डिनः ।**
**लयो लिङ्गव्ययोऽत्रेष्टो, जीवनाशस्तु नेष्यते ॥३१-८॥**

परमात्मनीति–परमात्मनि जीवात्मलयः सा मुक्तिरिति त्रिदण्डिनो वदन्ति । अत्रैतन्मते लयो लिङ्गव्यय इष्टोऽस्माकमप्यभिमतः । एकादशेन्द्रियाणि पञ्चमहाभूतानि च सूक्ष्ममात्रया सम्भूयावस्थितानि जीवात्मनि सुखदुःखावच्छेदकानि लिङ्गशब्देनोच्यन्ते,

तद्व्ययश्च परमार्थतो नामकर्मक्षय एवेति । जीवनाशस्तु नेष्यते, उपाधिशरीरनाशे औपाधिकजीवनाशस्याप्यकाम्यत्वात् ।।३१-८।।

"પરમાત્મામાં જીવાત્માના લયને ત્રિદંડીઓ મુક્તિ કહે છે. લિંગવ્યયસ્વરૂપ લય એ મતમાં વર્ણવાય છે - તે ઇષ્ટ છે, જીવના નાશ સ્વરૂપ લય માત્ર ઇષ્ટ નથી." - આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે પરમાત્મામાં જીવાત્માનું વિલીન થવું : એને ત્રિદંડીમતમાં મુક્તિ તરીકે વર્ણવાય છે. એ મતમાં જીવાત્માનો લય, લિંગના વ્યય સ્વરૂપ છે - એ અમારા જૈનોના મતમાં પણ માન્ય છે.

સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રવણ : આ પાંચ જ્ઞાનેન્દ્રિય છે. વાગ્, પાણિ, પાદ, પાયુ અને ઉપસ્થ : આ પાંચ કર્મેન્દ્રિયો છે અને મન-એમ અગિયાર ઇન્દ્રિયો છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ - આ પાંચ મહાભૂતો છે. એ બધા; ભેગા થઇને સૂક્ષ્મમાત્રા વડે જીવાત્મામાં સુખ-દુઃખના અવચ્છેદક (ગ્રાહક) બને છે. તે બધાને એ મતમાં લિંગ કહેવાય છે. તેનો વ્યય થવાથી અર્થાત્ સ્વકાર્યથી નિવૃત્ત(ઉપરત) થવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે. પરમાર્થથી નામકર્મનો ક્ષય થવાથી લિંગવ્યયસ્વરૂપ લય અમારા મતમાં સંગત છે. લિંગવ્યયસ્વરૂપ લય જીવનાશસ્વરૂપ માનવાનું ઇષ્ટ નથી. કારણ કે શરીરસ્વરૂપ ઉપાધિના નાશથી ઉપાધિવિશિષ્ટ જીવનો નાશ, કામનાનો વિષય નથી. તેથી તત્સ્વરૂપ મોક્ષ માની શકાશે નહિ. મોક્ષ તો પુરુષની કામનાનો વિષય(પુરુષાર્થ) છે. આથી સ્પષ્ટ છે કે લિંગવ્યયસ્વરૂપ જ (લિંગનાશ સ્વરૂપ જ) જીવલય છે. જીવનાશસ્વરૂપ જીવલય નથી. પરંતુ એ પ્રમાણે લિંગનાશ સ્વરૂપ જીવલયને મોક્ષ માનવામાં આવે તો ત્રિદંડીઓનો જૈનમતમાં કથંચિત્પ્રવેશ થઇ જશે. ।।૩૧-૮।।

બૌદ્ધમતનું નિરાકરણ કરાય છે–

**बौद्धास्त्वालयविज्ञानसन्ततिः सेत्यकीर्त्तयन् ।**
**विनान्वयिनमाधारं, तेषामेषा कदर्थना ।।३१-९।।**

बौद्धास्त्विति–बौद्धास्तु आलयविज्ञानसन्ततिः प्रवृत्तिविज्ञानोपप्लवरहिता संहत-ज्ञेयाकारा ज्ञानक्षण-परम्परा सा मुक्तिरित्यकीर्तयन् । यथोक्तं–"चित्तमेव हि संसारो

रागादिक्लेशवासितम् । तदेव तैर्विनिर्मुक्तं भवान्त इति कथ्यते ।।१।।" न च शरीरादिनिमित्ताभावे तदनुपपत्तिः, पूर्वपूर्वविशिष्टक्षणानामेव तद्धेतुत्वाद्विशिष्टभावनात एव तेषां विसभागपरिक्षये प्रवृत्तेः । तेषामन्वयिनं त्रिकालानुगतात्मलक्षणमाधारं विना एषा मुक्तिः कदर्थना । सन्तानस्यावास्तवत्वेन बद्धमुक्तव्यवस्थानुपपत्तेः सर्वथाऽभावीभूतस्य क्षणस्योत्तरसदृशक्षणजननासामर्थ्यादिति ।।३१-९।।

"આલયવિજ્ઞાનની પરંપરાને મુક્તિ તરીકે બૌદ્ધોએ વર્ણવી છે. પરંતુ ત્રિકાલવૃત્તિ આત્માધાર વિના એ મુક્તિ તેમના માટે વિડંબનાસ્વરૂપ છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો અક્ષરાર્થ છે. આશય એ છે કે બૌદ્ધોના મતે આલયવિજ્ઞાનની ધારા સ્વરૂપ મુક્તિ છે. પ્રવૃત્તિવિજ્ઞાન સ્વરૂપ ઉપપ્લવથી રહિત અને જ્ઞેય-ઘટ-પટાદિના આકારથી રહિત એવી જ્ઞાનાત્મક ક્ષણોની પરંપરાને આલયવિજ્ઞાનધારા કહેવાય છે.

બૌદ્ધોના મતે પ્રવૃત્તિવિજ્ઞાનધારા અને આલયવિજ્ઞાનધારા : આ બે પ્રકારની વિજ્ઞાનધારા છે. સામાન્ય રીતે બાહ્ય ઘટપટાદિ વિષયાકારને ગ્રહણ કરનારી વિજ્ઞાનધારા, પ્રવૃત્તિવિજ્ઞાનધારા છે અને તાદૃશ બાહ્ય વિષય સ્વરૂપ જ્ઞેયના આકારનો જેમાં અભાવ છે એવી માત્ર અહમ્(હું) પ્રત્યયવાળી વિજ્ઞાનધારા આલયવિજ્ઞાનધારા સ્વરૂપ છે. જાગ્રદવસ્થામાં પ્રવૃત્તિવિજ્ઞાનધારા હોય છે અને સુષુપ્ત્યવસ્થામાં આલયવિજ્ઞાનધારા હોય છે. સુષુપ્ત્યવસ્થા પછી જાગ્રદવસ્થામાં આલયવિજ્ઞાનથી પ્રવૃત્તિ-વિજ્ઞાન ઉત્પન્ન થાય છે. જે આલયવિજ્ઞાનની ધારાથી ભવિષ્યમાં ક્યારે પણ પ્રવૃત્તિવિજ્ઞાનની ધારા પ્રવર્ત્તતી નથી, તે આલયવિજ્ઞાનની ધારા મુક્તિ છે. તેથી સુષુપ્તિ અવસ્થાની આલયવિજ્ઞાનધારાને મુક્તિસ્વરૂપ માનતા નથી. આ વસ્તુને જણાવવા માટે તેમને ત્યાં જણાવ્યું છે કે રાગાદિક્લેશથી વાસિત ચિત્ત(જ્ઞાન) જ સંસાર છે અને રાગાદિક્લેશોથી રહિત એવું ચિત્ત જ ભવાંત-મોક્ષ કહેવાય છે.

'મોક્ષમાં શરીરાદિનો અભાવ હોવાથી નિમિત્તના અભાવે મુક્તિમાં આલયવિજ્ઞાનની અનુપપત્તિ છે.' - આ પ્રમાણે નહિ કહેવું જોઈએ. કારણ કે પૂર્વ પૂર્વ વિશિષ્ટ જ્ઞાનાત્મક ક્ષણોથી ઉત્તરોત્તર વિશિષ્ટ વિશિષ્ટ વિજ્ઞાનાત્મક ક્ષણોની ઉત્પત્તિ થાય છે. વિશિષ્ટ ભાવનાથી વિસભાગનો પરિક્ષય થવાથી અર્થાત્ પ્રશાંતવાહિતા પ્રાપ્ત થવાથી આલયવિજ્ઞાનધારાની ઉપપત્તિ થાય છે.

વિસભાગનો(સંક્લેશનો) પરિક્ષય; **सर्वं दुःखं दुःखम्, सर्वं क्षणिकं क्षणिकम्, सर्वं स्वलक्षणं स्वलक्षणम्** અને **सर्वं शून्यं शून्यम्** : આ ચાર વિશિષ્ટ ભાવનાથી થાય છે... આ પ્રમાણે બૌદ્ધોની માન્યતા છે. પરંતુ ત્રણેય કાળમાં અનુગત એવા આત્માના (આત્માસ્વરૂપ) આધાર વિના બૌદ્ધો માટે આલયવિજ્ઞાનની ધારા સ્વરૂપ મુક્તિ માનવાની વાત કદર્થનાસ્વરૂપ છે. કારણ કે આત્મસ્વરૂપ આધાર વિના જ્ઞાન ક્યાં ઉત્પન્ન થાય ? 'વિજ્ઞાનની સંતતિ- (ધારા-પરંપરા)માં જ્ઞાન ઉત્પન્ન થાય છે' - આ પ્રમાણે પણ કહી શકાય એવું નથી. કારણ કે તમારા મતે પૂર્વક્ષણનો સર્વથા નાશ થતો હોવાથી તાદૃશજ્ઞાનાત્મક ક્ષણની પરંપરા વાસ્તવિક મનાતી નથી. પરંતુ કાલ્પનિક મનાય છે. જે છે તે સર્વથા એક ક્ષણ સ્વરૂપ છે. તેથી બદ્ધ અને મુક્તની વ્યવસ્થા સંગત નહિ થાય. કારણ કે પ્રવૃત્તિવિજ્ઞાનધારામાં બદ્ધત્વનો વ્યવહાર થતો નથી. પરંતુ તેના સર્વથા વિનાશથી ઉત્તર ક્ષણની પરંપરામાં-આલયવિજ્ઞાનધારામાં મુક્તત્વનો વ્યવહાર થઇ શકશે નહિ. બૌદ્ધોના મતે બદ્ધ મુક્ત થતો નથી. બદ્ધ અને મુક્ત સર્વથા ભિન્ન છે. તેથી તેનો વ્યવહાર અસંગત થશે. કાલ્પનિક એવી વિજ્ઞાનસંતતિમાં વાસ્તવિક બદ્ધત્વ-મુક્તત્વનો વ્યવહાર શક્ય નથી. તેમ જ સર્વથા અભાવરૂપ થયેલા પૂર્વક્ષણથી ઉત્તરક્ષણની ઉત્પત્તિ અશક્ય છે... ઇત્યાદિ, તેના જાણકારો પાસેથી સમજી લેવું જોઇએ. ॥૩૧-૯॥

બૌદ્ધોની માન્યતામાં જે રીતે મુક્તિ સંગત થઇ શકે તે જણાવાય છે–

**विवर्त्तमानज्ञेयार्थापेक्षायां सति चाश्रये ।**
**अस्यां विजयतेऽस्माकं, पर्यायनयदेशना ॥३१-१०॥**

विवर्तमानेति–विवर्तमानाः प्रतिक्षणमन्यान्यपर्यायभाजो ये ज्ञेयार्थास्तदपेक्षाया-माश्रये चान्वयिद्रव्यलक्षणे सति । अस्यामुक्तमुक्तौ । अस्माकं पर्यायनयदेशना विजयते, प्रतिक्षिप्तद्रव्यस्य वौद्धसिद्धान्तस्य परमार्थतः पर्यायार्थिकनयान्तःपातित्वात् । तदुक्तं सम्मतौ–"सुद्धोअणतणयस्स उ परिसुद्धो पज्जवविअप्पो" ॥३१-१०॥

"ક્ષણે ક્ષણે અન્ય અન્ય પર્યાયને ધારણ કરનારા જ્ઞેય પદાર્થોની અપેક્ષાએ જ્ઞાનનો આધાર હોતે છતે આલયવિજ્ઞાનધારા સ્વરૂપ મુક્તિ માનવામાં અમારી પર્યાયનયની દેશના વિજય પામે છે." - આ પ્રમાણે દશમા શ્લોકનો સામાન્યાર્થ

છે. એનો આશય સ્પષ્ટ છે કે, વિવર્ત્તમાન અર્થાત્ પ્રત્યેક ક્ષણે બીજા બીજા પર્યાયના ભાજન બનનારા જે જ્ઞાનના વિષયભૂત પદાર્થો છે, તે પદાર્થોની અપેક્ષાએ અન્વયી (ત્રિકાલવૃત્તિ) દ્રવ્યસ્વરૂપ આશ્રય હોતે છતે; ઉપર જણાવ્યા મુજબ મુક્તિ(આલયવિજ્ઞાનધારાસ્વરૂપ મુક્તિ)ને માનવામાં અમારી(જૈનોની) માન્યતા પ્રમાણે પર્યાયનયની દેશના વિજય પામે છે. કારણ કે સર્વથા દ્રવ્યના અસ્તિત્વનું નિરાકરણ જેમાં છે એવા બૌદ્ધસિદ્ધાંતનો પરમાર્થથી પર્યાયાર્થિકનયમાં સમાવેશ થાય છે. એ પ્રમાણે સંમતિતર્કમાં જણાવ્યું છે કે - શુદ્ધોદન રાજાના પુત્ર એવા ગૌતમબુદ્ધનો મત એકાંતે પર્યાયનયમાં સમાવિષ્ટ છે. અર્થાત્ એ મત પર્યાયનયનો વિકલ્પ છે. ॥૩૧-૧૦॥

મુક્તિના વિષયમાં જ અન્ય મતનું નિરાકરણ કરાય છે–

**स्वातन्त्र्यं मुक्तिरित्यन्ये, प्रभुता तन्मदः क्षयी ।**
**अथ कर्मनिवृत्तिश्चेत्, सिद्धान्तोऽस्माकमेव सः ॥३१-११॥**

स्वातन्त्र्यमिति–स्वातन्त्र्यं मुक्तिरित्यन्ये वदन्ति । तत् स्वातन्त्र्यं यदि प्रभुता तदा मदः, स च क्षयी । अथ चेत् कर्मनिवृत्तिस्तदाऽस्माकमेव स सिद्धान्तः ॥३१-११॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે. કહેવાનો આશય એ છે કે કેટલાક વિદ્વાનો સ્વતંત્રતાને મોક્ષ કહે છે. એ સ્વતંત્રતા જો પ્રભુતા સ્વરૂપ હોય અર્થાત્ સ્વચ્છંદતાસ્વરૂપ હોય તો તે એક પ્રકારનો મદ (અહંકાર) છે. કારણ કે તાદૃશ મદ ક્ષય પામવાનો છે. આવા ક્ષય પામવાના સ્વભાવવાળો મોક્ષ કોઈને પણ ઈષ્ટ નહિ બને. કર્મની નિવૃત્તિના કારણે કર્મની પરતંત્રતાનો અભાવ થવાથી તત્સ્વરૂપ સ્વતંત્રતાને 'મોક્ષ' માનવામાં આવે તો તે અમારો(જૈનોનો) જ સિદ્ધાંત છે. તેથી પરમતમાં પ્રવેશનો પ્રસંગ આવશે... ઈત્યાદિ સ્પષ્ટ છે. ॥૩૧-૧૧॥

સાંખ્યાભિમત મોક્ષના સ્વરૂપનું નિરાકરણ કરાય છે–

**पुंसः स्वरूपावस्थानं, सेति साङ्ख्याः प्रचक्षते ।**
**तेषामेतदसाध्यत्वं, वज्रलेपोऽस्ति दूषणम् ॥३१-१२॥**

पुंस इति–पुंसः पुरुषस्य स्वरूपावस्थानं प्रकृतितद्विकारोपधानविलये चिन्मात्रप्रतिष्ठानं सा मुक्तिरिति साङ्ख्याः प्रचक्षते । तेषामेतस्या मुक्तेरसाध्यत्वं दूषणं वज्रलेपो-

ऽस्ति । एकान्तनित्यात्मरूपायास्तस्या नित्यत्वादुपचरितसाध्यत्वस्याप्रयोजकत्वात् ॥३१-१२॥

"પુરુષનું સ્વરૂપાવસ્થાન - એ મોક્ષ છે, એમ સાંખ્યો કહે છે. તેઓને **મોક્ષ અસાધ્ય છે** - એમ માનવાનું દૂષણ વજ્રલેપ છે." - આ પ્રમાણે બારમા **શ્લોકનો અર્થ છે.** કહેવાનું તાત્પર્ય એ છે કે - સાંખ્યદર્શનની માન્યતા મુજબ **પુરુષ કૂટસ્થ** નિત્ય છે. પ્રકૃતિ અને તેના વિકારાદિ ઉપાધિના કારણે પુરુષના **અભેદગ્રહને** લઈને પુરુષનો સંસાર છે. પરંતુ વિવેકખ્યાતિથી ભેદગ્રહ થવાથી **ઔપાધિક સ્વરૂપનો** વિલય થાય છે, જેથી પુરુષ માત્ર ચિદવસ્થામાં પ્રતિષ્ઠિત **થાય છે.** એ જ પુરુષની મુક્તાવસ્થા છે. તેને જ સાંખ્યો મોક્ષ કહે છે. પુરુષનું **પોતાનું** આ સ્વરૂપાવસ્થાન, પ્રકૃતિ અને તેના વિકાર બુદ્ધિ વગેરેના સાંનિધ્યની **નિવૃત્તિથી** થાય છે.

સાંખ્યોએ માનેલું એ મોક્ષનું સ્વરૂપ સંગત નથી. કારણ કે પુરુષ કૂટસ્થ **નિત્ય** હોવાથી પરમાર્થથી તો તે સદાને માટે સ્વભાવથી જ પોતાના સ્વરૂપમાં **અવસ્થિત** છે. પ્રકૃત્યાદિના સાંનિધ્યના કારણે વિભાવાવસ્થામાં અવસ્થિતિ તો **વાસ્તવિક** નથી, ઔપાધિક છે. તેથી ઔપાધિક-ઉપચરિત બદ્ધાદિ અવસ્થા છે. **આવા પ્રકારના** ઔપચારિક મોક્ષ માટે કોઈ પ્રયત્ન નહિ કરે, ઈચ્છા પણ નહિ **કરે.** ઉપચરિત સાધ્યત્વ વસ્તુની સિદ્ધિમાં ઉપયોગી ન બને. તેથી મોક્ષમાં **પુરુષાર્થત્વનો** અભાવ હોવાથી સાંખ્યોને અસાધ્યત્વ દૂષણ વજ્રલેપ છે. કોઈ **પણ** રીતે તે દૂર થાય એમ નથી... ઈત્યાદિ ઉપયોગપૂર્વક સમજી લેવું જોઈએ. ॥૩૧-૧૨॥

**બૌદ્ધવિશેષની** મોક્ષસંબંધી માન્યતાનું નિરાકરણ કરાય છે–

**पूर्वचित्तनिवृत्तिः साग्रिमानुत्पादसङ्गता ।**
**इत्यन्ये श्रयते तेषामनुत्पादो न साध्यताम्** ॥३१-१३॥

पूर्वेति–अग्रिमानुत्पादसङ्गताऽग्रिमचित्तानुत्पादविशिष्टा पूर्वचित्तनिवृत्तिः सा **मुक्तिरित्यन्ये** । तेषामनुत्पादः साध्यतां न श्रयत इति मुक्तेरपुरुषार्थत्वापत्तिरेव दोषः ॥३१-१३॥

"અગ્રિમ ચિત્તની અનુત્પત્તિથી સહિત એવી પૂર્વચિત્તની નિવૃત્તિ-મુક્તિ છે : એમ કેટલાક લોકો(બૌદ્ધવિશેષ) કહે છે. પરંતુ તે વિદ્વાનોના મતમાં પણ અનુત્પાદ સાધ્યતાનો આશ્રય કરતો નથી." - આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે સામાન્ય રીતે વિજ્ઞાન- (ચિત્ત)ની ધારા એકસરખી ચાલતી હોય છે. એમાં પૂર્વ પૂર્વ ચિત્તની નિવૃત્તિ થાય છે અને ઉત્તર ઉત્તર ચિત્તની ઉત્પત્તિ થતી હોય છે. જ્યારે પણ પૂર્વેના ચિત્તની નિવૃત્તિ થવા છતાં ઉત્તર ચિત્તની ઉત્પત્તિ થતી નથી ત્યારે તે અગ્રિમ ચિત્તના અનુત્પાદને મુક્તિ કહેવાય છે. અર્થાદ્ અગ્રિમચિત્તના અનુત્પાદથી વિશિષ્ટ પૂર્વચિત્તની નિવૃત્તિ મુક્તિ છે. આ પ્રમાણે કેટલાક બૌદ્ધોની માન્યતા છે. પરંતુ તેમની માન્યતામાં પણ મુક્તિમાં પુરુષાર્થત્વાભાવનો પ્રસંગ છે જ. કારણ કે અનુત્પાદ, સાધ્ય નથી... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૩૧-૧૩॥

ચાર્વાક-નાસ્તિકમતનું નિરાકરણ કરાય છે–

**सात्महानमिति प्राह, चार्वाकस्तत्तु पाप्मने ।**
**तस्य हातुमशक्यत्वात्तदनुद्देशतस्तथा ॥३१-१४॥**

सेति–आत्महानं सा मुक्तिरिति चार्वाकः प्राह । तत्तु वचनं श्रूयमाणमपि पाप्मने भवति । तस्यात्मनो हातुमशक्यत्वादसतो नित्यनिवृत्तत्वात्, सतश्च वीतरागजन्मादर्शनन्यायेन नित्यत्वात्, सर्वथा हानासिद्धेः । तथा पर्यायार्थतया तद्धानावपि तदनुद्देशत आत्महानानभिलापात् । मुक्तिपदार्थस्य च निरुपधीच्छाविषयत्वात् ॥३१-१४॥

"આત્માની હાનિ(ધ્વંસ) મુક્તિ છે : એમ ચાર્વાક કહે છે. ચાર્વાકનું એ વચન સાંભળવાથી પણ પાપ લાગે છે. કારણ કે આત્માની હાનિ શક્ય નથી. તેમ જ તેનો ઉદ્દેશ પણ નથી." - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે ચાર્વાકો શરીરથી અતિરિક્ત આત્માને માનતા નથી. તેથી શરીરના ધ્વંસની સાથે જ શરીરસ્વરૂપ આત્માનો પણ ધ્વંસ થવાથી તત્સ્વરૂપ (આત્મહાનિસ્વરૂપ) મોક્ષ થાય છે. નાસ્તિકોના એ વચનનું શ્રવણ પણ પાપનું કારણ બને છે. કારણ કે શરીરથી અતિરિક્ત એવા સર્વજનપ્રસિદ્ધ આત્માનો જ જ્યાં સ્વીકાર ન હોય ત્યાં મોક્ષની વાત, માત્ર વાત જ છે.

આત્મા અસદ્ હોય તો શશશૃંગાદિની જેમ સદાને માટે તેનું અસ્તિત્વ હોતું જ નથી. કારણ કે અસદ્ સદાને માટે અસદ્ હોય છે. તેથી અસદ્ એવા આત્માની હાનિ સર્વથા અશક્ય છે. તેમ જ આત્મા સત્ હોય તો વીતરાગનો જન્મ થતો ન હોવાથી અને સરાગીનો જ જન્મ થતો હોવાથી આત્મા અનાદિકાલીન છે તે સિદ્ધ થાય છે. તેથી જ અનાદિભાવભૂત પદાર્થનો નાશ થતો ન હોવાથી આત્મા અનંત છે, તે સિદ્ધ થાય છે. આ રીતે આત્મા નિત્ય હોવાથી સર્વથા તેની હાનિ શક્ય નથી.

યદ્યપિ દ્રવ્યને આશ્રયીને તેની હાનિ શક્ય ન હોવા છતાં મનુષ્યત્વાદિ પર્યાયને આશ્રયીને તેનો નાશ શક્ય છે. પરંતુ તેવી હાનિનો ઉદ્દેશ ન હોવાથી મોક્ષ પુરુષાર્થસ્વરૂપ નહીં બને. "તે તે દુઃખકારણાદિ સ્વરૂપ પર્યાયના નાશનો ઉદ્દેશ હોવાથી તે સ્વરૂપે મોક્ષ પુરુષાર્થસ્વરૂપ બની શકે છે." - આ પ્રમાણે નહિ કહેવું જોઈએ. કારણ કે મોક્ષ અન્ય ઈચ્છાને અનધીન એવી ઈચ્છાનો વિષય છે... ઈત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું જોઈએ. અહીં તો માત્ર ગ્રંથમાં પ્રતિપાદન કરાયેલા પદાર્થને સંક્ષેપથી સમજાવવાનું તાત્પર્ય છે, જે ઉપર જણાવ્યા મુજબ સમજી શકાય છે. ॥૩૧-૧૪॥

હવે તૌતાતિતની માન્યતાનું નિરાકરણ કરાય છે–

**नित्योत्कृष्टसुखव्यक्तिरिति तौतातिता जगुः ।**
**नित्यत्वं चेदनन्तत्वमत्र तत्सम्मतं हि नः ॥३१-१५॥**

नित्येति–नित्यमुत्कृष्टं च निरतिशयं यत्सुखं तद्व्यक्तिर्मुक्तिरिति तौतातिता जगुः । अत्र मते नित्यत्वमनन्तत्वं चेत्तत्तदा नोऽस्माकं हि निश्चितं सम्मतम् । सिद्धसुखस्य साद्यपर्यवसितत्वाभिधानात् । तस्य च मुक्तावभिव्यक्तेः ॥३१-१५॥

"નિત્ય ઉત્કૃષ્ટ સુખની અભિવ્યક્તિને તૌતાતિતો મુક્તિ તરીકે વર્ણવે છે. એમાં નિત્યત્વ અનંતત્વસ્વરૂપ હોય તો તે અમને સંમત જ છે." - આ પ્રમાણે પંદરમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે. સર્વશ્રેષ્ઠ નિત્ય એવા સુખની જે અભિવ્યક્તિ છે એને તુતાત નામના વિદ્વાનના અનુયાયીઓ મુક્તિ કહે છે. તેમની માન્યતાના સુખનું નિત્યત્વ જો અનંતત્વસ્વરૂપ હોય તો ચોક્કસ જ તે અમને સંમત છે. કારણ કે અમારે ત્યાં શ્રી સિદ્ધપરમાત્માઓનું

સર્વોત્કૃષ્ટ સુખ સાદિ-અપર્યવસિત(અનંત)સ્વરૂપે વર્ણવેલું છે. તે સુખની અભિવ્યક્તિ મોક્ષમાં થાય છે. ॥૩૧-૧૫॥

તૌતાતિતોની જ માન્યતાને અનુલક્ષીને જણાવાય છે–

**अथानादित्वमेतच्चेत्, तथाप्येष नयोऽस्तु नः ।**
**सर्वथोपगमे च स्यात्, सर्वदा तदुपस्थितिः ॥३१-१६॥**

अथेति–अथैतन्मुक्तिसुखे नित्यत्वमनादित्वं चेत्तथापि न एष नयोऽस्तु संसारदशायां कर्माच्छन्नस्यापि सुखस्य द्रव्यार्थतया शाश्वतात्मस्वभावत्वात् । सर्वथोपगमे चैकान्ततोऽनादित्वाश्रयणे च सर्वदा संसारदशायामपि तदुपस्थितिर्मुक्तिसुखाभिव्यक्तिः स्याद् । अभिव्यञ्जकाभावेन तदा तदभिव्यक्त्यभावसमर्थने च घटादेरपि दण्डाद्यभिव्यङ्ग्यत्वस्य सुवचत्वे साङ्ख्यमतप्रवेशापातात् ॥३१-१६॥

નિત્ય ઉત્કૃષ્ટ એવા સુખની અભિવ્યક્તિને મુક્તિ માનનારાઓના મતમાં "અનાદિત્વસ્વરૂપ નિત્યત્વ હોય તોપણ તે અમારી-જૈનોની માન્યતાનો નય છે. સર્વથા અનાદિત્વસ્વરૂપ નિત્યત્વ માનવામાં આવે તો નિત્ય ઉત્કૃષ્ટ સુખની અભિવ્યક્તિ સર્વદા થયા જ કરશે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો સામાન્યાર્થ છે. તેનો અર્થ સ્પષ્ટ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે, જો મુક્તિના સુખમાં રહેલું નિત્યત્વ, અનાદિત્વસ્વરૂપ હોય તો તે નય અમારો છે જ. કારણ કે સંસારની દશામાં કર્મથી આચ્છાદિત પણ સુખ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ શાશ્વત આત્મસ્વભાવ રૂપ છે. આત્મા જેમ સર્વદા વિદ્યમાન છે, તેમ તેનું સુખ પણ સર્વદા વિદ્યમાન છે જ.

સર્વથા (અર્થાત્ પર્યાયાર્થિકનયથી પણ) સુખમાં અનાદિત્વસ્વરૂપ નિત્યત્વ માની લેવામાં આવે તો તે નિત્ય ઉત્કૃષ્ટ સુખની અભિવ્યક્તિ સર્વદા થવાનો પ્રસંગ આવશે. યદ્યપિ તેના નિવારણ માટે એમ કહી શકાય છે કે નિત્યસુખના અભિવ્યંજક સર્વદા ન હોવાથી તે નિત્ય હોવા છતાં તેની અભિવ્યક્તિ સર્વદા થતી નથી. પરંતુ એમ કહેવાથી તો ઘટાદિને પણ સર્વથા નિત્ય માનીને દંડાદિ સ્વરૂપ અભિવ્યંજકના અભાવે તેની અભિવ્યક્તિ સર્વદા થતી નથી - આ પ્રમાણે પણ સારી રીતે કહી શકાય છે અને તેથી સાંખ્યમતમાં પ્રવેશનો પ્રસંગ આવશે. આથી સમજી શકાશે કે કથંચિદ્ અનાદિત્વ સ્વરૂપ

નિત્યત્વ મુક્તિસુખમાં માનવું જોઇએ, જે અમારો-જૈનોનો માન્ય નય છે. ||૩૧-૧૬||

વેદાંતીઓના મતનું નિરાકરણ કરાય છે–

**वेदान्तिनस्त्वविद्यायां, निवृत्तायां विविक्तता ।**
**सेत्याहुः साऽपि नो तेषामसाध्यत्वादवस्थितेः ||३१-१७||**

वेदान्तिनस्त्विति–वेदान्तिनस्तु अविद्यायां निवृत्तायां विविक्तता केवलात्मावस्थान मा मुक्तिरित्याहुः, सापि नो तेषां युक्तेति शेषः । अवस्थितेर्विज्ञानसुखात्मकस्य ब्रह्मणः प्रागप्यवस्थानादसाध्यत्वात् । कण्ठगतचामीकरन्यायेन भ्रमादेव नात्र(ऽ)प्रवृत्तिरिति तु भ्रान्तपर्षदि वक्तुं शोभत इति भावः ||३१-१७||

"અવિદ્યાની નિવૃત્તિ થયે છતે આત્માની સ્વ-સ્વરૂપમાં જે અવસ્થિતિ છે, તેને મુક્તિ તરીકે વેદાંતીઓ વર્ણવે છે. પરંતુ એ પણ યુક્ત નથી. કારણ કે અનાદિકાળથી આત્માની સ્વરૂપમાં અવસ્થિતિ હોવાથી મુક્તિમાં સાધ્યત્વ નથી." - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે વેદાંતીઓના મતે આત્માની બદ્ધાવસ્થા(સંસારદશા) અવિદ્યાના કારણે છે. એ અવિદ્યાની નિવૃત્તિ થયે છતે આત્મા અવિદ્યાથી વિવિક્ત થાય છે. આવી તેની કેવળ અવસ્થિતિને વેદાંતીઓ મુક્તિ કહે છે. પરંતુ તે યુક્ત નથી. કારણ કે વેદાંતીઓના મતે આત્મા અનાદિકાળથી શુદ્ધ જ છે. તેથી અવિદ્યાની નિવૃત્તિ પૂર્વે પણ આત્માનું કેવળ જ અવસ્થાન હોવાથી આત્માની મુક્તિ સિદ્ધ જ છે, જેથી મુક્તિમાં સાધ્યત્વ રહેતું નથી. બ્રહ્મસ્વરૂપ આત્માનો મોક્ષ અનાદિથી સિદ્ધ જ હોવાથી તેમાં સાધ્યત્વ(સિદ્ધિની ઇચ્છાનું વિષયત્વ-પુરુષાર્થત્વ) ન હોય એ સ્પષ્ટ છે.

યદ્યપિ ઉપર જણાવ્યા મુજબ બ્રહ્મનું કેવળ અવસ્થાન સિદ્ધ હોવા છતાં કંઠમાં રહેલા સુવર્ણના અલંકારને જેમ ભ્રમથી શોધવામાં આવે છે તેમ એ કંઠગત ચામીકરન્યાયથી આત્માને હું બંધાયેલો છું, અજ્ઞાની છું અને દુઃખી છું... ઇત્યાદિ ભ્રમ થાય છે. એની નિવૃત્તિ સ્વરૂપ અવસ્થાથી પ્રાપ્ત સ્વરૂપાવસ્થિતિ મુક્તિ છે અને તેથી તેમાં સાધ્યત્વ અનુપપન્ન નથી. એ ભ્રમથી જ મુમુક્ષુઓની સંન્યાસાદિમાં પ્રવૃત્તિ થાય છે... પરંતુ આ બધું ભ્રાંત પુરુષોની પર્ષદામાં કહેવાનું ઉચિત છે, વિદ્વાનોની પર્ષદામાં કહેવાનું ઉચિત નથી. ||૩૧-૧૭||

આ રીતે પરમતોનું નિરાકરણ કરીને હવે સ્વમતને જણાવાય છે–

**कृत्स्नकर्मक्षयो मुक्तिरित्येष तु विपश्चिताम् ।**
**स्याद्वादामृतपानस्योद्गारः स्फारनयाश्रयः ॥३१-१८॥**

कृत्स्नेति–कृत्स्नानां कर्मणां ज्ञानावरणादीनां क्षयो मुक्तिरित्येष तु विपश्चितामेकान्तपण्डितानां स्याद्वादामृतपानस्योद्गारः । स्फारा ये नयास्तत्तत्तन्त्रप्रसिद्धार्थास्तदाश्रयः षड्दर्शनसमूहमयत्वस्य जैनदर्शने सम्मतत्वात् ॥३१-१८॥

"સકળ કર્મોનો ક્ષય મુક્તિ છે - આ તો વિદ્વાનોનો તે તે સ્પષ્ટ નયોના આશ્રયે ઉત્પન્ન થયેલો, સ્યાદ્વાદરૂપ અમૃતના પાનનો ઉદ્ગાર છે." - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જ્ઞાનાવરણીય... વગેરે સકળ કર્મોનો જે ક્ષય છે, તે મુક્તિ છે. આ તો એકાંતે પંડિત એવા પ્રાજ્ઞપુરુષોએ કરેલા સ્યાદ્વાદસ્વરૂપ અમૃતના પાનથી ઉત્પન્ન થયેલો ઉદ્ગાર છે, જે અત્યંત સ્પષ્ટપણે પ્રતીત થયેલા નયને આશ્રયીને ઉત્પન્ન થયેલો છે. કારણ કે ષડ્દર્શનસમૂહમયત્વ જૈનદર્શનમાં શાસ્ત્રસંમત છે... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૩૧-૧૮॥

नयानेवात्राभिव्यनक्ति–

અહીં મોક્ષના વિષયમાં નયને જ જણાવાય છે–

**ऋजुसूत्रादिभिर्ज्ञानसुखादिकपरम्परा ।**
**व्यङ्ग्यमावरणोच्छित्त्या सङ्ग्रहेणेष्यते सुखम् ॥३१-१९॥**

ऋजुसूत्रादिभिरिति–ऋजुसूत्रादिभिर्नयैर्ज्ञानसुखादिकपरम्परा मुक्तिरिष्यते । शुद्धनयैस्तैरुत्तरोत्तरविशुद्धपर्यायमात्राभ्युपगमाद् ज्ञानादीनां क्षणरूपतायाः क्षणसत्तयापि सिद्धेः, तस्याः क्षणतादात्म्यनियतत्वात्, क्षणस्वरूपे तथादर्शनात् । सङ्ग्रहेण सङ्ग्रहनयेनावरणोच्छित्त्या व्यङ्ग्यं सुखं मुक्तिरिष्यते । तद्धि जीवस्य स्वभावः सेन्द्रियदेहाद्यपेक्षाकारणस्वरूपावरणेनाच्छाद्यते । प्रदीपस्यापवरकावस्थितपदार्थप्रकाशकत्वस्वभाव इव तदावारकशरावादिना । तदपगमे तु प्रदीपस्येव जीवस्यापि विशिष्टप्रकाशस्वभावोऽयत्नसिद्ध एवेति । शरीराभावे ज्ञानसुखाद्यभावोऽप्रेर्य एव । अन्यथा शरावाद्यभावे प्रदीपादेरभावप्रसङ्गात् । शरावादेः प्रदीपाद्यजनकत्वान्नोक्तप्रसङ्ग इति चेन्न, तथाभूतप्रदीपपरिणत्यजनकत्वे शरावादेस्तदनावारकत्वप्रसङ्गादिति ॥३१-१९॥

"ઋજુસૂત્ર વગેરે નયો જ્ઞાન, સુખ વગેરેની પરંપરાને મુક્તિ માને છે અને આવરણનો ઉચ્છેદ થવાથી પ્રગટ થનારા સુખને મુક્તિ માને છે." - આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. એના આશયને વર્ણવતાં ટીકામાં ફરમાવ્યું છે કે - ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નય જ્ઞાન-સુખાદિની પરંપરાને મુક્તિ તરીકે વર્ણવે છે. શુદ્ધનયો ઉત્તરોત્તર વિશુદ્ધ પર્યાયમાત્રનો સ્વીકાર કરતાં હોવાથી જ્ઞાન-સુખાદિની પરંપરા સ્વરૂપ જ મુક્તિનો તે નયો સ્વીકાર કરે છે.

જ્ઞાનાદિ ક્ષણસ્વરૂપ છે : એ, જ્ઞાનાદિની ક્ષણિક સત્તાથી સિદ્ધ થાય છે. કારણ કે ક્ષણમાત્ર સત્તા, ક્ષણના અભેદ(તાદાત્મ્ય, સ્વરૂપ)ની વ્યાપ્ય છે. "જ્યાં જ્યાં ક્ષણિક સત્તા છે ત્યાં ત્યાં ક્ષણનો અભેદ છે. દા.ત. ક્ષણનું સ્વરૂપ." આ વ્યાપ્તિથી(નિયમથી) જ્ઞાનાદિ ક્ષણસ્વરૂપ સિદ્ધ થાય છે.

સંગ્રહનયની અપેક્ષાએ આવરણના વિચ્છેદથી અભિવ્યક્ત થનારા સુખને મુક્તિ કહેવાય છે. આ સુખસ્વરૂપ મુક્તિ જીવનો સ્વભાવ છે. એ સ્વભાવ ઇન્દ્રિયસહિત-શરીરાદિસ્વરૂપ અપેક્ષાકારણાત્મક આવરણથી આચ્છાદિત બને છે. આશય એ છે કે ઇન્દ્રિયાદિજન્ય જ્ઞાનની પ્રત્યે ઇન્દ્રિયસહિત શરીરાદિની અપેક્ષા છે. તેથી તે તેવા પ્રકારના જ્ઞાનની પ્રત્યે અપેક્ષા કારણ છે અને તે આત્માના સ્વભાવભૂત જ્ઞાનાદિની પ્રત્યે આવરણભૂત બને છે. અર્થાત્ તે શરીરાદિ આત્માના સ્વભાવભૂત જ્ઞાનાદિની પ્રત્યે પ્રતિબંધક છે. જેમ ઓરડામાં રહેલી ચીજોને પ્રકાશિત કરવાનો પ્રદીપનો સ્વભાવ હોવા છતાં દીપક ઉપર કોડિયું ઢાંકી દેવામાં આવે તો તે તેવા પ્રકારના સ્વભાવનો પ્રતિબંધ કરે છે. દીપક ઉપરથી કોડિયું લઇ લઇએ તો પ્રદીપનો સ્વભાવ પ્રગટ થાય છે. તેમ જ ઇન્દ્રિયો અને શરીરાદિનો વિચ્છેદ થવાથી આત્માના જ્ઞાન, સુખ વગેરે ગુણો (સ્વભાવભૂત ગુણો) પ્રગટ થાય છે; જે પ્રયત્ન વિના જ સિદ્ધ છે.

યદ્યપિ આ રીતે તો શરીરાદિના અભાવમાં તો જ્ઞાનસુખાદિનો પણ અભાવ થશે. કારણ કે જ્ઞાનાદિની પ્રત્યે શરીરાદિ કારણ હોવાથી કારણના અભાવમાં કાર્યનો અભાવ થાય - એ સ્પષ્ટ છે. આવી શંકા કરી શકાય છે. પરંતુ તે બરાબર નથી. કારણ કે એવી શંકા કરવામાં આવે તો શરાવાદિ(કોડિયાદિ)ના અભાવમાં પ્રદીપાદિના અભાવનો પણ પ્રસંગ આવશે - એ પ્રમાણે પણ કહી

શકાશે. "શરાવાદિ પ્રદીપાદિનાં જનક ન હોવાથી શરાવાદિના અભાવે પ્રદીપાદિના અભાવનો પ્રસંગ નહીં આવે, પરંતુ શરીરાદિ તો જ્ઞાનાદિનાં જનક હોવાથી તેના અભાવમાં જ્ઞાનાદિના અભાવનો પ્રસંગ આવશે." - આ પ્રમાણે નહિ કહેવું જોઇએ. કારણ કે શરાવાદિને પણ તાદૃશ અવરુદ્ધ સ્વસ્વભાવવાળા પ્રદીપના પરિણામનાં જનક મનાય છે. અન્યથા શરાવાદિને તેવા પરિણામવાળા પ્રદીપાદિનાં જનક માનવામાં ન આવે તો શરાવાદિ પ્રદીપના પ્રકાશનાં આવારક બની શકશે નહીં... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૩૧-૧૯॥

વ્યવહારનયથી મુક્તિનું સ્વરૂપ વર્ણવાય છે—

**क्षयः प्रयत्नसाध्यस्तु, व्यवहारेण कर्मणाम् ।**
**न चैवमपुमर्थत्वं, द्वेषयोनिप्रवृत्तितः ॥३१-२०॥**

क्षय इति–व्यवहारेण तु प्रयत्नसाध्यः कर्मणां क्षयो मुक्तिरिष्यते, अन्वयव्यतिरेकानुविधानेन तत्प्रवृत्तेः, ज्ञानादीनां कर्मक्षये तदनुविधानात् । न चैव कर्मक्षयस्य मुक्तित्वाभ्युपगमेऽपुमर्थत्वं मुक्तेर्द्वेषयोनिप्रवृत्तितः साक्षाद्दुःखहेतुनाशोपायेच्छाविषयत्वेन परमपुरुषार्थत्वाविरोधात् ॥३१-२०॥

"પ્રયત્નથી સાધ્ય એવા કર્મક્ષયને વ્યવહારનય મુક્તિ માને છે. 'આથી મોક્ષમાં અપુરુષાર્થત્વ આવે છે.'... આ પ્રમાણે નહીં કહેવું. કારણ કે દ્વેષમૂલક અહીં પ્રવૃત્તિ થાય છે." - આ પ્રમાણે વીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે. વ્યવહારનયને આશ્રયીને પ્રયત્નથી સાધ્ય એવો જે કર્મોનો ક્ષય છે તેને મુક્તિ કહેવાય છે.

સામાન્ય રીતે અન્વય અને વ્યતિરેકના નિયમને અનુસરીને વ્યવહારનયની પ્રવૃત્તિ છે. સત્ત્વને લઇને જે નિયમ છે, તેને અન્વય કહેવાય છે. (જ્યાં ધૂમ છે ત્યાં અગ્નિ છે - આ અન્વય નિયમ છે.) અને વસ્તુના અસત્ત્વને લઇને જે નિયમ છે તેને વ્યતિરેક કહેવાય છે. (જ્યાં વહ્નિ નથી, ત્યાં ધૂમ નથી - આ વ્યતિરેક નિયમ છે.) આ અન્વય-વ્યતિરેકને આશ્રયીને વ્યવહારનયે જ્ઞાનાવરણીય કર્મોના ક્ષયના વિષયમાં અન્વય-વ્યતિરેકને અનુસરી જ્ઞાનાચારાદિની પ્રવૃત્તિ થાય છે. તેથી આ રીતે પ્રયત્નથી સાધ્ય એવાં કર્મોના ક્ષયને વ્યવહારનયની અપેક્ષાએ મુક્તિ કહેવાય છે.

યદ્યપિ આ રીતે કર્મક્ષયસ્વરૂપ મુક્તિ માનીએ તો તેમાં પ્રયત્નસાધ્યત્વ હોવા છતાં ઇચ્છાવિષયત્વસ્વરૂપ પુરુષાર્થત્વ નહીં રહે. (કારણ કે દુઃખધ્વંસની ઇચ્છા થાય પણ કર્મક્ષયની ઇચ્છા ન થાય) પરંતુ મુક્તિના વિષયમાં દ્વેષમૂલક પ્રવૃત્તિ થતી હોવાથી અર્થાત્ સાક્ષાત્ દુઃખનાશના ઉપાયભૂત કર્મનાશની ઇચ્છાનું વિષયત્વ કર્મનાશમાં હોવાથી મુક્તિમાં પરમપુરુષાર્થત્વનો કોઇ વિરોધ નથી... એ સમજી શકાય છે. ॥૩૧-૨૦॥

દુઃખનાશ માટે જ પ્રવૃત્તિ કરાય છે. કર્મનાશ માટે કોઇ પ્રવૃત્તિ ન કરે, તેથી કર્મધ્વંસસ્વરૂપ મોક્ષમાં કોઇ પ્રવૃત્તિ ન કરે તો તેમાં પુમર્થત્વની અનુપપત્તિ થશે : આ શંકાનું સમાધાન કરાય છે–

**दुःखद्वेषे हि तद्धेतून्, द्वेष्टि प्राणी नियोगतः ।**
**जायतेऽस्य प्रवृत्तिश्च, ततस्तन्नाशहेतुषु ॥३१-२१॥**

दुःखद्वेषे हीति–दुःखद्वेषे हि सति प्राणी तद्धेतून् दुःखहेतून् नियोगतो निश्चयतो द्वेष्टि । अस्य दुःखहेतुद्विषश्च ततस्तन्नाशहेतुषु दुःखोपायनाशहेतुषु ज्ञानादिषु प्रवृत्तिर्जायते । दुःखद्वेष्य(षे)स्य दुःखहेतुनाशोपायेच्छा - दुःखहेतुद्वेषयोस्तयोश्च दुःखहेतुनाशहेतुप्रवृत्तौ स्वभावतो हेतुत्वात् । अनुस्यूतैकोपयोगरूपत्वेऽपि क्रमानुवेधेन हेतुहेतुमद्भावाविरोधात् । क्रमिकाक्रमिकोभयस्वभावोपयोगस्य तत्र तत्र व्यवस्थापितत्वात् ॥३१-२१॥

"દુઃખની પ્રત્યે દ્વેષ આવે તો તે જીવ દુઃખના ઉપાયની પ્રત્યે અવશ્ય દ્વેષ કરવાનો છે. તેથી એવા જીવની દુઃખના નાશના હેતુઓને વિશે પ્રવૃત્તિ થાય છે." - આ પ્રમાણે એકવીસમા શ્લોકનો અર્થ છે. એના આશયનું વર્ણન કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે - દુઃખની પ્રત્યે દ્વેષ હોતે છતે પ્રાણી દુઃખના હેતુઓ ઉપર ચોક્કસ જ દ્વેષ કરે છે. આ દુઃખદ્વેષીની, દુઃખના ઉપાયભૂત કર્મના નાશના હેતુઓમાં અર્થાત્ જ્ઞાનાદિમાં પ્રવૃત્તિ થાય છે જ. કારણ કે દુઃખ પ્રત્યેનો દ્વેષ, દુઃખના હેતુઓના નાશના ઉપાયોની ઇચ્છા અને દુઃખના હેતુઓ પ્રત્યેનો દ્વેષ : એ બંન્નેની પ્રત્યે સ્વભાવથી જ કારણ છે અને એ બંન્ને સ્વભાવથી જ દુઃખહેતુના નાશના હેતુની પ્રવૃત્તિમાં કારણ છે. (જ્ઞાનાચારાદિની પ્રવૃત્તિમાં કારણ છે.) આથી સમજી શકાય એવું છે કે - દુઃખની પ્રત્યે દ્વેષ હોય એટલે દુઃખના હેતુઓ પ્રત્યે

દ્વેષ થાય અને તેથી તેના નાશના ઉપાયની પણ ઈચ્છા થાય અને તેથી એ બંન્નેના કારણે દુઃખહેતુના નાશના ઉપાયભૂત જ્ઞાનાચારાદિમાં પ્રવૃત્તિ પણ થાય છે.

યદ્યપિ દુઃખદ્વેષ અને દુઃખહેતુભૂતકર્મ પ્રત્યેનો દ્વેષ : આ બંન્ને દીર્ઘ એક ઉપયોગથી સંબદ્ધ (પરસ્પર એકબીજામાં સંમિલિત) હોવાથી સમાનકાલીન બંન્નેમાં કાર્યકારણભાવ માનવાનું યોગ્ય નથી. પરંતુ તે દીર્ઘ એક ઉપયોગમાં ક્રમ પણ અનુવિદ્ધ હોવાથી એ બંન્નેનો પૂર્વાપરીભાવ પણ અનુભવાય છે. તેથી કાર્યકારણભાવની કોઈ અનુપપત્તિ નથી. અનાદિકાળથી દુઃખ પ્રત્યેનો દ્વેષ તો આત્મામાં પડેલો જ છે. પરંતુ જ્યારે દુઃખનું કયું કારણ છે, તેનું જ્ઞાન થાય એટલે દુઃખના કારણ પ્રત્યે દ્વેષ થતો હોય છે. તેથી દુઃખદ્વેષ દુઃખના હેતુના દ્વેષનું કારણ બને છે. આ પ્રમાણે એ બંન્નેમાં પૂર્વાપરીભાવ હોવાથી ક્રમિક અવસ્થાનો અનુભવ થતો હોય છે અને પાછળથી બંન્ને એકબીજાની સાથે મળી જવાથી સહભાવ-અક્રમિક અવસ્થાનો અનુભવ થાય છે. એક જ ઉપયોગમાં ક્રમિકાક્રમિકોભય એક સ્વભાવ પ્રતીત થતો હોવાથી તે પ્રમાણે માનવામાં કોઈ દોષ નથી... ઈત્યાદિ સ્યાદ્વાદકલ્પલતા... ઈત્યાદિમાં જણાવ્યું છે. જે તેના અધ્યયનાદિથી જાણી લેવું જોઈએ. ॥૩૧-૨૧॥

इत्थं चात्र दुःखं मा भूदित्युद्देशे दुःखहेतुनाशविषयकत्वं फलितमित्येतदन्यत्राप्यतिदिशन्नाह–

ઉપર જણાવ્યા મુજબ એ નિશ્ચિત થયું કે - 'મને દુઃખ ન થાઓ' આવા પ્રકારનો જે ઉદ્દેશ છે; તેનો વિષય, દુઃખને ઉત્પન્ન કરનારાં કારણોનો નાશ છે. તેથી તેનો અન્યત્ર અતિદેશ જણાવાય છે–

**अन्यत्राप्यसुखं मा भून्माङोऽर्थेऽत्रान्वयः स्थितः ।**
**दुःखस्यैवं समाश्रित्य, स्वहेतुप्रतियोगिताम् ॥३१-२२॥**

अन्यत्रापीति–अन्यत्रापि प्रायश्चित्तादिस्थलेऽपि 'असुखं मा भूद्' अत्र माङोऽर्थे ध्वंसे । एवमुक्तरीत्या दुःखस्य स्वहेतुप्रतियोगितामाश्रित्यान्वयः स्थितः । तत्पापजन्यदुःखाप्रसिद्ध्या तद्ध्वंसस्यासाध्यत्वात् । अस्तु वा दुःखद्वेषस्यैवायमुल्लेखः । मुख्यप्रयोजनविषयकेच्छाविषयत्वेन च मुख्यप्रयोजनत्वमविरुद्धमिति भावः ॥३१-२२॥

"બીજે પ્રાયશ્ચિત્તાદિ સ્થળે પણ 'મને દુઃખ ન થાઓ' (**असुखं मा भूद्**) અહીં **माङ्** અવ્યયના અર્થ ધ્વંસમાં દુઃખનો અન્વય પોતાના હેતુમાં રહેલી પ્રતિયોગિતાને આશ્રયીને થાય છે." - આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પાપનું પ્રાયશ્ચિત્ત વગેરે કરતી વખતે પ્રાયશ્ચિત્ત કરનારનો આશય એ છે કે 'મને દુઃખ ન થાય.' અહીં **दुःखं मा भूद्** અને **असुखं मे मा भूद्** ઇત્યાદિ વાક્યોમાં **माङ्** અવ્યયનો અર્થ ધ્વંસ છે. તેમાં દુઃખનો અન્વય(સંબંધ) છે. તે અન્વય 'પોતાના(સ્વ) હેતુ-નિષ્ઠ-પ્રતિયોગિતા-નિરૂપકત્વ' સંબંધથી સમજાય છે. પૂર્વે જણાવ્યા મુજબ મોક્ષ કર્મક્ષયસ્વરૂપ હોવાથી તેની પુમર્થતા જેમ દુઃખના હેતુના નાશના ઉપાયની ઇચ્છાના વિષયરૂપે છે તેમ અહીં પણ ધ્વંસમાં સાક્ષાત્ દુઃખનો સંબંધ નથી, પરંતુ દુઃખના હેતુને આશ્રયીને છે. આ અતિદેશ છે.

**दुःखं मा भूद्** અહીં **माङ्(मा)** નો અર્થ ધ્વંસ છે. એમાં દુઃખનો અન્વય '**स्वहेतुनिष्ठप्रतियोगितानिरूपकत्व**' સંબંધથી છે. સ્વ-દુઃખ, તેનો હેતુ પાપ; તેમાં રહેલી પ્રતિયોગિતાનો નિરૂપક પાપધ્વંસ, તેમાં તાદૃશનિરૂપકત્વ છે. સ્વહેતુનિષ્ઠપ્રતિયોગિતાનિરૂપકત્વાત્મક સંબંધ ધ્વંસમાં છે. તેથી તે સંબંધથી સ્વ-દુઃખ ધ્વંસમાં છે. યદ્યપિ દુઃખનો અન્વય સ્વનિષ્ઠપ્રતિયોગિતાનિરૂપકત્વ સંબંધથી ધ્વંસમાં થઈ શકે છે. સ્વનિષ્ઠપ્રતિયોગિતાના બદલે સ્વહેતુનિષ્ઠ-પ્રતિયોગિતાને આશ્રયીને દુઃખનો અન્વય કરવાની આવશ્યકતા નથી. પરંતુ પાપના પ્રાયશ્ચિત્ત સ્થળે પાપ થયેલું છે અને દુઃખ તો ઉત્પન્ન થયેલું નથી. તેથી પ્રાયશ્ચિત્તથી અપ્રસિદ્ધ દુઃખનો ધ્વંસ શક્ય નથી. દુઃખના હેતુભૂત પાપનો ધ્વંસ શક્ય હોવાથી સાક્ષાત્ દુઃખનો અન્વય ન કરતાં તેના હેતુમાં રહેલી પ્રતિયોગિતાને આશ્રયીને ધ્વંસમાં દુઃખનો અન્વય કરવામાં આવે છે.

યદ્યપિ આ રીતે દુઃખનો અન્વય, સ્વહેતુનિષ્ઠપ્રતિયોગિતાનિરૂપકત્વ સંબંધથી કરવામાં આવે તો અન્વયિતાવચ્છેદક સંબંધ ગુરુભૂત બને છે; તેથી તે સંબંધથી અન્વય કરવાનું ઉચિત નથી. પરંતુ તેથી **अस्तु वा** ઇત્યાદિ ગ્રંથથી કલ્પાંતરનું અનુસરણ કરાય છે. એનો આશય એ છે કે **दुःखं मे मा भूद्**... ઇત્યાદિ સ્થળે પ્રાયશ્ચિત્ત કરનારનો ઉદ્દેશ દુઃખદ્વેષનો હોવાથી તેનો જ ઉલ્લેખ છે. તેથી ઉપર જણાવ્યા મુજબ દુઃખનો અન્વય કરવામાં સંબંધનું ગૌરવ નહિ નડે.

"દુઃખના કારણભૂત કર્મોના નાશ સ્વરૂપ મોક્ષને માનવાથી મોક્ષમાં મુખ્ય-પ્રયોજનત્વ નહિ મનાય. કારણ કે દુઃખનાશમાં જ પરમપ્રયોજનત્વ મનાશે. **मा भूद् दुःखम्**... ઇત્યાદિ સ્થળે દુઃખદ્વેષનો જ ઉલ્લેખ છે." - આ પ્રમાણે નહિ કહેવું જોઇએ. કારણ કે મુખ્યપ્રયોજન દુઃખ-વિરહની ઇચ્છાનો વિષય, તેના સાધનભૂત સકળ કર્મનો ધ્વંસ છે. તેથી તે પણ મુખ્યપ્રયોજન છે.... ઇત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું. ||૩૧-૨૨||

ઉપર જણાવ્યા મુજબ દુઃખધ્વંસના સાધન તરીકે કર્મક્ષયસ્વરૂપ મુક્તિમાં મુખ્યપ્રયોજનત્વ હોવા છતાં, તેમાં સ્વતઃ પુમર્થતાની અનુપપત્તિ થાય છે - આ શંકાનું સમાધાન કરાય છે–

**स्वतोऽपुमर्थताप्येवमिति चेत् कर्मणामपि ।**
**शक्त्या चेन्मुख्यदुःखत्वं, स्याद्वादे किं नु बाध्यताम् ?** ||३१-२३||

स्वत इति–एवमपि स्वतोऽपुमर्थता निरुपधिकेच्छाविषयत्वेन सुखदुःखहान्यन्यतरस्यैव स्वतः पुमर्थत्वादिति चेत् कर्मणामपि शक्त्या चेन्मुख्यदुःखत्वं तदा स्याद्वादे किं नु बाध्यताम् ? दुःखहेतोरपि कथञ्चिद्दुःखत्वाद्, दुःखक्षयत्वेन रूपेण कर्मक्षयस्य त्वन्नीत्यापि मुख्यप्रयोजनत्वानपायाद् रूपान्तरेण तत्त्वस्य चाप्रयोजकत्वात् ||३१-२३||

કર્મક્ષયમાં ઉપર જણાવ્યા મુજબ મુખ્યપ્રયોજનત્વ સિદ્ધ થાય "તોપણ સ્વતઃ પુમર્થતા તેમાં નહિ આવે - આ પ્રમાણે કહેવામાં આવે તો સ્યાદ્વાદમતમાં, કર્મોમાં શક્તિસ્વરૂપે મુખ્ય દુઃખત્વ માની લેવામાં કોણ બાધક છે ? અર્થાત્ કોઇ નહિ." - આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય વર્ણવતાં ટીકામાં ફરમાવ્યું છે કે, આ પૂર્વે જણાવ્યા મુજબ દુઃખધ્વંસની ઇચ્છાનો વિષય કર્મક્ષયસ્વરૂપ મોક્ષ છે. તેથી મુખ્યપ્રયોજનવિષયક (દુઃખવિરહવિષયક) ઇચ્છાનો વિષય કર્મક્ષય હોવાથી તેમાં મુખ્યપ્રયોજનત્વ મનાય તોપણ તેમાં સ્વતઃ પુમર્થતા નથી. કારણ કે ઉપાધિરહિત ઇચ્છાના વિષયમાં અર્થાત્ અન્યવિષયક ઇચ્છાને અનધીન ઇચ્છાના વિષયમાં પુમર્થતા સ્વતઃ મનાય છે. અન્યત્ર પરતઃ પુમર્થતા મનાય છે. સુખમાં અથવા દુઃખહાનિમાં જ સ્વતઃ પુમર્થતા મનાય છે. દુઃખવિરહની ઇચ્છાને આધીન એવી કર્મધ્વંસની ઇચ્છાનો વિષય કર્મક્ષય

હોવાથી તેમાં સ્વતઃ પુમર્થતા(પુરુષની કામનાનું વિષયત્વ) નથી. આ પ્રમાણે શંકાકાર નૈયાયિકનું કહેવું છે. પરંતુ તે કથન યુક્ત નથી.

કારણ કે કર્મોમાં શક્તિસ્વરૂપે મુખ્યદુઃખત્વ જો માનીએ તો સ્યાદ્વાદમાં કોણ બાધક છે ? દુઃખના હેતુઓ પણ કથંચિદ્ દુઃખસ્વરૂપ છે. તેથી જ દુઃખક્ષયરૂપે કર્મક્ષયને તમારે ત્યાં (નૈયાયિકોને ત્યાં) પણ મુખ્યપ્રયોજન મનાય જ છે ને ? શક્તિરૂપે કર્મ દુઃખરૂપ હોવા છતાં વ્યક્તિસ્વરૂપે તો તે દુઃખસ્વરૂપ નથી. વ્યક્તિસ્વરૂપે જે દુઃખરૂપ છે, તેમાં જ મુખ્યપ્રયોજનત્વ મનાય છે. આ પ્રમાણે બીજી રીતે મુખ્યપ્રયોજનત્વ વર્ણવી શકાય એવું નથી. કારણ કે શક્તિ કે વ્યક્તિ સ્વરૂપે જે દુઃખસ્વરૂપ છે તેમાં (બંન્નેમાં) મુખ્યપ્રયોજનત્વ માનવામાં કોઈ દોષ નથી. ॥૩૧-૨૩॥

કર્મક્ષયસ્વરૂપ મોક્ષમાં સ્વતઃ પુમર્થતાનું નિરૂપણ પરમતથી કરીને હવે સ્વમતથી તેનું ઉપપાદન કરાય છે–

**स्वतः प्रवृत्तिसाम्राज्यं, किं चाखण्डसुखेच्छया ।**
**निराबाधं च वैराग्यमसङ्गे तदुपक्षयात् ॥३१-२४॥**

स्वत इति–किं च स्वतो निरुपधिकतया प्रवृत्तिसाम्राज्यमखण्डसुखेच्छयाऽखण्डसुखसंवलितत्वात् कर्मक्षयस्य । नन्वेवं सुखेच्छया वैराग्यव्याहतिरित्यत आह–असङ्गेऽसङ्गानुष्ठाने तदुपक्षयात् सुखेच्छाया अपि विरमान्निराबाधं च वैराग्यं "मोक्षे भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तमः" इति वचनात् । न चेदेवं सुखेच्छया वैराग्यस्येव दुःखद्वेषात् प्रशान्तत्वस्यापि व्याहतिरेवेति भावः ॥३१-२४॥

"તેમ જ અખંડ સુખની ઈચ્છાથી સ્વતઃ પ્રવૃત્તિ સંગત છે. અસંગાનુષ્ઠાનની પ્રાપ્તિ થયે છતે સુખની ઈચ્છાનો ક્ષય થવાથી વૈરાગ્ય નિરાબાધ જ હોય છે." - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે ઉપાધિથી રહિત એવી અખંડ સુખની ઈચ્છાથી જ્ઞાનાચારાદિની પ્રવૃત્તિ સંગત છે. કર્મક્ષયસ્વરૂપ મોક્ષ, અખંડ સુખથી સંવલિત હોવાથી તાદૃશ અખંડ સુખથી સંવલિત કર્મક્ષય સ્વતઃ ઈચ્છાનો વિષય બને છે અને તેથી તેના સાધનભૂત જ્ઞાનાચારાદિમાં મુમુક્ષુઓની સારી રીતે પ્રવૃત્તિ થાય છે.

યદ્યપિ આ રીતે સુખની ઇચ્છાથી વૈરાગ્યની હાનિ થવાનો પ્રસંગ આવે છે. પરંતુ અસંગાનુષ્ઠાનની પ્રાપ્તિ થયે છતે, સુખની ઇચ્છા પણ વિરામ પામતી હોવાથી વૈરાગ્ય નિરાબાધ હોય છે. "મોક્ષ કે સંસારમાં શ્રેષ્ઠ મુનિભગવંતો નિસ્પૃહ હોય છે." - આ વચનથી અસંગાનુષ્ઠાનના કાળમાં વૈરાગ્યની કોઇ પણ રીતે હાનિ થતી નથી - એ સમજી શકાય છે. આ પ્રમાણે માનવામાં ન આવે તો સુખની ઇચ્છાથી જો વૈરાગ્યની હાનિ થતી હોય તો દુઃખના દ્વેષથી પ્રશાંત અવસ્થાની પણ હાનિ થાય છે - એમ માનવાનો પ્રસંગ આવશે. ॥૩૧-૨૪॥

નૈયાયિકોની માન્યતા મુજબ મુક્તિમાં દુઃખની જેમ જ સુખાદિનો પણ ક્ષય થાય છે, એને અનુલક્ષીને જણાવાય છે–

**समानायव्ययत्वे च, वृथा मुक्तौ परिश्रमः ।**
**गुणहानेरनिष्टत्वात्ततः सुष्ठूच्यते ह्यदः ॥३१-२५॥**

समानेति–समानायव्ययत्वे च सुखदुःखाभावाभ्यामभ्युपगम्यमाने मुक्तौ वृथा परिश्रमः । गुणहानेरनिष्टत्वात्तदनुविद्धदुःखनाशोपायेऽनिष्टानुबन्धित्वज्ञानेन प्रेक्षावत्प्रवृत्तेरयोगात् । ततो ह्यदः सुष्ठूच्यते ॥३१-२५॥

"લાભ અને નુકસાન સમાન હોય તો મોક્ષ માટેનો પરિશ્રમ વ્યર્થ બનશે. કારણ કે ગુણનો નાશ કોઇને પણ ઇષ્ટ બનતો નથી. તેથી આ જે કહેવાય છે (છવ્વીસમા શ્લોકમાં જણાવ્યું છે તે) તે સારું છે." - આ પ્રમાણે પચીસમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય એ છે કે નૈયાયિકોની માન્યતા મુજબ મોક્ષમાં જેમ દુઃખ નથી તેમ સુખ પણ નથી. દુઃખનો નાશ કરીને મોક્ષની પ્રાપ્તિ થઇ તો સુખનો પણ નાશ થઇ ગયો. આ રીતે દુઃખનાશનો લાભ થયો તો સુખના નાશનું નુકસાન પણ થયું. સુખનો અભાવ અને દુઃખનો અભાવ : એ બંન્નેના કારણે આય અને વ્યયનું સામ્ય સ્વીકારવાથી મુક્તિને અનુલક્ષીને કરેલો પરિશ્રમ વ્યર્થ થશે. કારણ કે ગુણની હાનિ અનિષ્ટ છે. એ અનિષ્ટથી અનુવિદ્ધ એવા દુઃખનાશના ઉપાયમાં અનિષ્ટના અનુબંધિત્વનું જ્ઞાન થવાથી કોઇ પણ બુદ્ધિમાનની તેમાં (દુઃખનાશોપાયમાં) પ્રવૃત્તિ નહીં થાય. તેથી હવે પછી જે કહેવાય છે તે સારું કહેવાય છે. ॥૩૧-૨૫॥

પૂર્વે જણાવેલી વાતને સ્પષ્ટ કરાય છે–

**दुःखाभावोऽपि नावेद्यः, पुरुषार्थतयेष्यते ।**
**न हि मूर्च्छाद्यवस्थार्थं, प्रवृत्तो दृश्यते सुधीः ।।३१-२६।।**

दुःखाभावोऽपीति–दुःखाभावोऽपि न अवेद्यः स्वसमानाधिकरणसमानकालीन-साक्षात्काराविषयः पुरुषार्थतयेष्यते । न हि मूर्च्छाद्यवस्थार्थं सुधीः प्रवृत्तो दृश्यते । अन्यथा तदर्थमपि प्रवृत्तिः स्यात् । अतो गुणहानेरनिष्टत्वेन दुःखाभावरूपायां मुक्तौ तदर्थ-प्रवृत्तिव्याघात एव दूषणमिति भावः ।।३१-२६।।

"જેનો અનુભવ ન થાય એવો દુઃખાભાવ પણ પુરુષાર્થસ્વરૂપે ઈષ્ટ બનતો નથી. કારણ કે બેભાનાદિની અવસ્થા માટે પ્રયત્ન કરનાર કોઈ બુદ્ધિમાન દેખાતા નથી." - આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. તેનું તાત્પર્ય એ છે કે - દુઃખાભાવના અધિકરણમાં અને દુઃખાભાવના કાળમાં રહેનાર સાક્ષાત્કાર (અનુભવ)નો જે દુઃખાભાવ વિષય છે તે વેદ્ય દુઃખાભાવ છે અને તાદૃશ સાક્ષાત્કારનો જે વિષય બનતો નથી, તે દુઃખાભાવ અવેદ્ય છે. બેભાન અવસ્થામાં દુઃખાભાવ હોવા છતાં ત્યાં તેનો અનુભવ થતો ન હોવાથી તે અવેદ્ય છે.

નૈયાયિકોની માન્યતા મુજબ મુક્તાત્માઓમાં જ્ઞાનનો અભાવ હોવાથી તેમનો દુઃખાભાવ પણ અવેદ્ય છે. એવો અવેદ્ય દુઃખાભાવ પુરુષાર્થસ્વરૂપ (પુરુષની કામનાના વિષયસ્વરૂપ) માનતા નથી. કારણ કે મૂર્ચ્છાદિની અવસ્થાની પ્રાપ્તિ માટે કોઈ પણ બુદ્ધિમાન પ્રવર્ત્તતા નથી. અવેદ્ય એવા પણ દુઃખાભાવને જો પુરુષાર્થરૂપે માનવામાં આવે તો મૂર્ચ્છાદિની અવસ્થાને પામવા માટે બુદ્ધિમાનની પ્રવૃત્તિ થવાનો પ્રસંગ આવશે. આથી સ્પષ્ટ છે કે ગુણહાનિ અનિષ્ટ હોવાથી દુઃખાભાવસ્વરૂપ મુક્તિને માનવામાં આવે તો તેના માટે કોઈની પણ પ્રવૃત્તિ નહિ થાય : એ જ નૈયાયિકોની માન્યતામાં દૂષણ છે... ઈત્યાદિ સ્પષ્ટ છે. ।।૩૧-૨૬।।

નૈયાયિકોની જ બીજી માન્યતાનું પણ નિરાકરણ થઈ ગયાનું જણાવાય છે–

**एतेनैतदपास्तं हि, पुमर्थत्वेऽप्रयोजकम् ।**
**तज्ज्ञानं दुःखनाशश्च, वर्त्तमानोऽनुभूयते ।।३१-२७।।**

एतेनेति–एतेन गुणहानेरनिष्टत्वेन हि निश्चितमेतदपास्तम् । यदुक्तं महानैयायिकेन पुमर्थत्वे तज्ज्ञानं पुमर्थज्ञानमप्रयोजकं, दुःखनाशश्च वर्तमानोऽनुभूयते, विनश्यदवस्थेन योगिसाक्षात्कारेणेति ॥३१-२७॥

"આથી ચોક્કસપણે આનું નિરાકરણ થાય છે કે - પુરુષાર્થત્વને વિશે પુમર્થનું જ્ઞાન પ્રયોજક નથી અને વર્ત્તમાન દુઃખનાશ અનુભવાય છે."... આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. એનો કહેવાનો આશય એ છે કે દુઃખાભાવસ્વરૂપ મોક્ષને માનવામાં આવે તો ઉપર જણાવ્યા મુજબ ગુણહાનિના પ્રસંગના કારણે તેમાં પુરુષાર્થત્વ નહિ આવે. તેના જવાબમાં મહાનૈયાયિક ગંગેશોપાધ્યાયે જણાવ્યું છે કે "દુઃખાભાવની પુરુષાર્થતા માટે તે પુરુષાર્થના જ્ઞાનની આવશ્યકતા નથી. વર્તમાન એવો દુઃખાભાવ, વિનાશ પામતા એવા યોગિસાક્ષાત્કારથી અનુભવનો વિષય બની જાય છે. તેથી દુઃખાભાવમાં પૂર્વે જણાવ્યા મુજબ સ્વસમાનાધિકરણ સ્વસમાનકાલીન સાક્ષાત્કારવિષયત્વ હોવાથી તેમાં પુરુષાર્થત્વ પણ રહે છે." - આ મહાનૈયાયિકનું કથન યુક્ત નથી. કારણ કે દુઃખાભાવની સાથે મોક્ષમાં સુખાભાવ પણ થવાથી પૂર્વે જણાવ્યા મુજબ ગુણહાનિ થાય છે અને તેથી અનિષ્ટના અનુબંધી એવા ઇષ્ટની પ્રાપ્તિ માટે કોઇ પ્રવૃત્તિ નહીં કરે... જે નૈયાયિકોની માન્યતામાં દૂષણ છે જ. ॥૩૧-૨૭॥

વૈરાગ્યના કારણે ગુણહાનિનું અનિષ્ટત્વ અનુભવાતું ન હોવાથી મોક્ષની સાધનામાં પ્રવૃત્તિની અનુપપત્તિ નહિ થાય - આવી નૈયાયિકની માન્યતાનું નિરાકરણ કરાય છે–

**गुणहानेरनिष्टत्वं, वैराग्यान्नाथ वेद्यते ।**
**इच्छाद्वेषौ विना नैवं, प्रवृत्तिः सुखदुःखयोः ॥३१-२८॥**

गुणहानेरिति–अथ गुणहानेरनिष्टत्वं वैराग्यान्न वेद्यते कामान्धत्वादिव पारदार्ये बलवद्दुःखानुबन्धित्वं, ततः प्रवृत्त्यव्याघात इति भावः । एवं सति इच्छाद्वेषौ विना सुखदुःखयोः प्राप्यनाश्ययोरिति शेषः । प्रवृत्तिर्न स्यात् । परवैराग्ये प्रवृत्तिकरणयोस्तयोर्निवृत्तेरपरवैराग्ये च गुणवैतृष्ण्यस्यैवाभावाद्गुणहानेरनिष्टत्वाप्रतिसन्धानानुपपत्तेर्गुणहानेरनिष्टत्वे प्रतिसंहिते प्राक्तनप्रवृत्त्यनुपपत्तौ तत्संस्कारतोऽप्यसङ्गप्रवृत्तेर्दुर्वचत्वमिति न किञ्चिदेतत् ॥३१-२८॥

"વૈરાગ્યના કારણે ગુણહાનિનું અનિષ્ટત્વ અનુભવાતું ન હોવાથી મોક્ષની પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ થઇ શકે છે. નૈયાયિકનું આ કથન યુક્ત નથી. કારણ કે સુખની ઇચ્છા અને દુ:ખના દ્વેષ વિના પ્રવૃત્તિ શક્ય નથી." - આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે 'કામથી અંધ બનેલા પરસ્ત્રીનું સેવન કરતી વખતે જેમ બળવદ્ અનિષ્ટ(નરકાદિ)નું અનુબંધિત્વ જોતા નથી તેમ વૈરાગ્યના કારણે ગુણહાનિની અનિષ્ટતા અનુભવાતી નથી. તેથી પરસ્ત્રીના સેવનની જેમ જ મોક્ષની સાધનાની પ્રવૃત્તિમાં કોઇ જ વ્યાઘાત થતો નથી.' - આવી માન્યતા યુક્ત નથી.

કારણ કે ઇચ્છા અને દ્વેષ વિના પ્રાપ્ત કરવા યોગ્ય સુખમાં અને નાશ્ય દુ:ખમાં પ્રવૃત્તિ શક્ય નથી. ઇચ્છાથી(સુખની ઇચ્છાથી) અને દ્વેષથી(દુ:ખના દ્વેષથી) જ સુખની પ્રવૃત્તિ અને દુ:ખનાશની પ્રવૃત્તિ થતી હોય છે. વૈરાગ્યની અવસ્થામાં પ્રવૃત્તિ જ શક્ય નથી. પર વૈરાગ્યની અવસ્થામાં પ્રવૃત્તિના કારણભૂત એવા સુખના રાગની અને દુ:ખના દ્વેષની જ નિવૃત્તિ થઇ ગયેલી હોવાથી કારણના અભાવે કાર્યનો પણ અભાવ થાય છે. પરવૈરાગ્યના કાળમાં ગુણની તૃષ્ણાનો પણ અભાવ હોય છે. કર્મજન્ય હોવાથી તેના ક્ષયોપશમભાવની પણ અહીં ઇચ્છા હોતી નથી. અને અપર વૈરાગ્યમાં તો શબ્દાદિ વિષયોમાં તૃષ્ણા હોતી નથી. પરંતુ ગુણની તૃષ્ણાનો અભાવ ન હોવાથી (ગુણની તૃષ્ણા હોવાથી) ગુણની હાનિના અનિષ્ટત્વનું અપ્રતિસંધાન જ અનુપપન્ન છે અને તેથી ગુણહાનિમાં (આત્મવિશેષગુણો-જ્ઞાન, સુખાદિની હાનિમાં) અનિષ્ટત્વનું પ્રતિસંધાન થવાથી મોક્ષસાધક પ્રવૃત્તિ જ નહિ થાય. આથી સમજી શકાશે કે વૈરાગ્યના કાળમાં જ્યાં મોક્ષસાધક પ્રવૃત્તિ જ થઇ નથી, ત્યાં "પૂર્વસંસ્કારોથી (અનુવેધથી) અસંગાનુષ્ઠાનસ્વરૂપ પ્રવૃત્તિ થાય છે." - એ કહેવાનું શક્ય નથી... તેથી નૈયાયિકની વાતમાં તથ્ય નથી. ॥૩૧-૨૮॥

ननु श्रुतिबाधान्न मुक्तौ सुखसिद्धिरित्यत आह–

મોક્ષમાં સુખ માનવાથી શ્રુતિ-ઉપનિષદ્નો વિરોધ આવે છે તેથી મુક્તિમાં સુખ માનવામાં આવતું નથી, આવી નૈયાયિકની માન્યતાનું નિરાકરણ કરાય છે–

**अशरीरं वाव सन्तमित्यादिश्रुतितः पुनः ।**
**सिद्धो हन्त्युभयाभावो, नैकसत्तां यतः स्मृतम् ॥३१-२९॥**

अशरीरमिति–अशरीरं वाव सन्तमित्यादिश्रुतितोऽशरीरं वाव सन्तं प्रियाप्रिये न स्पृशत इति श्रुतेः पुनरुभयाभावः सुखदुःखोभयाभावः सिद्धः, एकसत्तां सुखसत्तां न हन्ति, एकवत्यपि द्वित्वावच्छिन्नाभावप्रत्ययाद् । अस्तु वा तत्राप्रियपदसन्निधानात् प्रियपदस्य वैषयिकसुखपरत्वमेवेत्यपि द्रष्टव्यम् । यतः स्मृतम् ।।३१-२९।।

"**अशरीरं वाव**... ઇત્યાદિ શ્રુતિથી સિદ્ધ થયેલા ઉભયાભાવથી એકની સત્તાનો નિષેધ થતો નથી, જેથી કહેવાયું છે... (જે હવે પછી જણાવાશે)." - આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનો આશય એ છે કે '**अशरीरं वाव सन्तं प्रियाप्रिये न स्पृशतः**' અર્થાત્ 'હે મૈત્રેયી ! શરીરથી રહિત એવા મિથ્યાવાસનાથી શૂન્ય આત્માને પ્રિય અને અપ્રિય સ્પર્શતા નથી.' - આ શ્રુતિથી સુખદુઃખ ઉભયનો અભાવ સિદ્ધ થાય છે. એ ઉભયાભાવ એકની અર્થાત્ સુખની સત્તાને દૂર કરતો નથી. કારણ કે એકવદ્માં પણ દ્વિત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક અભાવની અર્થાત્ બેના અભાવની પ્રતીતિ થાય છે. "**प्रियाप्रिये न स्पृशतः** અહીં ખરી રીતે પ્રિયનો અભાવ અને અપ્રિયનો અભાવ સિદ્ધ થાય છે. અર્થાત્ બે અભાવની સિદ્ધિમાં તાત્પર્ય છે. પ્રિય અને અપ્રિય : આ બંન્નેનો (ઉભયનો) એક અભાવ સિદ્ધ કરવાનું તાત્પર્ય નથી." - આ પ્રમાણે કહેવામાં આવે તો, **प्रियाप्रिये न स्पृशतः** અહીં '**अप्रिय**' પદના સાન્નિધ્યથી '**प्रिय**' પદ વૈષયિક-સુખપરક સમજવું. આથી સ્પષ્ટ છે કે તાદૃશ શરીર અને મિથ્યાવાસનાથી રહિત આત્માને પ્રિયાપ્રિય સ્પર્શતા ન હોવા છતાં આત્મિક સુખની હાનિનો પ્રસંગ નહિ આવે. કારણ કે હવે પછી જણાવાતી વાત સ્મૃતિમાં કહેલી છે. ।।૩૧-૨૯।।

સ્મૃતિમાં જણાવેલી વાત જણાવાય છે–

**सुखमात्यन्तिकं यत्र, बुद्धिग्राह्यमतीन्द्रियम् ।**
**तं वै मोक्षं विजानीयाद्, दुष्प्रापमकृतात्मभिः ।।३१-३०।।**

सुखमिति–स्पष्टः ।।३१-३०।।

શ્લોકાર્થ સ્પષ્ટ છે. એનો આશય એ છે કે જ્યાં આત્યંતિક, અતીન્દ્રિય અને બુદ્ધિગ્રાહ્ય સુખ છે તેને મોક્ષ જાણવો; જે અકૃતાત્માઓ માટે દુષ્પ્રાપ્ય છે. જે લોકોએ શાસ્ત્રાનુસાર યોગની સાધના કરી નથી, એ બધા અકૃતાત્માઓ છે.

વિષયજન્ય સુખ કાયમ માટે રહેનારું નથી, ઇન્દ્રિયજન્યપ્રત્યક્ષનો વિષય છે અને બુદ્ધિગ્રાહ્ય નથી, ઇન્દ્રિયગ્રાહ્ય છે. મોક્ષમાં એનાથી વિલક્ષણ એવું સુખ છે.

આથી સ્પષ્ટ છે કે નૈયાયિકોને માન્ય એવા વચનથી પણ મોક્ષમાં સુખ છે - એ સિદ્ધ છે. તેથી **प्रियाप्रिये न स्पृशतः**... ઇત્યાદિ સ્થળે વિષયજન્યસુખપરક **प्रिय** શબ્દ છે. મોક્ષમાં તાદૃશપ્રિયના અભાવની અને અપ્રિયના અભાવની સિદ્ધિ થાય છે... ઇત્યાદિ સમજી શકાય છે. ॥૩૧-૩૦॥

ઉપર જણાવેલી સ્મૃતિમાં 'સુખ' શબ્દ દુઃખાભાવમાં ઉપચરિત છે. તેથી મોક્ષમાં તાદૃશ વાસ્તવિક સુખની સિદ્ધિ થતી નથી... આ શંકાનું નિરાકરણ કરાય છે–

**उपचारोऽत्र नाबाधात्, साक्षिणी चात्र दृश्यते ।**
**नित्यं विज्ञानमानन्दं, ब्रह्मेत्यप्यपरा श्रुतिः ॥३१-३१॥**

उपचार इति–अत्र मुक्तिसुखप्रतिपादिकायामुक्तस्मृतौ उपचारो न दुःखाभावे सुखपदस्य लाक्षणिकत्वम् । अबाधाद् बाधाभावाद्, जन्यस्याप्यभावस्येव भावस्यापि कस्यचिदनन्तत्वसम्भवाद् । अत्र मुक्तिसुखे 'नित्यं विज्ञानमानन्दं ब्रह्मेति' अपरापि श्रुतिः साक्षिणी वर्तते, तया नित्यज्ञानानन्दब्रह्माभेदबोधनादिति ॥३१-३१॥

"અહીં દુઃખાભાવમાં 'સુખ' પદનો ઉપચાર કર્યો છે - આ પ્રમાણે નહિ કહેવું જોઇએ. કારણ કે અહીં મોક્ષમાં સુખને જણાવનારી **नित्यं विज्ञानमानन्दं ब्रह्म**... ઇત્યાદિ બીજી પણ શ્રુતિ પ્રમાણ છે." - આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. એના આશયને સ્પષ્ટ કરતાં ટીકામાં ફરમાવ્યું છે કે, મોક્ષસુખનું પ્રતિપાદન કરનારી શ્રુતિમાં 'સુખ' પદનો દુઃખાભાવમાં ઉપચાર કરાતો નથી. અર્થાત્ દુઃખાભાવમાં 'સુખ' પદને અહીં લાક્ષણિક મનાતું નથી. મુખ્યાર્થ બાધિત હોય તો જ પદને લાક્ષણિક મનાય છે. અહીં 'સુખ' પદનો અર્થ મોક્ષમાં બાધિત ન હોવાથી તેને દુઃખાભાવમાં લાક્ષણિક મનાતું નથી.

"મોક્ષમાં સુખ માનવામાં આવે તો જન્યભાવભૂત પદાર્થનો નાશ થતો હોવાથી તેમાં અનંતત્વ માની શકાશે નહિ." - આ પ્રમાણે નહિ કહેવું જોઇએ. કારણ કે જન્ય એવા અભાવ- (ધ્વંસ)ની જેમ કોઇ ભાવભૂત જન્ય પદાર્થ પણ અનંત સંભવી શકે છે. નૈયાયિકોની માન્યતા મુજબ જેમ જન્ય એવા ધ્વંસસ્વરૂપ

અભાવનો નાશ થતો નથી, તેમ જૈનોની માન્યતા મુજબ જન્યભાવભૂત મોક્ષસુખનો પણ નાશ થતો નથી. એ મુજબ મોક્ષના સુખને જણાવનારી "શુદ્ધાત્મા નિત્યવિજ્ઞાન અને આનંદ સ્વરૂપ છે."... ઇત્યાદ્યર્થક **नित्यं विज्ञानमानन्दं ब्रह्म** - આ બીજી શ્રુતિ સાક્ષી(પ્રમાણ) છે. આ શ્રુતિ વડે નિત્યવિજ્ઞાન અને આનંદ તેમ જ બ્રહ્મ : એના અભેદનો બોધ કરાવાય છે... ઇત્યાદિ સમજી શકાય છે. ॥૩૧-૩૧॥

પ્રકરણાર્થનો ઉપસંહાર કરાય છે–

**परमानं दलयतां, परमानं दयावताम् ।**
**परमानन्दपीनाः स्मः, परमानन्दचर्चया ॥३१-३२॥**

परमानमिति–परेपामेकान्ताभिनिविष्टानां मानं कुहेतुं दलयतां स्याद्वादमुद्गरेण । किं भूतम् ? परः प्रकृष्टो मानो दर्पो यस्मात्तत्तथा । दयावतामनेकान्तप्रणयितया जगदुद्दिधीर्षावतां सिताम्वरसाधूनां परमानन्दचर्चया महोदयमीमांसया वयं परमेणोत्कृष्टेनानन्देन पीनाः पुष्टाः स्मः ॥३१-३२॥

"નૈયાયિકાદિ પરવાદીઓના અત્યંત ગર્વને ઉત્પન્ન કરનારા કુહેતુઓનું (પ્રમાણાભાસનું) ખંડન કરનારા દયાવંત શ્વેતાંબર સાધુઓની પરમાનંદસ્વરૂપ મોક્ષની ચર્ચાથી અમે પરમાનંદથી પુષ્ટ બન્યા છીએ." - આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો અર્થ છે. એનો કહેવાનો આશય એ છે કે એકાંતવાદના અભિનિવેશી એવા પરદર્શનીઓએ મોક્ષના વિષયમાં જે જે હેતુઓ(પ્રમાણ) જણાવ્યા; તે તે કુહેતુઓ(હેત્વાભાસો-દુષ્ટ હેતુઓ)નું સારી રીતે સ્યાદ્વાદસ્વરૂપ મુદ્ગરથી ખંડન કરનારા દયાવંત શ્વેતાંબર સાધુઓએ પરમાનંદ-મહોદયસ્વરૂપ મોક્ષની જે મીમાંસા કરી છે, તેનાથી અમે ઉત્કૃષ્ટ આનંદથી પુષ્ટ થયા છીએ.

અહીં એ સમજી લેવું જોઇએ કે, પરવાદીઓએ પોતાની માન્યતાને સિદ્ધ કરવા માટે જે અનુમાનોને પ્રમાણ તરીકે દર્શાવ્યાં છે, તે બધાં પ્રમાણાભાસ છે. કારણ કે તેમાં હેત્વાભાસોનો પ્રયોગ કરાયેલો છે. તેનું ખંડન કરવાનું કાર્ય શ્વેતાંબર સાધુભગવંતોએ કર્યું છે. ખંડન કરતી વખતે પણ એ મહાત્માઓનો દયાનો પરિણામ નાશ પામતો નથી. અનેકાંતવાદનો પ્રેમ હોવાથી જગતના જીવોને આ સંસારથી પાર ઉતારવાની ભાવનાને લઇને શ્વેતાંબર સાધુભગવંતોએ

મોક્ષના સ્વરૂપ અંગે ખૂબ જ પ્રામાણિકપણે વિચારણા કરી છે. અન્યદર્શનીઓની વાતમાં જેટલો પણ સત્યાંશ જણાયો ત્યાં તેનું સમર્થન કરીને પોતાના હૈયાની નિર્મળતાનો પરિચય કરાવ્યો છે. શ્રી વીતરાગપરમાત્માના પરમતારક શાસનના પરમાર્થની પ્રાપ્તિ વિના એવી દયાને પામવાનું કોઇ પણ રીતે શક્ય નથી. પરસિદ્ધાંતનું ખંડન કરવું અને ત્યાં રહેલા સત્યાંશનું સમર્થન કરવું : એ ખૂબ જ કપરું કામ છે. પરંતુ જગતના જીવોની અજ્ઞાનદશાને દૂર કરવાની ઉત્કટ પવિત્ર ભાવનાથી શ્વેતાંબર સાધુઓએ એ કાર્ય ખૂબ જ સરળતાથી પરિપૂર્ણ કર્યું છે. તેઓશ્રીએ એ રીતે કરેલી મોક્ષની મીમાંસા અમારા પરમાનંદનું કારણ છે - એ પ્રમાણે ગ્રંથકારપરમર્ષિ ફરમાવે છે. પરમપદની ઉત્કટ ઇચ્છા પરમાનંદની ચર્ચાથી પરમાનંદનું કારણ બને : એ સમજી શકાય છે. અંતે ગ્રંથકારશ્રીના જણાવ્યા મુજબ શ્વેતાંબર સાધુમહાત્માઓ દ્વારા કરાયેલી મોક્ષના સ્વરૂપની મીમાંસાથી આપણે સૌ પરમાનંદના ભાજન બની રહીએ એ જ એક શુભાભિલાષા. ||૩૧-૩૨||

|| इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां मुक्तिद्वात्रिंशिका ||

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ।।

# પરિશીલનની પૂર્ણતાની પળે...

આ પૂર્વે એકત્રીસમી બત્રીસીમાં મોક્ષનું વાસ્તવિક સ્વરૂપ વર્ણવ્યું. હવે આ બત્રીશીમાં મોક્ષની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ બનેલા સજ્જનોની સ્તવના કરવામાં આવી છે. તેઓની અનેકાનેક વિશેષતાઓનું વર્ણન અહીં વિસ્તારથી કરવામાં આવ્યું છે. સાથે સાથે દુર્જનોની મનોદશાનો પણ ખ્યાલ અપાયો છે. લગભગ અઢાર શ્લોકોથી આ રીતે સજ્જન અને દુર્જનના સ્વરૂપાદિનું વર્ણન કરીને ગ્રંથકારશ્રીએ પોતાના પૂજ્ય પૂર્વતન મહાપુરુષોનો પરિચય કરાવીને પૂ. ગુરુદેવાદિની પ્રત્યે ભક્તિભાવ વ્યક્ત કર્યો છે. તેઓશ્રીની પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરતી વખતે પોતાની અકિંચન અવસ્થાને માર્મિક રીતે વર્ણવી છે. હૃદયસ્પર્શી એ વર્ણનનું પરિશીલન આત્માને પૂ. ગુરુદેવશ્રી પ્રત્યેના બહુમાનથી પ્લાવિત કરી દેનારું છે.

આ ગ્રંથની અવિચ્છિન્ન પરંપરાથી પ્રાપ્ત થનારો યશ, આ ગ્રંથના નિર્માણ માટેનું સામર્થ્ય અને આ ગ્રંથના અધ્યયનાદિથી પ્રાપ્ત થનારું ફળ... ઈત્યાદિનું અદ્‌ભુત વર્ણન આ બત્રીસીના અંતિમ ભાગમાં કરાયું છે. આ રીતે 'દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા' પ્રકરણની અહીં સમાપ્તિ થાય છે.

આ ગ્રંથની રચના ગહન છે. ગ્રંથકારપરમર્ષિએ એ વાત આ બત્રીસીમાં જણાવી છે. આજના આ વિષમ કાળમાં આ ગ્રંથનું અધ્યયન ખૂબ જ અલ્પ પ્રમાણમાં થતું હતું. આજથી લગભગ બત્રીસ વર્ષ પૂર્વે સ્વ. પૂજ્યપાદ મારા અનંતોપકારી પરમતારક આ.ભ.શ્રી.વિ. રામચંદ્ર સૂ. મહારાજાએ પ્રથમ બત્રીશીના એકત્રીસમા શ્લોક અંગે મને સામાન્યપણે પૂછ્યું હતું. તેથી ત્યારે આ ગ્રંથના અધ્યયનની મેં શરૂઆત કરી હતી. ત્યાર પછી બે-ત્રણ વાર આ ગ્રંથના અધ્યાપનનો પ્રસંગ મને પ્રાપ્ત થયો હતો. તે દરમ્યાન અધ્યાપનની સુગમતા માટે કેટલાંક વિષમસ્થળે મેં સંસ્કૃતમાં ટિપ્પણી કરી લીધી હતી. પરંતુ વિ.સં. ૨૦૪૫ ના કા.વ. ૪ ના દિવસે લાલબાગ-મુંબઈમાં સ્વ. પૂ. પરમારાધ્યપાદશ્રીએ આ ગ્રંથ ઉપર ગુજરાતીમાં જ વિવરણ લખવા અંગે મને જણાવ્યું હતું. તેથી તે પ્રમાણે કરવાની મારી ભાવના હોવા છતા સંયોગવશ એ પ્રમાણે કરવાનું શક્ય બન્યું ન હતું. વિ.સં. ૨૦૫૫ માં એ કાર્ય મેં શરૂ કર્યું.

આજે એ કાર્ય પૂર્ણ થાય છે. આ આનંદના અવસરે એક માત્ર વ્યથાનું કારણ એ છે કે આજે પૂ. પરમારાધ્યપાદશ્રીની પાવન ઉપસ્થિતિ નથી.

મારા અધ્યાપક પં.પ્ર.શ્રી તૃપ્તિનારાયણ ઝાનો અનુગ્રહ અને સ્વ. પૂજ્યપરમારાધ્યપાદશ્રી આદિ પરમતારક પૂજ્ય ગુરુદેવોની પુણ્યકૃપાથી આજે આ કાર્ય મેં પૂર્ણ કર્યું છે. આમાં અનેકાનેક અવરોધો હતા, પણ અવસરે અવસરે સહજ રીતે જ તે તે વિષયોના વિદ્વજ્જનોના પુણ્ય પ્રયત્ને અવરોધો દૂર થતા ગયા. ખાસ કરીને મુદ્રિત પ્રતના અશુદ્ધ પાઠોની શુદ્ધિ માટે વિદ્વદ્વર્ય મુ. શ્રી યશોવિજયજી મ.ના '**द्वात्रिंशद्द्वात्रिंशिका प्रकरण**' ના આઠ ભાગોની સહાય અવિસ્મરણીય બની રહેશે. કંઈ કેટલાય સહાયકોના વૃંદના સહકારથી નિષ્પન્ન આ કાર્યથી પ્રાપ્ત થનારા યશના વાસ્તવિક અધિકારી તે તે સહાયકો છે.

અંતે ગ્રંથકારપરમર્ષિના શબ્દોમાં જ વિદ્વજ્જનોને 'આ પરિશીલનમાં કોઈ સ્થાને ઓછું જણાય તો તેઓ પોતાની મેળે ત્યાં જરૂરી ઉમેરીને અને કોઈ સ્થાને ખોટું જણાય તો યોગ્ય રીતે તેને ઢાંકીને પરિશીલનને સમજવાની કૃપા કરશે.' - આવી પ્રાર્થના કરી વિરમું છું.

**- આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ**

જૈન ઉપાશ્રય : 'રત્નપુરી'
મલાડ (ઈસ્ટ), મુંબઈ-૯૭
વિક્રમ સંવત ૨૦૬૧, શ્રાવણ વદ ૩, સોમવાર

# अथ प्रारभ्यते सज्जनस्तुतिद्वात्रिंशिका ।

આ પૂર્વેની બત્રીશીમાં મુક્તિના વિષયમાં પરમતોનું નિરાકરણ કરીને સકલ કર્મના ક્ષય સ્વરૂપ મોક્ષનું સ્વરૂપ સ્વમતાનુસારે વર્ણવ્યું છે. અનંતસુખના ધામ સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ માટે શુદ્ધ ધર્મની આરાધના સિવાય બીજો કોઇ જ ઉપાય નથી. શુદ્ધ ધર્મની પ્રાપ્તિ માટે ગુણવાન પ્રત્યેનો અદ્વેષ વગેરે મુખ્ય કારણો છે. ધર્મની સાધના કરનારા સાધકવર્ગમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં ગુણવાન પ્રત્યેનો અદ્વેષ જોવા મળતો હોય છે. કેટલીક વાર એવું પણ બનતું જોવા મળતું હોય છે કે સાધનાના પ્રકર્ષ સુધી પહોંચતી વખતે આ ગુણવાન પ્રત્યે અદ્વેષ ન હોવાથી સાધના પણ છિન્ન-ભિન્ન થઇ જાય છે. તેથી સાધનાથી સિદ્ધિ સુધી પહોંચવામાં, ગુણવાન પ્રત્યેનો દ્વેષ, માત્સર્ય અને ઈર્ષ્યા વગેરેનો ભાવ પ્રતિબંધક બની જાય છે - એ જાણીને મુમુક્ષુ આત્માઓ ગુણવાનની પ્રત્યે દ્વેષાદિને ધારણ કરતા નથી. એ અદ્વેષની રક્ષા માટે ગુણવાન એવા સજ્જનોનું સ્વરૂપ જાણી લઇએ તો તેઓશ્રીની પ્રત્યે બહુમાનાદિ ટકી રહે છે. આ આશયથી હવે આ બત્રીશીમાં સજ્જનની સ્તુતિ દ્વારા તેમનું સ્વરૂપ વર્ણવાય છે–

**नाम सज्जन इति त्रिवर्णकं, कर्णकोटरकुटुम्बि चेद् भवेत् ।**
**नोल्लसन्ति विषशक्तयस्तदा, दिव्यमन्त्रनिहताः खलोक्तयः ।।३२-१।।**

"સજ્જન - આ ત્રણ વર્ણવાળું નામ, કર્ણવિવરમાં કુટુંબી થાય ત્યારે વિષની શક્તિવાળાં દુર્જનોનાં વચનો દિવ્યમંત્રથી સામર્થ્યહીન બનેલાં ઉલ્લાસ પામતાં નથી." - આ પ્રમાણે પ્રથમ ગાથાનો અર્થ છે. એનો આશય એ છે કે સામાન્ય રીતે દુર્જનોનાં વચનો સર્પના વિષ જેવા મારકણાં હોય છે. પરંતુ તેવા પ્રકારના વિષને હરણ કરનારા મંત્રના પ્રયોગથી જેમ વિષની મારકશક્તિ નાશ પામે છે, તેમ 'સજ્જન' આ નામસ્વરૂપ મંત્ર, કાનમાં આપણા કૌટુંબિક પુરુષોની જેમ જો સદાને માટે વસી જાય તો, દુષ્ટ પુરુષોનાં વિષશક્તિ(મારકશક્તિ)થી ભરેલાં વચનો, પોતાની શક્તિ એ મંત્રથી નષ્ટ થઇ જવાથી કાંઇ જ કરી શકતાં નથી. સાવ જ સામર્થ્યહીન બની જાય છે. સજ્જનના નામમાં એ અચિંત્ય સામર્થ્ય છે કે જેથી દુષ્ટજનોનાં વચનો કોઇ પણ રીતે

આત્માની ઉપર ખરાબ સંસ્કાર પાડી શકતા નથી. આ છેલ્લી બત્રીશીમાં માત્ર ગાથાઓ જ છે. તેની ઉપર ટીકાની રચના કરી નથી. તેથી તે તે ગાથાઓનો પરમાર્થ વર્ણવવાનું થોડું અઘરું છે. માત્ર ગાથાઓ ઉપરથી ગ્રંથકાર પરમર્ષિના આશયને સમજવાનું ઘણું જ કપરું છે. આમ છતાં બીજો કોઇ ઉપાય ન હોવાથી એ અંગે થોડો પ્રયત્ન અહીં કર્યો છે. ।।૩૨-૧।।

સજ્જનની અપેક્ષાએ દુર્જન બળવાન હોય તો 'સજ્જન' નામનો મંત્ર દુર્જનનાં વચનોની વિષશક્તિનું હરણ કઇ રીતે કરશે, આ શંકાનું સમાધાન કરાય છે–

**स्याद् बली बलमिह प्रदर्शयेत्, सज्जनेषु यदि सत्सु दुर्जनः ।**
**किं बलं नु तमसोऽपि वर्ण्यते, यद् भवेदसति भानुमालिनि ।।३२-२।।**

"સજ્જનો હોતે છતે જો દુર્જન પોતાનું બળ બતાવે તો તેને બળવાન કહેવાય. શું સૂર્ય ન હોય ત્યારે અંધકારનું પણ બળ વર્ણવાય છે ખરું ?" - આ પ્રમાણે બીજી ગાથાનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે દુર્જન સજ્જનની અપેક્ષાએ ક્યારે પણ બળવાન હોતા નથી. સજ્જનોની ઉપસ્થિતિ ન હોય ત્યારે તેઓ વાદ-પ્રતિવાદ જોરશોરથી કરતા હોય છે અને સામાન્ય લોકોમાં તેઓ સમર્થ તરીકે પોતાની છાપ ઉપસાવતા હોય છે. પરંતુ વસ્તુસ્થિતિ એવી હોતી નથી.

સજ્જનોની ઉપસ્થિતિમાં દુર્જન પોતાના સામર્થ્યને પ્રદર્શિત કરે તો ચોક્કસ જ તે દુર્જનને બળવાન કહી શકાય. પરંતુ એવું બનતું નથી. સજ્જનોની શ્રદ્ધા, માર્ગાનુસારિણી પ્રજ્ઞા અને તાત્ત્વિક પ્રવૃત્તિના સામર્થ્યની સામે ટકી રહેવાનું સામર્થ્ય દુર્જનમાં ક્યારેય ય નથી હોતું. આમ છતાં સજ્જનોની અવિદ્યમાનતામાં દુર્જનો કોઇ વાર પોતાના બળનું પ્રદર્શન કરતા પણ હોય છે. એનો અર્થ એ નથી કે તેઓ બળવાન છે. કારણ કે રાત્રિને વિશે સૂર્ય ન હોય ત્યારે અંધકાર સર્વત્ર પ્રસરે છે. તેથી કાંઇ સૂર્ય કરતાં અંધકારનું બળ (સામર્થ્ય-પ્રભાવ) અધિક છે : એમ થોડું મનાય છે ? સજ્જનો સૂર્ય જેવા છે અને દુર્જનો અંધકાર જેવા છે. સૂર્યની ઉપસ્થિતિમાં જ્યાં અંધકારનું અસ્તિત્વ જ શક્ય નથી, ત્યાં તેની બળવત્તાની વિચારણાનો અવકાશ જ કઇ રીતે સંભવે ? સજ્જનોની

સામે આવવાનું જ જ્યાં દુર્જનને શક્ય નથી ત્યાં તેની સામે થવાનો પ્રસંગ જ ક્યાંથી હોય... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૩૨-૨॥

સજ્જન અને દુર્જનના પરિચય માટે લિંગો જણાવાય છે–

**दुर्जनस्य रसना सनातनीं, सङ्गतिं न परुषस्य मुञ्चति ।**
**सज्जनस्य तु सुधातिशायिनः, कोमलस्य वचनस्य केवलम् ॥३२-३॥**

"દુર્જનની જીભ હંમેશાં કઠોર વચનની સંગતિને છોડતી નથી; પરંતુ સજ્જનની જીભ હંમેશાં અમૃતથી પણ ચઢિયાતા એવા મધુર અને કોમલ વચનની જ સંગતિને છોડતી નથી." - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે, દુર્જનનો સ્વભાવ જ છે કે તે કાયમ માટે કઠોર જ બોલ્યા કરે છે. કોઇ વાર અત્યંત સ્વાર્થને પ્રાપ્ત કરવા મધુર બોલે ત્યારે પણ હૃદયમાં ખૂબ જ કઠોરતા ભરી હોય છે. આનાથી તદ્દન વિપરીત સ્વભાવ સજ્જનોનો હોય છે. તેઓ હંમેશા અમૃતથી પણ અધિક મધુર અને કોમલ વચન જ બોલતા હોય છે. કોઇ વાર સામા માણસની યોગ્યતા જોઇને હિતબુદ્ધિએ કઠોર વચન પણ બોલતા હોય ત્યારે હૈયાની કોમળતાનો નાશ થતો નથી... ઇત્યાદિ વાત અનુભવથી પ્રસિદ્ધ છે. માણસના વચન ઉપરથી સામાન્ય રીતે એના સ્વભાવનો ખ્યાલ આવે છે. ॥૩૨-૩॥

સજ્જનોનું માહાત્મ્ય વર્ણવાય છે–

**या द्विजिह्वदलना घनादराद्, याऽऽत्मनीह पुरुषोत्तमस्थितिः ।**
**याप्यनन्तगतिरेतयेष्यते, सज्जनस्य गरुडानुकारिता ॥३२-४॥**

"જે દ્વિજિહ્વ(સર્પ, દુર્જન)દલન છે, જે પુરુષોત્તમ(વિષ્ણુ, તીર્થંકર)સ્થિતિ છે અને જે અનંતગતિ (શેષનાગગતિ, અસીમગતિ) છે; આ ત્રણના કારણે સજ્જનના આત્મામાં અત્યંત આદરથી ગરુડની સમાનતા પ્રસિદ્ધ છે." - આ પ્રમાણે ચોથા શ્લોકનો સામાન્યાર્થ છે.

અહીં કહેવાનો આશય એ છે કે સજ્જનો ગરુડ જેવા છે. ગરુડ સર્પનું દલન-ખંડન કરે છે. વિષ્ણુને તે ધારણ કરે છે, કારણ કે એ વિષ્ણુનું વાહન છે અને તેની -

ગરુડની ગતિ અસીમ છે. આવી જ રીતે સજ્જનો દુર્જનોનું ખંડન કરે છે, પોતાના આત્મામાં શ્રી તીર્થંકરપરમાત્માને ધારણ કરે છે અને અધ્યાત્મમાર્ગે તેઓશ્રીની અસીમગતિ છે. તેમ જ શેષનાગની પૃથ્વીને ધારણ કરવાની જે ગતિ-પદ્ધતિ છે તેમ સજ્જનો પણ પોતાની જવાબદારીને સારી રીતે વહન કરે છે. તેથી તેઓ અનંતગતિ છે. આ રીતે સજ્જનો પોતાના આત્મામાં અત્યંત આદરથી ગરુડની તુલ્યતાને ધારણ કરે છે - એ સમજી શકાય છે. ॥૩૨-૪॥

સજ્જન અને દુર્જનના ભેદને જ ફરી જણાવાય છે. અર્થાત્ પ્રકારાંતરથી સજ્જન અને દુર્જનના ભેદને જણાવાય છે—

**सज्जनस्य विदुषां गुणग्रहे, दूषणे निविशते खलस्य धीः ।**
**चक्रवाकदृगहर्पते र्द्युतौ, घूकदृक् तमसि सङ्गमङ्गति ॥३२-५॥**

"વિદ્વાનોના ગુણને ગ્રહણ કરવામાં સજ્જનોની બુદ્ધિ જોડાય છે અને દુર્જનોની બુદ્ધિ તે વિદ્વાનોનાં દૂષણોને પ્રગટ કરવામાં જોડાય છે. ચક્રવાકની દૃષ્ટિ સૂર્યની કાંતિમાં જોડાય છે અને ઘુવડની દૃષ્ટિ અંધકારનો સંગ કરે છે." - આ પ્રમાણે પાંચમા શ્લોકનો અર્થ છે.

કહેવાનું તાત્પર્ય સ્પષ્ટ છે કે સ્વભાવથી જ સજ્જનો ગુણના અર્થી હોવાથી વિદ્વાનોના ગુણોને ગ્રહણ કરવામાં તેઓ તત્પર હોય છે. જ્યારે દુર્જનો વિદ્વાનોના પણ દોષોને પ્રગટ કરવામાં તત્પર હોય છે. બંન્નેના સ્વભાવમાં ખૂબ જ મોટું અંતર છે - આ વાત ચક્રવાકપક્ષી અને ઘુવડની ઉપમા દ્વારા સમજી શકાય છે. જ્યાં દોષ હોય ત્યાં પણ સામાન્યથી તે પ્રગટ કરાતા નથી. પરંતુ દુર્જનોનો સ્વભાવ જ વિચિત્ર હોય છે, તેથી જ્યાં દોષ નથી તે વિદ્વાનોમાં પણ દોષને પ્રગટ કરે છે. જ્ઞાનાદિગુણોના ભાજન સ્વરૂપ વિદ્વાનોના ગુણ ગ્રહણ કરવા જેટલી યોગ્યતા કદાચ ન પણ મેળવી શકીએ, પરંતુ તેમના દોષો પ્રગટ કરવાની દુર્જનતા તો ન જ દાખવવી જોઇએ... ઇત્યાદિ સમજાવવાનું તાત્પર્ય છે. ॥૩૨-૫॥

સ્વભાવથી જ સજ્જનોના દોષોને દુર્જનો પ્રગટ કરતા હોય છે. પરંતુ એથી સજ્જનોને કોઇ જ ફરક પડતો નથી. પરંતુ ઉપરથી લાભ થાય છે, એ જણાવાય છે—

**दुर्जनैरिह सतामुपक्रिया, तद्वचोविजयकीर्त्तिसम्भवात् ।**
**व्यातनोति जिततापविप्लवां, वह्निरेव हि सुवर्णशुद्धताम् ।।३२-६।।**

"અહીં દુર્જનો દ્વારા સજ્જનો ઉપર ઉપકાર કરાય છે. કારણ કે દુર્જનોનાં વચનો ઉપર વિજય પ્રાપ્ત કરવાથી સજ્જનોની કીર્ત્તિ જ ફેલાય છે. તાપના ઉપદ્રવને સહન કરી લેવાથી સુવર્ણની શુદ્ધતા વહ્નિ જ કરે છે ને ?" - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ છે. એનો આશય સમજી શકાય છે કે, દુર્જનો જ્યારે પણ સજ્જનો ઉપર દોષારોપણ કરે છે, ત્યારે પારમાર્થિક દૃષ્ટિએ સજ્જનોને લાભ જ થતો હોય છે; પરંતુ તેમને તેથી તેમાં કશું જ ગુમાવવું પડતું નથી. આજ સુધીમાં આવા કંઈકેટલાય પ્રસંગો બનેલા છે. કેટલાક મહાત્માઓને એવા પ્રસંગે કેવલજ્ઞાનની પણ પ્રાપ્તિ થઈ છે.

મહાત્માઓ ઉપર દુર્જનોએ જે પણ આક્ષેપો કર્યા તે બધાનો પ્રતિકાર કર્યા વિના તેને સહન કરી તેની ઉપર વિજય પ્રાપ્ત કર્યો. જેથી મહાત્માઓની કીર્ત્તિ સર્વત્ર વિસ્તારને પામી. આમાં દુર્જનોએ કરેલ દોષારોપણ પણ એક નિમિત્ત તો છે. એને સહન કરી લેવાથી સજ્જનોને પારમાર્થિક લાભની પ્રાપ્તિ થતી હોય છે. આ વાતનું સમર્થન દૃષ્ટાંતથી કરાયું છે. સુવર્ણ પણ વહ્નિના તાપના ઉપદ્રવને જીતી લે છે તો તે શુદ્ધિને પ્રાપ્ત કરે છે. આ રીતે સજ્જનોના લાભમાં દુર્જનો ઉપકારક બને છે. ।।૩૨-૬।।

ત્રીજા શ્લોકમાં જણાવ્યું હતું કે સજ્જનોની વાણી અમૃત કરતાં પણ મધુર છે, તેનું કારણ જણાવાય છે–

**या कलङ्किवसते र्न सक्षया, या कदाऽपि न भुजङ्गसङ्गता ।**
**गोत्रभित्सदसि या न सा सतां, वाचि काचिदतिरिच्यते सुधा ।।३२-७।।**

"સજ્જનોની વાણીમાં કોઈક અતિરિક્ત જ સુધા (અમૃત) છે. કારણ કે તે ચંદ્રમામાં રહેતી ન હોવાથી ક્ષયવાળી નથી, ક્યારે પણ સર્પોની સંગત કરતી નથી અને તે ઇન્દ્રની સભામાં નથી." - આ પ્રમાણે સાતમા શ્લોકનો સામાન્યાર્થ છે. એની પાછળનો આશય એ છે કે સામાન્ય રીતે લોકમાં પ્રસિદ્ધ છે કે અમૃત ચંદ્રમામાં વૃત્તિ છે અને તેથી ચંદ્રમાની જેમ જ વદ ૧ થી તેનો ક્ષય થાય છે.

અમૃતની આસપાસ સર્પ (ભુજંગો) ફરતા હોય છે. તેમ જ અમૃત ઇન્દ્રની સભામાં (દેવલોકમાં) હોય છે. પરંતુ સજ્જનની વાણીમાં જે અમૃત છે તે સુપ્રસિદ્ધ અમૃતથી અતિરિક્ત છે, જે ઉપર જણાવ્યા મુજબ સ્પષ્ટ રીતે સમજી શકાય છે. પરંતુ તકલીફ એક જ છે કે આવા અમૃતની રુચિ જાગવી જોઇએ તેવી જાગતી નથી.

સજ્જનોની વાણી સાંભળવાની ઇચ્છા થાય, પછી તેની પ્રવૃત્તિ થાય અને પછી તેની અભિરુચિ થાય : આ બધું ખૂબ જ અશક્ય છે. તેવા પ્રકારની વિશિષ્ટ ભવિતવ્યતાનો પરિપાક થયો હોય અને કર્મની લઘુતા થયેલી હોય તો જ હિતને કરનારી એવી સજ્જનની વાણીમાં રહેલી સુધાનો આસ્વાદાનુભવ થાય, અન્યથા એ શક્ય નથી. ॥૩૨-૭॥

સજ્જનોની સુધાયુક્ત વાણીથી જે ફળ પ્રાપ્ત થાય છે, તે જણાવાય છે–

**दुर्जनोद्यमतपर्तुपूर्त्तिजात्, तापतः श्रुतलता क्षयं व्रजेत् ।**
**नो भवेद् यदि गुणाम्बुवर्षिणी, तत्र सज्जनकृपातपात्ययः(या) ॥३२-८॥**

"ગુણસ્વરૂપ પાણીને વરસાવનારી, સજ્જનની કૃપાસ્વરૂપ વર્ષાઋતુ ન હોય તો, દુર્જનોના ઉદ્યમ સ્વરૂપ ગ્રીષ્મઋતુથી ઉત્પન્ન થયેલા તાપથી શ્રુતજ્ઞાન સ્વરૂપ વેલડી ક્ષય પામી જાય." - આ પ્રમાણે આઠમા શ્લોકનો અક્ષરાર્થ છે. જેનો આશય સ્પષ્ટ છે કે અહીં દુર્જનના ઉદ્યમને ગ્રીષ્મઋતુ, શ્રુતજ્ઞાનને વેલડી, સજ્જનની કૃપાને વર્ષાઋતુ અને ગુણોને પાણીની ઉપમા દ્વારા વર્ણવ્યા છે.

દુર્જનોનો સ્વભાવ છે કે શ્રુતજ્ઞાનનો નાશ કરવો. પોતાની વાતનો પ્રતિકાર કરવાનું અદ્ભુત સામર્થ્ય શ્રુતજ્ઞાનમાં છે - એનો ખ્યાલ હોવાથી શ્રુતજ્ઞાનનો નાશ કરવા માટે તેઓ નિરંતર પ્રયત્ન કરતા રહે છે. આ પરિસ્થિતિમાં સજ્જનોની ગુણાન્વિત કૃપા જ દુર્જનોના એ પ્રયત્નને નિરર્થક બનાવે છે. ગ્રીષ્મઋતુનો તાપ પડ્યા પછી સુકાઇ ગયેલી વેલડીને વર્ષાઋતુની જલવર્ષા જ નાશ પામતી અટકાવે છે - એ સમજી શકાય છે. આવી જ રીતે દુર્જનોના પ્રયત્ન સ્વરૂપ ગ્રીષ્મઋતુના તાપથી નાશ પામતી શ્રુતજ્ઞાનસ્વરૂપ વેલડીને ગુણજળની વર્ષાથી સજ્જનની કૃપા સ્વરૂપ વર્ષાઋતુ નાશ પામવા દેતી નથી. અન્યથા દુર્જનોના ઉદ્યમથી શ્રુતજ્ઞાનનો નાશ થઇ જાત. ॥૩૨-૮॥

સજ્જન અને દુર્જનના ભેદને કાર્યાંતરના ભેદથી જણાવાય છે–

**तन्यते सुकविकीर्त्तिवारिधौ दुर्जनेन वडवानलव्यथा ।**
**सज्जनेन तु शशाङ्ककौमुदीसङ्गरङ्गवदहो महोत्सवः ।।३२-९।।**

"સારા કવિઓની કીર્ત્તિસ્વરૂપ સમુદ્રમાં દુર્જનો વડે વડવાગ્નિની વ્યથા ફેલાવાય છે. પરંતુ સજ્જનો વડે તો ચંદ્રમાની જ્યોત્સ્નાના સંગના રંગથી યુક્ત એવો મહોત્સવ કરાય છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. તેનો આશય એ છે કે સારા કવિઓ અનેકાનેક ગ્રંથોના અર્થને સંકલિત કરે છે અને પ્રયત્નપૂર્વક તેનો વિસ્તાર કરે છે. એ જોઇને સજ્જનો તેમની કૃતિની પ્રશંસા વગેરે કરીને સજ્જનોની કીર્ત્તિને સર્વત્ર ફેલાવે છે. ચંદ્રમાના પ્રકાશમાં જેમ સમુદ્રમાં ભરતી આવે છે તેમ સજ્જનો દ્વારા કરાયેલી સારા કવિઓની પ્રશંસા વગેરેથી કવિઓની તે તે કૃતિથી સારા કવિઓની કીર્ત્તિ વૃદ્ધિ પામે છે. એનાથી તદ્દન જ વિપરીત કાર્ય કરવાનો સ્વભાવ દુર્જનોનો છે. તેઓ પોતાના સ્વભાવને અનુરૂપ, સારા કવિઓની કૃતિમાં દોષનું ઉદ્‌ભાવન કરી-કરીને કવિઓની કીર્ત્તિસ્વરૂપ સમુદ્રમાં વડવાનલની વ્યથાને ઉપજાવે છે. અર્થાત્ કીર્ત્તિસ્વરૂપ પાણીને શોષી લે છે. સમુદ્રમાં ચંદ્રમાના ઉદયથી ભરતી આવે છે અને સમુદ્રમાં વડવાનલ હોય છે - એ સાહિત્યપ્રસિદ્ધ છે. આ રીતે સજ્જનો સારા કવિઓની કીર્ત્તિને વિસ્તારે છે અને દુર્જનો તેને ફેલાતી અટકાવે છે - એ કહેવાનું તાત્પર્ય છે. ।।૩૨-૯।।

ઉપર જણાવ્યા મુજબ દુર્જનોની દુષ્ટતા હોવા છતાં સજ્જન પુરુષોના અનુગ્રહને લઇને દુર્જનોથી ભય રહેતો નથી, તે જણાવાય છે–

**यद्यनुग्रहपरं सतां मनो, दुर्जनात् किमपि नो भयं तदा ।**
**सिंह एव तरसा वशीकृते, किं भयं भुवि शृगालबालकात् ।।३२-१०।।**

"જો મારા ઉપર અનુગ્રહ કરવામાં તત્પર એવું સજ્જનોનું મન હોય તો દુર્જનથી મને કોઇ જ ભય નથી. કારણ કે ઝડપથી સિંહને જ વશ કરી લીધેલ હોય તો શું જગતમાં શિયાળના બચ્ચાથી ભય હોય ખરો ? અર્થાદ્ ન હોય." - આ પ્રમાણે દશમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ જ છે કે દુર્જનો

શિયાળના બચ્ચા જેવા છે અને સજ્જનો સિંહ જેવા છે. તેમના સંગથી દુર્જનોનો ભય રાખવાનું કોઈ જ કારણ નથી. ॥૩૨-૧૦॥

સજ્જન અને દુર્જનના કાર્યભેદને જ જણાવાય છે–

**खेदमेव तनुते जडात्मनां, सज्जनस्य तु मुदं कवेः कृतिः ।**
**स्मेरता कुवलयेऽब्जपीडनं (म्बुजे व्यथा), चन्द्रभासि भवतीति हि स्थितिः ॥३२-११॥**

"જડબુદ્ધિવાળા દુર્જનોને કવિની કૃતિ(ગ્રંથ-રચના) ખેદને જ ઉપજાવે છે. પરંતુ સજ્જનોને તો તે આનંદને ઉપજાવે છે. ચંદ્રની કાંતિ ખીલેલી હોય ત્યારે ચંદ્રવિકાસી કમળ (કુવલય) વિકાસ પામે છે. પરંતુ સૂર્યવિકાસી કમળને વ્યથા-પીડા થાય છે. તેથી અહીં આવી સ્થિતિ છે." - આ પ્રમાણે અગિયારમા શ્લોકનો અર્થ છે.

કોઈનું પણ સારું જોઈ ના શકે - એવો સ્વભાવ દુર્જનોનો હોય છે. તેથી તેમને કવિઓની ગ્રંથની રચનાથી આનંદ ન થાય એ બનવાજોગ છે. એટલાથી પતી જતું હોત તો તે સારું જ હતું, પરંતુ એવું થતું નથી. ઉપરથી કવિઓની કૃતિઓથી તેમને ખેદ જ થતો હોય છે. એનાથી વિપરીત રીતે સજ્જનોને કવિઓની કૃતિથી આનંદ થાય છે, જે ઉપર કમળના દૃષ્ટાંતથી સમજાવ્યું છે. ॥૩૨-૧૧॥

પોતાની કૃતિથી દુર્જનોને ખેદ થાય છે તેથી કવિઓ ગ્રંથની રચનાનો શ્રમ કેમ લે છે : તે જણાવાય છે–

**न त्यजन्ति कवयः श्रुतश्रमं, सम्मुदैव खलपीडनादपि ।**
**स्वोचिताचरणबद्धवृत्तयः, साधवः शमदमक्रियामिव ॥३२-१२॥**

"બીજા કોઈ પણ ગમે તેટલી હેરાનગતિ કરે તો ય, પોતાને ઉચિત એવું આચરણ કરવામાં તત્પર એવા સાધુભગવંતો શમ અને દમની ક્રિયાને જેમ ત્યજતા નથી, તેમ દુર્જનોના પીડનથી પણ શ્રુતશ્રમને આનંદથી જ છોડતા નથી." - આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે. એનું તાત્પર્ય સમજી શકાય એવું છે કે ગ્રંથની રચનાથી કવિજનોને આનંદ થતો હોવાથી, દુર્જનો ગમે તેટલી પીડા આપે તોય તેઓ શ્રુતશ્રમનો(ગ્રંથરચનાનો) ત્યાગ કરતા નથી.

એ વાતને સ્પષ્ટ કરવા માટે દૃષ્ટાંત ખરેખર જ સરસ આપ્યું છે. પોતાના માટે શ્રી જિનેશ્વરદેવોએ બતાવેલા આચરણમાં કર્ત્તવ્યતાના અધ્યવસાયને વિશે જેમનું ચિત્ત બંધાયેલું છે, એવા પૂ. સાધુભગવંતો ગમે તેવી પણ વિકટ પરિસ્થિતિમાં શમ અને દમની ક્રિયાઓનો ત્યાગ કરતા નથી. વિષય અને કષાયની પરિણતિને દૂર કરનારી ક્રિયાઓને શમદમની ક્રિયા કહેવાય છે. મોક્ષસાધક એ ક્રિયાને કરવામાં પૂ. સાધુમહાત્માઓને ખૂબ જ આનંદનો અનુભવ થતો હોય છે. તેથી ગમે તેવા અવરોધો આવે તોપણ તેઓશ્રી પોતાની શમદમની ક્રિયાનો ત્યાગ કરતા નથી. જેમાં આનંદ પ્રાપ્ત થાય તેને છોડી દેવાનું ન બને - એ સમજી શકાય છે. કવિઓને ગ્રંથરચનાથી આનંદ પ્રાપ્ત થતો હોવાથી તેઓ ગ્રંથરચના કરે છે. દુર્જનોને ખેદ ઉપજાવવા માટે તેઓ ગ્રંથની રચના કરતા નથી. કવિઓની કૃતિથી દુર્જનોને જે ખેદ થાય છે, તેમાં અપરાધ દુર્જનોનો છે. ॥૩૨-૧૨॥

ઉપર જણાવેલી જ વાતનું સમર્થન કરાય છે—

**नव्यतन्त्ररचनं सतां रतेस्त्यज्यते न खलखेदतो बुधैः ।**
**नैव भारभयतो विमुच्यते, शीतरक्षणपटीयसी पटी ॥३२-१३॥**

"દુર્જનોને ખેદ થાય છે એટલામાત્રથી, સજ્જનોને જેનાથી રતિ થાય છે એવી નવા ગ્રંથોની રચનાનો ત્યાગ પંડિતો કરતા નથી. કારણ કે ઠંડીથી રક્ષણ કરવા માટે સમર્થ એવું વસ્ત્ર માત્ર ભારના ભયથી છોડાય નહિ." - આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે કવિજનોની નવી નવી ગ્રંથની રચનાથી સજ્જનોને રતિ-આનંદ થાય છે, પરંતુ દુર્જનોને ખેદ થાય છે. તેથી કાંઇ પંડિતો ગ્રંથરચનાનું કાર્ય છોડી ના દે. કારણ કે શરીર ઉપર ભાર થાય છે એટલે ઠંડીને દૂર કરનારા રજાઇ કે ધાબળા વગેરે વસ્ત્રને કોઇ દૂર કરતું નથી.

અહીં દુર્જનોને થતો ખેદ શરીરના ભાર જેવો છે. સજ્જનોની રતિ શીતરક્ષા જેવી છે અને શીતરક્ષાને કરનારા વસ્ત્ર જેવી નવા નવા ગ્રંથની રચના છે... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૩૨-૧૩॥

પંડિતજનોને શ્રુતનો મદ હોય છે, તેથી તેઓ નવી નવી ગ્રંથરચના કરે છે - આવા આક્ષેપનો પરિહાર કરાય છે—

**आगमे सति नवः श्रमो मदान्न स्थितेरिति खलेन दूष्यते ।**
**नौरिवेह जलधौ प्रवेशकृत्, सोऽयमित्यथ सतां सदुत्तरम् ॥३२-१४॥**

"આગમો હોવા છતાં નવા શાસ્ત્રને રચવાનો નવો શ્રમ મદના કારણે થાય છે, આગમની મર્યાદા છે માટે નહિ - આ પ્રમાણે દુર્જનો નવા શાસ્ત્રની રચનાને દૂષિત કરે છે. તેથી અહીં સજ્જનોનો સાચો જવાબ એ છે કે સમુદ્રમાં પ્રવેશ કરાવનાર નૌકાજેવો એ શ્રમ છે." - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે.

આશય એ છે કે કવિજનોની નવી નવી ગ્રંથરચનાને જોઇને એ વિષયમાં દુર્જનો એમ કહેતા હોય છે કે આગમો વિદ્યમાન હોય તો નવા નવા ગ્રંથોની રચના કરવાની પાછળ શું પ્રયોજન છે ? કારણ કે માત્ર પોતાની વિદ્વત્તાનું પ્રદર્શન જ ત્યાં મદથી કરાય છે... આવા આક્ષેપના જવાબમાં સજ્જનોનું એ કહેવું છે કે આગમ સમુદ્રજેવાં છે. એમાં પ્રવેશ કરવા માટે નાવતુલ્ય પ્રકરણાદિ ગ્રંથો છે. નાવ વિના સમુદ્રમાં જઇએ તો પરિણામ કેવું આવે : તે આપણે સારી રીતે સમજી શકીએ છીએ. પ્રકરણાદિ ગ્રંથોની રચના કરીને ગ્રંથકારપરમર્ષિઓએ આગમસમુદ્રમાં આપણો પ્રવેશ કરાવવાનો પ્રયત્ન કર્યો છે. આવા નવા નવા ગ્રંથોની રચના થઇ ન હોત તો આગમસમુદ્રનો પાર પામવાનું શક્ય ના બનત. સમુદ્ર તરવા માટે તો નૌકા છે. નવા ગ્રંથો, આગમના અર્થને પામવા માટેનું એકમાત્ર સાધન છે... ઇત્યાદિ સમજી લેવું જોઇએ. ॥૩૨-૧૪॥

નવા નવા ગ્રંથોની રચનાથી પૂર્વ પૂવ સૂરિભગવંતોની હીલના થાય છે, એ આક્ષેપનું નિરાકરણ કરાય છે–

**पूर्वपूर्वतनसूरिहीलना, नो तथापि निहतेति दुर्जनः ।**
**तातवागनुविधायिबालवन्नेयमित्यथ सतां सुभाषितम् ॥३२-१५॥**

"નૌકાતુલ્ય નવા ગ્રંથોની રચના હોવા છતાં, પૂર્વ પૂર્વ કાળમાં થયેલા પૂજ્ય આચાર્ય ભગવંતોની તેથી હીલના તો થઇ જ જાય છે - આ પ્રમાણે દુર્જનો કહે છે. આના ઉત્તર-સ્વરૂપે અહીં સજ્જનોનું સુભાષિત એ છે કે પિતાની વાતનું જ વિધાન કરનારા બાળકની જેમ અહીં સમજી લેવું." - આ પ્રમાણે પંદરમા શ્લોકનો અક્ષરાર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે પોતાના પિતાશ્રીની વાતનો અનુવાદ

કરનાર બાળક પોતાના પિતાજીની હીલના જેમ કરતો નથી તેમ અહીં પણ કવિજનો પૂર્વ પૂર્વ કાળના મહાપુરુષોની વાતને જ વિસ્તારથી નવા ગ્રંથોની રચનાથી સમજાવતા હોય છે, તેથી તેઓશ્રીની હીલના થતી નથી. પરંતુ તેથી પૂર્વપૂર્વ મહાપુરુષોની પ્રત્યેનો સમર્પણભાવ વ્યક્ત થતો હોય છે. પૂર્વ પૂર્વ શાસ્ત્રકારપરમર્ષિઓનાં અર્થગંભીર વચનોને ભવ્ય જીવોના હૃદય સુધી પહોંચાડવા માટેનો જ એ એક પરિશ્રમ છે... ઈત્યાદિ સ્પષ્ટ છે. ॥૩૨-૧૫॥

આમ છતાં નવા નવા ગ્રંથની રચનાથી થતી સ્વાધ્યાયહાનિથી શું મળવાનું છે, આવી શંકાનું સમાધાન કરાય છે–

**किं तथाऽपि पलिमन्थमन्थरैरत्र साध्यमिति दुर्जनोदिते ।**
**स्वान्ययोरुपकृतिर्नवा मतिश्चेति सज्जननयोक्तिरर्गला ॥३२-१६॥**

"તોપણ નવી ગ્રંથરચનાની પ્રવૃત્તિથી થનારી મૂલાગમના સ્વાધ્યાયની હાનિથી શું સિદ્ધ કરવાનું છે ? - આ પ્રમાણે દુર્જનો આક્ષેપ કરે છે, ત્યારે તે આક્ષેપનો પ્રતિબંધ કરનાર સજ્જનોની નીતિને અનુસરનારું એ વચન છે કે સ્વપર ઉપકાર અને નવી બુદ્ધિ સાધ્ય છે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, 'જ્યારે મૂળ આગમો વિદ્યમાન છે. ત્યારે તેનો સ્વાધ્યાય કરવાના બદલે નવા નવા ગ્રંથોની રચના કરવામાં સમયનો વ્યય કરી શું સિદ્ધ કરવાનું છે ? અર્થાત્ કશું જ સિદ્ધ થવાનું નથી.' - આ પ્રમાણે દુર્જનો કવિઓની પ્રત્યે આક્ષેપ કરે છે. એના પરિહાર માટે સજ્જનોનું નીતિયુક્ત એ વચન છે કે 'નવા નવા ગ્રંથની રચનાથી મૂળઆગમમાં વર્ણવેલા તે તે પદાર્થનું જ્ઞાન પોતાને અને બીજાને સ્પષ્ટ રીતે થાય છે. તેવા પ્રકારના સ્વપર ઉપકાર માટે અને નવી નવી પ્રજ્ઞા માટે નવા નવા ગ્રંથની રચના ઉપયોગી બને છે." - આ સજ્જનોનું વાક્ય દુર્જનના આક્ષેપનો પ્રતિબંધ કરે છે. ॥૩૨-૧૬॥

ઉપર જણાવેલી વિગતમાં શાસ્ત્રકારપરમર્ષિની સમ્મતિ જણાવાય છે–

**सप्रसङ्गमिदमाद्यविंशिकोपक्रमे मतिमतोपपादितम् ।**
**चारुतां व्रजति सज्जनस्थितिर्नाक्षतासु नियतं खलोक्तिषु ॥३२-१७॥**

"પ્રસંગવશ ઉપર જણાવેલી વિગત બુદ્ધિમાન સૂરિપુરંદર પૂ.આ.ભ.શ્રી હરિભદ્રસૂરિ મહારાજે 'વિંશતિ વિંશિકા' પ્રકરણની પ્રથમવિંશિકાના પ્રારંભે જણાવી છે. ખરેખર જ દુર્જનોની વાતોનું ખંડન ન થાય ત્યાં સુધી સજ્જનોની સ્થિતિ સુંદર થતી નથી." - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે આ પૂર્વે અહીં દુર્જનોના વિષયમાં જે જણાવ્યું છે, તે 'વિંશતિ વિંશિકા' પ્રકરણની પ્રથમ વિંશિકામાં સાતમીથી દશમી ગાથા સુધીની ગાથાઓથી પ્રકરણકાર-પરમર્ષિએ ફરમાવ્યું છે. એનો સાર એ છે કે "આ પ્રમાણે શક્તિ અનુસાર કથન સ્વરૂપ પ્રકરણની રચનાથી તે તે અધિકારોમાં જે જે શ્રુતથી ઉદ્ધાર થાય છે, તે તે શ્રુતનો વિચ્છેદ નહિ થાય. કારણ કે રચાયેલા પ્રકરણમાં વિવક્ષિત વિષયના આંશિક દર્શનથી જિજ્ઞાસુઓ તે શ્રુતના અધ્યયનમાં કૌતુકથી પણ પ્રવૃત્તિ કરશે." ॥૧-૭॥ "જોકે આ શાસ્ત્રની રચનામાં એક દોષ છે કે તેથી દુર્જનોને પીડા થાય છે. પરંતુ સજ્જનોની બુદ્ધિના સંતોષને જોઇને હું આ ગ્રંથરચનામાં પ્રવૃત્ત થયો છું." ॥૧-૮॥ "તેથી આ પ્રકરણ રચવાથી જે પુણ્ય થશે, તે પુણ્યથી તે દુર્જનોને પણ પીડા થશે નહિ. તેથી જ શુદ્ધાશયપૂર્વકની પ્રવૃત્તિ શાસ્ત્રમાં નિર્દોષ જણાવી છે." ॥૧-૯॥ "અન્યથા એ પ્રમાણે માનવામાં ન આવે તો છદ્મસ્થો વડે ક્યારેય કુશળમાર્ગમાં પ્રવૃત્તિ કરી જ શકાશે નહિ. માટે આ પ્રાસંગિક વાતના વિસ્તાર વડે સર્યું." ॥૧-૧૦॥ આ રીતે પૂર્વે જણાવેલા દુર્જનોના આક્ષેપોનો પ્રતિકાર પૂ.આ.ભ.શ્રી હરિભદ્ર સૂ. મહારાજાએ પણ કર્યો છે... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૩૨-૧૭॥

ઉપર જણાવ્યા મુજબ દુર્જનોના આક્ષેપોનું નિરાકરણ કરીને સજ્જનોને નમસ્કાર કરાય છે—

**न्यायतन्त्रशतपत्रभानवे, लोकलोचनसुधाञ्जनत्विषे ।**
**पापशैलशतकोटिमूर्त्तये, सज्जनाय सततं नमो नमः ॥३२-१८॥**

"ન્યાયતંત્રસ્વરૂપ કમળને વિકસાવવા માટે સૂર્ય જેવા, લોકોની આંખો માટે ચંદ્રની કાંતિ જેવા તેમ જ પાપસ્વરૂપ પર્વતને ભેદવા માટે વજ્ર જેવા સજ્જનોને સતત વારંવાર નમસ્કાર થાઓ..." - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે. એનો આશય સમજી શકાય છે. સૂર્ય, ચંદ્ર અને વજ્રની ઉપમા આપીને

અહીં સજ્જનોનું વર્ણન કર્યું છે. ન્યાય, આંખ અને પાપનો નાશ : આ ત્રણની આવશ્યકતાનો જેને ખ્યાલ છે તેને સજ્જનો પ્રત્યે બહુમાન પ્રગટ્યા વિના નહીં રહે. શિષ્ટ પુરુષોની મર્યાદા સ્વરૂપ ન્યાય છે. વિવેકપૂર્ણ દૃષ્ટિ સ્વરૂપ જનનયન છે અને પાપનો નાશ સુપ્રસિદ્ધ છે. એ ત્રણેયની પ્રાપ્તિ માટે સજ્જનો સૂર્ય વગેરે સ્વરૂપ છે. ॥૩૨-૧૮॥

સજ્જનોને સામાન્યપણે નમસ્કાર કરીને હવે સજ્જનોની પંક્તિમાં બિરાજમાન પોતાના પૂર્વતન પૂજ્યપાદ ગુરુભગવંતોની પરંપરાનું અનુસ્મરણ કરાય છે–

**भूषिते बहुगुणे तपागणे, श्रीयुतैर्विजयदेवसूरिभिः ।**
**भूरिसूरितिलकैरपि श्रिया, पूरितै र्विजयसिंहसूरिभिः ॥३२-१९॥**
**धाम भास्वदधिकं निरामयं, रामणीयकमपि प्रसृत्वरम् ।**
**नाम कामकलशातिशायितामिष्टपूर्त्तिषु यदीयमञ्चति ॥३२-२०॥**
**यैरुपेत्य विदुषां सतीर्थ्यतां, स्फीतजीतविजयाभिधावताम् ।**
**धर्मकर्म विदधे जयन्ति ते, श्रीनयादिविजयाभिधा बुधाः ॥३२-२१॥**

"શ્રીમાન શ્રી દેવસૂરિજી મહારાજા તથા અનેક પૂ. આચાર્યભગવંતોને વિશે તિલકસમાન અને ઐશ્વર્યથી પૂર્ણ એવા પૂ.આ.ભ.શ્રી.વિ. સિંહસૂરિજી મહારાજથી અલંકૃત એવા ઘણા ગુણવાળા તપાગચ્છમાં જેમનું નામ સૂર્ય કરતાં પણ અધિક તેજસ્વી(પ્રભાવવન્તું) છે, રોગને દૂર કરનારું છે, રમણીય છે અને સર્વત્ર પ્રસિદ્ધ છે તેમ જ જેમનું એ નામ પોતાની ઈષ્ટ વસ્તુને પ્રાપ્ત કરવા માટે કામકુંભ કરતાં પણ અધિક શ્રેષ્ઠતાને પ્રાપ્ત કરે છે એવા, તેમ જ જેઓએ તેજસ્વી એવા જીતવિજયજી નામવાળા વિદ્વાન ઉપાધ્યાયજી મ.નું ગુરુબંધુત્વ પ્રાપ્ત કરીને ધર્મની સાધના કરી તે શ્રીનયવિજયજી ઉપાધ્યાયજી મહારાજ જયવંતા વર્ત્તે છે." - આ પ્રમાણે ઓગણીસ, વીસ અને એકવીસમા શ્લોકનો અર્થ છે. ॥૩૨-૧૯,૨૦,૨૧॥

પૂ. ગુરુદેવશ્રી નયવિજયજી ઉપાધ્યાયજી મહારાજે કરેલા ઉપકારનું સ્મરણ કરાય છે–

**उद्यतैरहमपि प्रसद्य तैस्तर्कतन्त्रमधिकाशि पाठितः ।**
**एष तेषु धुरि लेख्यतां ययौ, सद्गुणस्तु जगतां सतामपि ॥३२-२२॥**

"પ્રયત્નશીલ એવા તેઓશ્રીએ મારી ઉપર કૃપા કરીને મને કાશીમાં તર્કશાસ્ત્રનું અધ્યયન કરાવ્યું. તેઓશ્રીનો આ સદ્ગુણ, જગતમાં પ્રસિદ્ધ એવા સજ્જનોમાં પણ ગણનાપાત્ર મુખ્ય થયો હતો." - આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે એ વખતના કાળમાં વિહાર ખૂબ જ અગવડભર્યા હતા. એવા કપરા સમયમાં ગુજરાત-અમદાવાદથી કાશી જઈને પૂ. ઉપાધ્યાયજી મ.ને તેઓશ્રીના પરમતારક પૂ. ગુરુદેવશ્રીએ ત્યાંના પંડિતો પાસે ન્યાયશાસ્ત્રનું અધ્યયન કરાવ્યું હતું. પોતાના પૂ. ગુરુદેવશ્રીના આ ગુણની પ્રશંસા સર્વત્ર થયેલી. આ વાતનું અનુસ્મરણ કરીને આ શ્લોકથી ગ્રંથકારશ્રીએ પોતાના પૂ. ગુરુદેવશ્રીના ઉપકારનું વર્ણન કર્યું છે; જેથી કૃતજ્ઞતા, સમર્પણભાવ અને ગુરુભક્તિ વગેરે ગ્રંથકારશ્રીમાં પ્રતીત થાય છે. ॥૩૨-૨૨॥

પોતાના પૂ. ગુરુભગવંતનું જ માહાત્મ્ય વર્ણવાય છે–

**येषु येषु तदनुस्मृति र्भवेत्, तेषु धावति च दर्शनेषु धीः ।**
**यत्र यत्र मरुदेति लभ्यते, तत्र तत्र खलु पुष्पसौरभम् ॥३२-२३॥**

"જે જે દર્શનોમાં મને તે પૂ. ગુરુદેવશ્રીનું અનુસ્મરણ થાય છે, તે તે દર્શનોમાં મારી બુદ્ધિ દોડે છે. કારણ કે ખરેખર જ જ્યાં જ્યાં પવન જાય છે, ત્યાં ત્યાં પુષ્પની સુગંધ પ્રાપ્ત થાય છે." - આ પ્રમાણે તેવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સમજી શકાય છે. ગુરુકૃપાનું અદ્ભુત સામર્થ્ય અહીં વર્ણવ્યું છે. છ દર્શનના તે તે આકર ગ્રંથો અત્યંત ગહન હોવાથી તેના પરમાર્થને પામવાનું સરળ નથી, જે ગુરુકૃપાથી ખૂબ જ સરળ બનતું હોય છે. ગ્રંથકારપરમર્ષિએ પોતાના વાસ્તવિક અનુભવનું અહીં વર્ણન કર્યું છે. ઓછાવધતા પ્રમાણમાં એવો અનુભવ આપણને પણ કોઈ વાર થતો હોય છે. પરંતુ એ ક્ષણવાર માટે હોવાથી તેની છાયા આપણા જીવનમાં પડતી નથી. અહીં તો ગ્રંથકારશ્રીની જ્ઞાનોપાસનામય સાધનામાં એ અનુભવ પળે પળે થાય એમાં આશ્ચર્ય નથી. ॥૩૨-૨૩॥

પૂ. ગુરુદેવશ્રીના અનુસ્મરણના ફળવિશેષને જણાવાય છે–

**तद्‌गुणै र्मुकुलितं रवेः करैः, शास्त्रपद्ममिह मन्मनोहृदात् ।**
**उल्लसन्नयपरागसङ्गतं, सेव्यते सुजनषट्पदव्रजैः ॥३२-२४॥**

"અત્યાર સુધી બિડાયેલું શાસ્ત્રકમળ; મારા મનસ્વરૂપ સરોવરમાંથી, પૂ. ગુરુદેવશ્રીના ગુણો સ્વરૂપ સૂર્યકિરણો વડે વિકાસ પામે છે. તે નયસ્વરૂપ પરાગથી યુક્ત એવું શાસ્ત્રકમળ સજ્જનસ્વરૂપ ભમરાઓના સમુદાયો વડે સેવાય છે." - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અર્થ છે. તાત્પર્ય એ છે કે - ગ્રંથકારપરમર્ષિના મનસ્વરૂપ સરોવરમાં અત્યાર સુધી દીક્ષાના પૂર્વકાળમાં શાસ્ત્રસ્વરૂપ કમળ બિડાયેલું હતું. પરંતુ ત્યાર પછી પોતાના ભવનિસ્તારક એવા પૂ. ગુરુદેવશ્રીના નામસ્મરણાદિસ્વરૂપ ગુણરૂપી સૂર્યકિરણો વડે એ શાસ્ત્રકમળ ખીલવા માંડ્યું. ખીલેલા એ કમળમાં સજ્જનોની નીતિ સ્વરૂપ પરાગ છે. એવા પરાગથી યુક્ત એવા કમળને સજ્જનોસ્વરૂપ ભમરાઓના સમુદાયો સેવે છે. આના મૂળમાં પૂ. ગુરુદેવશ્રીનું નામસ્મરણ કાર્યરત છે - એ સમજી શકાય છે. ॥૩૨-૨૪॥

આવા પરમોપકારી પૂ. ગુરુદેવશ્રીના ઉપકારોનું ઋણ વાળી શકાય એવું નથી : એ જણાવાય છે–

**निर्गुणो बहुगुणै र्विराजितांस्तान् गुरूनुपकरोमि कैर्गुणैः ।**
**वारिदस्य ददतो हि जीवनं, किं ददातु बत चातकार्भकः ॥३२-२५॥**

"બહુગુણોથી શોભતા એવા પૂ. ગુરુભગવંતને, નિર્ગુણ એવો હું કયા ગુણોથી ઉપકૃત કરું ? કારણ કે પોતાને જીવન આપનાર મેઘને, બિચારું ચાતક બાલ શું આપી શકે ?" - આ પચીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. અહીં ગ્રંથકારશ્રીએ પૂ. ગુરુદેવશ્રીના અનંત ઉપકારનું વર્ણન કર્યું છે. ઘણા ગુણોથી અલંકૃત એવા પૂ. ગુરુદેવશ્રીએ જે ઉપકાર કર્યા છે તેની કોઇ સીમા નથી. એના ઋણને અંશતઃ પણ ચૂકવવાનું સામર્થ્ય પોતામાં નથી : એ પ્રમાણે પૂ. ઉપાધ્યાયજી મ. ફરમાવે છે. સંયમજીવનનું પ્રદાન કરનારા પૂ. ગુરુભગવંત મેઘજેવા છે અને પોતે સર્વથા ગુણહીન ચાતકના બાલ જેવા છે - આ પ્રમાણે

જણાવીને ગ્રંથકારશ્રીએ પૂ. ગુરુદેવશ્રીની પ્રત્યેનો પોતાનો ભક્તિભાવ સૂચવ્યો છે. સમર્થ શાસ્ત્રકારપરમર્ષિની એ વાત સમજી શકીએ તો ગુરુભક્તિના ફળને પ્રાપ્ત કરી શકીએ. અન્યથા જેમ ચાલે છે તેમ ચાલ્યા જ કરશે. ||૩૨-૨૫||

આમ છતાં પૂ. ગુરુભગવંતશ્રીના યશના વિસ્તારથી પોતાના ચિત્તમાં આનંદ થાય છે : તે જણાવાય છે—

**प्रस्तुतश्रमसमर्थितैर्नयैर्योग्यदानफलितैस्तु तद्यशः ।**
**यत्प्रसर्पति सतामनुग्रहादेतदेव मम चेतसो मुदे ।।३२-२६।।**

“આરંભેલા આ શાસ્ત્રની રચનાના શ્રમ(પ્રયત્ન)થી જેનું સમર્થન કરાયું છે એવા, યોગ્યને આપવાથી ફળેલા નયો વડે પૂ. ગુરુદેવશ્રીનો જે યશ સજ્જનોના અનુગ્રહથી ચારે દિશામાં ફેલાય છે : એટલી જ વાત મારા ચિત્તના આનંદ માટે છે.” - આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે આ પૂર્વે **निर्गुणो**... ઇત્યાદિ શ્લોકથી ગ્રંથકારશ્રીએ પૂ. ગુરુદેવશ્રીના ઉપકારોના બદલામાં તેઓશ્રીને આપી શકાય એવી એક પણ વસ્તુ પોતાની પાસે નથી - એમ જણાવીને ખેદ વ્યક્ત કર્યો હતો. પરંતુ આવી સ્થિતિમાં પણ એક આનંદની જે વાત છે તે આ શ્લોકથી જણાવી છે.

પૂ. ગુરુદેવશ્રીના એકમાત્ર અનુગ્રહથી કરાયેલી ગ્રંથરચનાના પરિશ્રમથી નયોનું સમર્થન થાય છે. એવા ગ્રંથોના યોગ્ય જીવોને કરાવાતાં અધ્યયનાદિથી સફળ બનેલા નયોથી પૂ. ગુરુદેવશ્રીનો યશ, ચારે દિશામાં સજ્જનોના અનુગ્રહથી ફેલાય છે - તે મારા ચિત્તના આનંદ માટે થાય છે. કારણ કે આ રીતે પણ અંતે તો પૂ. ગુરુદેવશ્રીના યશનો જ સર્વત્ર ફેલાવો થાય છે. સજ્જનો ‘પૂ.ઉપા.શ્રી નયવિજયજી મહારાજાના શિષ્ય પૂ.ઉપા.શ્રી યશોવિ. મહારાજે આ ગ્રંથની રચના કરી છે.” - આ પ્રમાણે કહીને મારા પૂ. ગુરુદેવશ્રીના જ યશને વિસ્તારે છે - એમ ગ્રંથકારશ્રી આ શ્લોકથી ફરમાવે છે. ||૩૨-૨૬||

આ રીતે પોતાના પૂ. ગુરુદેવશ્રીની આટલી સ્તવના કરવાનું શું પ્રયોજન છે ? જગતમાં બીજા પણ અનેક સજ્જનો તો છે જ ને ? - આ શંકાનું સમાધાન કરાય છે—

**आसते जगति सज्जनाः शतं, तैरुपैमि नु समं कमञ्जसा ।**
**किं न सन्ति गिरयः परःशता, मेरुरेव तु बिभर्तु मेदिनीम् ।।३२-२७।।**

"આ જગતમાં સજ્જનો તો સેંકડો છે. પરંતુ મારા તે પરમકૃપાળુ ગુરુદેવશ્રી સાથે સહસા કયા સજ્જનને સરખાવું ? શું સેંકડો પર્વતો આ પૃથ્વી ઉપર નથી ? છતાં પૃથ્વીને તો મેરુપર્વત જ ધારણ કરે ને ?" - આ પ્રમાણે સત્તાવીશમા શ્લોકનો શબ્દાર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે આ જગતમાં સેંકડો-હજારો સજ્જનો છે. પરંતુ જ્યારે નિરંતર પોતાની પાસે જ પરમોપકારનિરત એવા પરમતારક ગુરુદેવશ્રી હોય તો બીજાની પાસે જવાનો કે તેઓનો વિચાર કરવાનો પ્રસંગ જ ક્યાં આવે છે ?... ઇત્યાદિ સમજી શકાય છે. પોતાની પાસે જ ઔષધિ હોય તો પર્વત ઉપર કોણ જાય ? ।।૩૨-૨૭।।

ગ્રંથકારશ્રી પોતાનું ગ્રંથકર્તૃત્વ જણાવે છે–

**तत्पदाम्बुरुहषट्पदः स च, ग्रन्थमेनमपि मुग्धधी र्व्यधाम् ।**
**यस्य भाग्यनिलयोऽजनि श्रियां, सद्म पद्मविजयः सहोदरः ।।३२-२८।।**

"તે શ્રી નયવિજયજી ઉપાધ્યાયજી મહારાજાના ચરણારવિંદમાં ભમરાસમાન એવા તે મુગ્ધબુદ્ધિવાળા યશોવિજયે આ ગ્રંથ બનાવ્યો છે; કે જેના (મારા) ભાગ્યના નિધાન અને લક્ષ્મીના આશ્રય એવા પદ્મવિજય સગા ભાઈ થયા હતા." - આ પ્રમાણે અઠ્ઠાવીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે.

પૂ. ઉપાધ્યાય શ્રી નયવિજયજી મહારાજાના શિષ્ય મહામહોપાધ્યાયજી મહારાજાએ આ ગ્રંથની રચના કરી છે. તેઓશ્રીના સંસારીપણાના સગા ભાઈ પૂ. પદ્મવિજયજી મહારાજા હતા. પૂ. ગુરુદેવશ્રીની અગાધ કૃપાથી આ ગ્રંથની રચના કરી છે : એમ જણાવતાં ગ્રંથકારશ્રીએ પોતાને મુગ્ધમતિ તરીકે વર્ણવ્યા છે. એનું તાત્પર્ય એટલું જ છે કે આ ગ્રંથરચનામાં પોતાની બુદ્ધિ-પ્રતિભા કરતાં પણ ગુરુકૃપાનું સામર્થ્ય અચિંત્ય છે. આ ગ્રંથની રચના એ વિના શક્ય જ ન બનત. ।।૩૨-૨૮।।

ગ્રંથની રચનાની સફળતા જણાવાય છે–

**मत्त एव मृदुबुद्धयश्च ये, तेष्वतोऽप्युपकृतिश्च भाविनी ।**
**किं च बालवचनानुभाषणानुस्मृतिः परमबोधशालिनाम् ।।३२-२९।।**

"મારા કરતાં પણ જેઓ અલ્પબુદ્ધિવાળા છે, તેઓને વિશે જ આ ગ્રંથની રચનાથી ઉપકાર થવાનો છે. તેમ જ પરમબોધવાળા જીવોને બાળકના વચનને બોલવાનું સ્મરણ કરાવનાર આ ગ્રંથ બનશે." - આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે ગ્રંથકારશ્રી કરતાં જેમની બુદ્ધિ મૃદુ-કોમળ છે તેમના માટે આ ગ્રંથ અત્યંત ઉપકારક નીવડશે. પરંતુ તેઓશ્રી કરતાં જેમનો બોધ ઉત્કૃષ્ટ છે; તેમના માટે આ ગ્રંથ કોઈ પણ ઉપકાર ન કરે તોપણ તેમના માટે એ આનંદનું કારણ બની રહેશે. કારણ કે એ મહાબુદ્ધિવાળા પ્રાજ્ઞ પુરુષોની અપેક્ષાએ ગ્રંથકારશ્રી પોતાને બાળક માને છે. બાળકનાં વચનોને સાંભળવાથી તેમના વડીલજનો જેમ આનંદ પામે છે, તેમ ગ્રંથકારશ્રીના આ ગ્રંથના અધ્યાપનાદિથી પ્રાજ્ઞ મહાત્માઓને બાળકોનાં વચનોની સ્મૃતિ થવાથી આનંદ જ થવાનો છે. તેથી આ ગ્રંથની રચના સફળ છે... એ સ્પષ્ટ છે. ॥૩૨-૨૯॥

આ ગ્રંથની રચનામાં કેટલાક શ્લોકો પૂર્વ મહાત્માઓએ રચેલા હતા તે છે, કેટલાક શ્લોકોમાં થોડો ફેરફાર કરી એવાને એવા જ છે તો આમાં નવું શું કર્યું છે ? - આ શંકાનું સમાધાન કરાય છે—

**अत्र पद्यमपि पाङ्क्तिकं क्वचिद्, वर्त्तते च परिवर्त्तितं क्वचित् ।**
**स्वान्ययोः स्मरणमात्रमुद्दिशंस्तत्र नैष तु जनोऽपराध्यति ।।३२-३०।।**

"આ ગ્રંથમાં જોકે કેટલાક શ્લોકો પૂર્વકાળના મહાત્માઓની પંક્તિને અક્ષરશઃ અનુસરનારા છે અને કેટલાક શ્લોકોમાં થોડો ફેરફાર કર્યો છે. પરંતુ એ વખતે મારો (ગ્રંથકૃદ્નો) ઉદ્દેશ એ હતો કે તે તે સ્થળોનું પોતાને અને બીજાને સ્મરણ કરાવવું. તેથી તેમ કરતાં આ માણસ (ગ્રંથકારશ્રી) કોઈ અપરાધ કરતો નથી." - આ પ્રમાણે ત્રીસમા શ્લોકનો અર્થ સ્પષ્ટ છે. એનો આશય સમજી શકાય છે કે ઉપર જણાવ્યા મુજબ આ ગ્રંથમાં અક્ષરશઃ કે થોડા ફેરફાર સાથે જે જે શ્લોકોનું અવતરણ કરાયું છે, તે તે શ્લોકોથી તે તે ગ્રંથનું સ્વપરને અનુસ્મરણ થાય - એ સ્પષ્ટ છે અને તેથી એ ઉદ્દેશથી કરાયેલા અવતરણમાં કોઈ જ દોષ નથી. ॥૩૨-૩૦॥

આવા ગ્રંથનું અધ્યયન કે અધ્યાપન કઇ રીતે થશે, તે જણાવાય છે–

**ख्यातिमेष्यति परामयं पुनः, सज्जनैरनुगृहीत एव च ।**
**किं न शङ्करशिरोनिवासतो, निम्नगा सुविदिता सुरापगा ।।३२-३१।।**

"સજ્જનો દ્વારા અનુગ્રહને પાત્ર બનેલો જ આ ગ્રંથ શ્રેષ્ઠ કોટિની ખ્યાતિને પ્રાપ્ત કરશે. શું શંકરના મસ્તકે રહેવાથી નીચે જવાના સ્વભાવવાળી પણ ગંગાનદી સુરનદી તરીકે પ્રસિદ્ધ નથી થઇ ?" - આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સામાન્ય રીતે આવા ગ્રંથોનું અધ્યયન કષ્ટસાધ્ય હોવાથી ખાસ કોઇ કરતું નથી. પરંતુ સજ્જનો આવા ગ્રંથને ભણાવવા દ્વારા પોતાના અનુગ્રહને પાત્ર બનાવે તો જ આ ગ્રંથ પરમખ્યાતિને પ્રાપ્ત કરશે. અન્યથા આ ગ્રંથ કોઇ પણ રીતે ખ્યાતિને પ્રાપ્ત કરી શકશે નહિ. મહાપુરુષો અનુગ્રહ કરે તો નાની પણ વસ્તુ આદરપાત્ર બનતી હોય છે. તેથી જ નીચે ગમન કરનારી એવી ગંગાનદી શંકરના અનુગ્રહથી 'સુરનદી' (દેવતાઇ નદી) તરીકે પ્રસિદ્ધિને પામી છે. સજ્જનોનો અનુગ્રહ કરવાનો જ સ્વભાવ હોય છે. તેથી તેઓ દ્વારા આ ગ્રંથ પ્રચારમાં આવશે જ... ઇત્યાદિ તાત્પર્ય સ્પષ્ટ છે. ॥૩૨-૩૧॥

સમસ્ત પ્રકરણાર્થનો ઉપસંહાર (સમાપન) કરાય છે–

**यत्र स्याद्वादविद्या परमततिमिरध्वान्तसूर्यांशुधारा,**
**निस्ताराज्जन्मसिन्धोः शिवपदपदवीं प्राणिनो यान्ति यस्मात् ।**
**अस्माकं किं च यस्माद् भवति शमरसै र्नित्यमाकण्ठतृप्ति,**
**जैनेन्द्रं शासनं तद् विलसति परमानन्दकन्दाम्बुवाहः ।।३२-३२।।**


।। शिष्टा द्वात्रिंशिका सज्जनगुणवर्णनमयी ग्रन्थाविच्छेदहेतुमङ्गलरूपा स्पष्टा ।।

"જેમાં બીજાં દર્શનોના અજ્ઞાનસ્વરૂપ અંધકારનો વિનાશ કરવા માટે સૂર્યનાં કિરણોની ધારા જેવી સ્યાદ્વાદવિદ્યા છે, જેનાથી ભવસાગરનો નિસ્તાર પામીને જીવો મોક્ષપદને પ્રાપ્ત કરે છે તેમ જ જેનાથી અમને શમરસથી સદાને માટે આકંઠ તૃપ્તિ થાય છે, તે આ પરમાનંદસ્વરૂપ કંદના વિકાસ માટે મેઘજેવું શ્રી જિનેશ્વરદેવોનું શાસન જયવંતું વર્ત્તે છે." - આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો અર્થ છે, જેનો આશય અત્યંત સ્પષ્ટ છે. એને અનુરૂપ અજ્ઞાનને દૂર કરી

સંસારસાગરનો પાર પામવા દ્વારા પરમાનંદપદને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા સાથે આ પરિશીલન પૂર્ણ કરાય છે. સજ્જનોના ગુણોનું વર્ણન જેમાં છે એવી આ છેલ્લી બત્રીસી છે. ગ્રંથના અવિચ્છેદના કારણભૂત મંગળ સ્વરૂપ આ બત્રીશી સ્પષ્ટ છે. તેથી આ બત્રીશીની ટીકા ગ્રંથકારશ્રીએ કરી નથી. ॥૩૨-૩૨॥

॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां सज्जनस्तुतिद्वात्रिंशिका ॥

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥**



**प्रतापार्के येषां स्फुरति विहिताकब्बरमनः-**
**सरोजप्रोल्लासे भवति कुमतध्वान्तविलयः ।**
**विरेजुः सूरीन्द्रास्त इह जयिनो हीरविजया**
**दयावल्लीवृद्धौ जलदजलधारायितगिरः ॥१॥**

જે હીરસૂરીશ્વરજી મહારાજાના પ્રતાપ સ્વરૂપ સૂર્યથી અકબર બાદશાહના મન સ્વરૂપ કમળનો વિકાસ થયો હતો, તે શ્રી હીરસૂરીશ્વરજી મહારાજાનો પ્રતાપસ્વરૂપ સૂર્ય સ્ફુરતો હોય ત્યારે એકાંત કદાગ્રહની માન્યતા સ્વરૂપ અંધકારનો વિલય થાય છે. તેઓશ્રીની વાણી, દયાસ્વરૂપ વેલડીને વધારવા માટે મેઘના જળની ધારા જેવી હતી. આ જગતમાં વિજયને પ્રાપ્ત કરનારા એવા તેઓશ્રી આ શ્રી જિનશાસનમાં શોભતા હતા. ॥૧॥

**प्रमोदं येषां सद्गुणगणभृतां बिभ्रति यशः-**
**सुधां पायं पायं किमिह निरपायं न विबुधाः ।**
**अमीषां षट्तर्कोदधिमथनमन्थानमतयः**
**सुशिष्योपाध्याया बभुरिह हि कल्याणविजयाः ॥२॥**

જે સદ્ગુણોના સમુદાયને ધારણ કરતા હતા તે પૂ.આ.ભ.શ્રી.વિ. હીર સૂ. મહારાજાની યશઃસુધા(અમૃત)નું પાન કરી-કરીને પંડિતોએ નિરવદ્ય આનંદને શું ધારણ કર્યો ન હતો ? (અર્થાત્ કર્યો હતો.) તે આ જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજાના સુશિષ્ય શ્રી કલ્યાણવિજયજી ઉપાધ્યાય થયા હતા, જેઓશ્રીની મતિ ષડ્દર્શનસ્વરૂપ સમુદ્રનું મંથન કરવા માટે રવૈયા જેવી હતી. ॥૨॥

**चमत्कारं दत्ते त्रिभुवनजनानामपि हृदि**
**स्थितिर्हैमी यस्मिन्नधिकपदसिद्धिप्रणयिनी ।**
**सुशिष्यास्ते तेषां बभुरधिकविद्यार्जितयशः-**
**प्रशस्तश्रीभाजः प्रवरविबुधा लाभविजयाः ॥३॥**

જેઓશ્રીમાં શ્રી સિદ્ધહેમવ્યાકરણની સ્પષ્ટ પ્રતિભા એવી હતી કે જે અધિક પદ(ઉન્નત ઉચ્ચ સ્થાન)ની સિદ્ધિમાં જ પ્રેમને ધારણ કરનારી હતી તેથી તે ત્રણે જગતના લોકોના ચિત્તમાં ચમત્કારને કરનારી હતી, તેમ જ જેઓશ્રી અધિક શાસ્ત્રજ્ઞાનથી પ્રાપ્ત કરેલા યશ સ્વરૂપ પ્રશસ્ત લક્ષ્મીના આશ્રય હતા એવા તે શ્રી લાભવિજયજી ઉપાધ્યાયજી મહારાજા; શ્રીમદ્ કલ્યાણવિજયજી મહારાજાના સુશિષ્ય થયા હતા. ।।૩।।

**यदीया दृग्लीलाभ्युदयजननी मादृशि जने**
**जडस्थानेऽप्यर्कद्युतिरिव जवात् पङ्कजवने ।**
**स्तुमस्तच्छिष्याणां बलमविकलं जीतविजया-**
**-भिधानां विज्ञानां कनकनिकषस्निग्धवपुषाम् ।।४।।**

જેમ સૂર્યની કાંતિ કમળના વનમાં ખૂબ જ શીઘ્ર કમળોનો વિકાસ કરે છે તેમ જેઓશ્રીની દૃષ્ટિલીલા મારા જેવા જડ માણસમાં પણ અભ્યુદયને ઉત્પન્ન કરે છે તે, શ્રી લાભવિ. ઉપાધ્યાયજી મ.ના શિષ્ય ઉપાધ્યાયજી શ્રી જીતવિજયજી મહારાજા થયા હતા. તેઓશ્રીનું શરીર, સુવર્ણની પરીક્ષા માટેના કસોટીના પાષાણ જેવી સ્નિગ્ધ કાંતિવાળું હતું. વિદ્વાન એવા તેઓશ્રીના પરિપૂર્ણ બળની અમે સ્તવના કરીએ છીએ. ।।૪।।

**प्रकाशार्थं पृथ्व्यास्तरणिरुदयाद्रेरिह यथा**
**यथा वा पाथोभृत्सकलजगदर्थं जलनिधेः ।**
**तथा वाणारस्याः सविधमभजन् ये मम कृते**
**सतीर्थ्यास्ते तेषां नयविजयविज्ञा विजयिनः ।।५।।**

તે પૂ.ઉપા.શ્રી જીતવિ. મહારાજાના ગુરુભાઈ, પંડિતવર્ય ઉપાધ્યાયજી શ્રી નયવિજયજી મહારાજા હતા. પૃથ્વી ઉપર પ્રકાશ માટે સૂર્ય જેમ ઉદયાચલ પર્વત સમીપે જાય છે તેમ જ સકળ વિશ્વને પાણી માટે (ઉપકારાર્થે) વાદળ જેમ સમુદ્ર સમીપે જાય છે, તેમ મારા (અભ્યાસ) માટે જે પૂજ્ય ગુરુદેવશ્રી કાશી ગયા હતા, તે પૂ.ઉપા.શ્રી નયવિજયજી મહારાજા જયવંતા વર્તે છે. ।।૫।।

**यशोविजयनाम्ना तच्चरणाम्भोजसेविना ।**
**द्वात्रिंशिकानां विवृतिश्चक्रे तत्त्वार्थदीपिका ।।६।।**

તે પૂજ્યગુરુદેવશ્રી નયવિજયજી મહારાજાના ચરણારવિંદની સેવા કરનારા યશોવિજયજી નામના શિષ્યે દ્વાત્રિંશિકા મૂળ ગ્રંથ ઉપર 'તત્ત્વાર્થદીપિકા' નામની ટીકા કરી છે. ।।૬।।

**महार्थे व्यर्थत्वं क्वचन सुकुमारे च रचने**
**बुधत्वं सर्वत्राप्यहह महतां कुव्यसनिताम् ।**
**नितान्तं मूर्खाणां सदसि करतालैः कलयतां**
**खलानां साद्गुण्ये क्वचिदपि न दृष्टि र्निविशते ।।७।।**

મહાત્માઓની શાસ્ત્રરચનામાં ક્વચિદ્ મહાન ગંભીર અર્થનું નિરૂપણ કરાયું હોય ત્યાં નિરર્થકતાને જોતા હોય છે અને ક્વચિદ્ ગ્રંથની સરળ રચના હોય ત્યારે 'શું પાંડિત્ય છે ?' - આ પ્રમાણે સર્વત્ર ઊંધું જોવાની જેમને કુટેવ છે અને અત્યંત મૂર્ખ લોકોની સભામાં તાળી પાડવાનું જ જેઓ કામ કરનારા છે એવા ખલ(દુર્જન) પુરુષોની દૃષ્ટિ ક્યારે પણ સદ્ગુણોને વિશે જતી નથી. ।।૭।।

**अपि न्यूनं दत्वाभ्यधिकमपि सम्मील्य सुनयै**
**र्वितत्य व्याख्येयं वितथमपि संगोप्य विधिना ।**
**अपूर्वग्रन्थार्थप्रथनपुरुषार्थाद् विलसतां**
**सतां दृष्टिः सृष्टिः कविकृतिविभूषोदयविधौ ।।८।।**

સજ્જનોનો સ્વભાવ દુર્જનોના સ્વભાવથી તદ્દન જ વિપરીત છે. ગ્રંથની રચનામાં કોઈ સ્થાને ન્યૂનતા રહી હોય તોપણ ત્યાં અધિક પણ પોતાની મેળે મેળવીને સુનયોથી ગ્રંથાર્થને વિસ્તારથી જણાવીને તેમ જ કોઈ વાર ખોટું પણ હોય ત્યારે વિધિપૂર્વક તેને ઢાંકીને અપૂર્વ એવા ગ્રંથાર્થનો વિસ્તાર કરવાના પુરુષાર્થથી શોભતા એવા સજ્જનોની દૃષ્ટિ ખરેખર જ કવિઓની કૃતિઓની વિભૂષાના ઉદય માટે સૃષ્ટિસમાન છે. ।।૮।।

**अधीत्य सुगुरोरेनां, सुदृढं भावयन्ति ये ।**
**ते लभन्ते श्रुतार्थज्ञाः, परमानन्दसम्पदम् ।।९।।**

સુગુરુભગવંતની પાસે જે લોકો આ દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકાની ટીકાનું અધ્યયન કરી દૃઢતા-પૂર્વક તેનું પરિભાવન કરે છે, તેઓ શ્રુતાર્થના જ્ઞાતા બની પરમાનંદ-સંપદાને પ્રાપ્ત કરે છે. ।।૯।।

**प्रत्यक्षरं ससूत्राया, अस्या मानमनुष्टुभाम् ।**
**शतानि च सहस्राणि, पञ्च पञ्चाशदेव च ।।१०।।**

પાંચ હજાર અને પાંચસો પચાસ (૫૫૫૦) જેટલા અનુષ્ટુભ્ છંદના શ્લોકો જેટલું; આ મૂળ સાથે ટીકાનું દરેક અક્ષરની ગણનાએ પ્રમાણ છે. ।।૧૦।।

इति श्रीमहामहोपाध्यायन्यायविशारदन्यायाचार्यश्रीमद्यशोविजयगणिविरचिता द्वात्रिंशद्द्वात्रिंशिकाः ।

**આ પ્રમાણે મહામહોપાધ્યાય ન્યાયવિશારદ ન્યાયાચાર્ય**
**શ્રીમદ્યશોવિજયજી ગણિવર્યવિરચિત**
**'દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા' પ્રકરણ પૂર્ણ થયું.**

Tejas Printers
AHMEDABAD M. 98253 47620